વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૫૧મું
સપ્ટેમ્બર : ૨૦૨૫
અંક : ૫૬૮

મંગલ મંદિર ● સપ્ટેમ્બર-૨૦૨૫ ● ૧
(કુલ પાના : ૮૦)


# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર





: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# ભારતભરમાં ટ્રાન્સપોર્ટ, એક્સપ્રેસ, વેરહાઉસિંગ, ૩પીએલ અને ઈકોમર્સક્ષેત્રે નિપુણતા સાથે સાત દાયકાની ગૌરવવંતી સફર



**V-Trans** - Modern fleet of Surface Transport offering PTL, FTL & ODC services across India.

**V-Xpress** - Multimodal Express Cargo & e-Comm services with door-to-door deliveries.

**V-Logis** - Comprehensive Warehousing and 3PL solutions with state-of-the-art infrastructure.

## અમારી ખાસીયતો

- ૧૫૦૦થી વધુ શાખા અને ૬૦થી વધુ હબ સેન્ટર
- વેરહાઉસિંગ માટે ૩.૨ મિલિયનથી વધુ ચોરસ ફૂટ જગ્યા
- ૨૫૦૦થી વધુ જીપીએસયુક્ત વાહનો
- ૨ મિલિયન ટન અને ૯૦ મિલિયન આર્ટિકલ્સ
- ૪૦૦૦થી વધુ જોમવંતા વ્યવસાયિકો
- એક લાખથી વધુ ગ્રાહકો

**અમે દેશભરના વેપારીઓ, વિતરકો અને ઉદ્યોગપતિઓ માટે શ્રેષ્ઠ અને વિશ્વસનીય સર્વિસ પૂરી પાડીએ છીએ. પાર્ટ-લોડ સર્વિસીસમાં નિર્વિવાદ અગ્રણી હોવા સાથે વિવિધ સેગમેન્ટ્સના કલાયન્ટ્સને શ્રેષ્ઠ-કક્ષાના લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પૂરાં પાડીએ છીએ.**

Scan QR code for details

Great Place To Work. Certified FEB 2025 - FEB 2026 INDIA

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis

7227 056 089 marketing@vtransgroup.com www.vtransgroup.com

JIVRAJ

DR. JIVRAJ MEHTA SMARAK HEALTH FOUNDATION

BAKERI MEDICAL RESEARCH CENTRE

35 Years Of Trust

# પેટની તકલીફોનો ઈલાજ
## હોસ્પિટલ માત્ર જીવરાજ



અન્નનળી, પેટ, આંતરડા, લીવર, પેનક્રિયાઝ, પિત્તાશય, સારંગ ગાંઠ, કેન્સર ગાંઠ, અને પાચનતંત્રને લગતા તમામ રોગોનું નિદાન અને સારવાર

## શા માટે જીવરાજ?

- એડવાન્સ એન્ડોસ્કોપી તથા કોલોનોસ્કોપી
- 3D લેપ્રોસ્કોપી ટેકનોલોજી
- ERCP દ્વારા પિત્તાશય અને પિત્ત નળીઓની સમસ્યાઓનું અધતન ઉપચાર
- G.I. બ્લીડિંગ માટે તાત્કાલિક સારવાર
- આધુનિક ઓપરેશન થિયેટરની સુવિધા
- અનુભવી ગેસ્ટ્રોએન્ટેરોલોજીસ્ટ અને ગેસ્ટ્રો સર્જનની ટીમ
- કેશલેસ ફેસીલીટી*

NABH NABL

OPD: Mon to Sat, 9AM to 5PM | For Appointment, Call +91 63571 88191

079 2663 6363 jivrajhealthcare.org info@jivrajhealthcare.org

Dr. Jivraj Mehta Hospital, Vasna, Ahmedabad-380007 Follow us on:

24/7 EMERGENCY SERVICES

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

## હાર્દિક શુભેચ્છાઓ

નસોમાં બ્લડ ગ્રૂપ કોઈ પણ હો,
દિલો-દિમાગ હંમેશાં
બી પોઝીટીવ રહેવા જોઈએ.
જીવનના દરેક કદમ પર આપણી સોચ,
આપણા બોલ
અને આપણા કર્મ જ ભાગ્ય લખે છે.

જીભ જન્મથી હોય છે અને
મૃત્યુ સુધી રહે છે,
કેમ કે તે કોમળ છે.
દાંત જન્મ પછી આવે છે અને
મૃત્યુથી પહેલા જતા રહે છે
કેમ કે કઠોર હોય છે.
કોમલ બની રહો, કઠોર નહીં.

**સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર**

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

છેલ્લા ૫૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**
- **પ્રભુલાલ કપૂરચંદ સંઘવી – સભ્ય**
  **મો. ૯૯૭૯૮ ૮૧૭૨૦**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

## ભાગ-૧ : સંસ્થા સમાચાર તથા અન્ય

### તંત્રી લેખ

- વિશ્વ સમાજની નકારાત્મક વિચારસરણી પર હકારાત્મક વિચારસરણી ક્યારે હાવી થશે? ........ **અશોક મહેતા** ....... ૭
- હકારાત્મક, પ્રગતિકારક તેમજ માહિતીપ્રદ સમાચાર ૧ મે ૨૦૨૫થી ૩૧ જુલાઈ ૨૦૨૫ (છેલ્લા ૩ મહિનાના સમાચાર) ........ ૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સ્વાતંત્ર્ય દિન સમારોહ ........ ૨૩
- નિયાણી બહેનો તેમજ સ્ટાફના મેડિકલ કાર્ડ અંગેના નિયમો ........ ૨૪
- મેડિકલ કાર્ડ ● મંગલ મંદિરના આવેલ લવાજમ ........ ૨૪
- સરનામા ફેરફાર ● અવસાન નોંધ ● સાભાર સ્વીકાર ........ ૨૫
- ઉડતી નજરે ........ ૨૬
- અતીતના ઓવારેથી : મણકો-૨૫ ........ ૨૮
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૨૯ ........ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૩૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૩૪
- દેશ - વિદેશ ........ **ચૌલા કુરૂવા** ..... ૩૭
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૩૯
- ***Nano Nine*** શબ્દ રમત-૨૨૨ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૪૧
- ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૮૦) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૪૩
- પ્રતિભાવ ........ ૪૪
- અન્ય સંસ્થાના સમાચાર ........ ૪૫

## ભાગ-૨ : લેખ વિભાગ તથા અન્ય

- જૈન ધર્મ ........ **ચંદ્રકાંત બક્ષી** ..... ૪૬

### તીર્થ દર્શન

- દર્શન-૮૩ : શ્રી રાજગૃહી તીર્થ (શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન)
- દર્શન-૮૪ : શ્રી અયોધ્યા તીર્થ (શ્રી અજિતનાથ ભગવાન) ........ **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૪૯
- ગુજરાતની દેવીધામે ભાદરવી પૂનમ (૭/૯)નો મેળો અંબાજી ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૫૦
- ભારતીય મૂળના વિદેશી નાગરિકોની મૂંઝવણ ........ **પ્રવીણ ક. લહેરી** ..... ૫૨
- ભારત - અમેરિકા વચ્ચેના અહમના ટકરાવમાં રોજગારીનું સર્જન કરતા ઉદ્યોગો સકંજામાં ........ ૫૫

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી દેવેશ દિલીપ દંડ
મો. ૯૩૨૭૯ ૧૮૫૭૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા
ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


- વર્તમાન વૈશ્વિક આર્થિક પરિસ્થિતિ અને ભારત – અમેરિકા આર્થિક ભાગીદારી ........ **રીષી ત્રિવેદી**..... ૫૭
- 'ભારત છોડો' સૂત્ર કચ્છી સપૂતનું પ્રદાન છતાં ઇતિહાસમાં એની નોંધ નહીં! ........ **જગદીશચંદ્ર છાયા**..... ૫૮
- કચ્છની અણમોલ આર્થિક સમૃદ્ધિનું વૈશિષ્ટ્ય ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**..... ૫૯
- આવકવેરા ખાતામાં નવા ફેરફાર થવાના સંકેત આપતું ન્યુ ઇન્કમ ટેક્સ બીલ ........ **ડૉ. મિહિર એમ. વોરા**..... ૬૦
- પ્લાસ્ટિકની શોધ ના થઈ હોત તો જંગલો સાફ થઈ ગયા હોત ........ **મનીષ જોશી 'મૌન'**..... ૬૨
- સંવાદી સમાજ માટે સર્જન ........ **પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**..... ૬૩
- કચ્છના દરિયાઈ ઇતિહાસમાં વીજળી પછીની બીજી કરુણાંતિકા : 'વીટા અકસ્માત' ........ **નરેશ અંતાણી**..... ૬૫
- માનવ સર્જિત પરિવર્તનની જાળમાં માનવ ફસાઈ જશે!! ........ **ડૉ. નાનકભાઈ ભટ્ટ**..... ૬૭
- ખેલાડીઓની સફળતા માટે 'દર્દ કા રિશ્તા' ........ **ભવેન કચ્છી**..... ૬૮
- અહમ, ચેતના અને આત્મા ........ **તુષાર દેસાઈ**..... ૭૦
- લગ્ન પહેલાંના જન્માક્ષર (થેલેસીમિયા) ........ **ડૉ. કમલેશ એન. શાહ**..... ૭૧
- નવલિકા : લક્ષ્મી ........ **ધીરજલાલ ડી. તન્ના**..... ૭૩
- લઘુ વાર્તા : કંકોત્રી ........ **શરદ શાહ**..... ૭૬


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


- શૂન્યના સરવાળા નથી હોતા ........ **શૂન્ય પાલનપુરી**..... ૩૧
- નૂપુરનું ગીત ........ **નવીન ત્રિપાઠી 'અલ્પ'**..... ૫૪
- મુક્તક ........ **દિલીપ આચાર્ય 'દિલકશ'**..... ૫૭
- હાઈકુ ........ **તુષાર દેસાઈ**..... ૫૮


*જો તમારા થોડા મીઠા શબ્દોથી કોઈનું લોહી વધી આવે છે*
*તો તે પણ 'રક્તદાન' છે.*
*જો તમારા દ્વારા કોઈની પીઠ થપથપાવીને તેની થકાવટ દૂર કરાતી હોય*
*તો તે પણ 'શ્રમદાન' છે.*
*જો તમે કંઈ પણ આરોગતા પહેલા પ્લેટમાં એટલું જ લો કે જેનાથી કંઈ પણ અનાજ*
*વ્યર્થ ના જાય, તો તે પણ 'અન્નદાન' છે.*

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# વિશ્વ સમાજની નકારાત્મક વિચારસરણી પર હકારાત્મક વિચારસરણી ક્યારે હાવી થશે?

અશોક મહેતા

દરરોજ સવારમાં વર્તમાનપત્રો પર નજર ફેરવતાં ટ્રમ્પના તરંગી ઉચ્ચારણો, રશિયા - યુક્રેન યુદ્ધના સમાચારો, ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના હુમલાઓ, પડોશી દેશોના ઝઘડાઓ, રાજકીય અને વિરોધ પક્ષોના કાર્યકરોના બેફામ નિવેદનો, જે-તે ખાતાના અધિકારીઓના લાંચ રુશવતના બનાવો, ચોરી-લૂંટ-ધાડ-મારફાડના સમાચારો, સાઈબર ક્રાઈમ જેવા ગુનાઓ વગેરે પ્રકારના અનેક સમાચારોથી વર્તમાનપત્રોના પાનાના પાનાથી ભરાયેલા સમાચારો વાંચવા મળશે.

આ પ્રકારના અનેક સમાચારોમાં નૈતિકતાના કે માનવતાના કોઈ જગ્યાએ દર્શન થતા દેખાશે નહીં. વર્તમાનપત્ર વાંચ્યા પછી મન કલુષિત થઈ જશે, નિરાશા વ્યાપી જશે. ૨૧મી સદીમાં પણ માનવની માનસિકતા દસમી સદી જેવી રહેવા પામેલ હોય તેવા વિચારો ધોળાયા કરશે.

માનવજાતની અત્યારની વિચારસરણી ક્યારેક ને ક્યારેક પરમાણુ યુદ્ધ તરફ લઈ જશે તેવા વિચારો ઉદ્ભવ્યા કરે છે. માનવ તેના બહારના દેખાવથી તે એકવીસમી સદીમાં પ્રવેશ્યો હોય તેવું દેખાય છે પરંતુ માનસિક રીતે તો તે હજુ પણ સૈકાઓ પહેલાના જમાનામાં એટલે કે મુહમ્મદ તઘલખ, ઔરંગઝેબ કે હિટલરના જમાનામાં અસ્તિત્વ ધરાવતો હોય તેવું ભાસે છે.

આ પ્રકારની મોટા પ્રમાણની પરિસ્થિતિ વચ્ચે આપણને ક્યાંક ને ક્યાંક હકારાત્મક સમાચારોના – કે જે ખૂબ નાના પ્રકારના હોય છે – પણ દર્શન થતા રહે છે. 'ગુજરાત સમાચાર'ની પ્લસ પૂર્તિ જેવા વર્તમાનપત્રોના પાના હાથમાં લઈએ ત્યારે આપણને ભાસ થાય છે કે હજુ જગતમાંથી માનવતા પૂરેપૂરી મરી પરવારી નથી. છૂટકપણે તેના અવારનવાર દર્શન થતા રહે છે. આપણા સહુની એ ફરજ બની રહે છે કે નકારાત્મક વિચારસરણીને તિલાંજલી આપી, હકારાત્મક વિચારસરણી દુનિયામાં કેમ વધુને વધુ ફેલાય અને તેને આચરણમાં પણ મૂકાય તેવા પ્રયાસો જારી રાખીએ કે જેથી આવતા દાયકાઓ અને સદીઓમાં માનવ ઈતિહાસ હકારાત્મક દૃષ્ટિકોણથી ઉભરાઈ ઉઠે.

આ સાથે વર્તમાનપત્રોમાંથી પસંદ કરેલા મે-૨૦૨૫થી જુલાઈ-૨૦૨૫ દરમિયાનના કેટલાક હકારાત્મક બનાવોની નોંધ આજ અંકમાં અન્યત્ર મૂકવામાં આવેલ છે કે જે વાંચીને મન આનંદથી તરબોળ થઈ ઉઠશે. જિંદગી જીવવાની સાર્થકતાના દર્શન થઈ શકશે.

ભારતની સામાજિક સેવાઓની સંસ્થાઓમાં આ પ્રકારનું હકારાત્મક વાતાવરણ ફેલાયેલું છે જે સૂર્યના પ્રથમ ઉગતા કિરણ સમાન ભાસે છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વાત કરીએ તો તેના કાર્યો હંમેશાં ઉર્ધ્વ ગતિના અને હકારાત્મક પ્રકારના રહેવા પામેલ છે. આ સંસ્થાએ મેડિકલ વિભાગની સેવાકીય પ્રવૃત્તિઓ, ડાયાલિસિસ સેન્ટર, અતિથિ ભવન, કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમ, સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, સાંસ્કૃતિક કેન્દ્ર જેવા અનેક કાર્યો વર્ષોથી આચરણમાં મૂકેલ છે અને સમગ્ર વાતાવરણને પૂરેપૂરું હકારાત્મક બનાવવા કોશિશ કરતી રહે છે. અત્યારે તો એ પણ પૂરેપૂરી શક્યતા દેખાય છે કે તેના માંધાતાઓ વિશાળકાય ડોનર્સના સહકારથી આવતા દિવસોમાં અમદાવાદમાં મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ અને મુંબઈમાં બહુલક્ષી અતિથિ ભવનના પ્રોજેક્ટોને અમલમાં મૂકી અમદાવાદ, ગુજરાત, મુંબઈ અને સમગ્ર ભારતની જનતાને વધુને વધુ સેવા આપી તેના વાતાવરણને સેવામય અને હકારાત્મક બનાવવા અથાગ કોશિશ કરી રહેલ છે.

આ જ પ્રકારે અન્ય સામાજિક સંસ્થાઓ પણ વાતાવરણને ઉપયોગી અને હકારાત્મક બનાવવા પોતાના બનતા પ્રયાસો વર્ષોથી કરતી આવેલ છે.

આપણે એ દિવસોની પ્રતીક્ષા કરીએ કે માનવજાત અત્યારના રાજકીય ક્ષુબ્ધ વાતાવરણને પરાસ્ત કરી હકારાત્મક વિચારસરણીવાળું વાતાવરણ ચારે દિશામાં ફેલાવી રહે તેમજ નવી નવી વૈજ્ઞાનિક શોધથી માનવજાતને વધુને વધુ પ્રગતિશીલ અને આધુનિક બનાવતી રહે.

# હકારાત્મક, પ્રગતિકારક તેમજ માહિતીપ્રદ સમાચાર

## ૧ મે ૨૦૨૫થી ૩૧ જુલાઈ ૨૦૨૫ (છેલ્લા ૩ મહિનાના સમાચાર)

| | |
|---|---|
| **૧.** | **ગુરૂવાર, તા. ૧-૫-૨૦૨૫ : બ્રહ્માંડ** |
| | ત્રણ ચીની પદયાત્રીઓ છ મહિનાના મિશન બાદ રેકોર્ડ સેમ્પલ સાથે બુધવારે પૃથ્વી પર પરત ફર્યા.<br>તેમણે ચીનના નિયાનયોગ સ્પેસ સ્ટેશન પર છ મહિના પસાર કર્યા હતા.<br>મિશન દરમિયાન રેકોર્ડ ૯ કલાકની સ્પેસ વૉક અને ૭૦થી વધુ પ્રયોગો કર્યા હતા.<br>તેઓ રેકોર્ડરૂપ ૩૦ કિલોથી વધુ સેમ્પલ લઈને પરત આવ્યા છે.<br>તેઓના બાદ નવી શેન્ઝાઉ-૨૦ ટીમે હવે સ્પેસ સ્ટેશન સંભાળી લીધું છે.<br>ચીન ૨૦૩૦ સુધીમાં ચંદ્ર પર માનવયુક્ત મિશન મોકલવાની યોજના ધરાવે છે. |
| **૨.** | **ગુરૂવાર, તા. ૧-૫-૨૦૨૫ : ગુજરાત** |
| | આજે પહેલી મે. ગુજરાતનો ૬૬મો સ્થાપના દિવસ.<br>મહાગુજરાત અને સંયુક્ત મહારાષ્ટ્ર આંદોલન. આખરે ગુજરાત અને મહારાષ્ટ્રનો ૧૯૬૦માં જન્મ થયો.<br>***૨૦મી સદીનું વિકસતું ગુજરાત :***<br>ડૉ. જીવરાજ મહેતાએ ગુજરાતના સર્જનની સાથે જ તેના સાહસ અને સફળતાની શરૂઆત કરાવી દીધી. તેના ઉદાહરણરૂપ અલંગ, જીએસએફસી, ગાંધીનગર, અમૂલ ડેરી, કોટન મિલ્સ વગેરેની સ્થાપના.<br>***૨૧મી સદીનું મોદીનું વાઇબ્રન્ટ ગુજરાત :***<br>સરદાર સરોવર ડૅમ, કાંકરિયા કાર્નિવલ, પતંગોત્સવ, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, કચ્છનું સફેદ રણ, ગાંધી આશ્રમનું નવીનીકરણ, સોમનાથ - દ્વારકાનું નવીનીકરણ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, ગ્રીન એનર્જી, ગુજરાતના ગરબાને ગ્લોબલ કર્યા વગેરેના અમલીકરણ. |
| **૩.** | **શુક્રવાર, તા. ૨-૫-૨૦૨૫ : વિદેશ** |
| | ૧લી મે ૧૯૬૦માં સંયુક્ત મુંબઈ રાજ્યમાંથી છૂટા પડેલા ગુજરાતના ગુજરાતીઓનું ગુજરાતી કલ્ચર નાસા સ્ટેશન તથા આર્કટિક સર્કલથી લઈને ૧૨૯ દેશો સુધી ફેલાયેલું છે.<br>યુનોની યાદીમાં સમાવિષ્ટ ૧૯૦ દેશોમાંથી ૧૨૯ દેશો ગુજરાતી ડાયસ્પોરાના ભાગે આવે છે. તે હવે વિશ્વના ૧૨૯ દેશોમાં ધબકે છે. ભારતીય ડાયસ્પોરાનો ૩૩ ટકા હિસ્સો ગુજરાતી ડાયસ્પોરા ધરાવે છે. આ રીતે ભારતમાંથી વિદેશ ગયેલા કુલ ભારતીયોમાંથી ત્રીજા ભાગના ભારતીયો ગુજરાતી છે. (ડાયસ્પોરા એટલે એન.આર.આઈ.) |
| **૪.** | **શનિવાર, તા. ૩-૫-૨૦૨૫ : વિદેશ** |
| | ટ્રમ્પના ૧૦૦ દિવસની ભારતને ભેટ. એપલનું ભારતમાં સ્થળાંતર કરવામાં આવશે.<br>અમેરિકામાં વેચાતા એપલ હવેથી ભારતમાં બનશે.<br>માર્કેટ કેપની દૃષ્ટિએ ટોચની પાંચ કંપનીઓમાં એપલ ટોપ પર.<br>એપલ (૩.૪૧૯ ટ્રીલિયન ડોલર), એનવીડિયા (૩.૨૭૧), માઈક્રોસોફ્ટ (૩.૦૬૪), એમેઝોન (૨.૪૭૦) અને આલ્ફાબેટ (૨.૨૮૨ ટ્રીલિયન ડોલર)નું મૂલ્ય ધરાવે છે.<br>એપલના સીઈઓ ટીમ કૂકે આજે જાહેર કર્યું હતું કે અમેરિકામાં વેચાતા એપલના આઈ ફોનનું ઉત્પાદન હવેથી ભારતમાં થશે. |

| | |
|---|---|
| | વિશ્વની સૌથી મોટી કંપની એપલ જ્યારે ભારતમાં આવશે ત્યારે ભારતની આર્થિક તંદુરસ્તી સુધરી શકશે અને અન્ય કંપનીઓને ભારતમાં ખેંચી લાવવા ઉપયોગી બની રહેશે. |
| **૫.** | **મંગળવાર, તા. ૬-૫-૨૦૨૫ : ભારત** |
| | તેલંગાણામાં જજના માનવીય પગલાના ભારે વખાણ થયા.<br>જજ કોર્ટ છોડી બહાર આવ્યા. રીક્ષા પાસે જઈ વૃદ્ધોને સાંભળ્યા. સાંભળ્યા પછી બંનેને નિર્દોષ જાહેર કર્યા. વૃદ્ધ દંપતી ચાલી શકે તેવી હાલતમાં ન હોવાથી જજ પોતે તેમની પાસે ગયા. |
| **૬.** | **ગુરૂવાર, તા. ૮-૫-૨૦૨૫ : બ્રહ્માંડ** |
| | ભારત પાંચ વર્ષમાં બાવન જાસૂસી સેટેલાઇટ્સ લોન્ચ કરશે.<br>ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓર્ગેનાઇઝેશન સેન્ટર – INSPAC ના ચેરમેન પવનકુમાર ગોએન્કાએ આ માહિતી આપેલ હતી.<br>બાવન સેટેલાઇટ્સના ગ્રૂપને ભ્રમણકક્ષામાં સ્થાપિત કરવાનો ઉદ્દેશ્ય અવકાશ આધારિત સર્વેલન્સ ક્ષમતાઓને વધારવાનો છે.<br>આ સેટેલાઇટ્સ ભારતીય આર્મી, નેવી અને ઍરફોર્સ વચ્ચે સંકલન વધારવામાં મદદરૂપ થશે. |
| **૭.** | **શુક્રવાર, તા. ૯-૫-૨૦૨૫ : વિદેશ** |
| | બિલ ગેટ્સ પોતાની બાકીની ૯૯ ટકા સંપત્તિ પણ ગેટ્સ ફાઉન્ડેશનને સોંપશે.<br>બીજા ક્રમના સૌથી મોટા સખાવતી ફાઉન્ડેશન પાસે ૧૦૭ અબજ ડોલરની સંપત્તિ છે. અત્યાર સુધી ફાઉન્ડેશનના ૪૧ ટકા નાણાં વૉરેન બફેટ તરફથી મળ્યા છે. બાકીના નાણાં ગેટ્સે માઇક્રોસોફ્ટની કમાણીમાંથી આપ્યા છે. |
| **૮.** | **શનિવાર, તા. ૧૦-૫-૨૦૨૫ : ભારત** |
| | મધ્ય પ્રદેશનું ઇંદોર દેશનું પહેલું ભીખારી મુક્ત શહેર બન્યું.<br>માહિતી અધિકારીએ જણાવ્યું કે એક વર્ષ પહેલા શહેરની શેરીઓમાં લગભગ ૫૦૦૦ ભીખારીઓ હતા કે જેમાં ૫૦૦ બાળકો હતા. ભીખારીઓને રોજગાર શોધવામાં મદદ કરીને તેમનું પુનઃવસન કરવામાં આવ્યું છે. જ્યારે ભીખ માંગતા બાળકોને સ્કૂલમાં એડમિશન અપાવવામાં આવ્યા છે. ઇંદોર ૧૦ સિટીમાંનું એક સિટી છે કે જેમાં કેન્દ્રીય મંત્રાલય દ્વારા ભીખારી મુક્ત સિટી બનાવવાનો પાઈલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. |
| **૯.** | **રવિવાર, તા. ૧૧-૫-૨૦૨૫ : ગુજરાત** |
| | પારૂલ યુનિ.ના બીબીએ અને બીસીએ ના વિદ્યાર્થીઓને ટોચની કંપનીઓમાં જોબની ઑફર.<br>ગૂગલ, ટીસીએસ, નેસલે, સ્વિગી ઇન્ડિયામાં જંગી પેકેજની ઑફર.<br>સર્વોત્તમ પ્લેસમેન્ટ પેકેજ : કોમ વોલ્ટ : ૩૩ લાખ, વન કમ્પાઇલર અને જસપે : ૨૫ લાખની ઑફર. |
| **૧૦.** | **સોમવાર, તા. ૧૨-૫-૨૦૨૫ : બ્રહ્માંડ / ભારત** |
| | અમેરિકી કંપની વાસ્ટએ સ્પેસ કાર્યક્રમ માટે ઇસરો સાથે સહયોગનો સંકેત આપ્યો.<br>વાસ્ટ કંપની પોતાના સ્પેસ સ્ટેશન સુધી અવકાશયાત્રીઓને લઇ જવા ભારતીય રોકેટનો ઉપયોગ કરી શકે. |
| **૧૧.** | **બુધવાર, તા. ૧૪-૫-૨૦૨૫ : વિદેશ** |
| | સર્ન વિજ્ઞાનીઓનો પ્રયોગ સફળ. આંતરિક રચના બદલી સીસામાંથી સોનું બનાવ્યું.<br>એક નોંધપાત્ર વૈજ્ઞાનિક સિદ્ધિમાં યુરોપિયન ઓર્ગેનાઇઝેશન ફોર ન્યુક્લિયર રીસર્ચ – જેને સીઈઆરએન (CERN)ના લાર્જ હેડ્રોન કોલાઈડર તરીકે ઓળખવામાં આવે છે, તેના ભૌતિકશાસ્ત્રીઓએ સીસાને ક્ષણિક રીતે |

| | |
|---|---|
| | સોનામાં થોડી ક્ષણો માટે સફળતાપૂર્વક રૂપાંતર કરવામાં સફળતા મેળવી છે.<br>પ્રયોગશાળામાં થોડી ક્ષણો માટે જ સફળતા મળી હોવા છતાં વિજ્ઞાનીઓને તેનાથી બિગ બેંગ પછીની સ્થિતિ વિશેની જાણકારીની આશા છે.<br>★<br>***૨૫ વર્ષીય કશિશ ચૌધરીએ ઇતિહાસ રચ્યો.***<br>બલુચિસ્તાનમાં પ્રથમ વખત હિંદુ મહિલા કમિશનર બની.<br>કશિશ રાષ્ટ્ર અને બલુચિસ્તાન માટે ગૌરવનું પ્રતીક... બલુચિસ્તાનના મુખ્યમંત્રી સરફરાઝે શુભેચ્છા પાઠવી. |
| **૧૨.** | **બુધવાર, તા. ૧૪-૫-૨૦૨૫ : ગુજરાત** |
| | અમેરિકનોને ગુજરાતની કેસર કેરીનું ઘેલુ લાગ્યું. એક કેસર કેરીની કિંમત ૧૨૦૦ રૂપિયા.<br>૨૪.૯૭ મિલિયન ડોલરની કેસર કેરીના ઓર્ડર. હાફુસ કેરીને ભૂલીને દાઢે વળગેલી કેસર કેરી પાછળ અમેરિકનો પડ્યા. ભારતે ૪.૬૩ મિલિયન કેસર કેરીનો પલ્પ અમેરિકા મોકલ્યો છે.<br>અમેરિકામાં નિકાસ થતી કેરીમાં ગુજરાતની કેસર કેરી ટોપ પર છે. બીજા નંબરે હાફુસ, ત્રીજા નંબરે આંધ્ર પ્રદેશની બેંગાનાપ્લવી આવે છે જે રેસા વિહોણી હોય છે અને તેની સોડમ લોકોને ગમે છે. |
| **૧૩.** | **શુક્રવાર, તા. ૧૬-૫-૨૦૨૫ : ભારત** |
| | હાઈવે પર ૩૬૦ કિલોવૉટના ચાર્જરો લાગી રહ્યા છે.<br>હાઈવે પર ઈલેક્ટ્રીક વાહનોની બેટરી ૧૫ મિનિટમાં ફૂલ ચાર્જ થઈ શકશે.<br>૨૦૩૦ સુધીમાં ઓછામાં ઓછા એક લાખ ચાર્જીંગ સ્ટેશનો બનાવવાનો લક્ષ્યાંક રાખેલ છે. |
| **૧૪.** | **શનિવાર, તા. ૧૭-૫-૨૦૨૫ : બ્રહ્માંડ** |
| | સૂર્યના સંશોધનાત્મક અભ્યાસમાં ઈસરોની ઉજળી કામગીરી.<br>ભારતના આદિત્ય એલ-૧ અવકાશયાને ૩૦ સેકન્ડમાં પૃથ્વીનું ચક્કર લગાવી શકે તેવા પ્લાઝમાના પરપોટાની વિશિષ્ટ ઈમેજીસ મેળવી. એક્સ ક્લાસની તોફાની સૌર જ્વાળાની ઈમેજ પણ લીધી.<br>સ્યુટ નામના ઉપકરણે સૂર્યમાં થતી અજીબોગરીબ ગતિવિધિનું નિરીક્ષણ નિયર-અલ્ટ્રાવાયોલેટમાં કર્યું. આ એક બહુ જ વિશિષ્ટ પ્રક્રિયા છે. |
| **૧૫.** | **મંગળવાર, તા. ૨૦-૫-૨૦૨૫ : ભારત** |
| | દેશની નિકાસ યાદીમાં સ્માર્ટ ફોન ટોચ પર રહેલ છે. તેનું અમેરિકામાં વેચાણ વધ્યું છે.<br>જાપાન ભારતના સ્માર્ટ ફોનનું મોટું નિકાસ મથક બનેલ છે. |
| **૧૬.** | **શનિવાર, તા. ૨૪-૫-૨૦૨૫ : ભારત / ગુજરાત** |
| | સફીના લતીફ એવરેસ્ટ શિખર સર કરનારા કેરળના પ્રથમ મહિલા બન્યા. ૧૮ મે ના રોજ શિખર પર પહોંચ્યા હતા.<br>★<br>ગુજરાતના ચરડવાના મંદિરના મહંત દયાનંદગીરી બાપુ ૧૩૩ વર્ષની વયે બ્રહ્મલીન થયા. સદ્‌ગતની પાલખીયાત્રામાં સંખ્યાબંધ શ્રદ્ધાળુ ભાવિકો જોડાયા. મોરબી, હળવદ સહિતના વિસ્તારોમાં શોકનું મોજું ફેલાયું. |
| **૧૭.** | **સોમવાર, તા. ૨૬-૫-૨૦૨૫ : ભારત** |
| | મુંબઈ નજીક મધદરિયામાં ઓઈલ તથા ગેસનો નવો વિપુલ ભંડાર મળ્યો.<br>નવા ગેસ અને ઓઇલ ક્ષેત્રને સૂર્યમણિ અને વજ્રમણિ નામ અપાયા. |

| | |
|---|---|
| | નવી શોધ ઓઈલ અને ગેસની આયાત ઘટાડવામાં મદદરૂપ થઇ હૂંડિયામણ બચાવશે. |
| **૧૮.** | **મંગળવાર, તા. ૨૭-૫-૨૦૨૫ : ભારત** |
| | હૈદ્રાબાદમાં લોહીનું ટીપું લીધા વિના એ.આઈ. ઍપની મદદથી બ્લડ ટેસ્ટ કરાયો.<br>ચહેરા પર પડતા પ્રકાશને મોબાઈલ કેમેરામાં કેદ કરી રીપોર્ટ તૈયાર કરાયો.<br>ફોટોપ્લેથીસ્મોગ્રાફી અને અલ્ગોરીધમની મદદથી નસોમાં વહેતા લોહીના પલ્સના આધારે ચકાસણીનો દાવો કરાયો. |
| **૧૯.** | **બુધવાર, તા. ૨૮-૫-૨૦૨૫ : અમદાવાદ** |
| | રૂપિયા ૫૮૮ કરોડના ખર્ચે નિર્માણ થનારી અમદાવાદ સિવિલમાં ૧૮૦૦ બેડની નવી હોસ્પિટલ ૩ વર્ષમાં શરૂ થશે. ૧૧ માળની હોસ્પિટલમાં ૩૦૦ આઈ.સી.યુ. તથા ૧૪ ઑપરેશન થિયેટર સહિતની સુવિધા જાળવવામાં આવશે. |
| **૨૦.** | **શુક્રવાર, તા. ૩૦-૫-૨૦૨૫ : ગુજરાત** |
| | ભારતના રાષ્ટ્રપતિ દ્વારા વધુ ત્રણ જજીસની નિમણુંકની સત્તાવાર જાહેરાતના પગલે સુપ્રીમ કોર્ટમાં જજીસનું કુલ સંખ્યાબળ ૩૪નું થયું.<br>ત્રણ જજીસની નિમણુંકમાં ગુજરાતના, કચ્છ જિલ્લાના, માંડવી શહેરના નાગર નીલય અંજારીયાનો સમાવેશ કરાયેલ છે. |
| **૨૧.** | **સોમવાર, તા. ૨-૬-૨૦૨૫ : ભારત** |
| | આસામની ૯ વર્ષીય ‘બિનીતા’ ‘બ્રિટન્સ ગોટ ટેલેન્ટ’માં ત્રીજા સ્થાને આવી.<br>વૈશ્વિક મંચ પર તેણે ભારતનું નામ રોશન કર્યું.<br>બ્રિટીશ જાદુગર ‘હેરી મોલ્ડિંગ’ વિજેતા બની, જ્યારે ‘ડાન્સ ગ્રૂપ ઑફ ધ બ્લોક આઉટ્સ’ બીજા સ્થાને રહ્યું. |
| **૨૨.** | **ગુરૂવાર, તા. ૫-૬-૨૦૨૫ : ભારત / ગુજરાત** |
| | મુંબઈના કાંઠે શાનદાર સ્વાગત કરાયું. શઢવાળી નૌકામાં મુંબઈ – સેશેલ્સ – મુંબઈ તોફાન ખેડી ૧૧ મહિલા સૈન્ય અધિકારી મુંબઈ પહોંચ્યા. તોફાની દરિયામાં ૩૬૦૦ નોટીકલ માઈલની સાહસયાત્રા ૫૫ દિવસમાં પૂરી કરી.<br>★<br>‘ગુજરાત સમાચાર’ની ‘ઈંટ અને ઈમારત’ કોલમનો આજે ૭૨મા વર્ષમાં પ્રવેશ.<br>અગાઉ ૧૯૫૪થી આ કોલમ જયભિખ્ખુ ચલાવતા હતા. હાલે તેમના પુત્ર ડૉ. કુમારપાળ દેસાઈ છેલ્લા ૫૪ વર્ષથી ચલાવે છે. |
| **૨૩.** | **રવિવાર, તા. ૮-૬-૨૦૨૫ : ભારત** |
| | ગરીબી દૂર કરવામાં ભારતે સફળતા મેળવી : વિશ્વ બેંકનું અનુમાન.<br>ભારતમાં દસકામાં દારુણ ગરીબોની સંખ્યા ૨૭ ટકાથી ઘટી ૫.૩ ટકા થઈ.<br>વર્ષ ૨૦૧૧-૧૨માં અત્યંત ગરીબોની સંખ્યા ૩૪.૪ કરોડ હતી. હવે ૨૦૨૨-૨૩માં ઘટીને ૭.૫ કરોડ બાકી રહી. |
| **૨૪.** | **મંગળવાર, તા. ૧૦-૬-૨૦૨૫ : વિદેશ / ભારત** |
| | ભારતીય અમેરિકનો સુગરલેન્ડમાં અને સાન એન્ટોનિયોમાં સ્થાનિક ચૂંટણીઓ જીત્યા.<br>સુગરલેન્ડમાં ‘વિજય સિંઘલ’ અને સાન એન્ટોનિયોમાં ‘સુખ કૌર’ વિજયી થયા.<br>ભારતીયોની બહુમતી ધરાવતા વિસ્તાર સુગરલેન્ડમાં ૬૧૦૩ મતો મેળવી ‘કેરોલ કુએનોન’ નવા મેયર બન્યા.<br>★<br>કેન્દ્રમાં મોદી સરકારને ૧૧ વર્ષ પૂર્ણ થતાં ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડાનું નિવેદન : મોદીએ ૧૧ વર્ષમાં ૨૫ |

કરોડ લોકોને ગરીબીમાંથી ઉગાર્યા.
તદુપરાંત કલમ ૩૭૦ હટાવી, ટ્રીપલ તલાક રદ કર્યા, સીએએ લાગુ કર્યો, મહિલાઓને અનામત આપી.
તેમની સરકારમાં ટેક્સ કલેક્શન ૨૩૮ ટકા વધ્યું.

**૨૫.** **બુધવાર, તા. ૧૧-૬-૨૦૨૫ : વિદેશ / ગુજરાત**

ન્યુયોર્કમાં અસાધ્ય રોગોથી પીડાતા દર્દીઓને દવા લઈ જીવન ટૂંકાવવા દેતો કાયદો મંજૂર થયો.
ન્યુયોર્કવાસીઓ તેમની રીતે અને કાયદેસર રીતે મોત વહાલું કરી શકશે.
વોશિંગ્ટન ડીસી સહિત ૧૧ અમેરિકન રાજ્યોમાં ડૉક્ટરની સહાયથી મોત વહાલુ કરવાના કાયદા અમલમાં આવ્યા છે.

★

ગુજરાતમાં પ્રતિ મિનિટે સરેરાશ બે બાળકોનો જન્મ થાય છે. એક વર્ષમાં ૧૧.૨૯ લાખ બાળકોનો જન્મ થાય છે. એક વર્ષમાં કુલ ૪.૮૮ લાખના મૃત્યુ નોંધાયા. સૌથી વધુ જન્મ અને મૃત્યુમાં અમદાવાદ જિલ્લો મોખરે રહેલ છે.

**૨૬.** **ગુરૂવાર, તા. ૧૨-૬-૨૦૨૫ : ગુજરાત**

ફળોના રાજા ગુજરાતની કેરીની આંતરરાષ્ટ્રીય બજારમાં માંગ.
સોરઠમાંથી પાંચ દેશમાં ૨.૨૫ લાખ કિલો કેસર કેરીની નિકાસ (અંદાજે ૨૨૫ ટન)
અમેરિકા, ઓસ્ટ્રેલિયા, યુ.કે., કેનેડા તથા ગલ્ફ દેશોમાં કેસર કેરી મોકલવામાં આવી.
૧.૧૨ લાખ ટનથી વધુ કેરીનું ઉત્પાદન.

**૨૭.** **બુધવાર, તા. ૧૮-૬-૨૦૨૫ : ભારત / ગુજરાત**

ભારતમાં ચોખાનું ઉત્પાદન રેકોર્ડ ૧૫૦ મિલિયન ટન ચાલુ વર્ષ દરમિયાન થશે.

★

બુલેટ ટ્રેન માટે તામિલનાડુથી ૧૪૦૦ મે.ટનનો પૂલ ટ્રેલરોમાં ભરૂચ સુધી લાવવામાં આવ્યો. મુંબઈ - અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરની કામગીરીમાં ગુજરાતના ભરૂચ નજીક ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર (ડીએફસીડી) ટ્રેક પર ૧૦૦ મીટર લાંબો સ્ટીલ પૂલ સફળતાપૂર્વક લૉન્ચ કરવામાં આવ્યો.

★

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના બોટની વિભાગના સંશોધકોને મહત્ત્વની સફળતા મળી.
છોડના એક જનીનને નિયંત્રિત કરી બીયાં વગરના ટામેટા ઉગાડ્યા.
બદલાતા હવામાન વચ્ચે બીયાં વગરના ટામેટાનો છોડ વધારે ગરમીમાં અને ઓછા પાણી સાથે અસ્તિત્વ જાળવવા સક્ષમ.

**૨૮.** **શુક્રવાર, તા. ૨૦-૬-૨૦૨૫ : વિદેશ / અમદાવાદ**

ક્યુએસ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગમાં રેકોર્ડ ૫૪ ભારતીય સંસ્થાઓનો સમાવેશ કરાયો.
આ યાદીમાં આઈઆઈટી - મુંબઈ ૧૨૯મા સ્થાને મૂકાયેલ છે.
વર્ષ ૨૦૨૬ માટેની આ યાદીમાં આઈઆઈટી - દિલ્હી ૧૨૩મા ક્રમ સાથે શ્રેષ્ઠ ક્રમાંકિત ભારતીય સંસ્થા.
ક્યુએસ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ લંડન સ્થિત વૈશ્વિક હાયર એજ્યુકેશન એનાલિટીક્સ કંપની દ્વારા જારી કરવામાં આવે છે.

★

હ્યુસ્ટનમાં ડૉ. કેનેથ લાઓએ સર્જિકલ રોબોટની સહાયથી ઑપરેશન કર્યું.

અમેરિકામાં દર્દીની છાતી ખોલ્યા વિના જ સફળ રોબોટિક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરાયું.

દર્દીના જૂના હૃદયને કાઢવા તથા નવા હૃદયને બેસાડવા માટે પ્રિપેરિટોનલ સ્પેસનો ઉપયોગ કરાયો

★

યુ.એ.ઇ.ના રેડિયોલોજિસ્ટ અને ઉદ્યોગ સાહસિક દ્વારા અમદાવાદના પ્લેન ક્રેશના બી.જે. મેડિકલના ૪ મૃતક વિદ્યાર્થીના પરિવારને રૂા. ૧-૧ કરોડ મળશે.

ડૉ. શમશીર કુલ રૂા. ૬ કરોડની સહાય કરશે. અન્ય ઘાયલ વિદ્યાર્થીઓને રૂા. ૧૦થી ૨૦ લાખ મળશે.

**૨૯. શનિવાર, તા. ૨૧-૬-૨૦૨૫ : બ્રહ્માંડ / વિદેશ / ભારત**

અંતરિક્ષ સંશોધનના ઈતિહાસની સુવર્ણ સિદ્ધિ : ત્રીજો અને અંતિમ પ્રવાસ સલામતીથી પૂરો કર્યો.

સૂર્યના ઉલ્કાપાણીના રહસ્યો શોધવા 'સોલર પ્રોબ' સૂર્ય નજીક પહોંચ્યું.

અવકાશયાન સૂર્યથી ફક્ત ૬૧ લાખ કિ.મી.ના અંતરે પહોંચેલ છે. વિશ્વનું કોઈ માનવ સર્જિત સાધન કે યંત્ર હજી સુધી સૂર્યની આટલી નજીક પહોંચ્યું નથી.

સોલર પ્રોબ ૬,૯૦,૦૦૦ કિ.મી. પ્રતિ કલાકની અતિ તીવ્ર ગતિએ પ્રવાસ કરે છે. આ ગતિ અવાજની ગતિ કરતાં ૫૦૦ ગણી વધુ છે.

આમ પાર્કર સોલાર પ્રોબે પહેલી જ વખત ઉર્જાના અને પ્રકાશના ભંડાર સમા આદિત્ય નારાયણની સપાટીથી સૌથી નજીકના અંતરે જવાનો અને સૌથી તેજ ગતિએ પ્રવાસ કરવાનો – એમ બે રેકોર્ડ કર્યા છે.

નાસાના સૂત્રોએ પાર્કર સોલાર પ્રોબના સૂર્યની સપાટીથી ફક્ત ૬૧ લાખ કિ.મી.ના અત્યાર સુધીના સૌથી નજીકના અંતરને 'હાયપર ક્લોઝ' કહ્યું છે. પાર્કર સોલર પ્રોબ અગાઉ ૨૦૨૪ની ૨૪ ડિસેમ્બરે અને ૨૦૨૫ની ૨૨ માર્ચે પણ સૂર્યની સપાટી નજીક ગયું છે. હવે ૨૦૨૫ની ૧૯ જૂનનો પ્રવાસ ત્રીજો અને છેલ્લો પ્રવાસ છે. પાર્કર સોલર પ્રોબે અત્યાર સુધીમાં ૨૩ વખત સૂર્યને ફરતે દીર્ઘ લંબગોળ પ્રદક્ષિણા પૂરી કરી છે.

★

આજે વિશ્વભરમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.

સ્વામી વિવેકાનંદે ૧૯૮૩માં શિકાગોમાં વર્લ્ડ પાર્લામેન્ટ ઓફ રીલિજન્સના સંબોધન દરમિયાન વિશ્વને યોગ વિશે માહિતગાર કર્યા હતા. ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૪ના દિવસે યુ.એન. નેશનલ એસેમ્બલીને સંબોધન દરમિયાન વિશ્વભરમાં યોગ દિવસ મનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

યુ.એન. એસેમ્બલીએ ૧૧ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ તેમનો પ્રસ્તાવ મંજૂર કરીને ૨૧ જૂન કે જે વર્ષનો સૌથી લાંબો દિવસ હોય છે, તેને 'વિશ્વ યોગ દિવસ' જાહેર કર્યો હતો. પી.એમ. મોદીના પ્રયાસને કારણે ૫૦૦૦થી વધુ વર્ષ જૂની ભારતની પરંપરા વૈશ્વિક સ્તરે પહોંચી છે.

★

યોગ હવે એક ઉદ્યોગ બની રહેલ છે. આ ક્ષેત્રના ૧૮ સ્ટાર્ટઅપ્સની સમગ્ર વિશ્વમાં બોલબાલા છે.

ઈક્વેન્ટીસ ડોટ કોમના એક અહેવાલ મુજબ ૨૦૨૭ સુધીમાં યોગ ૬૬.૨ બિલિયન ડોલરનો ઉદ્યોગ બની જશે કે જે વધુ ઝડપથી વિકાસ પામશે તેવી અપેક્ષા છે. યોગ વધુને વધુ લોકપ્રિય થઈ રહ્યો છે. તેથી તેનાથી સંબંધિત સ્ટાર્ટઅપ્સ પણ ઝડપથી ઉભરી રહ્યા છે.

એક અહેવાલ મુજબ ભારતમાં વેલનેસ માર્કેટ રૂા. ૪૯૦ અબજનું છે કે જેમાંથી યોગ સ્ટુડિયો અને ફિટનેસ સેન્ટરો ૪૦ ટકા હિસ્સો ધરાવે છે. આગામી ત્રણ વર્ષમાં આ બજાર ૨૦ ટકાના દરે વધીને રૂા. ૮૭૫ અબજ સુધી પહોંચવાની શક્યતા છે.

**૩૦. રવિવાર, તા. ૨૨-૬-૨૦૨૫ : ભારત**

સીયાચીનથી સાગર સુધી ભારત સહિત સમગ્ર વિશ્વ યોગમય બન્યું.

| | |
|---|---|
| | યોગે આખી દુનિયાને એક તાંતણે બાંધી : પી. એમ. મોદી<br>યોગ દિવસે આંધ્રમાં બે ગીનીસ રેકોર્ડ સહિત ૨૩ વર્લ્ડ રેકોર્ડ બન્યા.<br>ટાઈમ્સ સ્ક્વેર પર દસ હજાર લોકો જોડાયા.<br>૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિનની થીમ 'યોગ ફોર વન અર્થ, વન હેલ્થ' પ્રચલિત બની રહી.<br>યોગની વાર્ષિક ઉજવણીએ એકતા, કરુણા અને સુખાકારીના વૈશ્વિક સિદ્ધાંતોને પ્રોત્સાહન આપ્યું : બ્રિટનના કિંગ ચાર્લ્સ-૩<br>વિશ્વમાં અશાંતિ અને અસ્થિરતા વધી છે ત્યારે યોગ આપણને શાંતિની દિશામાં લઈ જાય છે : પી. એમ. મોદી |
| **૩૧.** | **સોમવાર, તા. ૨૩-૬-૨૦૨૫ : ગુજરાત** |
| | ઓલિમ્પિકની યજમાની માટે દાવેદારીની તૈયારીઓ.... ગુજરાતમાં છ હજાર કરોડના ખર્ચે છ સ્પોર્ટસ કોમ્પ્લેક્સ બનાવાશે. દર વર્ષે ૨૩ જૂનની ઉજવણી ઓલિમ્પિક દિવસ તરીકે કરવામાં આવે છે.<br>અમદાવાદ હવે વર્ષ ૨૦૩૬ની ઓલિમ્પિક રમતોની યજમાનીની દાવેદારી નોંધાવવા તૈયારી કરી રહ્યું છે. |
| **૩૨.** | **મંગળવાર, તા. ૨૪-૬-૨૦૨૫ : વિદેશ** |
| | ભારતના ૯૩ વર્ષના ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં પ્રથમ વખત એક જ ટેસ્ટ મેચમાં પાંચ સદી નોંધાયાનો રેકોર્ડ.<br>હેડિંગ્લે (ઇંગ્લેન્ડ) ટેસ્ટની પ્રથમ ઇનિંગમાં ૩ સદી અને બીજી ઇનિંગમાં રાહુલ તથા પંતની સદીથી ઇતિહાસ રચાયો.<br>હરીફ ટીમના મેદાન પરની એક ટેસ્ટમાં પાંચ સદી ફટકારનારો ભારત ઓસ્ટ્રેલિયા પછી બીજો દેશ બન્યો. |
| **૩૩.** | **ગુરૂવાર, તા. ૨૬-૬-૨૦૨૫ : બ્રહ્માંડ** |
| | ભારત માટે સુવર્ણ અવસર.<br>ભારતીય હવાઈ દળના ગ્રૂપ કેપ્ટન શુભાંશુ શુક્લા તેના ૪ સાથીદારો સાથે કેનેડા સ્પેસ સ્ટેશન પરથી ઇન્ટરનેશનલ સ્પેસ સેન્ટર – આઈ.એસ.એસ.માં જવા તા. ૨૫-૬-૨૦૨૫ના રવાના થયા.<br>નાસા એક્ઝિઓમ-૪ મિશનમાં ભાગ લઈને આઈ.એસ.એસ.માં જનારા શુભાંશુ શુક્લા પહેલા ભારતીય અવકાશયાત્રી બન્યા. શુભાંશુ શુક્લા તથા તેના ૪ સાથીદારો આઈ.એસ.એસ.માં ૧૪ દિવસ રહી વિવિધ પ્રકારના ૬૦ સંશોધન અને પ્રયોગો કરશે.<br>સુનિતા વિલિયમ્સને પાછી લાવનાર કેપ્સ્યુલમાં શુભાંશુ શુક્લા તેના સાથીદારો સાથે ૨૮ કલાકની અંતરીક્ષ યાત્રા કરીને ભારતીય સમય મુજબ આજે ગુરૂવાર, તા. ૨૬-૬-૨૦૨૫ના સાંજના ૪.૩૦ વાગે આઈ.એસ.એસ.માં પહોંચશે. તેઓ અંતરીક્ષમાં ભારતીય વાનગીઓ પણ ચાખશે કે જે શુક્લા સાથે લઈ જઈ રહ્યા છે. તેઓ ડાયાબિટીસની સારવાર વિશે પણ તબીબી સંશોધન કરશે.<br>કેપ્ટન રાકેશ શર્મા પછી શુભાંશુ શુક્લા અંતરીક્ષમાં જનારા પ્રથમ ભારતીય બનશે.<br>ભારતે આ સંશોધનમાં રૂા. ૫૫૦ કરોડનું યોગદાન આપેલ છે.<br>વિશ્વભરમાંથી શુભાંશુ શુક્લા અને ભારત પર અભિનંદનનો વરસાદ વરસી રહ્યો છે. |
| **૩૪.** | **શુક્રવાર, તા. ૨૭-૬-૨૦૨૫ : બ્રહ્માંડ** |
| | શુભાંશુ શુક્લા તથા તેના સાથીદારો ૨૮ કલાકનો પ્રવાસ ખેડી આંતરરાષ્ટ્રીય અવકાશ મથક - ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન – આઈ.એસ.એસ. પર પહોંચ્યા.<br>ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા : બધાને અવકાશમાંથી નમસ્કાર. હું બાળકની જેમ સ્પેસમાં ચાલવાનું તથા ખાવાનું શીખી રહ્યો છું.<br>આઈ.એસ.એસ. પૃથ્વી માટે અને પૃથ્વી થકી ચાલતું નાનકડું અવકાશી શહેર.<br>પૃથ્વીથી ૪૦૦ કિ.મી. ઉપર આવેલું આઈ.એસ.એસ. માત્ર સૌર ઉર્જાથી સામાન્ય કામ કરી શકે છે. તેના ઇંધણ અને વીજળી માટે પૃથ્વી ઉપરથી સપ્લાય જાય છે. |

| | |
|---|---|
| **૩૫.** | **શનિવાર, તા. ૨૮-૬-૨૦૨૫ : ગુજરાત** |
| | મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી - વડોદરાના ટેકનોલોજી ફેકલ્ટીના ટેક્ષટાઈલ કેમેસ્ટ્રી વિભાગના સંશોધકોએ એમોનિયાના લીકેજની જાણકારી આપતું કાપડ તૈયાર કર્યું.... એમોનિયાના સંપર્કમાં આવતાં જ કાપડનો પીળો રંગ બદલાઈને નારંગી થઈ જાય છે. ઉદ્યોગોમાં કામ કરતા કર્મચારીઓ માટે તે વરદાન બની શકે છે. એમોનિયા લીકેજ ઉદ્યોગોમાં કામ કરતા લોકો માટે ખતરો બની શકે છે.<br>આ બાબતને ધ્યાનમાં રાખીને એમ.એસ. યુનિ.ના ટેકનોલોજી ફેકલ્ટીની માસ્ટર ઓફ એન્જિનિયરીંગની વિદ્યાર્થિની પ્રિયંકા ઠક્કરે આ વિભાગના વરિષ્ઠ પ્રોફેસર ડૉ. જે. એન. શાહના માર્ગદર્શન હેઠળ એવું કાપડ તૈયાર કર્યું છે, જે એમોનિયા લીકેજને તરત પારખી શકે છે. |
| **૩૬.** | **રવિવાર, તા. ૨૯-૬-૨૦૨૫ : ભારત / અમદાવાદ** |
| | દેશમાં ઇ-વોટીંગના યુગનો આરંભ... બિહારમાં ઘરે બેઠા મોબાઈલથી મતદાન થઈ શકશે.<br>છ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૪૦ હજાર ઇ-વોટરે મતદાન કર્યું.<br>મોબાઈલ એપ્લીકેશનથી અને વેબસાઈટ પર જઈને વોટીંગ કરવાની મંજૂરી.<br>પૂર્વી ચંપારણની વિભાકુમારી અને મુન્નાકુમાર દેશના પ્રથમ ઇ-વોટર બન્યા.<br>વૃદ્ધો, સગર્ભાઓ, મહિલાઓ, બીજા રાજ્યમાં કામ કરનારાઓ, ખેતમજૂરો, બાંધકામ ક્ષેત્રમાં કામ કરતા મજૂરો તથા રોજમદારો માટે ઇ-વોટીંગ અત્યંત ઉપયોગી.<br>★<br>અમદાવાદના વસ્ત્રાલમાં ૩૭ કરોડના ખર્ચે સ્પોર્ટસ કોમ્પ્લેક્સની કામગીરી પૂર્ણતા તરફ. |
| **૩૭.** | **સોમવાર, તા. ૩૦-૬-૨૦૨૫ : વિદેશ** |
| | મસ્કના જન્મદિનના આગલા દિવસે ટેસ્લાની ગ્રાહકને ડિલીવરી કરાઈ.<br>સેલ્ફ ડ્રાઈવિંગ કાર ફેક્ટરીથી નવા માલિકના ઘરે પહોંચી.<br>ટેસ્લાના વાય મોડેલે ૧૧૬ કિ.મી.ની એવરેજ સ્પીડ પકડી. ફુલ્લી ઓટોમેટીક કારની ડિલીવરીનો વીડિયો વાઈરલ. |
| **૩૮.** | **મંગળવાર, તા. ૧-૭-૨૦૨૫ : બ્રહ્માંડ / વિદેશ** |
| | શુભાંશુ શુક્લાએ ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં માઈક્રોઅલ્ગી અને મસલ્સ લોસ વિશે પ્રયોગો શરૂ કર્યા.<br>સૂક્ષ્મ શેવાળ માઈક્રોઅલ્ગી ગગનયાનના અવકાશયાત્રીઓ માટે પોષણયુક્ત આહાર અને જીવનરક્ષક સુવિધા બની શકે છે. તેનો ઉપયોગ ગગનયાનના જરૂરી ઇંધણ તરીકે પણ થઈ શકે.<br>★<br>નાણાં વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન વિદેશમાંથી ભારતીયો દ્વારા ૧૩૫ અબજ ડોલરથી વધુનું રેમિટન્સ ઠલવાયું... વિશ્વમાં રેમિટન્સ મેળવવામાં ભારત છેલ્લા દાયકાથી પ્રથમ ક્રમે રહેલ છે. |
| **૩૯.** | **શુક્રવાર, તા. ૪-૭-૨૦૨૫ : બ્રહ્માંડ / વિશ્વ / ગુજરાત** |
| | શુભાંશુ શુક્લા આજે આઈ.એસ.એસ.માંથી વિદ્યાર્થીઓ અને ઇસરોના વિજ્ઞાનીઓ સાથે વાર્તાલાપ કરશે. આ વાર્તાલાપ ભારતીય સમય મુજબ આજે બપોરે ૩.૪૭ વાગે શરૂ થશે. વિદ્યાર્થીઓના જીજ્ઞાસાસભર સવાલોના જવાબ પણ આપશે.<br>★<br>ચીનમાં સીંગવા યુનિવર્સિટીમાં એ.આઈ.થી ચાલતી અનોખી હોસ્પિટલ.<br>હોસ્પિટલમાં ૧૪ એ.આઈ. ડૉક્ટર્સ અને ચાર એ.આઈ. નર્સ સારવાર માટે તૈનાત રહે છે. |

| | |
|---|---|
| | એ.આઈ. ડૉક્ટર્સ બીમારીની ઝડપથી ઓળખ કરીને ૨૪ કલાકમાં ત્રણ હજાર દર્દીઓના નિદાન કરવા માટે સક્ષમ છે.<br>★<br>ગુજરાતમાં આ વખતે કુલ ૫૬ મહિલા સમરસ ગ્રામ પંચાયત બની... મહેસાણાની સૌથી વધુ ૯ સમરસ પંચાયત... તમામ મહિલા બિનહરીફ ચૂંટાઈને આવે તો તે 'ગ્રામ પંચાયત' 'મહિલા સમરસ પંચાયત' તરીકે ઓળખાય છે. |
| **૪૦.** | **શનિવાર, તા. ૫-૭-૨૦૨૫ : ગુજરાત** |
| | વર્ષ ૨૦૨૦થી ૨૦૨૫ એમ છેલ્લા પાંચ વર્ષમાં મહિલાઓની આગેવાની હેઠળની દૂધ સહકારી મંડળીઓ ૨૧ ટકા વધીને ૩૭૬૪થી ૪૫૬૨ થઈ ગઈ છે. આ દર્શાવે છે કે રાજ્યમાં સહકારી સંસ્થાઓમાં મહિલાઓની ભાગીદારીમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. મહિલા દૂધ મંડળીઓની વાર્ષિક આવક રૂા. ૯ હજાર કરોડને પાર... ગુજરાતમાં લગભગ ૩૬ લાખ દૂધ ઉત્પાદક સભ્યોમાંથી લગભગ ૧૨ લાખ એટલે કે ૩૨ ટકા દૂધ ઉત્પાદક સભ્યો મહિલાઓ છે. |
| **૪૧.** | **રવિવાર, તા. ૬-૭-૨૦૨૫ : વિદેશ / ભારત / ગુજરાત** |
| | ભારત આવકની સમાન વહેંચણીમાં ચોથા ક્રમે : વર્લ્ડ બેંક<br>ભારતે આવકની સમાનતામાં જી-૭, જી-૨૦ દેશો અને ચીનને પણ પાછળ છોડ્યા.<br>ભારતે આર્થિક વિકાસ અને સામાજિક સમાનતાને સાથે રાખી, આગળ વધતી દુનિયાને નવું ઉદાહરણ પૂરું પાડ્યું : વર્લ્ડ બેંક<br>ભારતના ગીની ઈન્ડેક્સ સ્કોર ૨૦૧૧માં ૨૮.૮ હતો જે ૨૦૨૨માં ઘટીને ૨૫.૫ થઈ ગયો.<br>વિશ્વમાં આવકની દૃષ્ટિએ સૌથી સમાન સમાજ તરીકે ઉભરેલા સ્લોવાક રીપબ્લિક ૨૪.૧, સ્લોવેનિયા ૨૪.૩ અને બેલારુસ ૨૪.૪ પછી ભારત ૨૫.૫ના સ્કોર સાથે વિશ્વમાં ચોથા ક્રમે આવ્યું છે.<br>ગીની ઈન્ડેક્સ સ્કોરમાં ચીન ૩૫.૭, જર્મની ૩૧.૪, ફ્રાન્સ ૩૨.૪, જાપાન ૩૨.૯, બ્રિટન ૩૪.૪, અમેરિકા ૪૧.૮ સ્કોર સાથે ભારત કરતાં પાછળ.<br>★<br>વર્લ્ડ બેંકના રીપોર્ટ મુજબ ૨૦૧૧થી ૨૦૨૩ વચ્ચે ૧૭.૧ કરોડ ભારતીયો ગરીબીમાંથી બહાર આવ્યા.<br>★<br>દેશની સૌપ્રથમ સહકારીતા યુનિવર્સિટીનો 'મિલ્ક કેપિટલ' આણંદ ખાતે શિલાન્યાસ વિધિ કરાયો.<br>સહકારી ચળવળના પિતામહ ત્રિભોવનદાસ પટેલનું નામ અપાયું.<br>સહકારી ક્ષેત્રની ભરતીમાં આ યુનિવર્સિટીમાં શિક્ષણ લેનારાને નોકરી મળશે. ભાઈ-ભત્રીજાવાદના આક્ષેપો દૂર થશે : અમિત શાહ |
| **૪૨.** | **સોમવાર, તા. ૭-૭-૨૦૨૫ : વિદેશ / ભારત** |
| | એજબેસ્ટનમાં ભારતનો ઈંગ્લેન્ડ સામે ઐતિહાસિક વિજય.<br>બર્મિંગહામના એજબેસ્ટન મેદાનમાં ભારતની ૫૮ વર્ષની ટેસ્ટ વિજયની આતુરતાનો અંત.<br>બીજી ટેસ્ટમાં ઈંગ્લેન્ડ ૬૦૮ રનના ટાર્ગેટ સામે ૨૭૧ રનમાં સમેટાતા, તે ૩૩૬ રનથી હાર્યું.<br>ભારતે જીત સાથે શ્રેણીમાં ૧-૧થી બરોબરી મેળવી. પ્લેયર ઑફ ધ મેચ કેપ્ટન ગીલને જાહેર કરાયો.<br>બીજી ઈનિંગમાં આકાશ દીપની ૬ વિકેટ સાથે ટેસ્ટમાં કુલ ૧૦ વિકેટ.<br>★<br>અમરનાથ યાત્રાથી જમ્મુ-કાશ્મીરના અર્થતંત્રને રૂા. ૪૦૦ કરોડનો ફાયદો.<br>ઉપરાજ્યપાલ મનોજ સિંહા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની શ્રદ્ધાળુઓને અપીલની અસર જોવા મળી. |

| | |
|---|---|
| **૪૩.** | **મંગળવાર, તા. ૮-૭-૨૦૨૫ : વિદેશ / અમદાવાદ** |
| | પ્રોપર્ટીની ખરીદી કે મોટા રોકાણ સિવાય પણ યુ.એ.ઇ.ના ગોલ્ડન વિઝા મળશે.<br>યુ.એ.ઈ. ભારતીયોને રૂા. ૨૩.૩૦ લાખમાં ગોલ્ડન વિઝા આપશે.<br>અત્યાર સુધી ગોલ્ડન વિઝા મેળવવા માટે સંપત્તિમાં ૪.૬૬ કરોડ રૂપિયાનું રોકાણ કરવું પડતું હતું.<br>★<br>સી.એ. ફાઈનલ અને ઈન્ટરમાં અમદાવાદના બે-બે વિદ્યાર્થીઓ ટોપ ૫૦માં સ્થાન પામ્યા.<br>ફાઉન્ડેશનમાં પણ અમદાવાદના બે વિદ્યાર્થી ટોપ ૫૦માં સ્થાન પામ્યા.<br>અમદાવાદનું ફાઈનલનું ૧૯.૩૫ ટકા રીઝલ્ટ. |
| **૪૪.** | **ગુરૂવાર, તા. ૧૦-૭-૨૦૨૫ : બ્રહ્માંડ** |
| | સ્પેસ સ્ટેશનમાં સ્ટેમ સેલના પ્રયોગ થયા. શુભાંશુ સ્પેસ સ્ટેશનમાં ખેડૂત બન્યા. મેથી અને મગ ઉગાડ્યા.<br>એક્સિઓમ-૪ ની ટીમ ૧૦ જુલાઈ પછી ગમે ત્યારે પરત આવી શકે. ફલોરીડાના હવામાન પર આધાર.<br>★<br>મંગળ ગ્રહના ઉલ્કાપિંડની હરાજી યોજાશે. કિંમત રૂા. ૩૪ કરોડને પાર.<br>NWA - ૧૬૭૮૮નું વજન રેકોર્ડ ૨૪.૬૭ કિ.ગ્રા.<br>કરોડો કિ.મી.ની મુસાફરી કરીને પૃથ્વી પર પડ્યો હતો.<br>શાંઘાઈના એસ્ટ્રોનોમિ મ્યુઝીયમે તેની ખરાઈ કરી છે. |
| **૪૫.** | **શુક્રવાર, તા. ૧૧-૭-૨૦૨૫ : બ્રહ્માંડ** |
| | શુભાંશુ શુક્લાની ટીમનું પૃથ્વી પર પુનરાગમન પાછું ઠેલાયું.<br>એક્સિઓમ-૪ ના અવકાશયાત્રીઓએ આઈ.એસ.એસ. પર ૨૩૦ સૂર્યોદય નિહાળ્યા. ૧ લાખ કિ.મી.નો પ્રવાસ કર્યો. |
| **૪૬.** | **શનિવાર, તા. ૧૨-૭-૨૦૨૫ : બ્રહ્માંડ / ભારત** |
| | નાસાના પાર્કર પ્રોબે પહેલી વખત સૂર્યની અત્યંત નજીકની (૩૮ લાખ માઈલના અંતરેથી) તસવીરો લીધી. આદિત્યના સાચૂકલા મહાવિનાશક તથા મહાભયાનક ચહેરાની અણમોલ તસ્વીરો લેવાઈ... સૌર પવનો, સૂર્યની વિરાટ સપાટી પરથી ફેંકાતા પદાર્થ કણો, સૂર્યમાંથી બહાર ફેંકાતો વિદ્યુત ચુંબકીય પ્રવાહ પણ જોઈ શકાય છે.<br>★<br>ચીનના પ્રતિબંધ વચ્ચે ભારતનું મોટું પગલું : રેર અર્થ ઉત્પાદન શરૂ કરવાની કવાયત શરૂ.<br>મેગ્નેટનું ઉત્પાદન કરવાની રેર અર્થની યોજનાથી ઈલેક્ટ્રીક વાહન ઉદ્યોગને રાહત.<br>★<br>કેન્દ્રીય મંત્રી હરદીપસિંહ પૂરીની જાહેરાત : ભારત આંદામાનમાં દુનિયાના સૌથી મોટા ક્રુડ ભંડારની નજીક પહોંચ્યું. ભારતે આંદામાનમાં ૨.૫ લાખ ચો.કિ.મી.ના ડાયરામાં ક્રુડ ઓઈલ, ગેસ, હાઈડ્રોકાર્બનની શોધ માટે ડ્રિલીંગના પ્રયત્નો વધાર્યા.<br>★<br>ઈલોન મસ્કની ટેસ્લા કંપનીનો શો રૂમ મુંબઈમાં ૧૫-૭-૨૦૨૫ને મંગળવારે ખૂલશે. મુંબઈ બાદ નવી દિલ્હીમાં શો રૂમ શરૂ કરશે. અમેરિકાની સરખામણીમાં ભારતમાં ગ્રાહકે ટેસ્લા કારના વાય મોડેલના ૧૧૦૦૦ ડોલર્સ વધારે ચૂકવવા પડશે. |

**૪૭.** **સોમવાર, તા. ૧૪-૭-૨૦૨૫ : બ્રહ્માંડ**

આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર રવિવારે ફેરવેલ સ્પીચમાં શુભાંશુ શુક્લાએ કહ્યું કે ભારત અવકાશમાંથી મહત્ત્વાકાંક્ષા, નીડરતા, આત્મવિશ્વાસ અને ગૌરવથી ભરેલું દેખાય છે. ભારત અવકાશમાંથી પણ 'સારે જહાંસે અચ્છા' દેખાય છે.

★

ચાર અવકાશયાત્રીઓ આજે આઈ.એસ.એસ. પરથી રવાના થશે. તેઓએ ફેરવેલ પાર્ટીની મજા માણી. શુભાંશુ શુક્લાએ આમ રસ અને ગાજરનો હલવો પીરસ્યો. કન્ડેન્સ્ડ મિલ્ક અને અખરોટમાંથી બનાવેલી કેક પણ પીરસાઈ.

**૪૮.** **મંગળવાર, તા. ૧૫-૭-૨૦૨૫ : બ્રહ્માંડ / વિદેશ**

શુભાંશુ શુક્લા સહિત ૪ અવકાશયાત્રીઓનું આજે પૃથ્વી પર આગમન.

ગ્રેસ કેપ્સ્યુલ પૃથ્વીના વાતાવરણમાં ૧૬૦૦ ડિગ્રી સેલ્સિયસ જેટલા ઉકળતા તાપમાંથી પસાર થશે.

★

ફ્રાન્સના વૈજ્ઞાનિકોએ દુર્લભ બ્લડ ગ્રૂપ 'ગ્વાડા નેગેટીવ'ની ઓળખ કરી. ડીએનએ સિક્વેન્સિંગ ટેકનિકથી લોહીનું એનાલિસીસ કરાયું. ફ્રાન્સના બ્લડ ગ્રૂપમાં ૬૮ વર્ષની મહિલાના શરીરમાં નવા પ્રકારના એન્ટી બોડી જણાયા. હવે બ્લડ ગ્રૂપનો આંકડો ૪૮ થયો.

★

મેટાએ એપલના પૂર્વ એન્જિનિયર રૂઓમિંગ પાંગને રૂા. ૧૬૭૦ કરોડનું પેકેજ આપ્યું. ઝુકરબર્ગની સુપર ઈન્ટેલિજન્સ લેબ માટે મોટાપાયે ટેકનિકલ સ્ટાફની ભરતી કરી. મેટાએ ઓપન એ.આઈ.ના પૂર્વ એન્જિનિયર ઋષિત બંસલની રૂા. ૮૦૦ કરોડના પગારમાં ભરતી કરી. ઋષિત બંસલે કાનપુરથી અભ્યાસ કરેલ છે.

**૪૯.** **બુધવાર, તા. ૧૬-૭-૨૦૨૫ : બ્રહ્માંડ / ભારત / ગુજરાત**

શુભાંશુ તથા તેમની ટીમનું પૃથ્વી પર આગમન. સ્પેસક્રાફ્ટ કલાકના ૨૮,૦૦૦ કિ.મી.ની ઝડપે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ્યું. શુભાંશુ સહિત ૪ અવકાશયાત્રીઓ સાત દિવસ ક્વોરન્ટાઈન રહેશે. ચારેય અવકાશયાત્રીઓએ ૧૮ દિવસમાં ૬૦ પ્રયોગ કર્યા. તેઓએ કુલ ૩૧૦થી વધુ વખત પૃથ્વીની પરિક્રમા કરી અને લગભગ ૧.૩ કરોડ કિ.મી.નું અંતર કાપ્યું. ૨૦ દિવસ અવકાશમાં રહેનાર શુભાંશુ પહેલા ભારતીય બન્યા.

શુભાંશુએ આઈ.એસ.એસ. પર કરેલા ૭ પ્રયોગો ગગનયાન માટે મહત્ત્વપૂર્ણ : ઈસરો

★

અંતરીક્ષમાં બે મહાકાય બ્લેક હોલ એકબીજામાં ભળી ગયા. બે બ્લેક હોલ ટકરાતા બનેલા નવા બ્લેક હોલનું દળ સૂર્યના દળ કરતાં ૨૨૫ ગણું વધુ સર્જાયું. બ્રહ્માંડમાં બીગ બેન્ગના ૧૩.૭ અબજ વર્ષ બાદ મહાવિસ્ફોટ. ગુરુત્વાકર્ષણના તરંગો અમેરિકાના ડિટેક્ટર્સમાં ઝડપાયા. આ ભારે રહસ્યમય ઘટના આપણી મિલ્કી વે ગેલેક્સીના થોડાક બહારના વિસ્તારમાં બની.

★

ભારતમાં વર્ષે ૧.૫ કરોડ એ.સી. ઉમેરાય છે. દાયકામાં નવા ૧૫ કરોડ એ.સી. ઉમેરાય તેવી શક્યતા.

★

અમેરિકા બાદ કેનેડા, યુરોપ, દુબઈમાં અમૂલનું વિસ્તૃતિકરણ થશે.

અમૂલ ડેરીનું ટર્નઓવર રૂા. ૧૨૯૧૧ કરોડથી વધી રૂા. ૧૪૦૧૫ કરોડ થયું.

દૂધના ભાવ પ્રતિ કિલો ફેટે ૨૦૨૨-૨૩માં રૂા. ૯૦૦થી વધીને ૨૦૨૪-૨૫માં રૂા. ૧૦૧૮ ચૂકવાયા.

**૫૦.** **ગુરૂવાર, તા. ૧૭-૭-૨૦૨૫ : બ્રહ્માંડ / અમદાવાદ**

ખગોળશાસ્ત્રીઓએ પૃથ્વી કરતાં ૩૫ ગણો મોટો ગ્રહ, કેપ્લર - ૧૩૯ તરીકે જાણીતા તારામંડળમાંથી શોધી કાઢ્યો

| | |
|---|---|
| | કે જેનું નામ કેપ્લર - ૧૩૯ F રાખવામાં આવ્યું.<br>નાસાના કેપ્લર સ્પેસ ટેલિસ્કોપે તેના ૯ વર્ષના સંચાલન દરમિયાન લગભગ ૩૦૦૦ ગ્રહો શોધ્યા છે.<br>★<br>ટંકશાળનો દોરો અને દિલ્હી - ચીનના મોતી તથા સ્ટોનમાંથી રૂા. દોઢ-બે ની કિંમતની રાખડીનું એક મહિનાનું રૂા. ૨૦૦ કરોડનું બજાર... કાલુપુરની જથ્થાબંધ બજારમાં રાજસ્થાન અને મધ્યપ્રદેશથી ખરીદી માટે વેપારીઓ આવે છે... શાહઆલમ, બાપુનગર, ઈન્ડિયા કોલોની, રાણીપ વગેરે વિસ્તારમાં સેંકડો મહિલાઓ આખું વર્ષ દોરામાં મોતી, કુંદન, બીડ્સ, સ્ટોન વગેરે પરોવી અવનવી ડિઝાઈનની રાખી તૈયાર કરે છે. |
| **૫૧.** | **શુક્રવાર, તા. ૧૮-૭-૨૦૨૫ : અમદાવાદ** |
| | નવા રેન્કિંગ પ્રમાણે અમદાવાદ સૌથી સ્વચ્છ શહેર... ઇંદોર ‘સુપર સ્વચ્છ’ શહેર.<br>જૂના રેન્કિંગ મુજબ ગયા વર્ષે અમદાવાદ પાંચમા ક્રમે હતું.<br>૩ થી ૧૦ લાખની વસતિ ધરાવતા શહેરોમાં નોઈડા પ્રથમ ક્રમે.<br>નાના-મોટા ૪૫૦૦ સિટીના ૧૪ કરોડ લોકોએ સ્વચ્છતા સર્વેમાં ભાગ લીધો. |
| **૫૨.** | **શનિવાર, તા. ૧૯-૭-૨૦૨૫ : વિદેશ / ભારત** |
| | ચીનની મેગલેવ અજાયબી : પ્રતિ કલાક ૬૦૦ કિ.મી.ની ઝડપે રેલવે પ્રવાસ થશે.<br>તે ફ્લાઇટથી પણ ફાસ્ટ હશે. બેઇજિંગથી શાંઘાઈ ૧૫૦ મિનિટમાં પહોંચાડશે.<br>મેગલેવ ટેકનોલોજીમાં ટ્રેન ટ્રેકથી અધ્ધર ચાલતી હોવાથી ઘર્ષણ થતું નથી અને અવાજ રહિત પ્રવાસ મળે છે. ચીનમાં મેગલેવ ટ્રેનની પ્રથમ ચકાસણી ૨૦૨૩માં થઈ હતી કે જ્યારે ૨૦૨૫ના અંત સુધી પૂર્ણ ટ્રેક તૈયાર થવાની અપેક્ષા રાખવામાં આવે છે.<br>★<br>BCCI ની રૂા. ૯૭૪૧.૭ કરોડની વાર્ષિક આવક થયેલ છે. આ આવકમાં તેને રૂા. ૯૦૬ કરોડનું વ્યાજ મળ્યું છે. વિશ્વના સૌથી ધનાઢ્ય ક્રિકેટ બોર્ડની ૨૦૨૩-૨૪ના નાણાંકીય વર્ષની વિગતો જાહેર કરવામાં આવી. તેની પ્રતિદિન આવક લગભગ રૂા. ૨૭ કરોડ થાય છે. ગયા વર્ષ કરતાં આવકમાં રૂા. ૬૫૫૮ કરોડનો વધારો. બોર્ડને IPL માંથી રૂા. ૫૭૬૧ કરોડની આવક થઈ. |
| **૫૩.** | **રવિવાર, તા. ૨૦-૭-૨૦૨૫ : બ્રહ્માંડ / ભારત** |
| | આજે ઈન્ટરનેશનલ મૂન ડે.<br>ચંદ્રયાન-૧ અને નાસાના મૂન મિશનના અભ્યાસનું તારણ : ૮.૭ કરોડ વર્ષ પહેલા ચંદ્ર પર છેલ્લો જ્વાળામુખી ફાટ્યો હતો. જ્વાળામુખીને લીધે ચંદ્ર પર ૮૨ કિ.મી. લાંબી તિરાડ પડેલી હતી.<br>ચંદ્ર સાથે અથડાયેલા ગ્રહને લીધે તેના નીચેના ભાગથી પ્રેશર થવાથી જ્વાળામુખી નીકળવાનું શરૂ થયું હતું. પ્રેશરથી જ્વાળામુખી નીકળવાને લીધે ૮૨ કિ.મી.ની મોટી તિરાડ પડી ગઈ છે. જે સ્થળે ગ્રહ અથડાયો હતો ત્યાં તિરાડો પડવાથી કરોળિયાની જાળી જેવું દૃશ્ય ઉપસી આવ્યું હતું.<br>★<br>યુરોપિયન ફ્રી ટ્રેડ ઓર્ગેનાઇઝેશન – FTA ભારતમાં ૧૦૦ અબજ ડોલરનું રોકાણ કરશે.<br>ભારત - એફટીએ સંગઠન વચ્ચે પહેલી ઓક્ટોબરથી મુક્ત વેપાર કરાર અમલમાં આવશે.<br>★<br>પેટ્રોલમાં ઇ-૨૦ ઇથેનોલ મિશ્રણને સફળતા મળી. આ સફળતા પછી હવે ૨૭ ટકાના મિશ્રણનું લક્ષ્ય.<br>આગામી દિવસોમાં પેટ્રોલમાં ઇથેનોલના મિશ્રણને ૫૦ ટકા સુધી લઈ જવાનું કેન્દ્ર સરકારનું આયોજન. |

દિલ્હીમાં પેટ્રોલની કિંમત પ્રતિ લીટરે રૂા. ૯૬ છે અને ઈથેનોલની કિંમત પ્રતિ લીટરે રૂા. ૫૫ છે.
જો પેટ્રોલ ૮૦ ટકા અને ઈથેનોલ ૨૦ ટકા વાપરવામાં આવે તો એક લીટર મિક્સ પેટ્રોલની કિંમત રૂા. ૮૭.૮૦ થાય કે જે નોર્મલ પેટ્રોલ કરતાં પ્રતિ લીટરે રૂા. ૮.૨૦ સસ્તું પડે છે.

**૫૪. સોમવાર, તા. ૨૧-૭-૨૦૨૫ : વિદેશ / ગુજરાત**

ફલોરિડા યુનિ.ના વૈજ્ઞાનિકોએ કેન્સર સામેની રસી બનાવી : ઉંદર પર સફળ પ્રયોગ કરવામાં આવ્યો. ‘નેચર બાયોમેડિકલ એન્જિનિયરીંગ’માં સંશોધન પ્રકાશિત થયું.
એમઆરએનએ રસી કોઈ વિશેષ ટ્યુમર પ્રોટીનને ટાર્ગેટ કરવાને બદલે કેન્સર વિરુદ્ધ ઈમ્યુન સિસ્ટમ બનાવે છે : સંશોધકોનો દાવો.
માણસો ઉપર પણ રસીના સકારાત્મક પરિણામ મળે તો કેન્સરની રસી બનાવવાનો રસ્તો ખૂલી જશે.

★

બાંધકામમાં કોન્ક્રિટ સાથે સ્ટીલને બદલે વાંસ અને નેતરના ઉપયોગનો સફળ પ્રયોગ... કાટ લાગવાથી બાંધકામ નબળું પડવાની સમસ્યાથી છૂટકારો મળશે.
મ.સ. યુનિ.ના એન્જિનિયરીંગ વિભાગના સંશોધકોના મતે બંને પ્રકારના બાંધકામની મજબૂતી સરખી જ પુરવાર થઈ.
લોખંડના સળિયાને કાટ લાગવાની સમસ્યાના ઈકો ફ્રેન્ડલી ઉકેલ તરીકે એમ.એસ. યુનિ.ના ટેકનોલોજી ફેકલ્ટીના એપ્લાઈડ મિકેનિક્સ અને સ્ટ્રક્ચરલ એન્જિનિયરીંગ વિભાગના સંશોધકોએ બાંધકામમાં સ્ટીલની જગ્યાએ બામ્બૂ એટલે કે વાંસ અને નેતરના ઉપયોગનો સફળ અખતરો કર્યો છે.

**૫૫. મંગળવાર, તા. ૨૨-૭-૨૦૨૫ : વિદેશ**

પ્રથમ વખત માનવી અને એ.આઈ. મોડેલ વચ્ચે ટક્કર.
વર્લ્ડ ચેમ્પિયનશિપમાં માણસે એ.આઈ.ને હરાવ્યું. સ્પર્ધા ૧૦ કલાક ચાલી. ટોકિયોમાં યોજાયેલી હરીફાઈમાં પ્રોગ્રામર પ્રઝેમિસ્લાવ ડેબિયાકે એક ખાસ એ.આઈ. મોડેલને ખૂબ જ ઓછા અંતરે હરાવ્યું.

**૫૬. શુક્રવાર, તા. ૨૫-૭-૨૦૨૫ : વિદેશ**

જ્યોર્જીયાના બટુમીમાં ખેલાતી ચેસ ટુર્નામેન્ટની ફાઈનલમાં હમ્પી V/s. દિવ્યા (બંને ઇન્ડિયન).
મહિલા ચેસ વર્લ્ડના ઈતિહાસમાં પહેલીવાર ફાઈનલમાં બંને ઈન્ડિયન મહિલા ટકરાશે.
હમ્પીએ સેમિ ફાઈનલમાં ચીનની ટોપ સીડ લેઈ ટિન્ગઝાઈને હરાવી.
અગાઉ દિવ્યાએ સેમિ ફાઈનલમાં ત્રીજો સીડ ધરાવતી ચીનની ટાન ઝૂહોન્ગચીને હરાવી હતી.
જ્યોર્જીયાના બટુમીમાં વિશ્વના ૧૦૭ દેશોની ખેલાડીઓની વચ્ચે ખેલાયેલ મહિલા ચેસ વર્લ્ડ કપની ફાઈનલમાં હવે ચોથો સીડ ધરાવતી હમ્પી ૧૫મો સીડ ધરાવતી દિવ્યા દેશમુખ સામે ટકરાશે.
વર્લ્ડ મહિલા ચેસમાં ભારતનો આગવો દબદબો જારી.

**૫૭. શનિવાર, તા. ૨૬-૭-૨૦૨૫ : વિદેશ / ગુજરાત**

આજે કોનેરુ હમ્પી અને દિવ્યા દેશમુખ વચ્ચે સીંગાપોરમાં મહિલા ચેસ વર્લ્ડ કપ જીતવાનો જંગ.
ફાઈનલમાં બંને ભારતીય મહિલા હોવાથી મહિલા ચેસ વર્લ્ડ કપમાં પહેલીવાર ભારતીય ખેલાડી ચેમ્પિયન બનશે.
૩૮ વર્ષની હમ્પીને ૧૯ વર્ષની દિવ્યા પડકારશે.
વિજેતાને રૂા. ૪૩ લાખનું ઈનામ અને રનર અપને રૂા. ૩૦ લાખનું ઈનામ મળશે.


★

ખારવા સમાજની પ્રેરક પ્રારંભિક ન્યાય પ્રણાલી આજે પણ અકબંધ.

| | |
|---|---|
| | ૨૧૧ વર્ષની ખારવા સરકારના ન્યાય મંદિરનો ન્યાય શિરોમાન્ય.<br>એકાદ મહિનામાં જ બે થી ત્રણ મુદતે કેસનો નિકાલ. અન્ય જ્ઞાતિના પ્રશ્નો પણ અહીં ઉકેલાય છે.<br>પ્રાથમિક બેઠક : મુકાદમ દ્વારા ફેક્ટ ચેક. • બીજી બેઠક : સમસ્યાનું સમાધાન.<br>પોરબંદરનું ખારવા પંચાયત મંદિર (મઢી), પોરબંદર, વેરાવળ, માંગરોળ, મુંદ્રા, દીવ સુધીના વિસ્તારના લોકો માટે હાઈકોર્ટ જેટલું જ મહત્ત્વ ધરાવે છે. |
| **૫૮.** | **રવિવાર, તા. ૨૭-૭-૨૦૨૫ : ભારત** |
| | હવામાન વિભાગની કોલાબા ઓફિસમાં મોડેલ ગોઠવાયું.<br>IIT-B ના વિદ્યાર્થીએ એ.આઈ.થી વરસાદની આગાહીની સિસ્ટમ વિકસાવી.<br>કેટલો વરસાદ વરસશે, પવનની ગતિ કેટલી હશે તેની સચોટ માહિતી હવે ૯૦ મિનિટ પહેલા મળશે. |
| **૫૯.** | **સોમવાર, તા. ૨૮-૭-૨૦૨૫ : વિદેશ / અમદાવાદ** |
| | હમ્પી અને દિવ્યા વચ્ચેની બટુમી (જ્યોર્જીયા) ખાતે રમાતી ચેસની બીજી ગેમ પણ ડ્રો થઈ.<br>આજે મહિલા ચેસ વર્લ્ડ કપની વિજેતાનો ફેંસલો.<br>★<br>શેલ્બી હોસ્પિટલ ખાતે વિશ્વની સંપૂર્ણ સ્વાયત્ત રોબોટીક જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી થઈ.<br>વિશ્વ વિખ્યાત જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન ડૉ. વિક્રમ શાહ ઓર્થોપેડિક ક્ષેત્રે અગ્રેસર.<br>શેલ્બી હોસ્પિટલે ફરી એકવાર જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરીમાં સેન્ટર ઓફ એક્સિલેન્સ તરીકે પોતાની મહત્ત્વતા સિધ્ધ કરી છે. |
| **૬૦.** | **મંગળવાર, તા. ૨૯-૭-૨૦૨૫ : વિદેશ** |
| | કિંડર ગાર્ડનથી આઠમા ધોરણ સુધીના ૨૦૦ વિદ્યાર્થીઓ પર પ્રયોગ.<br>અમેરિકામાં શિક્ષકોને બદલે એ.આઈ. ટુલ્સ બાળકોને શિક્ષણ આપશે.<br>બાળકો એ.આઈ. ટુલનો ક્લાસ માત્ર બે કલાક ભરશે.<br>દરેક વિદ્યાર્થીને આવડત અને રસ પ્રમાણે શિક્ષણ મળશે. |
| **૬૧.** | **બુધવાર, તા. ૩૦-૭-૨૦૨૫ : વિદેશ** |
| | ચેસમાં વર્લ્ડ કપના વિજય સાથે ગ્રાન્ડ માસ્ટર બનવાનું મારા ભાગ્યમાં લખ્યું હશે : દિવ્યા દેશમુખ<br>મારી પાસે એક પણ ગ્રાન્ડ માસ્ટર નોર્મ ન હતું. હવે સીધી ગ્રાન્ડ માસ્ટર બની ગઈ.<br>દૃઢ મનોબળ અને જીતના મજબૂત ઈરાદા થકી દિવ્યાને સફળતા મળી : ચેસ લેજન્ડ સુઝન પોલર. |
| **૬૨.** | **ગુરૂવાર, તા. ૩૧-૭-૨૦૨૫ : બ્રહ્માંડ** |
| | નાસા - ઈસરોનો પહેલો સહિયારો પ્રયોગ.<br>પૃથ્વીનો સચોટ નકશો બનાવવા 'નિસાર' તરતો મૂકાયો.<br>વિશ્વનો સૌથી આધુનિક સેટેલાઈટ... ભૂકંપનો સંકેત આપવાનો દુનિયાનો પહેલો પ્રયોગ હશે.<br>અંતરીક્ષ સંશોધન ક્ષેત્રે ઈસરોની સુવર્ણ સિદ્ધિ.<br>નિસારના એસ બેન્ડ સિન્થેટીક એપર્ચર ઈન્સ્ટ્રુમેન્ટ રડારની રચનામાં ઈસરોના એસએસી, અમદાવાદના એસોસિએટેડ ડાયરેક્ટર અને મહિલા વિજ્ઞાનીઓ - એન્જિનિયરોનું યોગદાન પાયારૂપ.<br>નિસાર દ્વારા તૈયાર થનારા પૃથ્વીના નકશામાં અનેક વિગતોનો સમાવેશ કરાયેલ હશે. |

## જૂની રંગભૂમિનાં લોકપ્રિય ગીતો

લે. જીના શેઠ ❙ કિં. 750




જૂની રંગભૂમિના દરેક નાટકમાં એની કથાને અનુરૂપ પ્રેરક અથવા રમૂજી ગીતો રજૂ થતાં અને એ ગીતો નાટક જેટલું જ, ક્યારેક નાટક કરતાં પણ વધારે મહત્ત્વ ધરાવતાં હતાં. ક્યારેક તો ગીતને કારણે જ પ્રેક્ષકો નાટક જોવા જતા!

આ પુસ્તકમાં રજૂ થયેલાં જૂની રંગભૂમિનાં કુલ 48 ગીતો એના વિરલ આસ્વાદ અને વિશિષ્ટ સંદર્ભ સાથે મૂકવાનો લેખિકાનો પ્રયત્ન પ્રશસ્ય છે. કોઈ ખાસ ભૂમિકા સાથે, આસ્વાદ સહિત ગીત માણવાનું હોય ત્યારે એમાં તરબોળ થવાનું સહજ બને. આ પુસ્તક કાવ્યરસિકો માટે તો મોંઘેરું ઘરેણું છે જ, સાથે-સાથે આપણી પ્રાચીન રંગભૂમિની વિરાસતનો વૈભવ પણ છે. ગુજરાતી સાહિત્યમાં એનું વિશેષ સ્થાન બની રહેશે.

## હૃદયરત્નો

લે. રોહિત શાહ ❙ કિં. 400




કેટલીક પ્રતિભાઓને સરકાર ‘ભારતરત્ન’થી સન્માને છે, તો કેટલીક પ્રતિભાઓને સમાજ ‘સમાજરત્ન’થી બિરદાવે છે.

આ પુસ્તકમાં વિવિધ ક્ષેત્રની 17 પ્રતિભાઓને ‘હૃદયરત્ન’થી સન્માની છે. જેમકે સ્વામી સચ્ચિદાનંદ, ડૉ. કુમારપાળ દેસાઈ, વાઘજીભાઈ વોરા (આસોપાલવ), જીવદયાપ્રેમી કુમારપાળ વી. શાહ અને કલ્પેશ વી. શાહ, એડવોકેટ રશ્મિન જાની, લીલાવતીબહેન શાહ, આ.શ્રી રાજશેખરસૂરિજી મ. વગેરે

## સંતો/આધ્યાત્મિક પ્રતિભાઓનાં જીવનચરિત્રો

**સંતચરિત્રો અને ચિંતન**
લે. સ્વામી સચ્ચિદાનંદ
રૂ. 400

**મહર્ષિ દયાનંદ સરસ્વતી**
લે. સ્વામી સચ્ચિદાનંદ
રૂ. 225

**સ્વામી ચિન્મયાનંદ**
લે. પ્રસાદ બ્રહ્મભટ્ટ
રૂ. 200

**સ્વામી વિવેકાનંદ**
લે. પ્રસાદ બ્રહ્મભટ્ટ
રૂ. 350

**મહાયોગી આનંદઘન**
લે. કુમારપાળ દેસાઈ
રૂ. 150

**જે. કૃષ્ણમૂર્તિ : જીવનચરિત્ર**
લે. પુપુલ જયકર, અનુ. હર્ષદ દવે
રૂ. 650

**પપાસ્વામી રામદાસ (ખંડ 1થી 4 સંયુક્ત)**
લે. રમણલાલ સોની
રૂ. 600

**રાષ્ટ્રગુરુ સમર્થ રામદાસ**
લે. સ્મિતા ભાગવત
રૂ. 130

**આદ્ય શંકરાચાર્ય**
લે. કૃપાશંકર મો. જાની
રૂ. 45

**મહર્ષિ અરવિંદ**
લે. હરેશ ધોળકિયા
રૂ. 125



**ધીરુબહેન પટેલની જન્મશતાબ્દી પ્રસંગે...**

ગુજરાતી મહિલા-લેખકોમાં આદરપાત્ર અને અત્યારે એમની જન્મશતાબ્દી ઉજવાઈ રહી છે, તે સાહિત્યકાર ધીરુબહેન પટેલે બાળકિશોર સાહિત્યથી લઈને નવલકથાઓ અને નાટકોના વ્યાપક સર્જન દ્વારા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ અને સુગંધિત કર્યું છે. એમના સાહિત્યમાં માનવીય સંબંધો તથા સંવેદનાનો વિશેષ ધબકાર છે. એમનાં વિવિધ સ્વરૂપનાં પુસ્તકો મેળવવા માટે સંપર્ક કરો :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,
website : gspbooksmall.com

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સ્વાતંત્ર્ય દિન સમારોહ

ભારત વર્ષનો ૭૯મો સ્વાતંત્ર્ય પર્વ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ભવનના પટાંગણમાં રંગેચંગે ઉજવાઈ ગયો.

સવારે બરાબર ૯.૩૦ના ટકોરે શ્રી કચ્છી જૈન સેવા સમાજના દાતા અને નવનીત ગ્રુપના ડાયરેક્ટર શ્રી રાજુભાઈ ગાલાના વરદ્ હસ્તે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો, સમાજના સભ્યો ઉપરાંત સોનગઢ મહાવીર જૈન ચારિત્ર્ય કલ્યાણ રત્નાશ્રમ - અમદાવાદના વિદ્યાર્થીઓની બહોળી હાજરીમાં ધ્વજવંદન કરવામાં આવ્યું.

ધ્વજવંદન બાદ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખશ્રી પ્રતાપભાઈ નારાણજી દંડે શ્રી રાજુભાઈ ગાલાનો પરિચય આપતાં જણાવ્યું હતું કે નવનીત ગ્રુપ આપણી સાથે વર્ષોથી સંકળાયેલ છે અને આપણા બધા જ પ્રોજેક્ટમાં તેમના તરફથી હંમેશ દાનની ગંગા વહેતી જ રહી છે. આપણે ત્યાં પાલડી ખાતે ચાલતું મેડિકલ સેન્ટર, શ્રી નવનીત મેડિકલ સેન્ટરના નામે ચાલે છે. બોપલ ખાતેનું મેડિકલ સેન્ટર પણ તેમના નામે શ્રી નવનીત મેડિકલ સેન્ટર અને ડાયાલિસિસ સેન્ટર નવનીત ડાયાલિસિસ સેન્ટરના નામે ચાલે છે. આ ઉપરાંત હમણાં તાજેતરમાં જશોદાનગર ખાતે નવનિર્મિત મેડિકલ સેન્ટર શ્રી નવનીત મેડિકલ સેન્ટરના નામે ચાલે છે. **જશોદાનગર મેડિકલ સેન્ટરની વિશિષ્ટતા એ છે કે આ સમગ્ર પ્રોજેક્ટ માટે સંપૂર્ણ દાન શ્રી નવનીત પરિવાર તરફથી સાંપડેલ છે.** તેમના આ ઉદ્ઘોષનને લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવેલ હતા.

ધ્વજવંદનને સલામી આપીને રાષ્ટ્રગીતના ગાન બાદ શ્રી રાજુભાઈ ગાલાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે આપણે આજે ૭૯મો સ્વાતંત્ર્ય દિનનો પર્વ ઉજવીએ છીએ. આપણા દેશનું નામ વિશ્વમાં રોશન કરવા માટે આપણે આપણા એજ્યુકેશન અને હેલ્થ — એ બે સેક્ટર ઉપર ખૂબ જ ધ્યાન આપવું પડશે. આપણે પર્યાવરણનું જતન કરવું પડશે. જરૂરિયાતવાળી વ્યક્તિને યોગ્ય સહાય કરીને, તેઓ ઉચ્ચ મસ્તક રાખી જીવન જીવી શકે તેવો આપણે પ્રયત્ન કરવો જોઈએ અને આ રીતે આપણે સમાજને સક્ષમ બનાવવો જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જો સરકાર સામાજિક સંસ્થાઓ અને નાગરિકો સાથે મળીને દેશ સેવા તેમજ સમાજના ઉત્થાન માટે કાર્ય કરે તો આપણે આગામી દાયકામાં આપણા દેશને અગ્રેસર શ્રેણીમાં જોઈ શકીશું.

તેઓએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા કરવામાં આવતી સમાજલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે મેડિકલ, ડાયાલિસિસ, શૈક્ષણિક સહાય, દર્દીઓને સારવાર દરમિયાન રાહત દરે રહેઠાણ તેમજ ભોજન, સાધર્મિક સહાય, સ્કીલ ડેવલોપમેન્ટ જેવી પ્રવૃત્તિઓ દ્વારા સમાજના નાનામાં નાના માણસને મોટી રાહત આપે છે.

**તેઓએ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે આપણે ૭૯મો સ્વાતંત્ર્ય દિનનો પર્વ ઉજવીએ છીએ પરંતુ સાથે સાથે સમાજના મુખપત્ર મંગલ મંદિરે પોતાની પચાસ વરસની સફર પૂરી કરીને એકાવનમાં વરસમાં પ્રવેશેલ છે તે પણ અભિનંદનને પાત્ર છે. 'મંગલ મંદિર' માત્ર સામાજિક મુખપત્ર ન રહેતાં વિવિધતા ભરેલ મેગેઝીન બનેલ છે. આ મુખપત્રમાં સમાજની વિવિધ પ્રવૃત્તિઓનો ચિતાર આપવામાં આવે છે. દેશને લગતાં પ્રશ્નો, સમાજને લગતાં પ્રશ્નો ઉપરાંત કચ્છને લગતાં પ્રશ્નો જેવા કે નર્મદાના પાણીનો પ્રશ્ન, કચ્છમાં આવેલ વિવિધ ઉદ્યોગોના પ્રશ્નોને વાચા આપેલ છે. આમ, આ મેગેઝીન સમાજસેવાનું ઉત્કૃષ્ટ કાર્ય કરે છે.**

ધ્વજવંદન પછી હોદ્દેદારો અને ટ્રસ્ટીઓની મીટિંગમાં તેઓએ સમાજ દ્વારા ચલાવવામાં આવતી મેડિકલ સેવા અંગેની ચર્ચામાં ભાગ લેતા જણાવ્યું કે આપણે અમદાવાદના વિવિધ ખૂણામાં મેડિકલ સેન્ટર ચલાવીએ છીએ અને દરેક મેડિકલ સેન્ટર ખૂબ જ સંતોષકારક રીતે કાર્ય કરીને સમાજને માટે ખૂબ જ ઉપયોગી સેવા કરીએ છીએ. **હવે અમારો વિચાર આ સેવાને વધારે ઉત્કૃષ્ટ બનાવવા માટે આપણે અમદાવાદ ખાતે એક હોસ્પિટલ સ્થાપવાનો છે અને આ હોસ્પિટલ સમાજને સસ્તા દરે સારામાં સારી સેવા પ્રદાન કરે તેવો અમારો અભિગમ છે.**

અંતમાં સંસ્થાના માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના દાતા અને આજના માનવંતા મહેમાન શ્રી નવનીત ગ્રુપના ડાયરેક્ટર શ્રી રાજુભાઈ ગાલાનો, શ્રીમતી સંગીતાબેન ગાલાનો, સમાજના હોદ્દેદારોનો, ટ્રસ્ટીઓનો, કારોબારી સભ્યોનો, સમાજના સભ્યોનો તેમજ સોનગઢ શ્રી મહાવીર જૈન ચારિત્ર્ય કલ્યાણ રત્નાશ્રમ - અમદાવાદના વિદ્યાર્થીઓનો કાર્યક્રમમાં હાજર રહેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને સૌ અલ્પાહાર માણીને છૂટા પડ્યા હતા.

*કાર્યક્રમની રંગીન તસવીરો માટે જુઓ પાના નંબર : ૭૭-૭૮*

***રજનીકાંત પારેખ***

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
# નિયાણી બહેનો તેમજ સ્ટાફના મેડિકલ કાર્ડ અંગેના નિયમો...

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા નિયાણી બહેનો તથા સ્ટાફના સભ્યોને મેડિકલ સારવારના મેડિકલ કાર્ડ આપવામાં આવે છે તે અંગે વારંવાર પૂછપરછ કરવામાં આવે છે. જેથી સભ્યપદ અને મેડિકલ કાર્ડ સમિતિ તરફથી નીચે મુજબના નિયમો બનાવવામાં આવેલ છે કે જેની સહુએ નોંધ લેવા વિનંતી.

## નિયાણી બહેનોના મેડિકલ કાર્ડ અંગેના નિયમો

૧. માત્ર કચ્છી જૈન પરિવારની પુત્રી અમદાવાદમાં લગ્ન કરીને રહેતી હોય તે નિયાણી બહેન ગણાશે.

૨. નિયાણી બહેનને મેડિકલ કાર્ડ તેના અને તેના પતિ તથા ૨૧ વર્ષની ઉંમર સુધીના પુત્ર અને અવિવાહિત પુત્રીનો સમાવેશ કરવામાં આવશે.

૩. નિયાણી બહેને મેડિકલ કાર્ડ લેવા માટે નિયાણી બહેનનું ફોર્મ તથા મેડિકલ કાર્ડ અંગેનું ફોર્મ ભરવાનું રહેશે.

૪. મેડિકલ કાર્ડની અરજી આવ્યા પછી તેની ચકાસણી કરી સમિતિને યોગ્ય લાગશે તો મેડિકલ કાર્ડ આપવામાં આવશે. મેડિકલ કાર્ડનું ફોર્મ જરૂરી પુરાવા સાથે ભરવાનું રહેશે.

## સ્ટાફના મેડિકલ કાર્ડ અંગેના નિયમો

૧. જે સ્ટાફને કચ્છી જૈન ભવનની નોકરીમાં એક વર્ષ પૂરું થાય ત્યારે તેને માત્ર તેના નામનું જ મેડિકલ કાર્ડ આપવામાં આવશે.

૨. જ્યારે સ્ટાફ મેમ્બરને નોકરીમાં ત્રણ વર્ષ પૂરા થાય ત્યારે તેને તેના પરિવાર માટે મેડિકલ કાર્ડ આપવામાં આવશે. તેના પરિવારમાં તે પોતે, તેના જીવનસાથી, ૨૧ વર્ષની ઉંમર સુધીના પુત્ર - પુત્રીનો સમાવેશ કરવામાં આવશે. સ્ટાફના માતા-પિતા / સાસુ-સસરા જો તેમની સાથે રહેતા હોય તો પુરાવા લઈ તેમનો પણ સમાવેશ કરવામાં આવશે.

૩. સ્ટાફ મેમ્બર નોકરી છોડે, તો તેની મેડિકલ કાર્ડના ડિસ્કાઉન્ટની સુવિધા સમાપ્ત કરવામાં આવશે.

*નરેન્દ્ર કોઠારી*
*કન્વીનર – મેડિકલ કાર્ડ સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### મેડિકલ કાર્ડ

*સર્વે સભ્યોને જણાવવાનું કે આપણાં સમાજ તરફથી અપાતા મેડિકલ કાર્ડ નવા બનાવવાના છે. તો જે સભ્યોને મેડિકલ કાર્ડમાં ફોન નંબર, નામ કમી વગેરે ફેરફાર કરાવવાના હોય તેમણે શ્રી કચ્છી જૈન ભવન ઉપર આવીને કાર્ડની ઝેરોક્ષ સાથે તા. ૩૦-૦૯-૨૦૨૫ સુધી અરજી ફોર્મ ભરી આપવા વિનંતી છે.*

*નરેન્દ્ર જે. કોઠારી*
*કન્વીનર - સભ્યપદ અને મેડિકલ કાર્ડ સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### તા. ૧૭-૦૭-૨૦૨૫થી તા. ૧૯-૦૮-૨૦૨૫ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી

**૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી**

| | | | |
|---|---|---|---|
| ૧. | ચેતન મૂલચંદદાસ મકવાણા | અમદાવાદ | ૨૯-૦૭-૨૫ |
| ૨. | માવજી વેરશી વીરા | મુંબઈ | ૩૧-૦૭-૨૫ |

*દુનિયામાં એવી કોઈ સમસ્યા નથી,*
*જે તમારા મનની શક્તિથી મોટી હોય.*

## સરનામા ફેરફાર

- **પરેશ રવિલાલ પોપટલાલ પારેખ**
  ૪૦૩, ઓમદર્શન એપાર્ટમેન્ટ, ઉન્નતિ સ્કૂલની સામે,
  અતુલ પેટ્રોલ પંપની બાજુમાં,
  મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૮૯૮૬ ૩૨૦૨૨

- **ભાવના બકુલ શાહ**
  એ-૧૩, ઓજસ એપાર્ટમેન્ટ, ગાંઠિયા રથની સામે,
  નહેરુનગર ચાર રસ્તા, નહેરુનગર,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૯૨૪૭ ૫૦૮૨૩, ૯૮૨૪૦ ૧૮૫૮૮

- **જીનય અભય ભગવાનજી ગાંધી**
  બી-૫૦૮, ગોદરેજ ગાર્ડન સિટી,
  જગતપુર રોડ, ચાંદખેડા,
  અમદાવાદ-૩૮૨ ૪૭૦.
  મો. ૮૭૫૮૮ ૯૫૩૭૯, ૯૮૨૫૩ ૯૮૨૫૬

- **કુંવરજી રામજી જેઠાભાઈ સાવલા**
  ફ્લેટ નં.-૩૧૨, નવો નિરાંત-૨,
  અંબા સ્કૂલની બાજુમાં, ત્રિ-મંદિર, અડાલજ,
  ગાંધીનગર-૩૮૨ ૪૨૧.
  મો. ૭૫૬૭૩ ૭૩૬૬૭, ૯૧૬૭૦ ૭૮૯૨૬

- **દિવ્યેશ દામજી ભીમશી ગાલા**
  ૨૦૯, ગણેશ એપાર્ટમેન્ટ, બીજો માળ,
  જેઠાભાઈની પોળ,
  વનીતા વિશ્રામ સ્કૂલની બાજુમાં, ખાડિયા,
  અમદાવાદ-૩૮૦ ૦૦૧.
  મો. ૮૯૮૦૨ ૦૭૮૨૦, ૭૮૭૪૯ ૩૩૦૯૩

## અવસાન નોંધ

- *બુધવાર, તા. ૨૦-૦૮-૨૦૨૫*
  **શ્રી મૂકેશ જમનાદાસ દેવશીભાઈ મહેતા** (ઉં.વ. ૬૫) **(અમદાવાદ - અંજાર)** નું આજ રોજ અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

*સદ્‌ગતશ્રીના આત્માને*
*પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એ જ અભ્યર્થના.*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વયસ્ક સમિતિ

રૂા. ૧૧,૦૦૦/- ડૉ. શ્રી નિશાંત એચ. સંઘવી - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી પ્રભાબેન જયંતીલાલ દેઢિયા - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

*સંપત્તિ સાથ આપશે જ્યાં સુધી પુણ્ય હશે, પરિવાર સાથ આપશે જ્યાં સુધી સ્વાર્થ હશે,*
*શરીર સાથ આપશે જ્યાં સુધી આયુષ્ય હશે, પરંતુ ધર્મ તમને સાથ આપશે ભવોભવ સુધી.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે અતિથિ ભવન – પાલડી, શાહીબાગ અને ગીતા મંદિરનું બુકિંગ હવે ઓનલાઈન થઈ શકશે.*

**www.kjss.org** પર બુકિંગ થઈ શકશે.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ દંડ**
**પ્રમુખશ્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## ઉડતી નજરે.... *માસ જુલાઈ-૨૦૨૫ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા**<br>**શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | **કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૧૧,૯૫૯** |
| | *જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ **૭૩૫** | |
| | ● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ **૫૭** | |
| | ● બોડી ચેક-અપ ........ **૩૩૬** | |
| | ● સોનોગ્રાફી ........ **૧,૩૧૭** | |
| | ● ટી.એમ.ટી. ........ **૪૩** | |
| | ● ઑપરેશન ........ **૩** | |
| | ● ઈકો ........ **૨૭૭** | |
| | ● અન્ય ........ **૯,૧૯૧** | |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ** | |
| | **કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૩,૮૨૨** |
| | *જેમાંથી –* ● પુરુષો ........ **૩૩૨** | |
| | ● સ્ત્રીઓ ........ **૧૪૮** | |
| | ● બાળકો ........ **૧૨** | |
| | ● કેન્ટીન ........ **૩,૩૩૦** | |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | **કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૧૧૨** |
| | *જેમાંથી –* ● પુરુષો ........ **૮૬** | |
| | ● સ્ત્રીઓ ........ **૨૫** | |
| | ● બાળકો ........ **૦૧** | |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | **કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૧૬૯** |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | **કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૫,૮૨૪** |
| | *જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ........ **૧,૪૨૯** | |
| | ● મ્યુઝિયમ ........ **૭૫૨** | |
| | ● કેન્ટીન ........ **૩,૨૨૫** | |
| | ● જલારામ અન્નક્ષેત્ર ........ **૩૨૨** | |
| | ● ડિસ્પેન્સરી ........ **૯૬** | |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ** | |
| | **કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૬૦૭** |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા* દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ** | |
| | **કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૯,૨૬૯** |
| | *જેમાંથી –* ● બોડી ચેક- અપ ........ **૨૬૬** | |
| | ● સોનોગ્રાફી ........ **૩૬૫** | |
| | ● ઑપરેશન ........ **૧૨** | |
| | ● માઈનોર ઓ.ટી. ........ **૫** | |
| | ● ફિઝિયોથેરાપી ........ **૨,૦૦૩** | |
| | ● અન્ય ........ **૬,૬૧૮** | |

| | | |
|---|---|---|
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૩૪૫** |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* • એક્સ-રે ........ **૨૧૭**<br>• સોનોગ્રાફી ........ **૬૧**<br>• બોડી ચેક-અપ ........ **૩૭૩**<br>• ઈકો ........ **૫**<br>• અન્ય ........ **૧,૭૬૯** | **૨,૪૨૫** |
| ૧૦. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* • એક્સ-રે ........ **૪૧૪**<br>• સોનોગ્રાફી ........ **૨૩૮**<br>• ફિઝિયોથેરાપી ........ **૭૯૪**<br>• ડેન્ટલ ........ **૨૪૮**<br>• બોડી ચેક-અપ ........ **૭૭**<br>• 2-D ઈકો ........ **૨૯**<br>• પેથોલોજી ........ **૩૬૬**<br>• ઈ.સી.જી. ........ **૯૨**<br>• ટી.એમ.ટી. ........ **૩૦**<br>• ઑપરેશન ........ **૫**<br>• અન્ય ........ **૧,૦૪૨** | **૩,૩૩૫** |
| *માસ જુલાઈ – ૨૦૨૫ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* | | **૩૭,૮૬૭** |

## ક્ષતિ અને ગુણ

એક વૃદ્ધ સ્ત્રી પાસે બે મોટા ઘડા હતા. કાવડિયા જેમ કાવડ ઉપાડે છે તે રીતે એ બંને ઘડાને લાકડીના બંને છેડે બાંધીને પોતાના ખભે ઊંચકી, એ પાણી ભરતી. આમાંથી એક ઘડામાં તિરાડ હતી, જ્યારે બીજો ઘડો કોઈપણ ક્ષતિ વગરનો હતો અને પૂરેપૂરું પાણી એ ઘર સુધી પહોંચાડતો. નદી, જેમાંથી આ વૃદ્ધા પાણી લેતી હતી તે અને તેનું ઘર – બે વચ્ચે સારું એવું અંતર હતું. આ કારણથી પેલો તિરાડવાળો ઘડો ઘરે પહોંચતા પહોંચતા અડધો થઈ જતો. પૂરેપૂરા બે વરસ આ ચાલ્યા કર્યું. જેના પરિણામે વૃદ્ધાના ઘરે રોજ માત્ર દોઢ ઘડો પાણી પહોંચતું. આને કારણે તિરાડ વગરનો સાજો ઘડો મનમાં ને મનમાં અભિમાન કરતો પોતાની સિદ્ધિઓનું. પણ પેલો બિચારો તિરાડવાળો ઘડો પોતાની ઉણપ ઉપર શરમ અનુભવતો કારણકે એ માત્ર અડધો ઘડો જ પાણી ઘરે પહોંચાડતો અને એ રીતે પેલા બીજા ઘડાની સરખામણીમાં અડધું કામ જ કરી શકતો. આમ કરતાં બે વરસ વીત્યા. પેલો તિરાડવાળો ઘડો આ સમયગાળામાં પોતાની અપૂર્ણતા ઉપર શરમ અનુભવતો કે તે માત્ર અડધું કામ જ કરી શકતો. આનાથી કંટાળીને એક દિવસ એણે પેલી સ્ત્રીને નદી કિનારે એ જ્યારે પાણી ભરતી હતી ત્યારે કહ્યું, 'હું મારી જાત પર શરમિંદો છું કારણકે મારામાં પડેલી તિરાડને કારણે તેમાંથી પાણીનું લીકેજ થાય છે અને એ રીતે હું માત્ર અડધું પાણી જ ઘરે પહોંચાડી શકું છું.'

પેલા ક્ષતિયુક્ત ઘડાની ગ્લાનિપૂર્ણ વાત સાંભળીને પેલી મહિલાએ મોં પર સ્મિત સાથે કહ્યું, 'તારી બાજુના રસ્તે ફૂલો ઉગી નીકળ્યાં છે તે તારા ધ્યાનમાં આવ્યું? પણ બીજા ઘડાની બાજુ એવું જ વેરાન છે, કશું નથી ઉગ્યું. એનું કારણ એ છે કે મેં હંમેશાં તારી ક્ષતિનો ખ્યાલ નજર સમક્ષ રાખ્યો છે. મેં તારી બાજુએ ફૂલછોડનાં બીજ વાવ્યાં છે અને રોજ આપણે નદીથી ઘરે પાછા જઈએ છીએ ત્યારે તારું લીક થતું પાણી આપોઆપ ફૂલછોડોને પાણી પૂરું પાડે છે અને તેમને ખીલેલાં રાખે છે. છેલ્લા બે વરસથી આ સુંદર ફૂલો ચૂંટીને હું ટેબલ સજાવું છું. જો તું જેવો છે તેવો ન હોત તો ઘરને આટલું સુશોભિત કરવા માટે આટલાં સુંદર ફૂલ મને ન મળ્યા હોત.'

આપણા બધામાં ક્યાંક ને ક્યાંક કોઈ ક્ષતિ હોય છે. પણ આ તિરાડો અને ઉણપથી નિરાશ ન થતાં આપણે આપણી જિંદગી રસપ્રદ અને કાંઈક આનંદિત થવાય એવું આપણે કરવાનું છે. તમે દરેક વ્યક્તિને જેવો છે તેવો સ્વિકારો અને એનામાં જે સારું છે તે ગ્રહણ કરો.

# અતીતના ઓવારેથી.... : મણકો-૨૫

*'મંગલ મંદિર' ના સપ્ટેમ્બર-૨૦૨૫ના અંકની 'અતીતના ઓવારેથી...' કોલમમાં માર્ચ-૨૦૦૭ના 'મંગલ મંદિર'ના અંકમાંથી નીચેની વિગતો લેવામાં આવેલ છે.*

*'મંગલ મંદિર'નો માર્ચ-૨૦૦૭નો અંક "કચ્છ ઉદ્યોગ વિશેષાંક" તરીકે પ્રસારિત કરવામાં આવેલ હતો. એ અંકના અનુસંધાને (૧) શ્રી અનિલ પટેલ, ઉદ્યોગ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય અને (૨) શ્રી ડી. રાજગોપાલન, ઉદ્યોગ અગ્ર સચિવ, ગુજરાત રાજ્યની મુલાકાત લઈ, તે અંગેના અહેવાલ પ્રસારિત કરવામાં આવેલ હતા.*

*એ અહેવાલોના અનુસંધાનના લેખો 'મંગલ મંદિર'ની અતીતના ઓવારેથી કોલમમાં અત્રે ફરીથી પ્રસારિત કરવામાં આવેલ છે.*

*આશા રાખવામાં આવે છે કે આ લેખો દ્વારા આપશ્રીને સારી એવી જાણકારી પ્રાપ્ત થઈ શકશે.*

*– તંત્રી મંડળ*

## ગુજરાત રાજ્યના ઉદ્યોગ મંત્રીશ્રી સાથેની મુલાકાત

*અશોક મહેતા – હંસરાજ કંસારા*

*મંગલ મંદિરના "કચ્છ ઉદ્યોગ વિશેષાંક" માટે કચ્છમાં ઔદ્યોગિક વિકાસ - દૃષ્ટિ અને દિશા-નિર્દેશન વિષે માનનીય ઉદ્યોગમંત્રી શ્રી અનિલભાઈ પટેલના વિચારો જાણવાના અનુસંધાને ૧૯ ફેબ્રુઆરી ૨૦૦૭ના તેમની રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ હતી. એ સમયે એમની સાથે થયેલ વાતચીતના મુખ્ય અંશ - પ્રશ્નાવલી સ્વરૂપે અત્રે પ્રસ્તુત છે.*

*પ્રશ્ન* : કચ્છમાં ટેક્ષ હોલીડેની મુદત વધારવા વિશે આપશ્રીનો શું અભિપ્રાય છે? આ માટેના કોઈ પ્રયાસો ચાલુ છે?

*જવાબ* : આયાત-નિકાસ જકાત તેમજ એકસાઈઝ ડયુટી કેન્દ્ર સરકાર હસ્તક છે જેનું નીતિ-નિર્ધારણ કેન્દ્રિય સ્તરે થાય છે. આ બાબતનો નિર્ણય કેન્દ્ર સરકારે લેવાનો રહે છે.

*પ્રશ્ન* : કેન્દ્ર સરકાર દ્વારા કચ્છમાં ઉદ્યોગો માટે ટેક્ષ હોલીડેની મુદત કદાચ ન વધારાય તો પણ ગુજરાત સરકાર સેલ્સ ટેક્ષ માટેના એક્ઝેમ્પ્શનની મુદત વધારવા વિચારે છે?

*જવાબ* : જયાં સુધી સેલ્સ ટેક્ષ રાહત અવધિ વધારવાનો પ્રશ્ન છે તે સંબંધે હાલના સંજોગોમાં એટલું કહી શકાય કે નિર્ધારિત ટેક્સ રાહત અવધિ દરમિયાન નોંધાયેલા અને પાઈપ લાઈનમાં હતા તે બધા જ કેસો આવરી લેવાયેલ છે. એક બીજી વાત એ જણાવવાની કે એકસાઈઝ રિફંડ માટે કેન્દ્ર સરકારે રોકાણની મર્યાદા ૩૧ ડિસેમ્બર ૨૦૦૫ સુધીની જાહેર કરેલ છે, જયારે ગુજરાત સરકારે સેલ્સ ટેક્ષ રિફંડ માટે રોકાણની મર્યાદા ૩૧ ડિસેમ્બર ૨૦૦૭ સુધીની જાહેર કરેલ છે.

*પ્રશ્ન* : વર્ષ ૨૦૦૩ તથા વર્ષ ૨૦૦૫માં ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટના સમયે જે M.O.U. થઈ શક્યા તે પ્રમાણેના ઉદ્યોગો આવ્યા નહીં તે પાછળના કારણો શું હતા? વર્ષ ૨૦૦૭ના ગ્લોબલ સમિટના સમયે જે રોકાણોની જાહેરાત થઈ તેમાં આ કારણોના નિરાકરણ માટે કંઈ આયોજન વિચારાયેલ છે?

*જવાબ* : ઉદ્યમીઓ દ્વારા પ્રસ્તાવિત M.O.U. અને ઉદ્યોગોની સ્થાપના વચ્ચે ગણનાપાત્ર સમય તેની તૈયારી માટે લાગે જ છે. આ એક અનિવાર્ય પ્રક્રિયા છે જેને લીધે મૂડીરોકાણ જાહેરાત અને વાસ્તવિક મૂડીરોકાણ વચ્ચે તફાવત રહેવાનો જ. અન્ય કારણોમાં ઉદ્યમીઓએ પ્રસ્તાવ સમયે ન વિચારેલી અથવા પ્રાથમિક તબકકે ધ્યાન બહાર રહી ગયેલી બાબતોને લીધે જે તે ઉદ્યમની VIABILITY અનુકૂળ ન હોય તેવા કિસ્સા પણ બને. તેટલું મૂડીરોકાણ ઓછું વધતું થાય કે અનુકૂળ પરિસ્થિતિ સર્જાય તે માટે રોકાણ ઠેલાય પણ ખરું.

તેમ છતાં ગુજરાત માટે એ ગર્વની વાત છે કે બીજા કોઈ રાજયમાં ભાગ્યે જ થયું હોય તેવું વર્ષ ૨૦૦૩ તથા ૨૦૦૫ની ગુજરાત વાઈબ્રન્ટ સમિટના સમયે જાહેર થયેલ મૂડીરોકાણનું ૭૦ ટકાથી પણ વધુ રોકાણ અત્યાર સુધી અત્રે થઈ ગયેલ છે. વર્ષ ૨૦૦૭ની વાઈબ્રન્ટ સમિટના પરિણામો પણ સારા જ આવશે.

*પ્રશ્ન* : હવે પછીની પંચવર્ષીય યોજનામાં ગુજરાત સરકારે કયા પ્રકારના ઉદ્યોગોને મહત્ત્વ આપવાનો કેન્દ્ર સમક્ષ પ્રસ્તાવ રજૂ કરેલ છે?

*જવાબ* : નીતિ-નિયમોની અંદર રહીને જે ઉદ્યોગો ગુજરાતમાં આવશે તે બધા જ પ્રકારના ઉદ્યોગો અત્રે આવકાર્ય રહેશે.

*પ્રશ્ન* : કચ્છમાં માંડવી બંદરના વિકાસની કોઈ સંભાવનાઓ શકય છે? જો શકય હોય તો તે બાબતના આયોજનો જાણી શકાય?

*જવાબ* : માંડવી બંદરની હાલની ક્ષમતા અને અપેક્ષિત ક્ષમતા સુધારવા-વધારવાની નજરે "ગુજરાત મેરીટાઈમ બોર્ડ" આવશ્યક રીતે કાર્યરત છે. મુન્દ્રા બંદરની માફક આ બંદરના વિકાસ માટે પણ જો કોઈ ખાનગી અભિગમ આગળ આવે તો સરકાર તે અભિગમને પૂરેપૂરો સાથ-સહકાર આપવા તત્પર રહેશે જ.

*પ્રશ્ન* : માંડવી બંદરના મૃતઃપ્રાય થતા સદીઓ જૂના વહાણવટા ઉદ્યોગને સજીવન કરવાના કોઈ આયોજનો વિચારણા હેઠળ છે? તેની વિગત જાણી શકાય?

*જવાબ* : માંડવીના જહાજ ઉદ્યોગના પુનઃજીવનની સર્વપ્રથમ આવશ્યકતા કોઈ ખાનગી ક્ષેત્રે આગળ આવવાની છે. જો કોઈ ખાનગી ક્ષેત્ર આ ઉદ્યોગનું સાહસ કરે તો આનુષંગિક આવશ્યકતાઓ પૂરી પાડવા સરકારશ્રીનો અભિગમ સકારાત્મક જ રહેશે. તદુપરાંત આ ક્ષેત્રે કાર્યરત ઉદ્યમીઓને હું ભાવનગર ખાતે કાર્યરત "અલ્કોક અશડાઉન"નો દાખલો આપું કે જેની પાસે શીપ-રિપેરીંગના લગભગ રૂ.૩૦૦૦/- કરોડથી પણ વધુના ઓર્ડરો હસ્તગત છે. જહાજ બાંધવાની સાથે સાથે શીપ-રિપેરીંગ પણ એટલો જ આકર્ષક બિઝનેસ છે. માંડવી બંદર પર આ ઉદ્યમનો પણ વિકાસ થઈ શકે.

*પ્રશ્ન* : કોર્પોરેટ અથવા કોન્ટ્રેકટ ખેતી ક્ષેત્રે કચ્છમાં થયેલ પ્રગતિની વિગતો જાણી શકાય?

*જવાબ* : કૃષિ ક્ષેત્રે કોર્પોરેટ / કોન્ટ્રેકટ ખેતી ક્ષેત્રે વિકાસને પ્રોત્સાહન આપવા અંગે રાજય સરકારની નીતિ સ્પષ્ટ અને સર્વવિદિત છે. જો કોઈ ઉદ્યોગ આ ક્ષેત્રે આગળ આવે તો સરકારશ્રી તરફથી યોગ્ય ટેકો ઉપલબ્ધ રહેશે જ.

*પ્રશ્ન* : વર્ષ ૨૦૦૭-૨૦૦૮માં અને વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં ગુજરાતના વિકાસ દરની આપશ્રીએ શું ધારણા રાખેલ છે? આ વિકાસ દરમાં કચ્છના ઉદ્યોગોના ફાળાની શું ગણના રાખી શકાય?

*જવાબ* : વિકાસ દર કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે. ગત વર્ષ દરમિયાન ૧૦.૨ના વિકાસદરનો લક્ષ્યાંક ગુજરાત રાજયને આપવામાં આવેલ હતો કે જે આપણે પરિપૂર્ણ કરી શકેલ છીએ. આવતા વર્ષોમાં કેન્દ્ર સરકાર તરફથી આપણને જે વિકાસદરનો લક્ષ્યાંક આપવામાં આવશે તે પરિપૂર્ણ કરવા ગુજરાત સરકાર પોતાનાથી બનતા બધા જ પ્રયત્નો જારી રાખશે.

*પ્રશ્ન* : કચ્છમાંથી નીકળતા મિનરલ આધારિત ઉદ્યોગોમાં હજુ સુધી આશાપુરાના એલ્યુમિના પ્રોજેક્ટ સિવાયના ખાસ પ્રકારના મોટા ઉદ્યોગોને કચ્છમાં આકર્ષી શકેલ નથી. આ અંગે સરકારશ્રીના કોઈ આયોજનો ખરા?

*જવાબ* : કચ્છમાંથી નીકળતા મિનરલ આધારિત અનેક ઉદ્યોગો કચ્છમાં કાર્યરત છે. અબડાસા અને લખપત વિભાગમાં જે સિમેન્ટ ઉદ્યોગ વિકસવા પામેલ છે અને ભવિષ્યમાં પણ બીજી અનેક સિમેન્ટ ફેકટરીઓ આવી રહેલ છે તે કચ્છમાંથી નીકળતા મિનરલ આધારિત છે. મિનરલ આધારિત સીરામિક ઉદ્યોગ પણ કચ્છમાં વિકાસ પામેલ છે. લિગ્નાઈટ બેઈઝ નાના-મોટા પાવર પ્લાન્ટ કચ્છમાં કાર્યરત છે અને બીજા પ્લાન્ટો પણ આવી રહેલ છે. આ રીતે કચ્છમાંથી નીકળતા મિનરલ આધારિત અનેક ઉદ્યોગો કચ્છમાં કાર્યરત રહેવા પામેલ છે. ■

## નીત નવી સંસ્થાઓનો ઉદય

હાલમાં કહેવાતા મહાનુભાવો દ્વારા નીત નવી સંસ્થાઓ ઉભી કરવામાં આવે છે. પણ પદ - સત્તા પ્રશંસા સંતોષાતી નથી. વર્તમાનમાં જે સંસ્થાઓ છે એ પૂર્ણપણે કાર્યરત થઈ જાય તો નવી સંસ્થાઓ બનાવવાની કોઈ જરૂરિયાત નથી.

એક વ્યક્તિ અનેક સંસ્થાના પદ ભોગવી નવી પેઢીને આગળ આવવા દેતા નથી. નવી પેઢી અન્ય માર્ગે વળી સમાજ ધર્મથી વિમુખ થઈ જાય છે.

સાદાઈ કરકસર ન કરતાં મોટા મોટા સમારંભ યોજી લાખો કરોડોના બિનઉપયોગી ખર્ચ કરી સમાજનું શોષણ થઈ રહ્યું છે. ખોટા ખર્ચાથી વિધર્મીઓ, કસાઈઓનું વર્ચસ્વ વધતું જાય છે. સમાજને કોઈ લાભ થતો નથી. મધ્યમ વર્ગને શિક્ષણ આરોગ્ય સેવાઓ પોષાય તેમ નથી.

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

# ગુજરાત રાજ્યના ઉધોગ અગ્રસચિવશ્રી સાથેની મુલાકાત

*અશોક મહેતા – હંસરાજ કંસારા*

*મંગલ મંદિર - "કચ્છ ઉદ્યોગ વિશેષાંક" માટે તા. ૧૯-૦૨-૨૦૦૭ના ઉદ્યોગ અગ્રસચિવ શ્રી ડી. રાજગોપાલનની ગુજરાતમાં સ્થપાયેલા ઉદ્યોગો અને તેમાં પણ ખાસ કરીને કચ્છના ઉદ્યોગો વિશે એક મુલાકાત લેવામાં આવેલ હતી, જેના કેટલાક અંશો મંગલ મંદિરના વાચક વર્ગ માટે અત્રે પ્રસ્તુત કરવામાં આવેલ છે.*

*પ્રશ્ન* : કયા કયા ફાયદા અનુસાર SEZ સ્થાપવા અંગે ગુજરાત સરકાર પ્રેરાયેલ છે?

*જવાબ* : વણ ખેડાયેલા વિસ્તારો કે જ્યાં વૈશ્વિક વેપાર વૃધ્ધિની સંભાવનાઓ હોય, વિશેષ વ્યાપારની સુવિધાઓ દ્વારા ઉદ્યોગોને આકર્ષવાનો અને તે રીતે ઔદ્યોગિક વિકાસને વેગ મળે, વૈશ્વિક વ્યાપાર વૃદ્ધિ થાય, જે - તે વિસ્તારોના લોકોને રોજગારીના અવસરો મળે અને સ્થાનિક સંશાધનોનો મહત્તમ ઉપયોગ થઈ શકે, તે પ્રકારના ઉદ્દેશો SEZની સ્થાપના પાછળના રહેલા છે.

*પ્રશ્ન* : ગુજરાતમાં કેટલા SEZ સ્થાપવા અંગેનો નિર્ણય લેવાયેલ છે? તેમાંથી કેટલા SEZ અંગેની કાર્યવાહી ચાલુ થઈ ગયેલ છે? કચ્છમાં કેટલા SEZ સ્થપાવાના છે?

*જવાબ* : ગુજરાતમાં ૩૩ SEZ સ્થાપવા અંગેના નિર્ણયો લેવાયેલ છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટ-૨૦૦૭માં ૨૮ SEZ વિષે M.O.U. થયેલ છે. કચ્છમાં ૬ SEZ અંગેના M.O.U. કરવામાં આવેલ છે.

*પ્રશ્ન* : ગ્લોબલ વાઈબ્રન્ટ ઈન્વેસ્ટર સમિટ-૨૦૦૭માં જે રૂા. ૪.૬૦ લાખ કરોડના રોકાણોની જાહેરાત કરવામાં આવી તેમાંનું કેટલું રોકાણ નજીકના સમયમાં થવાની સંભાવના છે?

*જવાબ* : ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ - ૨૦૦૭માં જે એમ.ઓ.યુ.ના રોકાણની જાહેરાત કરવામાં આવેલ છે, તે અન્વયે ગુજરાત સરકાર સક્રિય રીતે દરેક રોકાણકારો સાથે બેઠક યોજીને રોકાણ ઝડપથી થાય તે અંગે જરૂરી પગલાં લે છે. ૨૦૦૩ અને ૨૦૦૫માં થયેલ રોકાણની જાહેરાત માટે પણ આ પ્રમાણે સક્રિય કાર્યવાહી સરકારશ્રી તરફથી રોકાણકારો સાથે કરવામાં આવેલ છે. તેના ફળ સ્વરૂપે ૮૧ ટકા જેટલા રોકાણની અમલવારી જુદા જુદા તબક્કા હેઠળ છે એટલે કે લગભગ રૂા. ૧,૪૦,૫૨૦ કરોડના રોકાણવાળા પ્રોજેક્ટો સ્થાપના હેઠળ છે. આ પ્રોજેક્ટોમાંથી ૧૧૩ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા છે. ૨૦૦૭માં થયેલ રોકાણની જાહેરાત પછી સક્રિય કામગીરી માટે સરકારશ્રી તરફથી યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. મુખ્ય સચિવશ્રી કક્ષાએ ઉચ્ચ કક્ષાની સમિતિ રચાવીને દર મહિને સરકારશ્રી કક્ષાએ તેની સમીક્ષા કરવામાં આવશે અને સાથોસાથ જિલ્લા કક્ષાએ પણ જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતા હેઠળ સમિતિ રચાવીને સંકલન સંબંધિત દરેક મુદ્દાઓની વિચારણા માટે પણ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. સાથોસાથ આ આખી કામગીરીની સમીક્ષા ઈલેક્ટ્રોનિક માધ્યમથી થાય તે માટે સોફ્ટવેર પણ તૈયાર કરવામાં આવી રહેલ છે, જેમાં રોકાણકારો પાસેથી પણ માહિતી સમયસર મળતી રહે તે અંગેની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઉપરાંત સક્રિય કામગીરીના આધારે ચોક્કસપણે કહી શકાય કે રોકાણની જાહેરાત નજીકના ભવિષ્યમાં ફળસ્વરૂપે હોવાની શક્યતા દેખાય છે.

*પ્રશ્ન* : ધરતીકંપ બાદ કચ્છમાં સ્થપાયેલ ઉદ્યોગોને એકસાઈઝ તથા સેલ્સ ટેક્ષના રિફંડ મેળવવામાં પડતી તકલીફોના નિવારણ બાબત કંઈ વિચારી શકાય?

*જવાબ* : સેન્ટ્રલ એકસાઈઝ ડ્યુટીના નીતિ - નિર્ધારણ કેન્દ્ર સરકાર દ્વારા થાય છે. સેલ્સ ટેક્ષ રિફંડ મેળવવામાં સ્થાપિત ઉદ્યોગોને કોઈ ખાસ અડચણ થતી હોય તેવું જાણવામાં આવેલ નથી. તેમ છતાં કોઈ કેસમાં થતી તકલીફો માટે ધ્યાન દોરવામાં આવે તો તેના નિરાકરણ માટે જરૂરથી પ્રયત્ન કરવામાં આવશે.

*પ્રશ્ન* : ધરતીકંપ બાદ કચ્છમાં આવેલ કોક ઈન્ડસ્ટ્રીઝ હાલે જે ક્રાઈસીસમાંથી પસાર થઈ રહેલ છે તે અંગે કંઈ વિચારી શકાય?

*જવાબ* : અત્યારની પરિસ્થિતિમાં દરેક ઉદ્યોગે ગ્લોબલ કોમ્પિટિટિવ માર્કેટમાં ઊભા તો રહેવું જ પડે. તેમ છતાં આ બાબત કોઈ સૂચન કરવામાં આવે તો તેના

પર જરૂરથી વિચારણા કરવામાં આવશે.

**પ્રશ્ન** : પાવર જનરેશન માટે WIND MILL ઉદ્યોગ જોઈએ તે પ્રમાણમાં કચ્છમાં તેમજ ગુજરાતમાં ડેવલપ કેમ થઈ શકેલ નથી?

**જવાબ** : WIND MILL ઉદ્યોગ વિષે આયોજન થઈ રહેલ છે. તે અંગે પૂરતા પ્રયાસો જરૂરથી કરવામાં આવશે.

**પ્રશ્ન** : કચ્છના ઉદ્યોગોની પાણીની જરૂરિયાત માટે ડી-સેલિનેશન પ્લાન્ટ વહેલામાં વહેલા ક્યારે શરૂ થવાની સંભાવના છે?

**જવાબ** : તે માટેની જરૂરી કાર્યવાહી ચાલુ જ છે. હવે પછી તેમાં વધુ ઝડપ લાવવામાં આવશે.

**પ્રશ્ન** : જી.એમ.ડી.સીએ પાનન્ધ્રો ખાણનો લિગ્નાઈટ કચ્છ બહાર ન જવા દેવા વિશે જે નિર્ણય કરેલ છે તેના પરિણામ સ્વરૂપે ટ્રાન્સપોર્ટર્સ તથા કચ્છના કેટલાક લોકોની જીવાદોરી પર અસર થવા પામશે. તે માટે સરકારશ્રીએ કોઈ વિચારણા કરેલ છે?

**જવાબ** : અત્યારની ટ્રાન્સપોર્ટ વ્યવસ્થાના અનેક પ્રશ્નો તો છે જ. પરંતુ લિગ્નાઈટ કચ્છ બહાર ન જવા દેવા વિશે કોઈ નિર્ણય લેવામાં આવેલ નથી.

**પ્રશ્ન** : અગાઉના સમયમાં ધમધમતા માંડવી બંદરના વિકાસ માટે અગાઉ જે ઉદ્યોગોને જવાબદારી સોંપવાનું નક્કી કરવામાં આવેલ હતું તે ફળદાયી ન નીવડતા તેના વિકલ્પે બીજા કોઈ આયોજનો વિચારણા હેઠળ છે?

**જવાબ** : માંડવી બંદરના વિકાસ માટે સરકારશ્રીનું ખાનગી કંપનીઓને આવકારવાનું વલણ તો છે જ. ખાનગી ક્ષેત્ર આગળ આવે તો તે દિશામાં જરૂરથી વિચારી શકાય.

**પ્રશ્ન** : પશ્ચિમ કચ્છમાં વિશાળ જમીન બિનખેતીલાયક છે. ત્યાં વિવિધ પ્રકારના - મિનરલ બેઝ સહિતના-ઉદ્યોગો સ્થપાય તે માટે સરકારશ્રીનું કોઈ આયોજન ખરું?

**જવાબ** : કોઈ એક ખાસ વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસનો આધાર એ પ્રદેશની વિકાસ ક્ષમતા, માળખાગત સુવિધાઓ અને ઉદ્યોગો દ્વારા ઉત્પાદિત માલની માંગ પર નિર્ભર હોય છે. કચ્છમાં અમુક મહાકાય ઉદ્યોગો પશ્ચિમ કચ્છમાં વિકાસ પામેલ છે. એ વિસ્તારમાં અન્ય ઉદ્યોગો પણ આવી રહ્યા છે. ક્રમે ક્રમે એ વિસ્તારમાં પણ મિનરલ બેઈઝ ઉદ્યોગોનું વિસ્તરણ થશે.

**પ્રશ્ન** : કચ્છમાં ખેતી આધારિત તથા બાગાયતી પાકો આધારિત ઉદ્યોગો વિશેના સરકારશ્રીના શું આયોજનો છે?

**જવાબ** : આ વિષયે સરકારશ્રીનું કૃષિ વિભાગ - એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન સક્રિય છે. એ ઉત્પાદનોના સ્ટોરેજ, પેકિંગ અને માર્કેટિંગ જેવા આનુષંગિક ઉદ્યમોની સંભાવનાઓ વિપુલ છે. ખાનગી ક્ષેત્રે તેનો વિકાસ થાય તે માટે રાજ્ય સરકારનો અભિગમ રહેવા પામેલ છે.

**પ્રશ્ન** : કોર્પોરેટ ખેતી ક્ષેત્રે કચ્છમાં હજુ આગળ કેમ વધી શકાતું નથી?

**જવાબ** : સરકાર તરફથી એ અંગે નીતિ - નિર્ધારણ થયેલ છે કે જે જાહેર થયેલ હકીકત છે. હવે કોઈ ઉદ્યોગ એ માટે તૈયારી દર્શાવે તો આ ક્ષેત્રે આગળ વધી શકાય.

## શૂન્યના સરવાળા નથી હોતા

### *નિવૃત્ત વરિષ્ઠો માટે અનુસરણીય...*

ભૂલી જાઓ કે તમારો સૂર્ય મધ્યાહને હતો એક દિવસ,
આથમતા સૂરજના કંઈ બહુ અજવાળા નથી હોતા.

અવગણના થાય તો આંખ આડા કાન કરજો પ્રેમથી,
એવું ઘર ક્યાં મળે કે જ્યાં લોહીઉકાળા નથી હોતા.

ઉંમર ભલે વધે પણ અભરખા થોડા ઓછા રાખજો,
જંપી જાવ હવે, પહેલા જેવા યૌવનના ઉછાળા નથી હોતા.

અહમ ઘવાશે, ક્યારેક ઈગો પણ ટકરાશે આવેશમાં,
સ્વમાન સાચવજો, સહુ કંઈ સંયમવાળા નથી હોતા.

અફસોસમાં નીકળી જશે આયખું આખું એમને એમ,
માણો મન ભરી, જિંદગીના દરેક રંગ ધોળા નથી હોતા.

મિત્રો...! જિંદગી અને ગણિતને જોડશો તો ખાશો ખત્તા,
લેણદેણ હશે તો લેશો, બાકી 'શૂન્ય'ના સરવાળા નથી હોતા...!

*– શૂન્ય પાલનપુરી*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

**હાઈકુ**

**સારા વિચાર**
**જન્મે કવિ હૃદયે**
**બને કવિતા!**

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૨૯

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી – અમદાવાદ
(સમાજના ભૂતપૂર્વ મંત્રી, 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી તથા પ્રવર્તમાન મંગલ મંદિર તંત્રી મંડળના સભ્ય)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. ____________ ફિલ્મ ત્રણે પેઢીને સાંકળે છે. (ગોતી લો, સંઘવી એન્ડ સન્સ, વિશ્વગુરૂ)

૨. શ્રી કચ્છી જૈન ભવનને ____________ વર્ષ પૂર્ણ થાય છે.
'મંગલ મંદિર'ને ____________ વર્ષ પૂર્ણ થાય છે.
શ્રી કચ્છી વિશ્રામ ગૃહને ____________ વર્ષ પૂર્ણ થાય છે. (૫૦, ૧૫, ૧૦, ૫, ૩૦, ૨૦)

૩. ____________ ને શાસન ગૌરવ ઍવોર્ડ આપવામાં આવ્યો. આ વ્યક્તિ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ____________ પદે બિરાજે છે.
(પ્રતાપભાઈ દંડ, શાંતિભાઈ સાવલા, રજનીભાઈ પારેખ) (પ્રમુખ, ઉપ પ્રમુખ, માનદ્ મંત્રી)

૪. આપણા સમાજના સભ્ય શ્રી ____________ હાઈકોર્ટના પૂર્વ જસ્ટીસ હતા.
(રમેશભાઈ મહેતા, કાંતિલાલ પૂજ, ધીરુભાઈ શાહ)

૫. જૂન માસ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો કુલ ____________ વ્યક્તિઓએ લાભ લીધો હતો. (૩૪૭૬૯, ૩૮૯૩૨, ૩૫૯૦૪)

૬. જશોદાનગર મેડિકલ સેન્ટરને તા. ____________ ના રોજ એક વર્ષ પૂર્ણ થયું.
(૫-૭-૨૦૨૫, ૩-૭-૨૦૨૫, ૧-૭-૨૦૨૫)

૭. પર્યાવરણને સૌથી વધુ ઉપયોગી વસ્તુ ____________ છે. (ઝાડ, પાણી, વાંસ)

૮. નવા વિચારો... નવી પદ્ધતિ... નવો ઉત્સાહ લેખનો ઓગસ્ટ માસમાં મણકા નંબર ________ છે. (૩૭, ૩૬, ૩૪)

૯. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતમાં ____________ કરોડ કરદાતાઓએ રીટર્ન ફાઈલ કર્યા. (૧૫.૮/૧૯.૯/૧૨.૧૭)

૧૦. સમયના ____________ પ્રકાર છે. (ત્રણ, પાંચ, છ)

## • મણકા–૨૮ ના સવાલોના સાચા જવાબો •

૧. જુલાઈ અંકમાં ગુજરાત રાજ્યના કયા ભૂતપૂર્વ મુખ્યમંત્રી સાથે વાર્તાલાપ થયાનો ઉલ્લેખ છે? **શ્રી સુરેશભાઈ મહેતા.**
૨. આપણા **દક્ષેશભાઈ સંઘવી** સભ્યે ટ્રકના પૈડા વડે બ્રોડગેજ રેલવેને અનુકૂળ રેલ પર ટ્રકને દોડતી કરી.
૩. ડૉ. **નિશાંત સંઘવી**એ વયસ્ક સમિતિના તા. ૨૧-૬ના કાર્યક્રમમાં કેન્સર વિશેની માહિતી આપી હતી.
૪. હોંશિયારપુરથી ૧૨૦ કિ.મી. આવેલા તીર્થનું નામ **કાંગડા તીર્થ** છે.
૫. સંસ્થાના ચાંગોદર ખાતેના મેડિકલ સેન્ટરમાં મે માસમાં **૧૧૧** એક્સ-રે નીકળ્યા અને જશોદાનગરના મેડિકલ સેન્ટરમાં **૪૧૭** એક્સ-રે નીકળ્યા.
૬. ભારતના સહિયારા રાજ્યની રાજધાનીનું નામ **ચંદીગઢ** છે કે જે કેન્દ્રશાસિત પ્રદેશ છે.
૭. આત્માનું સાચું નિવાસ સ્થાન આપણા **વિચારો** છે.
૮. જૈન શાસનની સામ્રાજ્ઞી દેવીનું નામ **ચક્રેશ્વરી** છે.
૯. મુંબઈમાં પહેલી કાર ચલાવનાર **જે.આર.ડી. તાતાના માતાજી** હતા.
૧૦. કચ્છના પ્રતિભાશાળી શિક્ષક **ભાણજીભા** એ **ગાંધીજી** ની મહેમાનગતિ કરી હતી.

***મણકા-૨૮ (મંગલ મંદિર ઓગસ્ટ-૨૦૨૫ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. અશોક વી. શાહ – ગાંધીનગર
૨. જ્યોતિ એલ. શાહ – મણિનગર, અમદાવાદ
૩. મહેન્દ્ર ડી. પૂજ – પાલડી, અમદાવાદ
૪. ગિરીશ ડી. પોલડિયા – અમદાવાદ
૫. નિશિતભાઈ શાહ – અમદાવાદ
૬. મીનાક્ષી રજનીકાંત પારેખ – પાલડી, અમદાવાદ
૭. ઝરણા હેમાંગ પારેખ – પાલડી, અમદાવાદ
૮. નેહા ભાવેશ પારેખ – પાલડી, અમદાવાદ
૯. નરેન્દ્રકુમાર પ્રજાપતિ – પાલડી, અમદાવાદ
૧૦. છાયા પટેલ – પાલડી, અમદાવાદ
૧૧. દમયંતી દિલીપ દંડ – નારાણપુરા, અમદાવાદ
૧૨. મિત્તલ એ. પટેલ – પાલડી, અમદાવાદ
૧૩. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૧૪. પારસ હરખચંદ કુંવરજી ગોસર – સુરેન્દ્રનગર
૧૫. વિશાલ હરખચંદ કુંવરજી ગોસર – વાસણા, અમદાવાદ
૧૬. નીલોફર આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૭. ડૉ. લુબનાબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૮. અવ્વાબરાજ એ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૯. રોનકબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૨૦. ફાલ્ગુની ડી. શાહ – નવરંગપુરા, અમદાવાદ
૨૧. કામિની સ્નેહલભાઈ શેઠ – નવા વાડજ, અમદાવાદ
૨૨. ચંદ્રા મહેન્દ્ર શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૨૩. સ્મિતા વિશાલ શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૨૪. હસમુખ દામજી દેઢિયા – અડાલજ
૨૫. હેમાબેન જગતકુમાર શાહ – પાલડી, અમદાવાદ
૨૬. ધનલક્ષ્મી કિશોર શાહ – નાહુર, મુંબઈ
૨૭. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૨૮. કંચનબેન નરેન્દ્રભાઈ સંઘવી – નવા વાસણા, અમદાવાદ
૨૯. રીદ્ધિ આશિષ પરીખ – બોપલ, અમદાવાદ
૩૦. ઊર્મિલા નવનીત પટેલ – બોપલ, અમદાવાદ

***ઉપરોક્ત નામોમાંથી ડ્રૉ કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.***

| | | | |
|---|---|---|---|
| **૧.** | **છાયા પટેલ** | **– પાલડી, અમદાવાદ** | **મો. ૯૭૧૨૮ ૭૩૨૦૩** |
| **૨.** | **કામિની સ્નેહલભાઈ શેઠ** | **– નવા વાડજ, અમદાવાદ** | **મો. ૯૨૨૮૧ ૭૯૬૫૩** |
| **૩.** | **અશોક વી. શાહ** | **– ગાંધીનગર** | **મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯** |
| **૪.** | **મહેન્દ્ર ડી. પૂજ** | **– પાલડી, અમદાવાદ** | **મો. ૯૯૨૪૫ ૮૫૨૪૫** |
| **૫.** | **હસમુખ દામજી દેઢિયા** | **– અડાલજ** | **મો. ૯૫૫૮૦ ૫૯૫૬૫** |

***આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.***

★ **નોંધ :**

***(૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ

**તા. ૧-૮-૨૦૨૫**

- શ્રી રજનીકાંત પારેખ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર શ્રી કે.ડી. શાહે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે વિઝીટ લીધેલ. ડાયાલિસિસ સેન્ટર અને ભવનના પેસેન્જર તથા દર્દીઓ સાથે મુલાકાત કરેલ હતી.

**તા. ૨-૮-૨૦૨૫**

- ડૉ. કેતન શાહે ભવનની વિઝીટ લઈ રૂમો, ડોરમેટરીની સાફ-સફાઈ અંગે યોગ્ય સૂચન આપેલ હતા.

## નવનીત મેડિકલ સેન્ટર – પાલડી

**તા. ૨૧-૭-૨૦૨૫**

- ડૉ. તપન શાહ દ્વારા Lipoma અને Corn Excision ની પ્રોસીજર કરવામાં આવી.

**તા. ૨૩-૭-૨૦૨૫**

- આંખના ઑપરેશન થિયેટરમાંથી બેક્ટેરીયા માટે Culture કરાવવામાં આવ્યું.

**તા. ૨૬-૭-૨૦૨૫**

- ડૉ. આકાશ પટેલ દ્વારા રૂા. ૧૫,૦૦૦/-નું મોતિયાનું ઑપરેશન કરવામાં આવ્યું.
- બોપલ મેડિકલ સેન્ટરના આંખ વિભાગ માટે Auto Refractometer Keratometer ના ક્વોટેશન મંગાવવામાં આવ્યા.

**તા. ૨૯-૭-૨૦૨૫**

- બોપલ મેડિકલ સેન્ટરનાં આંખની ઓ.પી.ડી.ના Autorefreactometer માટેનું એડવાન્સ પેમેન્ટ KLB Instrument ને કરવામાં આવ્યું.

**તા. ૩૦-૭-૨૦૨૫**

- આંખના ઑપરેશન થિયેટરમાં છતમાંથી પાણી પડવાને લીધે ડાઘા અને Fungus લાગેલ, તેને કલર કરાવવામાં આવ્યું.
- ડૉ. તેજલબેને કાન સાંધવાની પ્રોસીજર કરી.

**તા. ૭-૮-૨૦૨૫**

- Wipro G.E. Healthcare ના સોનોગ્રાફી મશીન $P_9R_3$ નો તા. ૧૮-૮-૨૦૨૫થી તા. ૧૭-૮-૨૦૨૬ સુધીના સમયગાળાનો A.M.C. રીન્યુ કરવામાં આવ્યો.

**તા. ૮-૮-૨૦૨૫**

- ડૉ. હિતેન્દ્ર શાહે પાલડી મેડિકલ સેન્ટરના બધા વિભાગોની વિઝીટ કરી હતી અને તેમના મહેમાનોને સેન્ટરથી માહિતગાર કર્યા હતા.

**તા. ૧૮-૮-૨૦૨૫**

- એક કચ્છી જૈન સભ્ય પ્રભાબેન દેઢિયા તરફથી રૂા. ૫,૦૦૦/-નું ડોનેશન આપવામાં આવ્યું.

**તા. ૨૧-૮-૨૦૨૫**

- તબીબી સેવા સમિતિની મીટિંગ આજરોજ સાંજે ૭ વાગે રાખવામાં આવેલ હતી.

## નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

**તા. ૧૭-૭-૨૦૨૫**

- આજ રોજ ડાયાલિસિસ સેન્ટર ખાતે PMJAY દ્વારા ઓડિટ કરવામાં આવેલ.

**તા. ૧૯-૭-૨૦૨૫**

- ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાના બે ઑપરેશન કરવામાં આવેલ.

**તા. ૨૨-૭-૨૦૨૫**

- આજ રોજ ડૉ. રીદ્ધિએ ડૉ. હિતેશ પારેખ (M.D. Physician) સાથે વાત કરી નવી ઓ.પી.ડી. શરૂ કરેલ હતી. ડૉ. હિતેશ પારેખ દર મંગળવાર-બુધવારે સવારે ૧૧ થી ૧૨.૩૦ વાગ્યા દરમિયાન બોપલ ખાતે ઓ.પી.ડી.માં સારવાર આપશે. જેની જાણ ડૉ. હિતેન્દ્ર શાહને પણ કરેલ હતી.

**તા. ૨૩-૭-૨૦૨૫**

- આજ રોજ સોનોગ્રાફી પ્રિન્ટરનો રોલ ખરાબ થઈ જતાં તેની સર્વિસ કરાવેલ હતી.

**તા. ૨૫-૭-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધેલ હતી. જેમાં લેબોરેટરી તથા અન્ય ડિપાર્ટમેન્ટના કામકાજ અંગે માહિતી મેળવેલ હતી.
- આજ રોજ આંખના વિભાગ માટે નવા BRK મશીન લેવા અંગે ચર્ચા થયેલ હતી.

**તા. ૧-૮-૨૦૨૫**

- આજ રોજ જુલાઈ-૨૦૨૫નો મંથલી રીપોર્ટ ડૉ. હિતેન્દ્ર શાહને આપેલ હતો. જેમાં ૯૨૬૯ દર્દીઓએ સેન્ટરમાં સારવાર લીધેલ હતી. ૩૪૫ ડાયાલિસિસ થયેલ હતા.

**તા. ૪-૮-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધેલ હતી તેમજ લેબોરેટરીમાં નવા મશીન લેવા અંગે ચર્ચા કરેલ હતી.

**તા. ૧૨-૮-૨૦૨૫**

- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાના બે સફળ ઑપરેશન થયેલ હતા.

**તા. ૧૯-૮-૨૦૨૫**

- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાનું એક સફળ ઑપરેશન થયેલ હતું.

## પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

**તા. ૨૨-૭-૨૦૨૫**

- આજ રોજ શ્રી રજનીકાંત પારેખ અને શ્રી કે.ડી. શાહ સેન્ટરની મુલાકાતે આવ્યા. તેમણે આ મેડિકલ સેન્ટર ચોવીસ કલાક શરૂ થયા બાદ પેશન્ટ બાબતે તેમજ કામકાજ બાબતે ચર્ચા કરી. સેન્ટરમાં દાખલ થયેલ પેશન્ટ સાથે વાતચીત કરી અને સ્ટાફ સાથે પેશન્ટને સારવાર કરવા માટે ચર્ચા કરી.

**તા. ૨૪-૭-૨૦૨૫**

- આજ રોજ સલામતી સિક્યોરીટી એજન્સીના ૮ કર્મચારીઓનો મેડિકલ ફિટનેસ સેન્ટર ઉપર કરવામાં આવેલ છે.

**તા. ૨૬-૭-૨૦૨૫**

- આજ રોજ એસ.પી.આઈ. ઈન્ડસ્ટ્રીઝ કંપનીની મુલાકાત લેવામાં આવી. ત્યાંના મેનેજર શ્રી ભાવિન શાહને પ્રતીક વ્યાસ મળ્યા અને સેન્ટરમાં થતી સારવાર વિશે માહિતી આપી અને કંપની સાથે ટાઈ-અપ કરીને ટાઈ-અપ લેટર લીધો.

**તા. ૨૮-૭-૨૦૨૫**

- આજ રોજ હેમટેક ઈન્ડસ્ટ્રીઝ, હેમસ્ટાર ફિલામેન્ટસ તેમજ હેમા રેમેડાઈઝ કંપનીમાં મુલાકાત લેવામાં આવી અને કંપનીના વર્કરની મેડિકલ ફિટનેસ ફાઈલ એચ.આર. ડિપાર્ટમેન્ટમાં આપવામાં આવી.

**તા. ૨૯-૭-૨૦૨૫**

- આજ રોજ રામદેવ ફુડ્સ પ્રા.લિ. કંપની ચાંગોદરથી શ્રી અનિલ પરમાર સુપરવાઈઝરે સેન્ટરની મુલાકાત લીધી અને તેમની કંપનીના વર્કરોનું મેડિકલ ફિટનેસ સેન્ટરમાં કરાવવા બાબતે પ્રતીક વ્યાસ સાથે ચર્ચા કરી, ચોવીસ કલાક સેન્ટર ચાલુ કરવા બાબતે અભિનંદન પાઠવ્યા અને પેશન્ટની સારવાર સેન્ટરમાં કરાવવા બાબતે મદદરૂપ થવા જણાવ્યું.
- આજ રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - પાલડીથી શ્રી નિમેષ દરજી સેન્ટરની મુલાકાતે આવ્યા અને ડૉ. કિશન માળી તેમજ પ્રતીક વ્યાસને મળ્યા. તેમજ મેડિસિન ડિપાર્ટમેન્ટ, એક્સ-રે ડિપાર્ટમેન્ટના સ્ટોક જોવામાં આવ્યો અને કામકાજમાં સુધારા કરવા બાબતે જરૂરી માર્ગદર્શન આપ્યું.
- આજ રોજ આર્મેડ ફોર્મ્યુલા કંપની - મોરૈયાથી શ્રી સંજયભાઈ (મેનેજર) સેન્ટરની મુલાકાતે આવ્યા અને સેન્ટરમાં થતી સારવાર વિશે માહિતી મેળવી અને કંપનીને ટાઈ-અપ કરવા બાબતે પ્રતીક વ્યાસ સાથે ચર્ચા કરી તેમને જરૂરી ડોક્યુમેન્ટસ આપવામાં આવ્યા.

**તા. ૪-૮-૨૦૨૫**

- આજ રોજ PNDT ડિપાર્ટમેન્ટ - લાલ દરવાજા મુલાકાત લીધી અને સેન્ટરમાં થયેલ એન્ટીનેટલ સોનોગ્રાફીના ફોર્મ જમા કરાવેલ.

**તા. ૮-૮-૨૦૨૫**

- આજ રોજ શ્રી જયેશભાઈ મજમુદારે સેન્ટરની મુલાકાત લીધી અને ચોવીસ કલાક ચાલુ થયા બાદ પેશન્ટમાં વધારો થયો – આ બાબતે ડૉ. કિશન માળી અને પ્રતીક વ્યાસ સાથે ચર્ચા કરી. ચોવીસ કલાક સારવાર ચાલુ કરી ત્યારબાદ શરૂઆત સારી રહી તે બદલ અભિનંદન આપ્યા. કામકાજ તેમજ સ્ટાફ બાબતે જરૂરી માર્ગદર્શન આપ્યું અને 'મારી જરૂર પડે તો જણાવશો...' તેવું તેમના તરફથી કહેવામાં આવ્યું.
- તા. ૫-૮-૨૦૨૫થી તા. ૮-૮-૨૦૨૫ સુધી જુલાઈ-૨૦૨૫ના કુલ ૨૪ કંપનીમાં જઈને પેશન્ટના બીલ આપવાનું કામ પૂરું કરવામાં આવેલ છે.

**તા. ૧૩-૮-૨૦૨૫**

- આજ રોજ શ્રી ધવલ મજમુદાર સેન્ટરની મુલાકાતે આવ્યા અને સેન્ટર ચોવીસ કલાક માટે શરૂ કર્યા બાદ મેડિકલ સારવારમાં પેશન્ટનો વધારો થયો કે નહીં? અને પેશન્ટ દાખલ થાય છે કે નહીં? – તે બાબત પ્રતીક વ્યાસ સાથે ચર્ચા કરી.

**તા. ૧૯-૮-૨૦૨૫**

- આજથી ડૉ. હિતેન્દ્ર શાહના માર્ગદર્શનથી સેન્ટરના નવા બેનર લગાવવાનું કામ મોરૈયા, ચાંગોદર, ચાચરવાડી વાસણા ગામમાં પ્રતીક વ્યાસ અને દીપક ત્રિવેદી દ્વારા શરૂ કરવામાં આવેલ છે. જેથી સેન્ટરની નજીકના ગામના વિસ્તારમાં ચોવીસ કલાક સારવાર આપવા બાબતે માહિતી પણ આપવામાં આવેલ છે અને દાખલ થવાની સુવિધા પણ શરૂ કરેલ છે તેની જાણકારી પણ આપવામાં આવી હતી.

**તા. ૨૦-૮-૨૦૨૫**

- આજ રોજ એસેમ વર્કસ પ્રા.લિ. કંપનીના ૫૦ કર્મચારીઓનું ફૂલ બોડી ચેક-અપ રૂા. ૬૫૦/-નું પેકેજ કરાવવાની વાત થઈ હતી તે જુલાઈ-૨૦૨૫માં કંપનીના કર્મચારી સેન્ટર ઉપર આવેલ હતા. તેમાં બાકી રહેલ કર્મચારીઓનું ફૂલ બોડી ચેક-અપનું કામ આજથી શરૂ કરવામાં આવેલ છે.

## નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર

**તા. ૨૩-૭-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયું.

**તા. ૨૪-૭-૨૦૨૫**

- આજથી દર ગુરૂવારે આવતા ડાયાબીટોલોજિસ્ટ ડૉક્ટરની ઓ.પી.ડી.ના સમયમાં ફેરફાર થયો છે. જે હવે દર ગુરૂવારે ૧૦.૦૦થી ૧૧.૦૦ની જગ્યાએ ૧૦.૩૦થી ૧૧.૩૦ ઓ.પી.ડી.માં મળશે.

**તા. ૨૬-૭-૨૦૨૫**

- આજ રોજ જશોદાનગર સેન્ટર પર ખાસ સિનિયર સિટીઝન્સ માટે ગ્રુપ એક્ટીવિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિનિયર સિટીઝન્સને અલગ અલગ ગેમ્સ રમાડીને તથા હળવો નાસ્તો કરાવીને મનોરંજન કરાવ્યું.

**તા. ૨૯-૭-૨૦૨૫**

- આજ રોજ ગાયનેકોલોજિસ્ટ ડૉ. રાજશ્રી મોદી દ્વારા સેન્ટર પર સૌ પ્રથમવાર બાર્થોલીન એલ્સીસ રીમુવલની પ્રોસીજર સફળતાપૂર્વક કરવામાં આવી.

**તા. ૪-૮-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી. એમણે સેન્ટરની પબ્લિસિટી કરવા માટે કેમ્પ કરવા તથા સોસાયટીઓમાં પેમ્ફલેટ વહેંચવાની સૂચના આપી.

**તા. ૧૧-૮-૨૦૨૫**

- આજ રોજ સેન્ટરમાં નવા લેબ ટેકનિશિયનની નિમણુંક કરવામાં આવી.
- આજ રોજ નવનીત મેડિકલ સેન્ટરના મેડિકલ ઓફિસર ડૉ. કોમલ દવે તથા એડમિન સ્નેહલભાઈ ભાવસારને સિનિયર સિટીઝન ક્લબ - ઘોડાસરના પ્રમુખ કુંજબિહારી શાહે સિનિયર સિટીઝનની મીટિંગમાં આમંત્રિત કર્યા હતા. આ મીટિંગમાં સ્નેહલભાઈએ મીટિંગમાં ભાગ લેનાર ૧૭૦ વડીલોને સેન્ટરની વિવિધ સેવાઓ વિશે માહિતી આપલ હતી.

**તા. ૧૩-૮-૨૦૨૫**

- આજ રોજ ડૉ. કોમલ દવે અને સ્નેહલભાઈ ભાવસારે મણિનગરમાં આવેલ સંત પુનિત જનકલ્યાણ ટ્રસ્ટની મુલાકાત લીધી હતી. જનકલ્યાણ ટ્રસ્ટના ટ્રસ્ટી હરીશભાઈ દ્વિવેદીને મળીને સેન્ટરની પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કર્યા હતા.

**તા. ૧૯-૮-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાના બે ઑપરેશન સફળતાપૂર્વક પૂરા કરવામાં આવ્યા હતા.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

- *ખાતાનું નામ* : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ [Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]
- *બેંક* : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- *એકાઉન્ટ નંબર* : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]
- *IFSC કોડ* : CNRB0017007

દેશ વિદેશ

# દેશ – વિદેશ...

ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

★ *૩૬ દિવસ બાદ બ્રિટીશ ફાઈટર જેટે ઉડાન ભરી.*

વિમાનનું હાઈડ્રોલિક્સ નિષ્ફળ ગયું હતું. ૧૪ જૂને કેરળ ઍરપોર્ટ પર તેનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.

બ્રિટીશ નૌકાદળના ફાઈટર એરક્રાફ્ટ F-35 એ ૩૮ દિવસ પછી મંગળવારે કેરળના તિરૂવનંતપુરમ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટથી ઉડાન ભરી. *(તા. ૨૨-૭-૨૦૨૫)*

★ *યાત્રાધામ અંબાજીના વિકાસ માટેનો માસ્ટરપ્લાન જાહેર.*

યાત્રાધામ અંબાજી મંદિરથી ગબ્બર સુધી શક્તિ કોરિડોર; ગબ્બરની જ્યોત અને વિશા યંત્રને ટેકનોલોજીથી જોડાશે.

યાત્રાધામ અંબાજીમાં ૧૬૩૨ કરોડના ખર્ચે ૫૦ વર્ષના વિઝન સાથે મેગા માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં ખાસ અંબાજી ગબ્બરની 'જ્યોત' અને મંદિર 'વિશા યંત્ર'ને ટેકનોલોજીથી જોડાશે. જેના માટે અંબાજી મંદિરથી ગબ્બર સુધી શક્તિ કોરિડોરનું નિર્માણ કરવામાં આવશે. *(તા. ૩૦-૭-૨૦૨૫)*

★ *ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી શિબુ સોરેનનું નિધન થયું.*

તેમનો પાર્થિવ દેહ રાંચી પહોંચ્યો. કાલે રામગઢમાં અંતિમ સંસ્કાર થશે. તેમનો નાનો પુત્ર બસંત સોરેન અગ્નિદાહ આપશે. *(તા. ૪-૮-૨૦૨૫)*

★ *જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકનું ૭૯ વર્ષની વયે નિધન.*

તેઓ લાંબા સમયથી કિડનીની બીમારીથી પીડાતા હતા. તેમના કાર્યકાળમાં આજના દિવસે જ J&K માંથી કલમ ૩૭૦ હટાવાઈ હતી. *(તા. ૫-૮-૨૦૨૫)*

★ *ઉત્તરાખંડના ધરાલીમાં વાદળ ફાટ્યું. ૪ના મોત.*

હોટલ, હોમ સ્ટે, ઘર તણખલાની જેમ તણાયા. અનેક લોકો ગાયબ. રેસ્ક્યૂ માટે આર્મી પહોંચી.

ઉત્તરાખંડના ધરાલીમાં વાદળ ફાટવાથી ખીર ગંગા ગામ ધોવાઈ ગયું છે. આ ઘટના મંગળવારે સવારે બની હતી. પૂર અને કાટમાળમાં ઘણા ઘરો તણાઈ ગયા છે. ઉત્તરકાશીના ડીએમ પ્રશાંત આર્યએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૪ લોકોનાં મોત થયાના અહેવાલ છે. ૫૦થી વધુ લોકો ગૂમ છે. *(તા. ૫-૮-૨૦૨૫)*

★ *ગાંધીનગર FSL પાસે ઈઝરાયેલ, યુ.એસ. જેવી સિસ્ટમ. અન્ય રાજ્યની પોલીસ, NIA, CBI પણ મદદ લે છે.*

તમે નાર્કો ટેસ્ટ, પોલીગ્રાફી ટેસ્ટ વિશે તો સાંભળ્યું હશે ને! પણ ગાંધીનગર FSL પાસે કોઈ આરોપીની તપાસ માટે એક વિશેષ ટેકનોલોજી છે. આ ટેકનિકનું નામ છે સસ્પેક્ટ ડિટેક્શન સિસ્ટમ. ટૂંકમાં કહીએ તો SDS. આ સિસ્ટમનો ઉપયોગ દુનિયામાં બહુ ઓછી જગ્યાએ થાય છે. આથી તરત ગુનો કર્યો કે કેમ તે ખબર પડી જાય. *(તા. ૫-૮-૨૦૨૫)*

★ *સ્થાનિકો દ્વારા સોમનાથ કોરિડોરનો જોરદાર વિરોધ.*

સોમનાથ કોરિડોર પ્રોજેક્ટ માટે અતિ પ્રાચીન નગર એવા પ્રભાસ પાટણમાં જમીન સંપાદન મુદ્દે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો છે. ગઈકાલે મંગળવારે પ્રભાસપાટણ ગામ સજ્જડ બંધ રહ્યું હતું. બાદમાં રાત્રિના પ્રભાસપાટણ ગામમાં સમસ્ત ગ્રામજનોની સભા ભરવામાં આવી હતી. તેમાં હિંદુ, મુસ્લિમ બંનેએ પોતાની જમીન અને ઘરો આપવા અને ખાલી કરવાનો વિરોધ કર્યો. તેમનું કહેવું હતું કે ભવ્ય મંદિર તો છે જ. પછી મંદિરના નામે લોકોની જમીન અને ઘરો-મકાન છીનવી લેવાય તે ક્યાંનો ન્યાય છે. *(તા. ૬-૮-૨૦૨૫)*

★ *અમદાવાદ પ્લેન ક્રેશના ૬૦ પીડિત પરિવાર બોઈંગને યુ.એસ.ની કોર્ટમાં ઢસડશે.*

એવિએશનના કેસ લડવામાં માહેર અમેરિકન વકીલને રોક્યા. કહ્યું ફ્લાઈટનો ડેટા આપો, અમે તપાસ કરાવીશું. *(તા. ૭-૮-૨૦૨૫)*

★ *વારાણસી મંદિરમાં આગ.*

વારાસણીના એક પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા સંકઠા ગલીના ઐતિહાસિક આત્મવિશ્વેશ્વર મંદિરમાં આગ લાગતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. શ્રાવણ મહિનાના છેલ્લા દિવસે આયોજિત વિશેષ આરતી દરમિયાન, સળગતા દીવાની જ્વાળાને કારણે મંદિરમાં અચાનક આગ લાગી હતી. *(તા. ૧૦-૮-૨૦૨૫)*

★ *ભાગવતે કહ્યું : રખડતા કૂતરાઓની વસતિ નિયંત્રિત થવી જોઈએ.*

આશ્રય ગૃહમાં મોકલવા એ ઉકેલ નથી. માણસ અને પ્રકૃતિ વચ્ચે સંતુલન જરૂરી છે. *(તા. ૧૫-૮-૨૦૨૫)*

★ *કાશીથી ગુજરાત આવી રહેલા ઓરકેસ્ટ્રા સીંગર ગ્રુપના શ્રદ્ધાળુઓના કમકમાટીભર્યા મોત થયા.*

એમ.પી.માં શિવરાજપુર પાસે ટ્રાવેલર ટ્રક સાથે અથડાઈ. મહેસાણા - સુરેન્દ્રનગરના ૪ લોકોનાં મોત અને ૭ ગંભીર. *(તા. ૧૫-૮-૨૦૨૫)*

★ *કિશ્તવાડ દુર્ઘટના : ૬૫ મૃતદેહો મળી આવ્યા. ૪૦ની ઓળખ થઈ, ૨૦૦થી વધુ લોકો ગૂમ.*

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના ચસોટી ગામમાં સર્ચ અને રેસ્ક્યુનો આજે ત્રીજો દિવસ છે. ૧૪ ઓગસ્ટના રોજ બપોરે ૧૨.૨૫ વાગે અહીં વાદળ ફાટવાની ઘટના બની હતી. જેના કારણે કાટમાળ નીચે દટાઈ જવાથી અત્યાર સુધીમાં ૬૫ લોકોના મોત થયા છે. *(તા. ૧૬-૮-૨૦૨૫)*

★ ***વૃંદાવન મથુરા સહિત દ્વારકા-શામળાજી-ડાકોરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી.***

ભક્તો ઘેલા બન્યા. 'નંદ ઘેર આનંદ ભયો'થી ગૂંજી ઉઠ્યા મંદિરો. આવતીકાલે સવારે ઉજવાશે નંદોત્સવ.

*(તા. ૧૬-૮-૨૦૨૫)*

★ ***'૩ ઈડિયટ્સ'ના પ્રોફેસર અચ્યુત પોતદારનું નિધન.***

૯૧ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. ભારતીય સેના અને ઈન્ડિયન ઓઈલમાં કામ કર્યું. ૧૨૫ ફિલ્મો કરી.

*(તા. ૧૮-૮-૨૦૨૫)*

★ ***જૈન સમાજના મુનિ ગચ્છાધિપતિ આચાર્યદેવ રાજયશસૂરીશ્વરજી મહારાજ આજે ૧૯ ઓગસ્ટના રોજ સાંજે કાળધર્મ પામ્યા છે. સાબરમતી રામનગર ખાતે આવેલા ઉપાશ્રયમાં તેઓએ અંતિમ શ્વાસ લીધા હતા. ત્યારે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ત્યાં પહોંચીને શ્રદ્ધાંજલી અર્પણ કરી.*** *(તા. ૨૦-૮-૨૦૨૫)*

## વિદેશના સમાચાર

★ ***સાઉદી અરબના સ્લીપિંગ પ્રિન્સનું નિધન.***

૨૦ વર્ષથી કોમામાં હતા. ૧૫ વર્ષની ઉંમરે લંડનમાં અકસ્માત થયો હતો.

સાઉદી અરબના પ્રિન્સ અલ વાલીદ બિન ખાલીદ બિન તલાલ અલ સઉદનું શનિવારે ૩૫ વર્ષની વયે નિધન થયું હતું. તેઓ છેલ્લા ૨૦ વર્ષથી કોમામાં હતા. તેમને સ્લીપિંગ પ્રિન્સ (સૂતા રાજકુમાર) તરીકે ઓળખવામાં આવતા હતા.

*(તા. ૨૨-૭-૨૦૨૫)*

★ ***ક્વિન્સબરીના સ્વામિનારાયણ મંદિરમાં ૩ દિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ.***

SMVSના વર્તમાન ગુરૂ સત્યસંકલ્પદાસ સ્વામીના સાંનિધ્યમાં ઉજવણી થશે. દેશ-વિદેશથી સંતો-હરિભક્તો હાજર રહેશે. લંડનના ક્વિન્સબરી વિસ્તારમાં સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS) દ્વારા પાંચ માળના ભવ્ય મંદિરની સ્થાપના થઈ છે. જેમાં ૨૫, ૨૬ અને ૨૭ જુલાઈ – એમ ત્રણ દિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરાયું છે.

*(તા. ૨૨-૭-૨૦૨૫)*

★ ***રશિયામાં સુનામી ત્રાટકી. ૧૬ ફૂટ ઊંચા મોજા ઉછળ્યા.***

હવાઈ-અલાસ્કામાં સુનામીની પહેલી લહેર ત્રાટકી. યુ.એસ. - જાપાન પર જોખમ.

રશિયાના કામચાટકામાં વિશ્વનો છઠ્ઠો સૌથી મોટો ભૂકંપ આવ્યો છે. યુ.એસ. જીઓલોજીકલ સર્વે (USGS) અનુસાર ભૂકંપની તીવ્રતા ૮.૮ હતી. ભારતીય સમય મુજબ બુધવારે સવારે ૪.૫૪ વાગે આ ભૂકંપ આવ્યો. *(તા. ૩૦-૭-૨૦૨૫)*

★ ***પાકિસ્તાનના સિંધુ ડેલ્ટામાં પાણી ૮૦% ઘટ્યું. દરિયાના પાણી ભરાવાથી જમીન ખારી થઈ. ૧૨ લાખ લોકો બેઘર બન્યા.***

*(તા. ૬-૮-૨૦૨૫)*

★ ***કેનેડામાં ખતરનાક ષડયંત્ર.***

સરેના ગુરૂદ્વારામાં ખાલિસ્તાનનું દૂતાવાસ ખૂલ્યું. નવા વડાપ્રધાનનું ભેદી મૌન. ભારતની ચિંતા... *(તા. ૫-૮-૨૦૨૫)*

★ ***ટ્રમ્પે ભારત પર કુલ ૫૦% ટેરિફ લગાવ્યો. ૨૭ ઓગસ્ટથી લાગુ થશે.***

રશિયન તેલ ખરીદવાથી નારાજ રાષ્ટ્રપતિએ ૨૫% એક્સ્ટ્રા ટેક્સ લાદ્યો. *(તા. ૬-૮-૨૦૨૫)*

★ ***ગ્લોબલ ગુજરાતીના ગ્લોબલ ગરબા.***

અમેરિકામાં ફક્ત ૯ દિવસ નહીં, મહિનો કે દોઢ મહિનો ગરબા રમાય છે. *(તા. ૭-૮-૨૦૨૫)*

★ ***પુતિને ટ્રમ્પને મળવા માટે અલાસ્કા પસંદ કર્યું.***

અહીં ધરપકડનું કોઈ જોખમ નથી. રશિયન સેના આંખના પલકારામાં આવી જશે. ૧૫ ઓગસ્ટે મુલાકાત થશે.

*(તા. ૧૦-૮-૨૦૨૫)*

★ ***ટ્રમ્પે આર્મેનિયા - અઝરબૈજાન વચ્ચેના ૩૭ વર્ષ જૂના યુદ્ધનો અંત કરાવ્યો.***

વિવાદિત જમીન પર કોરિડોર બનાવવા પર કરાર. જેનું નામ ટ્રમ્પ રૂટ. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે ૩૭ વર્ષ જૂના યુદ્ધનો અંત લાવવા માટે એક કરાર કર્યો. *(તા. ૧૦-૮-૨૦૨૫)*

★ ***ઓસ્ટ્રેલિયા પેલેસ્ટાઈનને સ્વતંત્ર દેશ તરીકે માન્યતા આપશે.***

ન્યુઝીલેન્ડે કહ્યું : અમે પણ વિચારી રહ્યા છીએ. ૧૭ દિવસમાં ૪ દેશોએ આની જાહેરાત કરી.

*(તા. ૧૧-૮-૨૦૨૫)*

★ ***અલાસ્કા ખાતે પુતિન - ટ્રમ્પ વચ્ચે ૩ કલાક બેઠક થઈ. કોઈ ડીલ નહીં.***

૧૨ મિનિટની પ્રેસ કોન્ફરન્સ કર્યા બાદ બંને રવાના થયા. ટ્રમ્પે ઝેલેન્સ્કી સાથે લાંબી વાતચીત કરી. *(તા. ૧૫-૮-૨૦૨૫)*

★ ***અમેરિકામાં ભારતથી આવતું કરિયાણું મોંઘુ થયું.***

ટ્રમ્પે લગાવેલા ટેરિફની અસર શરૂ. ૧૦ ડોલરમાં મળતી લોટની બેગ ૧૮ ડોલરની થઈ. મંદિરના કામ અટવાયા.

*(તા. ૧૮-૮-૨૦૨૫)*

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## અલ્ટ્રાવાયોલેટ કિરણો શું છે? તે ક્યાંથી આવે?

આપણને એ ખ્યાલ છે કે સૂર્ય પ્રકાશમાં રહેલા અલ્ટ્રાવાયોલેટ કિરણો આપણા શરીરને નુકસાન પહોંચાડે છે. સૂર્યપ્રકાશ સાત રંગોનો બનેલો છે. આ સાત રંગો માણસ જોઈ શકે છે. આ સિવાય પણ સૂર્યપ્રકાશમાં બીજા રંગો છે. કિરણોની બાબતમાં રંગ એટલે કિરણોની વિવિધ તરંગ લંબાઈ. સૂર્ય પ્રકાશમાં આપણને દેખાતો પ્રથમ રંગ જાંબલી કે વાયોલેટ છે. પરંતુ આ પહેલા પણ એક રંગ છે, જે આપણને દેખાતો નથી. વિજ્ઞાનીઓએ તેને પારજાંબલી કે અલ્ટ્રાવાયોલેટ નામ આપ્યું છે. મધમાખીઓ તથા કેટલાક પશુપક્ષીઓ અલ્ટ્રાવાયોલેટ રંગ જોઈ શકે છે.

સૂર્યપ્રકાશ અને કેટલાક તારાઓના પ્રકાશમાં અલ્ટ્રાવાયોલેટ કિરણો હોય છે. અલ્ટ્રાવાયોલેટ કિરણો તીવ્ર હોય છે. તે આપણી ચામડીને દઝાડે છે અને આંખોને નુકસાન કરે છે. સૂર્યમાંથી આવતા બધા જ અલ્ટ્રાવાયોલેટ કિરણો પૃથ્વી સુધી પહોંચતા જ નથી. તે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે ત્યારે ઓક્સિજન સાથે પ્રક્રિયા કરે છે અને ઓઝોનનું સ્તર બને છે. તેમાં શોષાઈ જાય છે. એટલે ઓઝોન આપણું રક્ષણ કરે છે તેમ કહેવાય છે. આપણા શરીરને થોડા અલ્ટ્રાવાયોલેટ કિરણોની જરૂર પણ છે. આપણી ચામડી સૂર્યપ્રકાશમાંથી અલ્ટ્રાવાયોલેટ કિરણોની મદદથી વિટામિન ડી બનાવે છે. અલ્ટ્રાવાયોલેટ કિરણો તીવ્ર હોવાથી કેટલાક રોગજનક બેક્ટેરીયાનો નાશ કરવામાં ઉપયોગી થાય છે. વિજ્ઞાનીઓએ અલ્ટ્રાવાયોલેટ કિરણો પેદા કરવાના લેમ્પ પણ વિકસાવ્યા છે.

## દેશ વિદેશનું અવનવું

- ★ પપુઆ ન્યુગીયાના દેશમાં જુદી જુદી ૮૦૦ ભાષા બોલાય છે.
- ★ પૃથ્વી પરનો સૌથી નીચો વિસ્તાર મૃત સમુદ્ર (ડેડ સી) છે.
- ★ પેસેફિક ટાપુઓના નાનકડા દેશ નાઉરૂને પાટનગર જ નથી.
- ★ ઓસ્ટ્રેલિયાના નુલ્લરબોર મેદાનોમાં ૧૦,૦૦૦ ચોરસ માઈલમાં એક પણ વૃક્ષ નથી.
- ★ ઈસ્તંબુલ શહેર એશિયા અને યુરોપ – એમ બે ખંડોમાં વિસ્તરેલું છે.
- ★ વિશ્વમાં સૌથી વધુ પોસ્ટ ઓફિસ ભારતમાં છે.
- ★ ભારતનું રેલવે તંત્ર વિશ્વમાં સૌથી મોટું છે.
- ★ ફિનલેન્ડ સૌથી વધુ તળાવવાળો દેશ છે. ત્યાં નાના મોટા ૬૦,૦૦૦ તળાવો છે.
- ★ આઈસલેન્ડ 'લેન્ડ ઓફ ફાયર એન્ડ આઈસ' છે. ત્યાં ૨૦૦ જ્વાળામુખી પર્વતો છે અને ૧૨૦ હિમનદી પણ છે.
- ★ મોનાકો સૌથી ગીચ વસતિવાળો છે. ત્યાં દર બે ચોરસ કિલોમીટરે સરેરાશ ૩૨,૦૦૦ લોકોની વસતિ છે.
- ★ ભારતની સૌથી જૂની લાઈબ્રેરી પટણાની ઇ.સ. ૧૮૯૧માં બનેલી ખુદાબક્ષ ઓરિએન્ટલ લાઈબ્રેરી છે. જ્યાં પુસ્તકો, હસ્તપ્રતો, પત્રો, ચિત્રો અને અવાજના રેકોર્ડિંગ સચવાયેલા છે.

## રેલવેના ટ્રેકનું અવનવું

જાણીને નવાઈ લાગે પરંતુ રેલવે એન્જિનની શોધ થયા પહેલાં તેના પાટાની શોધ થયેલી. જૂના જમાનામાં કોલસાની ખાણોમાંથી ઉબડ-ખાબડ રસ્તા પર કોલસાની ભરેલી ગાડી ચલાવવા પાટા બિછાવતા. ગાડી ઘોડા વડે ચાલતી. આ પાટાને રેલગ્રેડ કહેતા.

સ્ટીમ એન્જિનનો પ્રવાસી વાહન તરીકે ઉપયોગ શરૂ થયા બાદ પાટાની રચનામાં પણ ખાસ્સો ફેરફાર થયો. રેલવે એન્જિનમાં ઘણા સુધારા થયા પણ પાટાની રચના અને ડિઝાઈન બદલાયા નથી.

રેલવે ટ્રેક લોખંડના બનેલા ૧૪ મીટર લાંબા ટુકડા જોડીને બનાવાય છે. પાટા બનાવવા માટે ઘણી ચોક્સાઈ રાખવામાં આવે છે. ખાસ કરીને તેનું માપ.

રેલવેના પાટા આડા મૂકેલા લાકડાના સ્લીપર પર બિછાવાય છે અને ધ્રુજારી સામે રક્ષણ માટે તેની વચ્ચે કાંકરા પાથરવામાં આવે છે. સ્લીપર એક સરખા કદના લાકડાના લાંબા ટુકડા હોય છે.

રેલવેના બે પાટા વચ્ચેના અંતરને ગેજ કહે છે. બ્રોડગેજ એટલે બે પાટા વચ્ચે પાંચ ફૂટ છ ઈંચનું અંતર અને નેરોગેજમાં બે પાટા વચ્ચે અઢી ફૂટનું અંતર હોય છે. સ્ટાન્ડર્ડ ગેજ ચાર ફૂટ અને સાડા ચાર ઈંચના હોય છે. મેટ્રો રેલવે સ્ટાન્ડર્ડ ગેજ ઉપર ચાલે છે.

## પૃથ્વી ઉપર સૌથી વધુ વિસ્તાર રોકતા જંગલ : બોરિયલ ફોરેસ્ટ

પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં કેનેડા, નોર્વે, ફિનલેન્ડ, રશિયા, ઉત્તર જાપાન, મોંગોલિયા અને કઝાકિસ્તાનને આવરી લેતાં બોરિયલ ફોરેસ્ટ પૃથ્વી પરનો સૌથી મોટો વિસ્તાર છે. બરફીલા પ્રદેશોના આ જંગલોના વૃક્ષો શંકુ આકારના હોય છે. તેને શંકુદ્રુમ જંગલ પણ કહે છે. ઉત્તરીય પવનોના ગ્રીક દેવ બોરિસના નામ પરથી આ જંગલોનું નામ બોરિયલ પડ્યું છે.

બોરિયલ જંગલો પૃથ્વીના જંગલોનો ૨૯% ભાગ રોકે છે. કેનેડાના બોરિયલ જંગલોમાં ૫૫ સસ્તન પ્રાણીઓ, ૧૩૦ જાતની માછલી, ૩૨૦૦૦ જેટલી જાતિના જંતુઓ અને ૩૦૦ જાતિના પક્ષીઓ જોવા મળે છે. બોરિયલ જંગલોમાં ઉત્તર ગોળાર્ધનું સૌથી નીચું તાપમાન માઈનસ ૬૫ ફેરનહીટ રહે છે. ત્યાં વૃક્ષ ઉપર બરફ છવાયેલો રહે છે. બોરિયલ જંગલો પૃથ્વીના હવામાન અને તાપમાન ઉપર મોટી અસર કરે છે.

બોરિયલ જંગલના સાઈબિરીયન ટાઈગર અને ગ્રેટ ગ્રે ઓલ નામનું ઘુવડ વિશિષ્ટ જીવ છે. સાઈબર જેવા હરણ ઈલ્ક કાંટાવાળી શાહુડી પોર્ક્યુપાઈન પણ આ જંગલોમાં રહે છે. શરીરનો રંગ બદલતા સસલા સ્નો શૂહેર પણ અહીંના જ વતની છે. વિશ્વના સૌથી ઊંચા જાયન્ટ સિક્વોયા વૃક્ષો પણ આ જંગલની પેદાશ છે. વિશ્વભરના લાકડાંની જરૂરિયાતનો મોટોભાગ બોરિયલ જંગલોમાંથી મળે છે. બોરિયલ જંગલો ભલે બરફાચ્છાદિત હોય પણ ઉનાળાની ઋતુમાં ભીષણ દાવાનળ પણ આ જંગલોને ભરખી જાય છે. એકાએક ઉઠેલી આગમાં હજારો એકર જમીનના વૃક્ષો બળીને ખાખ થઈ જાય છે.

## મરચાંની તીખાશનું વિજ્ઞાન

શાક માર્કેટમાં જાતજાતના મરચાં જોવા મળે. મરચાંની કુલ ૩૦૦૦ કરતાં વધારે જાતો છે. બધામાં વધતી - ઓછી તીખાશ હોય. મરચાં સૂકાય ત્યારે લાલ થઇ જાય છે. તેને ખાંડીને પાવડર સ્વરૂપે રસોઈમાં વપરાય છે. મરચાંના ઘણા આયુર્વેદિક ગુણો પણ છે. મરચાં લીલા હોય કે સૂકા, તીખા તો લાગે જ. મરચાંમાં કેપ્સેસીન નામનું દ્રવ્ય હોય છે. આ દ્રવ્યને રંગ કે ગંધ નથી પણ તીખો સ્વાદ છે. વિજ્ઞાનીઓએ મરચાંની તીખાશ માપવા સ્કોવિલ સ્કેલ શોધ્યો છે. મરચાંમાં રહેલ કેપ્સેસીનના પ્રમાણ મુજબ તે કેટલા સ્કોવિલ યુનિટ તીખું છે તે જાણવા મળે છે. આસામના ભૂત ઝોલકિયા મરચાં વિશ્વમાં સૌથી તીખા છે. તેની તીખાશ એક લાખ સ્કોવિલ યુનિટથી વધુ છે. આપણે રસોઈમાં સામાન્ય રીતે ત્રણથી ચાર હજાર સ્કોવિલ યુનિટ તીખા મરચા વાપરી શકીએ. આસામના ભૂત જોલકિયા અને ટ્રીનીડાડના ટ્રીનીડાડ સ્કોર્પિયન મરચાં સૌથી વધુ તીખા છે. ત્યારબાદ ચોકલેટ હબાલોકિયા, ડોસેંટ નાગા, સેવન પોટ હબાનેરો, નાગા વાઈપર અને કેરોલીના રીપર ખૂબ જ તીખા મરચાની જાત છે. કેપ્સેસીન પાણીમાં ઓગળતું નથી પરંતુ ચરબીમાં ઓગળે છે. મરચું તીખું લાગે તો દૂધનો ઘૂંટડો ભરવાથી જીભ ઉપરનું કેપ્સેસીન ઓગળીને દૂર થઈ જાય છે અને તીખાશ બંધ થઈ જાય છે.

૧૦૦થી ૧૦૦૦ સ્કોવિલ યુનિટના સૌથી ઓછા તીખા મરચાંની જાતમાં બનાના પીપર, પાપરિકા થાઈમેન્ટાનો સમાવેશ થાય છે. ગોળ દડા જેવા કેપ્સીકમ મરચાં બેલ પીપર કે સ્વીટ પીપર કહેવાય છે. તેમાં કેપ્સેસીન હોતું નથી. એટલે તીખાશ પણ હોતી નથી.

## વિશ્વના રણ પ્રદેશોની રસપ્રદ વાતો

પૃથ્વી પર પહાડો, જંગલો અને મહાસાગરોની જેમ રણ પ્રદેશો પણ પૃથ્વીની સપાટીની ૨૦ ટકા જગ્યા રોકે છે. રણ એટલે રેતીનો મહાસાગર. દૂર સુધી રેતી જ પથરાયેલી જોવા મળે છે. વનસ્પતિ કે જળાશયનું નામનિશાન નહીં. કેટલાક રણ પ્રદેશો તો નવાઈ ઉપજાવે તેવા હોય છે.

★ રણ પ્રદેશોમાં વર્ષે માંડ ૧૦ ઈંચ વરસાદ પડતો હોય છે.

★ રણ પ્રદેશોમાં ગરમી જ હોય તેવું નથી. ગોબી અને એન્ટાર્કટીકાના રણમાં તીવ્ર ઠંડી પડે છે.

★ રણ પ્રદેશમાં બહુ ઓછી વનસ્પતિ થાય પરંતુ જેટલી થાય તેને પાણીની જરૂર ઓછી પડે. તેમના મૂળ ઘણે ઊંડે સુધી પહોંચેલા હોય છે.

★ રણ પ્રદેશોના પ્રાણીઓના શરીર એવા ઘડાયા છે કે તેમને પાણી વિના લાંબો સમય ચાલે. કેટલાક નાના પ્રાણી તો માત્ર રાત્રે જ બહાર નીકળે છે. રણમાં ઊંટ, ઘેટા, ખચ્ચર, ગરોળી, સાપ, ઉંદર જેવા પ્રાણીઓ વધુ જોવા મળે છે.

★ આફ્રિકાનું સહરાનું રણ વિશ્વનું સૌથી મોટું રણ છે. તે ૮૬ લાખ ચો.કિ.મી.માં ફેલાયેલું છે.

★ આફ્રિકાનું બીજું પણ કલહરીનું રણ ૯ લાખ ચો.કિ.મી. પથરાયેલું છે.

★ ભારતમાં થોરનું અને કચ્છનું રણ આવેલું છે. જેનો કેટલોક ભાગ પાકિસ્તાનમાં છે.

*જો હારવાની બીક લાગતી હોય*
*તો જીતવાની ઈચ્છા ક્યારેય ના રાખવી.*

## NanoNine® શબ્દ રમત-૨૨૨

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ | ■ | ૭ | ૮ |
| | ■ | ૯ | | | ■ | | ■ | ૧૦ | ૧૧ | | |
| ૧૨ | ૧૩ | | ■ | ૧૪ | ૧૫ | | ૧૬ | ■ | | ■ | ■ |
| ■ | | ■ | ૧૭ | | | ■ | ૧૮ | | | ૧૯ | ૨૦ |
| ૨૧ | ■ | ૨૨ | ■ | ૨૩ | | ૨૪ | | ■ | ■ | ૨૫ | |
| ૨૬ | ૨૭ | | ૨૮ | ■ | ■ | | ■ | ૨૯ | ■ | | ■ |
| ■ | ૩૦ | | | ■ | ૩૧ | | ૩૨ | | ■ | ૩૩ | ૩૪ |
| ૩૫ | | ■ | ૩૬ | | | ■ | | ■ | ૩૭ | ■ | |
| | ■ | ૩૮ | | ■ | ૩૯ | ૪૦ | | ■ | ૪૧ | | |
| ૪૨ | | | ■ | ૪૩ | ■ | | ■ | ૪૪ | | ■ | ૪૫ |
| ૪૬ | ■ | ૪૭ | | | ૪૮ | ■ | ૪૯ | ■ | ૫૦ | | |
| ૫૧ | | | ■ | ૫૨ | | | | ■ | | ■ | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૦૯-૨૦૨૫ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. ખેતરમાં બાંધેલું મકાન (અં) (૫)
૫. બહેનનો પતિ (૩)
૭. આગ, બળતરા (૨)
૯. બારણું, દરવાજો, દ્વાર (૩)
૧૦. રહેવું, વસવું તે, રહેઠાણ (૪)
૧૨. કુમળું, મુલાયમ, નાજુક (૩)
૧૪. સુલેહ, સંધિ, કોમ્પ્રોમાઇઝ (૪)
૧૭. મોટાઈ, મગરૂરી (૩)
૧૮. મહેર, કૃપા, અનુગ્રહ (૫)
૨૩. ઘડિયાળમાં થતો સતત અવાજ (૪)
૨૫. ભાવ, કિંમત, પ્રાણીને રહેવાનું કરેલું છિદ્ર (૨)
૨૬. શ્રીકૃષ્ણના મોટા ભાઈ (૪)
૩૦. મોટર સાઈકલ (અં) (૩)
૩૧. ભવ્ય, વિશાળ, મોટું (૪)
૩૩. શંકર, મહાદેવ, દરેક, પ્રત્યેક (૨)
૩૫. એક ઊંચું ઝાડ (૨)
૩૬. વખત, ટાઈમ, કાળ (૩)
૩૮. મર્મ, રહસ્ય, સસ્પેન્સ (૨)
૩૯. મોટું નગારું (૩)
૪૧. લજ્જા, લયાનત (૩)
૪૨. એક દિવસની મુસાફરી જેટલું અંતર, મુસાફરી, ટપ્પો (૩)
૪૪. ઈચ્છા, વાસના, કર્મ, કૃત્ય (૨)
૪૭. પૂજ્ય (૪)
૫૦. દેવું, ઋણ (૩)
૫૧. લવારો (૩)
૫૨. મોટાઈ, મહિમા, શ્રેષ્ઠતા, પધારો (૪)

### ઊભી ચાવીઓ

૧. ગોળ ગોળ ફરતું ચકડોળ (૩)
૨. બોલાવવા માટે પાડેલી બૂમ (૩)
૩. પાર્વતીજીનું એક નામ (૨)
૪. સપાટાબંધ, સડેડાટ (૫)
૫. મોટાભાગે, ઘણું કરીને (૩)
૬. શૂર, પરાક્રમી, વીરો, ભાઈ (૨)
૭. જ્વાળામુખીમાંથી નીકળતો ગરમ રગડો (૨)
૮. હા (ઈં) (૩)
૧૧. કપડું ટીંગવવા માટેનું એક સાધન (ઈં) વિમાનો રાખવાનું સ્થળ (૩)
૧૩. તલ્લીન, ગરક (૨)
૧૫. બોલવા માટેનું ધ્વનિવર્ધક યંત્ર (૩)
૧૬. મીઠું, લવણ, લૂણ (૩)
૧૯. રાજાધિરાજ, શહેનશાહ, પાદશાહ (૪)
૨૦. પાણી, જલ (૨)
૨૧. હોઠ, અધર (૨)
૨૨. ધર્મશાળા, મુસાફરી ખાનું (૩)
૨૪. ટપાલ વહેંચનાર, પોસ્ટમેન (૩)
૨૭. જૂઠું બોલવાની આદતવાળું (૩)
૨૮. મુરાદ, ધારણા, હેતુ (૪)
૨૯. આબરૂ, પ્રતિષ્ઠા, આદર (૨)
૩૧. અરીસો, દર્પણ (૩)
૩૨. નિત્ય, સનાતન (૩)
૩૪. કૃપાદૃષ્ટિ (૬)
૩૫. આગ્રામાં આવેલ વિશ્વની એક અજાયબી (૫)
૩૭. ધમાધમ, ખેંચતાણ (૫)
૩૮. ભેલમાં પૂરીના કટકા નાંખીને બનાવેલી વાનગી (૪)
૪૦. એક જાતની ઘોડાઘાડી (૨)
૪૩. પવિત્ર (૩)
૪૫. દૃષ્ટિ, લક્ષ (૩)
૪૬. માથે લીધેલું બેડું (૨)
૪૮. કીર્તિ, ફતેહ, સિધ્ધિ (૨)
૪૯. ખાંસી, ઉધરસ, ગળફો (૨)

***નોંધ*** *: "શબ્દ રમત" તથા "સુડોકુ"ની સ્પર્ધામાં ભાગ લેનારે તેમના જવાબ નિયત સમય મર્યાદામાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી. સમય મર્યાદા પછી મળનાર જવાબો મોકલનાર વ્યક્તિઓને ઈનામો આપવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.*

## NanoNine® શબ્દ રમત-૨૨૧નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધ | નં | જ | ય | | હ | વા | | આ | લી | શા | ન |
| મ | ગ | જ | | મ | ળ | સ | કું | | | રં | ગ |
| ની | | મે | ઘ | ના | દ | | ભ | વ | સા | ગ | ર |
| | વિ | ન્ટ | ર | | ર | મ | ક | ડા | | | |
| ગ | ત | | ધા | રી | | ક | ર્ણ | | ભા | | |
| પ | ર | પો | ટી | | ખી | ર | | ઘ | ન | ઘો | ર |
| સ | ક | ળ | | ભા | | બો | | ડી | | ડા | ક |
| પ | | | ચા | ત | ક | | ર | | | ગા | મ |
| | ખા | ખ | રો | | પ | દ | મ | ની | | ડી | |
| | ન | બ | ળી | | ર | મ | ણી | ય | | | |
| વે | પા | ર | | કા | કા | | ક | ત | લ | ખા | નું |
| ધ | ન | | અ | ર | બી | | | ક્ષ | ત્રી | | |

*જુલાઈ-૨૦૨૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૨૦ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા ચંદ્રકાંત શાહ – અમદાવાદ
૨. ફાલ્ગુની ડી. શાહ – અમદાવાદ
૩. શાંતિલાલ રામજી લાલકા – હુબલી (કર્ણાટક)
૪. દમયંતી દિલીપ દંડ – અમદાવાદ
૫. તૃપ્તિ વસંત સાવલા – અમદાવાદ
૬. મહેન્દ્ર ડી. પૂજ – અમદાવાદ
૭. પ્રવીણ જે. દંડ – અમદાવાદ
૮. નયના જય ગોગરી – અમદાવાદ
૯. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૧૦. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૧૧. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૧૨. કંચનબેન વાડીલાલ મોરબીયા – ભુજ (કચ્છ)
૧૩. ઈલા નરેશ અંતાણી – ભુજ (કચ્છ)
૧૪. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૧૫. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૧૬. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૧૭. હસમુખ દામજી દેઢિયા – અડાલજ, અમદાવાદ
૧૮. અરવિંદ જયંતિલાલ મારૂ – બોપલ, અમદાવાદ
૧૯. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૨૦. હંસકુમાર લક્ષ્મીચંદ છેડા – મુંબઈ
૨૧. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ
૨૨. ધનલક્ષ્મી કિશોર શાહ – મુંબઈ
૨૩. મિતેશ જયંતિલાલ દેઢિયા – અમદાવાદ
૨૪. પુષ્પા વિશનજી દેઢિયા – મુંબઈ
૨૫. રોનક એમ. શાહ – અમદાવાદ
૨૬. ઉષા બી. સંઘવી – રાઉરકેલા (ઓરીસ્સા)
૨૭. રીદ્ધિ આશિષ પરીખ – બોપલ, અમદાવાદ
૨૮. જ્યોતિ ખુશાલ ગડા – અમદાવાદ
૨૯. લક્ષ્મી મહેશકુમાર ખત્રી – અમદાવાદ
૩૦. જયશ્રી મોહન સાવલા – અમદાવાદ
૩૧. નવલ શીવજી નીશર – સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં ત્રણ વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા :***

(૧) તૃપ્તિ વસંત સાવલા – અમદાવાદ
(૨) રોનક એમ. શાહ – અમદાવાદ
(૩) લક્ષ્મી મહેશકુમાર ખત્રી – અમદાવાદ

---

**જુલાઈ-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૭૮ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૨. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૩. મહેન્દ્ર ડી. પૂજ – અમદાવાદ
૪. મિલન પદમશી શાહ (ગોસર) – અમદાવાદ
૫. નયના ઉદય કારાણી – અમદાવાદ
૬. નયના જય ગોગરી – અમદાવાદ
૭. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૮. વીણા પ્રવીણચંદ્ર વોરા – ગાંધીનગર
૯. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૧૦. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૧૧. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૧૨. હેમલતા હસમુખ દેઢિયા – અડાલજ, અમદાવાદ
૧૩. અરવિંદ જયંતિલાલ ભદ્ર– બોપલ, અમદાવાદ
૧૪. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૧૫. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ
૧૬. ઈંદુબેન મનુભાઈ પટેલ – અમદાવાદ
૧૭. મીનાબેન ડી. ખરીદીયા – અમદાવાદ
૧૮. મિતેશ જયંતિલાલ દેઢિયા – અમદાવાદ
૧૯. પુષ્પા વિશનજી દેઢિયા – મુંબઈ
૨૦. રોનક એમ. શાહ – અમદાવાદ
૨૧. ચંદ્રિકા અશોક શાહ – સુરત
૨૨. ઉષા બી. સંઘવી – રાઉરકેલા (ઓરીસ્સા)
૨૩. આશિષ એન. પરીખ – બોપલ, અમદાવાદ
૨૪. જ્યોતિ ખુશાલ ગડા – અમદાવાદ
૨૫. માનસી શાહ – અમદાવાદ
૨૬. સુશાંત મોહન સાવલા – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર બે વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા :***

(૧) મિલન પદમશી શાહ (ગોસર) – અમદાવાદ
(૨) મિતેશ જયંતિલાલ દેઢિયા – અમદાવાદ

## NanoNine™ Sudoku

જુલાઈ-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૭૮ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ તથા વિજેતાઓના નામ માટે જુઓ

પાના નંબર – ૪૨

પવન એનો એ જ હોય છતાં
એક વહાણ પૂર્વ દિશામાં ગતિ કરે છે,
જ્યારે બીજું પશ્ચિમમાં.
ગતિની દિશા માટે સઢ જવાબદાર છે,
પવન નહીં.
એ જ રીતે જીવનરૂપી વહાણને
મંઝિલે પહોંચાડવા માટે
દૃઢ આત્મબળ જવાબદાર છે,
બાહ્ય પરિબળો નહીં.

★

શરીર પર લાગેલા ઘા થોડા દિવસમાં રૂઝાઈ જાય છે. પરંતુ શબ્દોના ઘા ક્યારેય રૂઝાતા નથી.

★

મુશ્કેલી એ નથી કે કોઈ આપણને ઓળખતું નથી, મુશ્કેલી એ છે કે આપણે પોતાની જાતને કેમ ઓળખી નથી શકતા.

★

ઈચ્છાઓનો ક્યારેય અંત નથી આવતો. જો તમારી એક ઈચ્છા પૂરી થાય તો બીજી ઈચ્છા જન્મ લઈ જ લે છે.

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૮૦ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૦૯-૨૦૨૫ સુધીમાં મોકલી આપવા વિનંતી.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________ ફોન/મોબાઈલ : ______________

### ક્રમાંક - ૧૧૮૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | 9 | | | | | 5 | 6 |
| | | | 8 | 2 | | 9 | 1 | |
| 8 | | 6 | | 5 | 9 | | 4 | 3 |
| 7 | | 1 | | | 5 | | 9 | 8 |
| 6 | | 2 | 3 | 9 | 8 | 1 | | 4 |
| | 9 | | 6 | | | | | 2 |
| 9 | 2 | | | 6 | | 4 | | 5 |
| | 6 | 7 | | 8 | 4 | | | |
| 1 | 8 | | | | | 7 | | 9 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | | | 5 | | 9 | 4 |
| 9 | 5 | 2 | | | 8 | 1 | | |
| | | | | 1 | 3 | | 5 | |
| 8 | | 3 | 5 | 7 | | 4 | 1 | |
| | 4 | | 3 | | 1 | | 6 | |
| | 1 | 9 | | 8 | 6 | 5 | | 3 |
| | 3 | 8 | 1 | 5 | | 9 | | |
| | 2 | | | | | 3 | 4 | 1 |
| 1 | 9 | | 2 | | 4 | | | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 8 | | 2 | 9 | | 1 | | 3 |
| | 2 | 4 | 1 | | 3 | | 9 | |
| | 9 | | | 4 | | 6 | | 5 |
| 8 | | 9 | 6 | 2 | | | | 1 |
| | | 6 | 5 | | 1 | 9 | | |
| | | 1 | | 8 | 9 | 4 | | 6 |
| 7 | | | | 3 | | | 1 | 4 |
| | 3 | | 7 | | 2 | | 6 | |
| 9 | | 2 | 4 | | 6 | 8 | 3 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 8 | 2 | 7 | 1 |
| 6 | | | 3 | 7 | | 9 | | |
| | 7 | 8 | 5 | | 1 | | 3 | |
| | 1 | | | 8 | | 7 | | 2 |
| | 6 | | 1 | 3 | 2 | | 9 | |
| 8 | | 2 | | 9 | | | 1 | |
| | 9 | | 8 | | 7 | 3 | 4 | |
| | | 6 | | 5 | 3 | | | |
| 1 | 8 | 3 | 6 | | | 5 | 2 | 7 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૭૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 9 | 1 | 3 | 2 | 5 | 7 | 4 | 8 |
| 5 | 3 | 4 | 7 | 6 | 8 | 1 | 2 | 9 |
| 7 | 2 | 8 | 9 | 4 | 1 | 6 | 3 | 5 |
| 9 | 5 | 2 | 6 | 3 | 4 | 8 | 1 | 7 |
| 8 | 4 | 6 | 5 | 1 | 7 | 2 | 9 | 3 |
| 3 | 1 | 7 | 8 | 9 | 2 | 4 | 5 | 6 |
| 1 | 6 | 5 | 2 | 8 | 9 | 3 | 7 | 4 |
| 4 | 8 | 9 | 1 | 7 | 3 | 5 | 6 | 2 |
| 2 | 7 | 3 | 4 | 5 | 6 | 9 | 8 | 1 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 6 | 5 | 1 | 2 | 7 | 4 | 9 | 8 |
| 2 | 4 | 8 | 6 | 9 | 5 | 1 | 3 | 7 |
| 1 | 9 | 7 | 3 | 4 | 8 | 2 | 6 | 5 |
| 6 | 8 | 1 | 5 | 7 | 3 | 9 | 2 | 4 |
| 5 | 2 | 9 | 8 | 6 | 4 | 7 | 1 | 3 |
| 7 | 3 | 4 | 9 | 1 | 2 | 5 | 8 | 6 |
| 4 | 1 | 3 | 7 | 8 | 9 | 6 | 5 | 2 |
| 9 | 5 | 2 | 4 | 3 | 6 | 8 | 7 | 1 |
| 8 | 7 | 6 | 2 | 5 | 1 | 3 | 4 | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 7 | 3 | 1 | 2 | 9 | 8 | 6 | 4 |
| 8 | 1 | 4 | 6 | 5 | 3 | 7 | 9 | 2 |
| 2 | 6 | 9 | 8 | 4 | 7 | 1 | 3 | 5 |
| 3 | 8 | 6 | 7 | 1 | 4 | 2 | 5 | 9 |
| 4 | 2 | 1 | 9 | 8 | 5 | 6 | 7 | 3 |
| 7 | 9 | 5 | 3 | 6 | 2 | 4 | 8 | 1 |
| 9 | 3 | 2 | 4 | 7 | 8 | 5 | 1 | 6 |
| 1 | 5 | 7 | 2 | 3 | 6 | 9 | 4 | 8 |
| 6 | 4 | 8 | 5 | 9 | 1 | 3 | 2 | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 8 | 9 | 4 | 3 | 2 | 1 | 5 |
| 1 | 3 | 4 | 2 | 5 | 7 | 8 | 6 | 9 |
| 2 | 9 | 5 | 1 | 8 | 6 | 4 | 3 | 7 |
| 7 | 2 | 6 | 3 | 9 | 4 | 5 | 8 | 1 |
| 3 | 5 | 9 | 6 | 1 | 8 | 7 | 2 | 4 |
| 4 | 8 | 1 | 5 | 7 | 2 | 3 | 9 | 6 |
| 5 | 6 | 7 | 8 | 3 | 9 | 1 | 4 | 2 |
| 9 | 4 | 3 | 7 | 2 | 1 | 6 | 5 | 8 |
| 8 | 1 | 2 | 4 | 6 | 5 | 9 | 7 | 3 |

Nano 9 kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# પ્રતિભાવ

### 'મંગલ મંદિર' હવે બુલેટ ટ્રેનની જેમ હરણફાળ ભરે છે

મંગલ મંદિરે ૫૦ વર્ષ પૂરા કરતાં તેને ગોલ્ડન જ્યુબિલી કહી શકાય. મંગલ મંદિરનું મુખપૃષ્ઠ આ સાફલ્યગાથાને આવકારે છે. તંત્રી લેખમાં 'મંગલ મંદિર'ના ૫૦ વર્ષનો ઇતિહાસ તથા સમગ્ર સમયગાળામાં નોંધપાત્ર ફાળો આપનાર તંત્રી મંડળના સભ્યો, લેખકશ્રીઓ, પ્રકાશન અંગે સંકળાયેલ સ્ટાફની કામગીરીથી મંગલ મંદિર એકદમ સમૃદ્ધ બન્યું છે તેમ કહી શકાય. તેની સાથે સમાજની સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ પણ વધારી રહી છે. સંસ્થાનું શરૂઆતમાં વાર્ષિક ટર્નઓવર ૧૫-૨૦-૨૫ હજારનું હતું તે વધી અત્યારે રૂપિયા ૧૬ કરોડની આસપાસ તથા અસ્ક્યામતો રૂપિયા ૫૦ કરોડથી વધુ છે, જાણી આનંદ તથા ગૌરવ થાય છે. 'મંગલ મંદિર'ના શુભેચ્છા સંદેશાઓ તંત્રી મંડળના સભ્યો તથા લેખકોને પ્રોત્સાહન પૂરું પાડે છે. શ્રી પ્રભુલાલ કે. સંઘવીના 'માળા નવકારવાળી ૧૦૮ મણકા શા માટે?' લેખમાં ૧૦૮ અંકનું મહત્ત્વ સુંદર રીતે સમજાવેલ છે. જૂન ૨૦૨૫ દરમિયાન સમાજના વિવિધ કેન્દ્રો ખાતે સેવાઓનો લાભ લેનાર કુલ ૩૪૭૬૯ વ્યક્તિઓ છે, જે સમાજની નોંધપાત્ર કામગીરીના બોલતા આંકડા છે. અતીતના ઓવારેથી કોલમમાં અદાણી પોર્ટ લિમિટેડના ચેરમેન શ્રી ગૌતમભાઈ અદાણી સાથેની પ્રશ્નોત્તરીમાં મુંદ્રા પોર્ટ સંબંધી ઘણી જાણકારી પ્રાપ્ત થાય છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની દૈનિક ડાયરી વાંચતા જ ખબર પડે કે કાર્યકરો સતત કેટલું દોડતા રહે છે અને દરેક સેન્ટરમાં થતી પ્રવૃત્તિઓ પારદર્શક રીતે જોઈ શકાય છે.

ચૌલા કુરૂવાની કોલમ દેશ-વિદેશમાં વિવિધ વિષયોના સમાચારોની ઝલક જોવા મળે છે. રસીક ખીમજી મહેતાના જ્ઞાન-વિજ્ઞાન વૈજ્ઞાનિક માહિતી લેખમાળામાં ઇલેક્ટ્રિક કાર કેવી રીતે ચાલે છે? હાઇડ્રોલિક સિસ્ટમ તથા અજાયબ જળચર જીવોની જાણકારી વાંચવામાં આનંદ થયો. ડૉ. આશિષ ચોક્સીની લેખમાળા 'પ્રેરણાત્મક પ્રસંગો'માં તત્કાલિન અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકનનો પ્રસંગ સુંદર સંદેશ આપે છે. સ્વાધીનતા સંગ્રામની શ્રેણીમાં તાત્યા ટોપેની કથા રોચક છે. અંગ્રેજ ઇતિહાસકારો જેને ઇ.સ. ૧૮૫૭નો બળવો કહેતા, તે હકીકતમાં સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રથમ લડત હતી. જેમાં તાત્યા ટોપે સક્રિય હતા. એરિસ્ટોક્રેટ્સ શ્રેણીમાં ઓસવાલ શ્રેષ્ઠી ભૈંસા શાહ તથા પ્રેમચંદ શેઠની શિક્ષણ ક્ષેત્રમાં મોટી રકમના દાન કરી સમાજસેવાનું શ્રેષ્ઠ કાર્ય કરેલ છે તે હકીકત જાણવા મળે છે. ભાલચંદ્ર જાનીનો 'મંદિરો અને બેંકો પાસે અધધ સોનું' લેખમાં વિવિધ હકીકત તથા આંકડાઓ વિસ્મયજનક છે. ડૉ. મિહિર એમ. વોરાએ ચિનાબ રેલવે બ્રિજ અંગે તેની લાક્ષણિકતાઓ સુંદર દર્શાવી છે. પ્રો. પ્રવીણચંદ્ર ઠક્કરના વિદ્યાર્થી જીવનના સફળતાના માપદંડોમાં અબ્દુલ કલામ, ધીરૂભાઈ ઇંબાણી તથા શ્રી અર્જુનભાઈ ગોવાણીના દૃષ્ટાંતોથી સુંદર સંદેશો આપેલો છે. તીર્થ દર્શન શ્રેણીમાં શ્રી સમેતશિખર તીર્થ તથા શ્રી પાવાપુરી તીર્થનો ઇતિહાસ, મહત્ત્વ વિગતવાર દર્શાવેલ છે. 'મંગલ મંદિર'માં તમામ વયના લોકોને ગમે તેવું સાહિત્ય રજૂ થાય છે. 'મંગલ મંદિર' હવે બુલેટ ટ્રેનની જેમ હરણફાળ ભરી રહ્યું છે.

***અશોક વી. શાહ - ગાંધીનગર***
***મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯***

★

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતેના ડાયાલિસિસ સેન્ટર ખાતે PMJAY યોજના અંતર્ગત જે કાર્ય થઈ રહ્યું છે તે ખરેખર ખૂબ જ સારી રીતે થાય છે. કિડની ડાયાલિસિસ સ્ટાફ ખૂબ જ સારો છે તથા નાસ્તો સમયે મળે છે.

પૂરા સમયનું ડાયાલિસિસ થાય છે. ડાયાલિસિસ દીઠ જે રકમ રૂા. ૩૦૦/- પ્રાપ્ત થવી જોઈએ તે પણ સમયસર મળી જાય છે. સ્ટાફ પણ ખૂબ જ સરસ અને માયાળુ છે. ઉપરોક્ત બાબતમાં કોઈ ફરિયાદ નથી.

***સુબોધચંદ્ર રમણિકલાલ શાહ - અમદાવાદ***
***મો. ૯૮૯૮૦ ૮૬૫૫૫***

★

**मैं ललितकुमार आपकी संस्था धीरजलाल टोकरशी कापडिया डायालिसिस सेन्टरमें ५ वर्ष से डायालिसिस करवा रहा हूं. आपके सेन्टर में सेवा और समर्पण से कार्य बहुत अच्छा लगा. यहां कर्मचारीयों का व्यवहार एवं वाणी बहुत अच्छी लगी. इसी तरह कार्य करते रहो और तरक्की करते रहो...**

*ललितकुमार • मो. ११११३ ८२११०*

---

### અન્ય સંસ્થાના સમાચાર

**(અનુસંધાન : પાના નં. – ૪૫ ઉપરથી ચાલુ)**

હાથમાં ધ્વજ સાથે બાળકોએ ભારત માતાનો જયઘોષ કરેલ હતો અને ભારતીય જૈન સંગઠનના સ્થાપક પ્રમુખ શ્રી શાંતિલાલ મુઠ્ઠાના જન્મ દિવસ નિમિત્તે ધોરણ ૩ થી કરી અને ૧૨મા ધોરણ સુધીના ૬૫ જેટલા બાળકોને સ્ટેશનરી વિતરણ અને કેડબરી આપવામાં આવેલ હતી.

પ્રમુખ ગીતા પારેખે જણાવેલ કે બાળકોના મુખ પર પ્રેમ અને સ્મિત જોઈને ઉજવણી સાર્થક થઈ ગઈ.

આ ફંડ ભારતીય જૈન સંગઠન લેડીસ વિંગના સભ્યોએ સાથે મળીને કરેલ. મંત્રી મનીષા મોરબીયાએ બધા બાળકોને પ્રોત્સાહિત કરેલ હતા. કારોબારી સભ્ય દીપા શાહે વ્યવસ્થા સંભાળેલ હતી. ■

# અન્ય સંસ્થાના સમાચાર

## સર્વ સેવા સંઘ સહકારી તંત્ર સાથે સહભાગી બની મુંદ્રા તાલુકામાં ૧૫૦ પેટા ટીચરોની હંગામી નિયુક્તિ કરશે

*સ્થાનિક ઉમેદવારોને પ્રથમ પસંદગી. બાળકોનું મનોબળ વધુ મજબૂત બનશે. સરકારી ભરતી પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે તે દરમિયાન પ્રથમ સત્ર સુધી નિયુક્તિ.*

શ્રી સર્વ સેવા સંઘ દ્વારા મુંદ્રા તાલુકામાં 'જ્ઞાન જ્યોતિ યોજના' હેઠળ શૈક્ષણિક અભિયાન હાથ ધરાયું છે. આ અંગે વધુ વિગતો આપતા સંસ્થાના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું કે, સંસ્થાના મુખ્ય સૂત્રધાર અને તેમના દિવંગત પિતા તારાચંદભાઈ છેડાએ મહાજન પરંપરાને જીવંત રાખી સરકાર અને વહીવટી તંત્ર સાથે મળી હંમેશાં લોક ઉપયોગી કાર્યો કર્યા હતા. તેમના નિધન બાદ સંસ્થાના સૌ ટ્રસ્ટીઓ સાથે મળી પોતે પણ એ જ સેવાકીય પથ ઉપર આગળ વધવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. વરસાદ ખેંચાયો ત્યારે મૂંગા પશુઓ માટે નીરણ કેન્દ્રો, અતિવૃષ્ટિ વાવાઝોડાના સમયે ફૂડ પેકેટ, મુંદ્રા તાલુકાના તમામ ગામોમાં સ્વચ્છતા અભિયાન હેઠળ ગામ સફાઈના કાર્યો તેમણે સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. હાલમાં જ્યારે સરકાર દ્વારા કચ્છમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે ત્યારે વચ્ચેના સમયગાળામાં સરકાર અને તંત્ર સાથે સહભાગી બની મુંદ્રા તાલુકામાં પેરા ટીચરોની નિયુક્તિ સંસ્થાના ખર્ચે કરવાનો નિર્ણય કરાયો છે. સ્થાનિક ઉમેદવારોને અગ્રતા અપાશે એવું કહેતા શ્રી છેડાએ ઉમેર્યું હતું કે, આ પ્રયાસ થકી પ્રથમ સત્રની પરીક્ષા સુધીમાં બાળકોનું મનોબળ વધુ મજબૂત બનશે. વિગતવાર માહિતી આપતા સંસ્થાના મંત્રી મુકેશભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે, 'જ્ઞાન જ્યોતિ યોજના' પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક માટે હાલ પ્રથમ સત્ર સુધી જ ૧૫૦ શિક્ષકોની નિયુક્તિ કરાશે.

તદ્દન હંગામી ધોરણે કરાર આધારિત આ નિયુક્તિ હશે પણ ટીચરને માસિક ૯ હજારનું માનદ્ વેતન અપાશે. ઉમેદવારોની ઉંમર, શૈક્ષણિક લાયકાત સરકારી ધારાધોરણ મુજબ હશે એમને નિયુક્તિમાં અગ્રતા અપાશે. જો આવા ઉમેદવાર નહીં મળે તો ગ્રેજ્યુએટ ઉમેદવારની પસંદગી કરાશે. નિયુક્તિ અને ફરજ બાબતે અંતિમ નિર્ણય સંસ્થાનો રહેશે.

આ બાબતે શ્રી મુળજીભાઈ મીંઢાણી અને ભાવેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે કચ્છની શાળાઓમાં શિક્ષકોની ઘટ છે જેના કારણે શિક્ષણ કાર્ય ઉપર ગંભીર અસર પડી રહી છે ત્યારે શિક્ષકોના અભાવે શિક્ષણ કાર્ય ખોરવાય નહીં અને વિદ્યાર્થીઓના ભવિષ્ય ઉપર કોઈ અસર ન પડે તે માટે વિદ્યાર્થીઓના હિતમાં શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ આ યોજના હેઠળ ગામના જ શિક્ષિત યુવાનો અને યુવતીઓ આગળ આવી આ યોજના હેઠળ ગામના વિદ્યાર્થીઓને શિક્ષણ આપી શિક્ષિત રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપી શકશે.

## ભારતીય જૈન સંગઠન લેડીઝ વિંગ - ભુજ

ભારતીય જૈન સંગઠન લેડીઝ વિંગ - ભુજ દ્વારા રક્ષાબંધન નિમિત્તે 'કુછ મીઠા હો જાયે...' સ્વિટ કોમ્પિટીશન રાખવામાં આવેલી. તેમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધેલ હતો.

પ્રમુખ ગીતા પારેખે જણાવેલ કે સ્ત્રીઓની ૬૪ કળામાંની એક એટલે રસોઈ કળા. આ રસોઈ કળાને પ્રોત્સાહિત કરવા માટે અને બહેનો નવું નવું શીખી અને આગળ વધે એ માટે આ હરીફાઈ રાખવામાં આવેલ હતી.

એમાં ટોપ થ્રી વિજેતા પ્રવીણાબેન ભાભેરા, શીતલબેન ઝવેરી અને સુશીલાબેન ખંડોળ વિજેતા જાહેર થયેલ હતા..

મહામંત્રી ફાલ્ગુની પારેખે બધા વિજેતાને અભિનંદન પાઠવેલ હતા. આ પ્રોજેક્ટના ચેરપર્સન મનીષાબેન મોરબીયા અને મયૂરી દોશી રહેલ હતા. પ્રોજેક્ટને સફળ બનાવવા સર્વે કારોબારી સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

★ ભારતીય જૈન સંગઠન લેડીઝ વિંગ - ભુજ દ્વારા ફ્રેન્ડશિપ ડે નિમિત્તે પ્રમુખ ગીતાબેન પારેખના માર્ગદશન હેઠળ અનોખી ઉજવણી કરવામાં આવેલ હતી..

ગ્રુપની બહેનો દ્વારા ફ્રેન્ડશિપ ડે મોજમજા સાથે ઉજવવાના બદલે ફંડ એકત્ર કરીને પપ્પી કડલસ ખાતે ઘાયલ અને માંદા શ્વાનની સારવાર માટે દાન આપેલ હતું અને ઘાયલ શ્વાનને શાતા મળે એ માટે નવકાર મહામંત્રની પ્રાર્થના કરવામાં આવી હતી.

પ્રમુખ ગીતા પારેખ દ્વારા જણાવવામાં આવેલ કે કોઈ પણ ડે ખાલી મોજમજા સાથે ઉજવવાના બદલે સાથે કોઈ પણ જીવદયા અને માનવસેવાની પ્રવૃત્તિ કરવાથી અનેરો આત્મસંતોષ મળે છે. જીવદયા ફંડ માટેના અનેક દાતા બહેનો હાજર રહ્યા હતા. વ્યવસ્થામાં મહામંત્રી ફાલ્ગુની પારેખ, મંત્રી મનીષા મોરબીયા, ઉપપ્રમુખ પ્રીતિ શેઠ તથા કારોબારી સભ્યો હાજર રહ્યા હતા.

★ ભારતીય જૈન સંગઠન લેડીઝ વિંગ દ્વારા પંદરમી ઓગસ્ટની અનોખી ઉજવણી સ્લમ વિસ્તારના બાળકો સાથે કરવામાં આવેલ હતી. બધા જ બાળકોને ધ્વજ વિતરણ કરવામાં આવેલ હતા.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૪ ઉપર)**

# જૈન ધર્મ

ચંદ્રકાંત બક્ષી

જૈન ધર્મ વિજ્ઞાન અને તર્કના પાયા ઉપર ઊભો છે. એ કદાચ એક કારણ છે કે કાળના પ્રવાહો સામે એ આજ સુધી સ્વસ્થતાથી જીવી શક્યો છે અને જીવે છે

જૈનોની શાખા-પ્રશાખાઓ હિંદુઓ જેવી નથી. પણ મુંબઈના કોઈ પણ ગુજરાતી દૈનિક વર્તમાનપત્રની મૃત્યુનોંધો જોવાથી એનો થોડો ખ્યાલ આવી શકે છે. ઓસવાલ પોતાને ક્ષત્રિય કુળના ગણે છે. કચ્છમાં એમની ઘણી વસ્તી છે. જે ધર્મ વર્ણભેદના વિરોધરૂપે જન્મ્યો હતો. એમાં હવે પોતાના જ ભેદભાવ જન્મી ચૂક્યા છે અને એ સ્વાભાવિક છે. હિંદુસ્તાનમાં શીખો અને ખ્રિસ્તીઓમાં પણ અસ્પૃશ્યો છે. પણ જેનોમાં અસ્પૃશ્યો નથી એ એક બહુ મોટી વાત છે....

નવકારમંત્ર જૈન ધર્મના પાયામાં છે. નમસ્કાર મહામંત્રમાંથી નમ કારમંત્ર બન્યો, એમાંથી 'નવકારમંત્ર' શબ્દ આવ્યો. આને નવના આંકડા સાથે સંબંધ નથી. ભમરામાંથી 'ભંવરા' કે કમલમાંથી 'કંવલ'ની જેમ 'મ' અક્ષર 'વ'માં કાળક્રમે બદલાઈ ગયો. આ ધર્મ ચોક્સાઈ પર કેટલો ભાર મૂકે છે અને કેટલો તર્કશુદ્ધ છે એ માટે એક દષ્ટાંત જોવા જેવું છે. પ્રથમ પાંચ મંત્રો પછી આવે છેઃ 'એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો' અર્થાત્ આ પાંચ મંત્રો, સર્વે પાપોનો નાશ કરે છે. અહીં જે 'પણાસણો' શબ્દ છે એ સંસ્કૃત 'પ્રનાશ'નું અર્ધમાગધી સ્વરૂપ છે. માત્ર પાપના નાશની વાત નથી પણ પાપનો પ્રનાશ થાય છે. છાણાં બાળીને અને એની રાખ થઈ જાય એટલે કહેવાય કે છાણાંનો નાશ થયો, પણ એ રાખ જ્યારે ઊડી જાય ત્યારે કહી શકાય કે હવે છાણાંનો પ્રનાશ થયો! માત્ર પાપના નાશથી જ સંતોષ નથી. એની રાખ ઊડી જવી જોઈએ. વિચારોની આટલી શુદ્ધતા અને તર્ક પછીનો ધારદાર વિતર્ક એ જૈન ધર્મની ખાસિયત છે.

જૈનો કોઈ જાતિ કે પેટાજાતિ નથી પણ ધર્મપરાયણ પ્રજા છે. જૈન શબ્દ પણ પાટીદારની જેમ હોદ્દાવાચક કે નાગરની જેમ જાતિવાચક નથી. કોઈ સરકાર કે પ્રતિષ્ઠાને એમને આ નામ આપ્યું નથી, પણ પ્રજાએ પોતે પોતાના માટે આ નામ સ્વીકાર્યું છે. ધર્મ, કર્મ, માન્યતાઓ, ખાવા કે ન ખાવાના નિયમો, વ્યવહાર આદિમાં એમની પાસે હજારો વર્ષ જૂની પ્રણાલિકાઓ છે. એ કોઈ માતા કે ઈશ્વરમાં માનતા નથી, પણ તીર્થંકર, અરિહંત સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ વગેરે ઊંચી અને ઊંચી આધ્યાત્મિક સ્થિતિઓની એમની પાસે એક ભૂમિકા છે. જ્યાં માણસ પોતે જ ઈન્દ્રિયદમન અને તપસ્યા કરીને મોટો બની શકે છે. જૈન ધર્મ વિજ્ઞાન અને તર્કના પાયા ઉપર ઊભો છે. એ કદાચ એક કારણ છે કે કાળના પ્રવાહો સામે એ આજ સુધી સ્વસ્થતાથી જીવી શક્યો છે અને જીવે છે.

જૈનોએ આપેલી પ્રતિભાઓની યાદી કરવી હોય તો આ જ કદનો બીજો એક લેખ ઓછો પડે! પણ થોડાં નામો એમની પ્રવૃત્તિઓની વિવિધતા સમજવા માટે ગણાવી શકાય. ધર્મની દુનિયામાં કેટલાંય મોટાં નામોનો ઈતિહાસ સાક્ષી છે. મધ્યયુગમાં હેમચંદ્રાચાર્યનું નામ સૂર્યની જેમ પ્રકાશે છે. અકબરના જમાનામાં હીરવિજયસૂરિને શાહી દરબારમાં આમંત્રણ મળ્યું હતું અને એમને 'જગદગુરૂ'ની ઉપાધિ અપાઈ હતી. એમના પ્રયત્નોને કારણે અકબરે માંસાહારનો ત્યાગ કર્યો હતો. પછી તો કેટલાય વિચારકો અને વિદ્વાન સૂરીઓ આવતા ગયા. આપણા જમાનામાં શ્રીમદ્ રાજચંદ્ર સુપ્રસિદ્ધ છે. ગાંધીજીને ખ્રિસ્તી થતાં અટકાવનાર શ્રીમદ્ હતા એવી પણ એક વાત છે. આજના ભારતના એક સુખ્યાત કે કુખ્યાત પણ અત્યંત મેધાવી વિચારક પણ જૈન છે - આચાર્ય (હવે ભગવાન) રજનીશ! પણ એ મધ્ય પ્રદેશના છે. મધ્યયુગનું એક બહુ મોટું નામ આનંદઘનજી! એમના સમયના મહાન નૈયાયિક યશોવિજયજી. આ સિવાય આપણા સમયમાં 'પંજાબકેસરી' કહેવાતા વલ્લભસૂરિ અને એમના પ્રતિસ્પર્ધી રામસૂરિ જૈનદર્શનના બે સ્થંભો સમાન હતા. આ સિવાય આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા આત્મરામજી, કાશીવાળા વિજયધર્મસૂરિ અને પુણ્યવિજયજી, હમણાંના દિવસો તરફ આવીએ તો મુનિ સંતબાલા અને એક જરા ચર્ચાસ્પદ અને ચટપટું નામ - મુનિ ચિત્રભાનુ, જે અમેરિકામાં જૈન ધર્મ ભણાવવા સિવાય પણ પ્રવૃત્તિઓ કરે છે...! અને જૈનોના કાનજી સ્વામીને કોણ ઓળખતું નથી...?

ઈતિહાસ પ્રસિદ્ધ આબુનાં મંદિરો બનાવનારા મંત્રીઓ વિમલ શાહ અને વસ્તુપાલ-તેજપાળ તથા રાણા પ્રતાપના મુખ્ય મંત્રી ભામાશાહ જૈન હતા. ગુજરાતના ઈતિહાસના સુવર્ણયુગ જેવા સોલંકીકાળમાં જૈનોનું વર્ચસ્વ હતું. તત્કાલીન ગુજરાતી ઈતિહાસ પણ એમની પાસેથી જ મળે છે. ગુજરાતના એક પ્રખર વિદ્વાન પંડિત સુખલાલજી અંધ હતા, પણ એમના મુકાબલાની પ્રતિભા ભાગ્યે જ પેદા થઈ છે. જેમને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા મળી છે એવા જૈન ભાષાશાસ્ત્રી પ્રબોધ

પંડિત હતા......

કુંવરજી આણંદજી જૈન ધર્મના પ્રકાંડ શાસ્ત્રજ્ઞ હતા. એમના પુત્ર પરમાનંદજી કુંવરજી કાપડિયા 'પ્રબુદ્ધ જીવન' (પહેલાં પ્રબુદ્ધ જૈન) સાથે સંકળાયેલા હતા, સમાજનેતા હતા. એમના જ પિતરાઈ મૂળ ભાવનગરના મોતીચંદ કાપડિયાએ મહાવીર જૈન વિદ્યાલયો સ્થાપ્યાં, જેને કારણે જૈન સમાજને પ્રથમ કક્ષાના પ્રોફેસરો, ડૉક્ટરો, અભ્યાસીઓ મળ્યા! ગઈ સદીમાં પ્રખ્યાત શેઠ મોતીચંદ ઉર્ફે મોતી શાહ થઈ ગયા જે લવજી વાડિયાના મુકાબલાના જહાજમાલિક હતા. દુનિયાભરમાં ધંધો કરતા તારાચંદ મોતીચંદ ચિનાઈ ચીની ભાષા ભણ્યા હતા. ચીનની મુસાફરી કરનારા પ્રથમ જૈન ગૃહસ્થ હતા અને જૈનોએ જેમને માટે ખરેખર ગર્વ લેવો જોઈએ એવો એક શાહ-સૌદાગર મર્દ ખેલાડી જે એ જમાનામાં કરોડી કમાયો, કરોડો ખોયા, મુંબઈનું આખું 'રેક્લેમેશન' કર્યું. મુંબઈના રાજા, દુનિયાનાં રૂ બજારોને ધ્રુજાવનારો સુરતનો જૈન સપૂત - પ્રેમચંદ રાયચંદ. મુંબઈએ અને કદાચ હિંદુસ્તાને આવી શેરદિલ અને ભડવીર માણસ જોયો નથી. બહાર ગેટ (બઝાર ગેટ)ના જૈન કુટુંબોને સામાયિક-પ્રતિક્રમણ કરવામાં સમય જોવાની તકલીફ પડે છે માટે માતા રાજબાઈએ એક ટાવર બાંધવાનું સૂચન કરતાં પ્રેમચંદ રાયચંદે મુંબઈનો વિશ્વવિખ્યાત રાજાબાઈ ટાવર બંધાવ્યો હતો...

ગઈ સદીમાં સ્વામી વિવેકાનંદ ગયા હતા એ અમેરિકાની શિકાગો વિશ્વધર્મ પરિષદમાં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે જઈને વીરચંદ રાઘવજી ગાંધીએ વિદેશોમાં પ્રથમ વાર જૈન ધર્મ વિષે વ્યાખ્યાનો આપ્યાં હતાં. યુવાનીમાં અવસાન પામેલા એ પ્રખર જૈન વિદ્વાનને જૈનોએ જ્ઞાતિ બહાર મૂક્યા હતા! જૈનોમાં દાન અને ધર્મ વિદ્વત્તાની સાથે સાથે રહ્યા છે. યશોદેવસૂરિ જૈન શિલ્પસ્થાપત્યના નિષ્ણાત અને તત્વજ્ઞ છે. વિજયધર્મસૂરિની પ્રેરણાથી મૂર્તિપૂજક સમાજમાં કરોડો રૂપિયાનાં દાનનાં કાર્યો થયાં છે. સુરતમાં બે કરોડને ખર્ચે મહાવીર હોસ્પિટલ બનાવનાર દાનવીર જયંતીલાલ રતનચંદ શાહને કેમ ભૂલી શકાય? એક તદ્દન જુદાં ક્ષેત્રમાં એ જૈન મશહૂર થયા હતા નથ્થુમંછા જાદુગર હતા......!

અમદાવાદના વિખ્યાત જૈન પરિવારની વાત કર્યા વિના સૂચિ અધૂરી રહી જાય! મૂળ સ્થાપક શાંતિદાસ શેઠ, એમના જ પરિવારમાં એક પુત્રના વંશવૃક્ષમાં હેમાભાઈ અને એમના પુત્ર પ્રેમાભાઈ થયા. બીજી લાઈનમાં થયેલા લાલભાઈ અને એમના યશસ્વી પુત્ર (અને હવે સ્વર્ગસ્થ) કસ્તૂરભાઈને આખું ગુજરાત ઓળખે છે. જૈનમંદિરોની વ્યવસ્થા કરતી 'આણંદજી-કલ્યાણજી'ની પેઢી (આ કોઈ વ્યક્તિઓ નથી પણ આનંદ અને કલ્યાણ એવી ભાવનાઓ છે!)નો વહીવટ પણ લાલભાઈએ કર્યો હતો. હઠીસિંહ કેસરીસિંહ એ બીજો પરિવાર જેમનું હઠીસિંહ દેરું અમદાવાદનું એક દર્શનીય સ્થાન છે. એ પરિવારના રાજા હઠીસિંહ જવાહરલાલ નેહરુની બહેન કૃષ્ણાને પરણ્યા હતા.... સારાભાઈ પરિવારે દેશને ઘણાં નામો આપ્યાં છે. અંબાલાલ સારાભાઈના કાકા ચીમનલાલ નગીનદાસનું સી.એન. વિદ્યાલય મશહૂર છે. એ જ કુટુંબમાં ઈંદુમતી ચીમનલાલ થયા...

ભારતના વિરાટ ઉદ્યોગોમાંથી કેટલાક જૈન છે : વાલચંદ હીરાચંદ, સારાભાઈ, કસ્તૂરભાઈ લાલભાઈ, કામાણી, કિલાચંદ, ચંદેરિયા! ચંદેરિયા પરિવારના ઉદ્યોગો બત્રીસ દેશોમાં છે. ફીટટાઈટ બોલ્ટ-નટ્સ કંપનીના ચેરમેન લાલદાસ જમનાદાસ વોરા અગાઉ મુંબઈના શેરબજારના પ્રમુખ રહી ચૂક્યા છે. મજાની વાત એ છે કે મુંબઈના ધનપતિઓને ધ્રુજાવનાર મજૂર નેતા આર.જે. મહેતા પણ પાલનપુરના લાખોપતિ જૈન ઝવેરી પરિવારના નબીરા છે! જૈનો ઉદ્યોગપતિઓની સાથે સાથે મજદુર નેતા પણ પેદા કરી શકે છે.

જૈન સમાજનું એક પ્રતિષ્ઠિત નામ ચીમનલાલ ચકુભાઈ શાહ. તે મુંબઈ સરકારના સોલિસીટર, લોકસભાના સભ્ય અને યુનોની મહાસમિતિમાં ભારતીય પ્રતિનિધિ મંડળના સભ્ય રહી ચૂક્યા છે. ડૉ. રમણલાલ ચી. શાહ મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ છે અને મધ્યકાલીન જૈન સાહિત્ય તથા તત્ત્વજ્ઞાનના તજજ્ઞ છે. શિક્ષણના ક્ષેત્રમાં એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. મધુરીબહેન શાહ ભારતભરમાં સુવિખ્યાત છે. મુંબઈના બેશુમાર ડૉક્ટરો જૈન છે. એક નામ ડૉ. કે.એન. કામદાર, જેમનું એશિયાના પ્રમુખ રેડિયોલૉજિસ્ટોમાં સ્થાન છે. બાલકૃષ્ણ દોશી ભારતના પ્રમુખ સ્થપતિઓમાં (આર્કિટેક્ટ) ગણાય છે અને અમદાવાદનાં કેટલાંય આધુનિક મકાનો એમના કસબની સાક્ષીરૂપે ઊભાં છે. ડૉ. વિક્રમ સારાભાઈ વિશ્વપ્રસિદ્ધ વૈજ્ઞાનિક હતા અને એમના પરિચયની જરૂર નથી....

અર્થશાસ્ત્રી પ્રો. કે. ટી. શાહ લોકસભાના સભ્ય હતા અને રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ઊભા રહ્યા હતા. વાડીલાલ ડગલી 'કૉમર્સ' પત્રિકાના સંપાદક છે, અર્થશાસ્ત્રી છે. 'જન્મભૂમિ' પત્રોના પ્રાણ જેવા સંપાદક અમૃતલાલ શેઠ જૈન હતા. સર્વ પ્રથમ ગુજરાતી ફિલ્મ સાપ્તાહિક 'ચિત્રપટ' શરૂ કરનાર નગીનલાલ શાહ, 'ગુજરાત સમાચાર'ના તંત્રી

શાંતિલાલ શાહ, 'જયહિંદ'વાળા બાબુભાઈ શાહ, ૯૦ હજાર નકલોની ફેલાવો ધરાવતા 'ફૂલછાબ' દૈનિકના સંપાદક હરસુખ સાંગાણી આ બધા જ ગુજરાતના પત્રકારત્વ પર છવાયેલા છે. આજના ગુજરાતી વિવેચક-વિચારક અને 'ગ્રંથ'ના તંત્રી યશવંત દોશી જૈન છે. રાજનીતિશાસ્ત્રના પંડિત ડૉ. રજની કોઠારી પણ જૈન છે અને સેક્સ વિજ્ઞાનના પંડિત ડૉ. પ્રકાશ કોઠારી પણ જૈન છે. આ દરેક પોતપોતાનાં ક્ષેત્રોમાં શિખર પર છે...! સિનેમાની દુનિયામાં સરદાર ચંદુલાલ એક જ હતા! ફિલ્મ વિતરકોમાં કપૂરચંદ પરિવારનો સિક્કો હતો. કલ્યાણજી અને આણંદજી સંગીતક્ષેત્રે સુપ્રસિદ્ધ છે. ફિલ્મ-ફાઈનાન્સમાં નામ કાઢનાર જી. એન. શાહ પણ જૈન છે. ગુજરાતી નાટકની દુનિયામાં જાનદાર કાંતિ મડિયાના કદમ સાથે કદમ મિલાવીને ચાલનારા ઓછા છે. નાટ્યક્ષેત્રે લાલુ શાહ અને જગદીશ શાહ ગાજતાં નામો છે. નૃત્યની ફિલ્મોની મુખ્ય ગુજરાતી અભિનેત્રી રાગિણી જૈન છે. નૃત્યની ઝિલમિલ દુનિયામાં ઝવેરી બહેનોએ નામ રોશન કર્યું છે અને આજે મલ્લિકા સારાભાઈ પણ ટોચનું નામ છે. હિંદુસ્તાનમાં જાદુની માયાજાળ કાંતિલાલ ઉર્ફે કે. લાલે આવી પાથરી છે કે હવે એ આંતરરાષ્ટ્રીય બની ગઈ છે અને ક્રિકેટના રસિકોને ભારતીય ટેસ્ટ ટીમના સ્પીન બોલર દિલીપ (રસિકભાઈ) દોશીનો પરિચય આપવાનો રહેતો નથી....

સાહિત્યમાં જૈનોએ બહુ મોટાં નામો આપ્યાં છે : વાડીલાલ મોતીલાલ શાહ અને મોહનલાલ ચુનીલાલ ધામી, ચુનીલાલ વર્ધમાન શાહ અને જયભિખ્ખુ આધુનિક ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ કવિ અને ગાંધીજીના શબ્દોમાં 'રાષ્ટ્રીય શાયર' ઝવેરચંદ મેઘાણી જૈન હતા. એમના ભત્રીજા રમણીક મેઘાણીએ બંગાળી સાહિત્યની કૃતિઓના ઉત્તમ અનુવાદો ગુજરાતીને આપ્યા છે. કથાવાર્તામાં ટોચનાં નામો જૈન છે - ચુનીલાલ મડિયા અને ગુલાબદાસ બ્રોકર! લોકપ્રિય કથાકારોમાં રસિક મહેતા બહુ વંચાય છે અને ગઈ પેઢીનું એક નામ – મોહનલાલ મહેતા - સોપાન!

ધર્મમાં કહ્યું છે કે કષાયનો વાસ ચાર જગ્યાએ છે : ક્રોધનો લલાટમાં, માનનો ગરદનમાં, માયાનો હૃદયમાં, લોભનો સર્વ અંગોમાં.....! કદાચ 'મહાજાતિ'નો વાસ જૈનોમાં હશે...

## ન્યુ ઇન્કમ ટેક્સ બીલ

**(અનુસંધાન : પાના નં. – ૬૧ ઉપરથી ચાલુ)**

આ પ્રસ્તાવિત બીલ જુલાઈ ૨૦૨૪ માં રજૂ કરાયેલા વચગાળાના બજેટમાં સરકારની જાહેરાતને અનુસરે છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ની વ્યાપક સમીક્ષા છ મહિનામાં પૂર્ણ કરવામાં આવશે.

આ વર્ષે ૧ ફેબ્રુઆરીના રોજ પોતાના બજેટ ભાષણમાં, સીતારમણે કહ્યું હતું કે, 'સરકારે અગાઉ ભારતીય દંડ સંહિતાને ભારતીય ન્યાય સંહિતાથી બદલી નાખી હતી અને નવું આવકવેરા બીલ ન્યાયની સમાન ભાવનાને આગળ ધપાવશે.'

તેમણે જણાવ્યું હતું કે, આ બીલ પ્રકરણો અને શબ્દો બંનેની દૃષ્ટિએ હાલના કાયદાના કદ કરતાં લગભગ અડધા હશે અને સમજવામાં સરળ હશે. જેનાથી કર નિશ્ચિતતા અને મુકદ્દમામાં ઘટાડો થશે.

જોકે, કર નિષ્ણાતોએ ધ્યાન દોર્યું હતું કે નવા બીલમાં દંડ અથવા પાલનની જોગવાઈઓમાં કોઈ મોટા ફેરફારોનો અભાવ છે; બિનજરૂરી જોગવાઈઓ અને સ્પષ્ટતાઓને દૂર કરીને, તેણે મુખ્યત્વે કાયદાને વધુ સંક્ષિપ્ત બનાવ્યો છે.

સરકારે અગાઉ અનેક વખત આવકવેરા કાયદાને સરળ બનાવવાનો પ્રયાસ કર્યો છે. ૨૦૧૮ માં, નવા પ્રત્યક્ષ કર કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી જેણે ૨૦૧૯માં પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો.

યુપીએ સરકારે ડાયરેક્ટ ટેક્સ કોડ (ડીટીસી)નો પ્રસ્તાવ મૂક્યો હતો અને ૨૦૧૦ માં સંસદમાં એક ડ્રાફ્ટ બીલ રજૂ કરવામાં આવ્યો હતો.

સ્થાયી સમિતિ દ્વારા સમીક્ષા કર્યા પછી, ડ્રાફ્ટને ૨૦૧૨ અને ૨૦૧૪માં બે વાર સુધારવામાં આવ્યો હતો, પરંતુ ૧૫મી લોકસભાના વિસર્જન સાથે તે પૂર્ણ થયો હતો.

નવું બીલ સંસદીય સમિતિ પાસે ગયું છે. ત્યારબાદ તે સરકાર પાસે પાછું આવશે. કોઈપણ પ્રસ્તાવિત સુધારાઓ સામેલ કરવા અંગે નિર્ણય લેવામાં આવ્યા પછી, સરકાર નવા આવકવેરા કાયદાને અમલમાં મૂકવાની તારીખ નક્કી કરી શકે છે.

*સંદર્ભ : વિકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલ, આવક વેરા વિભાગ ભારત સરકારની અધિકૃત લેખની માહિતી*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,***
***વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૮૩

### શ્રી રાજગૃહી તીર્થ
### (શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન)



ભાવિ તીર્થંકર મહારાજા શ્રેણિકની રાજધાની અને તીર્થંકર ભગવાન મહાવીરની ચરણરજથી પવિત્ર બનેલી આ અત્યંત પવિત્ર ભૂમિ છે. અહીં વિપુલાચલ પર્વત પર મૂળનાયક શ્રી મુનિસુવ્રત સ્વામીની શ્યામ વર્ણની ૪૫ સે.મી. ઊંચી પ્રતિમા આવેલી છે. પ્રાચીનકાળમાં આ નગરી ચણકપુર, ઋષભપુર, કુશાગ્રપુર, વસુમતી, પંચશૈલ આદિ નામોથી ઓળખાતી હતી. આ તીર્થની પ્રાચીનતાનો ઇતિહાસ વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામીના સમયથી આરંભાય છે. મુનિસુવ્રત સ્વામીના ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળ જ્ઞાન — એમ ચાર કલ્યાણક આ ભૂમિમાં થયા છે. આ તીર્થ રાજગિર ગામની નજીક છે. આમાં મૂળનાયક શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રાચીન તથા નવી મૂર્તિઓ મળે છે. આગળ પ્રાચીન અને પાછળ નવી મોટી મૂર્તિ છે. દેરાસરની બાંધણી સેરિસાના દેરાસર જેવી છે. શ્રી મહાવીર સ્વામી ભગવાને રાજગૃહીના નાલંદાપાડામાં ચૌદ ચાતુર્માસ કર્યા હતા. મહારાજા શ્રેણિક, અભયકુમાર, નંદિષેણ, પુણિયો શ્રાવક, હલ્લ-વિહલ્લ, મમ્મણ શેઠ, મેતાર્થ, ધન્ના-શાલીભદ્ર, અર્જુનમાલીની આ જન્મભૂમિ છે. આ પાંચ તીર્થમાં રત્નગિરિ પર્વત પર શ્રીચંદ્રપ્રભ ભગવાનની શ્વેત વર્ણની પદમાસનસ્થ પ્રતિમા છે. વિપુલાચલ પર્વત પર મૂળનાયક શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિમા છે તો વૈભારગિરિ પર્વત પર પણ શ્રી મુનિસુવ્રત સ્વામીની શ્વેત વર્ણની પદમાસનસ્થ પ્રતિમા છે જ્યારે ઉદયગિરિ પર્વત પર શ્રી પાર્શ્વનાથ ભગવાનની ચરણપાદુકા અને સ્વર્ણગિરિ પર્વત પર શ્રીઆદિનાથ ભગવાનની ચરણપાદુકા છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## તીર્થ દર્શન-૮૪

### શ્રી અયોધ્યા તીર્થ
### (શ્રી અજિતનાથ ભગવાન)



અયોધ્યા શહેરના કટરા મહોલ્લામાં આવેલા આ તીર્થમાં શ્રી અજિતનાથ ભગવાનની તામ્ર વર્ણની લગભગ ૩૦ સેમી ઊંચી પ્રતિમા છે. જૈનો અને હિંદુઓનું આ પાવન તીર્થસ્થળ છે. અહીં પાંચ તીર્થંકરોના ૧૯ કલ્યાણક થયા છે. આ યુગના પ્રથમ તીર્થંકર એવા શ્રી ઋષભદેવ ભગવાનની આ જન્મભૂમિ છે. આ નગરીનાં ઈક્ષ્વાકુ ભૂમિ, કોશલ, વિનીતા, અવધ્યા, રામપુરી અને સાકેતપુરી જેવાં નામો શાસ્ત્રોમાં મળે છે. આદિશ્વર ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા અને અજિતનાથ ભગવાન, અભિનંદન ભગવાન, શ્રી સુમતિનાથ ભગવાન અને શ્રી અનંતનાથ ભગવાનનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક હોવાનું સદ્ભાગ્ય આ પાવન ભૂમિને મળેલું છે. એવી જ રીતે રાજા ઋષભ પાસેથી જગતને સામાજિક, રાજનૈતિક અને વ્યવહારિક વ્યવસ્થાનો માર્ગ મળેલ છે. ભરતક્ષેત્રના પ્રથમ ચક્રવર્તી ભરતદેવે અયોધ્યાને પોતાના સામ્રાજ્યનું કેન્દ્ર બનાવ્યું. ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધની ચરણરજથી આ ભૂમિ પવિત્ર બનેલી છે. અયોધ્યાનું રામરાજ્ય તો જગવિખ્યાત છે. મહાન પ્રભાવક આ.શ્રી પાદલિપ્તસૂરિ મ.નું આ જન્મસ્થાન છે. ચંદ્રાવતંસ રાજાએ આ ભૂમિ પર કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાનનું મંદિર નવા સ્વાંગમાં શિખર અને ભૂમિગૃહથી શોભી રહ્યું છે. સામે જ સમવસરણ આકારની દેરીમાં ચૌમુખજી બિરાજમાન છે. ખૂણા પરની દેરીઓમાંથી પાદુકા અને બિંબો લાવી અહીં તેમજ મૂળ મંદિરમાં પધરાવ્યા છે. અહીં મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાનના મંદિરમાં વિ.સં. ૧૬૭૧નો પ્રાચીન લેખ મળે છે. ધર્મશાળા અને ભોજનશાળાની વ્યવસ્થા છે. મુખ્ય દેરાસરથી બે કિ.મી.ના અંતરે શ્રી આદેશ્વર દાદાના પાદુકા છે.

## ગુજરાતના દેવીધામે ભાદરવી પૂનમ (૭/૯)નો મેળો
## અંબાજી

ભરત'કુમાર' પ્રા. ઠાકર

ગુજરાતમાં ભવનાથ-તરણેતરના લોકમેળા, જગન્નાથની રથયાત્રા અને દ્વારકાના જન્માષ્ટમી ઉત્સવની જેમ અંબાજીનો મેળો પણ એટલો જ જાણીતો છે, જેમાં ગુજરાત અને દેશભરમાંથી હજારો શ્રદ્ધાળુઓ ઉમટે છે. અહીં દર વર્ષે આસ્થાના મહાકુંભ સમાન ભાદરવી પૂનમનો મહામેળો યોજાય છે. આ વર્ષે તે ૧થી ૭ સપ્ટેમ્બર એમ સપ્તાહભર યોજાઈ રહ્યો છે. ભાદરવી પૂનમ, ૭/૯ (રવિ)ના તેનો ચરમસીમા રૂપ મેળાનો મુખ્ય દિવસ છે.

આદ્યશક્તિ અંબાજીનું યાત્રાધામ ગુજરાતના ઈશાન કોણે, ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લાના પૂર્વ ભાગમાં અને દાંતા તાલુકામાં અરવલ્લીની વિખ્યાત ગિરિમાળા વચ્ચે આવેલ છે. અહીંની ગબ્બર ટેકરી એકાવન શક્તિપીઠોમાં હૃદય સમાન ગણાય છે. દેવી સતીનું હૃદય અહીં પડેલ તેથી તે 'હૃદયપીઠ' કહેવાય છે. તેની કથાઓ ભાગવત, રામાયણ અને તંત્ર ચૂડામણિમાં આલેખાયેલી છે.

### • પીઠ પ્રાગટ્યની જનશ્રુતિ

આરાસુરીદેવીના મંદિર તરીકે પણ જાણીતું અંબાજી પૌરાણિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતું ગુજરાતનું સુપ્રસિદ્ધ યાત્રાધામ છે. ભારતમાં તે દેવીઓની એકાવન શક્તિપીઠો પૈકીનું એક અને અંબાજીદેવીની એકમાત્ર શક્તિપીઠ છે. આ વિસ્તાર સરસ્વતી નદીનું ઉદ્‌ગમસ્થાન અને આદ્યશક્તિનું પુરાણપ્રસિદ્ધ સ્થાન મનાય છે.

પ્રજાપતિ દક્ષે પોતાને આંગણે મહાયજ્ઞ પ્રસંગે જમાઈ ભગવાન શંકર સિવાય બધા દેવોને આમંત્રણ આપેલ. શંકરનાં પત્ની અને દક્ષનાં પુત્રી સતી તેમાં જવા ખૂબ આતુર હતાં. પતિની અનિચ્છા છતાં દેવી ત્યાં ગયાં. પિતા દ્વારા પોતાના પતિ વિશેનાં ટીકાવચન સાંભળી યજ્ઞકુંડમાં પોતાની આહૂતિ આપી દીધી.

પછીના ઘટનાક્રમે સતીના નિશ્ચેતન દેહના ટુકડાઓ જુદી જુદી જગ્યાએ પડ્યા તે ભારતનાં ૫૧ સ્થળો શક્તિપીઠ તરીકે ઓળખાયાં. તેમાં માતા સતીનું હૃદય ગુજરાતના આ ધાર્મિક સ્થળ આરાસુરધામમાં ગબ્બરની ટોચે પડ્યું હતું. અગાઉ અહીં અંબિકાવન હતું એવી માન્યતા છે. અંબાજીના સ્થાન સાથે કૃષ્ણના મુંડનસંસ્કાર વનવાસ દરમિયાન પાંડવોનો નિવાસ, સીતાશોધ દરમ્યાન રામ-લક્ષ્મણનો નિવાસ અને દેવી અંબા દ્વારા રામને અજયબાણ પ્રદાન જેવી શ્રદ્ધાની ઘણી કથાઓ પણ વણાયેલી છે.

### • મંદિર અને શ્રીયંત્ર પૂજા

અહીંનું મંદિર મૂળે નાગર બ્રાહ્મણો દ્વારા બંધાયેલું એવું મનાય છે. અન્ય એક મતે તેનું નિર્માણ ૪થી શતાબ્દીમાં વલ્લભીના શાસક સુરિયવંશી સમ્રાટ અરુણસેને કરાવ્યું હતું. ઈતિહાસના સંશોધકો મંદિરને બારસો વર્ષ જેટલું જૂનું માને છે. પડોશી મેવાડના શાસક મહારાણા પ્રતાપ (૧૫૪૦-૧૫૯૭) પણ અંબાજીના પરમ ભક્ત હતા એવું મનાય છે.

૧૯૭૫-૧૯૮૯ દરમિયાન સંપૂર્ણ જીર્ણોદ્ધાર થયા પછી વર્તમાન ભવ્ય અને મનોરમ મંદિર સંકુલ ઊભું થયું છે. મંદિરના ગુંબજો ઉપર ૩૫૮ સુવર્ણ કળશો છે. તેમાં કોઈ દેવીમૂર્તિની પૂજા થતી નથી. તેના ગોખના ઉપરના ભાગને એ રીતે શણગારીને મૂકાયો છે કે દૂરથી એ માતૃકામૂર્તિની ઝાંખી કરાવે. અહીં બહિર્મુખ આકારની કુર્મપીઠ અને ૫૧ બીજાક્ષરો ધરાવતું સોનેરી 'શક્તિવીસા શ્રીયંત્ર' સ્થાપિત છે.

આ શ્રીયંત્રનું મૂળભૂત દેવી તરીકે પૂજન કરવામાં આવે છે, જે એકાવન પૈકી ઉજ્જૈન અને નેપાળનાં શક્તિપીઠોના મૂળ યંત્ર સાથે સંકળાયેલું હોવાનું પ્રમાણ છે. ઓક્ટોબર ૨૦૨૩માં અહીં વિશ્વનું સૌથી મોટું શ્રીયંત્ર સ્થાપિત કરાયું છે. મંદિર ફરતે ગરબે ઘૂમવા વિશાળ ચાચરચોક છે. મંદિરમાં દર્શનનો સમય સવારે ૭.૦૦થી ૧૧.૩૦, બપોરે ૧૨.૩૦થી ૪.૩૦ અને સાંજે ૬.૩૦ થી ૯.૦૦ સુધીનો હોય છે.

### • ભાદરવી અને પોષી પૂનમ

આ તીર્થક્ષેત્રમાં આમ તો બારે માસ યાત્રીઓ દર્શને આવતા હોય છે. પણ દર માસની પૂનમે મોટી સંખ્યામાં માઈભકતો અહીં આવે છે અને શિખરે ધજા ચઢાવે છે. 'ભાદરવી પૂર્ણિમા'ના મેળા પ્રસંગે તો લાખો યાત્રાળુઓ અંબાજી આવે છે અને દર્શન કરી ધન્યતા અનુભવે છે. આમાં ઘણા શ્રદ્ધાળુઓ માનતા સાથે કે વિના પણ પગપાળા આવતા હોય છે. નવરાત્રિનો ઉત્સવ પણ અહીં ખૂબ ધામધૂમથી ઉજવાય છે.

જ્યારે 'પોષી પૂનમ'ના અંબાજીનો પ્રાગટ્ય ઉત્સવ મનાવવામાં આવે છે ત્યારે આ દિવસે રથમાં 'મા'ની શાહી સવારી નગરપરિક્રમાએ નીકળે છે. આ પ્રસંગે પણ મોટી

સંખ્યામાં ભાવિકો ઉમટે છે. જૂના સમયમાં દુષ્કાળ વખતે માની કૃપાથી પુષ્કળ શાકભાજી-ધાન્ય ઉત્પન્ન થયેલાં. એટલે પોષી પૂનમને 'શાકંભરી પૂર્ણિમા' પણ કહે છે. આ દિવસે માની પોષની 'શાકંભરી નવરાત્રિ'નું પણ સમાપન થાય છે.

- **ગબ્બર ડુંગર અને રોપવે**

અંબાજી આવતા યાત્રિકો ગામની પશ્ચિમે આવેલા ગબ્બર ડુંગર (૩ કિ.મી.) પર પણ જરૂર જાય છે. ૩૦૦ પગથિયાં ધરાવતું આ ટેકરીસ્થાન 'ગબ્બરગઢ' તરીકે પણ જાણીતું છે. આ પ્રખ્યાત પર્વત પાસેથી અગાઉ પૌરાણિક સરસ્વતી નદી વહેતી હોવાનું, દેવી પાર્વતીનું હૃદય આ પહાડ પર પડ્યાનું અને મહિષાસુર મર્દિનીનું નિવાસ પણ મનાય છે. ડુંગર પરની એક ગુફામાં અંબાદેવીના આદિસ્થાન રૂપ પ્રાચીન મંદિર અને તેમાં અખંડજ્યોતનાં દર્શન થાય છે.

રાત્રે તળેટીના મુખ્ય અંબાજી મંદિર પરથી ગબ્બર પરની જ્યોત જોઈ શકાય છે. અહીં અંબાજીનાં પગલાં, રથનિશાન અને પારસ પીપળો જોવા મળે છે. તળેટીમાં કમાનદાર પ્રવેશદ્વાર અને ગબ્બર ફરતે ૫૧ શક્તિપીઠની સ્થાપના સાથેનો પરિક્રમા પથ આવેલાં છે. તળેટીમાં પ્રવાસીઓ માટે કુદરતી બગીચો, ચિલ્ડ્રન પાર્ક, પપેટ શૉ, કાફેટેરિયા, સોવેનિયર શોપ વગેરે સુવિધાઓ છે.

ગુજરાતમાં ત્રણ યાત્રાધામો પાવાગઢ (૧૯૮૬), અંબાજી (૧૯૯૮) અને ગિરનાર (૨૦૨૦) ખાતે રોપવેની સુવિધા પણ ઉમેરાઈ છે. (ચોથા સ્થળ ચોટીલા માટે પણ ૨૦૨૧માં મંજૂરી અપાઈ છે). અંબાજીનો રોપવે ભારતનો ચોથો સૌથી વ્યસ્ત રોપવે ગણાય છે. દર કલાકે ૭૬૦ વ્યક્તિઓની હેરફેરની ક્ષમતા ધરાવતો અહીંનો રોપવે યાત્રિકોને ફક્ત બે મિનિટમાં શિખર પર પહોંચાડે છે.

- **યાત્રાધામ બોર્ડ-દેવસ્થાન ટ્રસ્ટ**

ગુજરાતનાં તીર્થસ્થળોની જાળવણી અને સુવિધાવ્યાપ માટે રાજ્ય સરકારના 'ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ' (સ્થા. ૧૯૯૫) દ્વારા સોમનાથ, દ્વારકા, અંબાજી, ગિરનાર, પાલીતાણા, પાવાગઢ, શામળાજી અને ડાકોરને ગુજરાતનાં મુખ્ય આઠ તીર્થધામો તરીકે વિકસાવવામાં આવ્યાં છે. બોર્ડ દ્વારા રૂા. ૪૪.૩૩ લાખની સહાયથી અંબાજી ખાતે ૯૮ કિલોવૉટ ક્ષમતાના સોલાર રૂફટોપ મૂકવામાં આવ્યા છે. ઉપરાંત, યાત્રાધામનું ઉચ્ચ આયોજન કરી સર્વગ્રાહી વિકાસ કરાયો છે.

ગુજરાત-રાજસ્થાનની સરહદ પર આવેલું અંબાજી રાજ્યનું સૌથી મોટું તીર્થધામ ગણાય છે તથા આરસપહાણ અને ખનિજ (તાંબા)ની ખાણો માટે પણ પ્રસિદ્ધ છે. દેવી અંબાજીનાં સ્તોત્રો પૌરાણિક કથાઓથી લઈને આધુનિક સમય સુધી ખૂબ જ ખ્યાતિ પામેલાં છે. મંદિરના સુચારુ સંચાલન માટે રાજ્ય સરકાર દ્વારા 'આરાસુરી અંબાજીમાતા દેવસ્થાન ટ્રસ્ટ'ની પણ સ્થાપના (૧૯૬૩) કરાઈ છે.

અંબાજી આસપાસ કામાક્ષી, કોટેશ્વર, કુંભલેશ્વર, માંગલ્યવન, માનસરોવર કુંડ, રીંછડિયા હનુમાન વગેરે મંદિરો આવેલાં છે. કુંભારિયા (૨ કિ.મી.)નાં જૈન દેરાસરો પુરાણી કોતરણી માટે વિખ્યાત છે. બાલારામ (૪૫ કિ.મી.) ઝરણું, ચંદનવન અને ઉદ્યાન માટે જાણીતું છે. તો, ઈકબાલગઢ પાસેનું જેસોર રીંછ અભયારણ્ય અને બાલારામ-અંબાજી અભયારણ્ય વન્ય જીવન પ્રેમીઓ માટે દર્શનીય સ્થળો છે.

- **પ્રવાસન-પરિવહન પ્રબંધન**

અંબાજી સમુદ્ર સપાટીથી ૪૮૦ મીટર (૧,૬૦૦ ફૂટ)ની ઊંચાઈ પર આવેલું છે અને ૮.૩૩ ચોરસ કિ.મી.નો વિસ્તાર ધરાવે છે. નજીકનું રેલવે મથક આબુ રોડ અને પાલનપુર તથા નજીકનું વિમાનમથક અમદાવાદ છે. અંબાજીમાતા દેવસ્થાન ટ્રસ્ટ આવાસ અને ભોજનાલયની સુંદર સગવડ ધરાવે છે. ઉપરાંત, ઘણી ખાનગી હોટલો અને રેસ્ટોરન્ટો પણ ઉપલબ્ધ છે.

અંબાજી રાજ્ય ધોરીમાર્ગો દ્વારા ગુજરાતના બહુધા અને દેશનાં મુખ્ય શહેરો સાથે સારી રીતે સંકળાયેલું છે. મુંબઈ-દિલ્હીના રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૪૮ સાથે જોડાયેલ હિંમતનગર થઈને અંબાજી પહોંચી શકાય છે. બીજો રસ્તો પાલનપુર-દાંતામાંથી પસાર થાય છે અને રાજ્ય ધોરીમાર્ગ નં. ૫૬ સાથે જોડે છે.

- **અંબાજીથી અંતર :**

તાલુકામથક દાંતા ૨૨, જિલ્લામથક પાલનપુર ૬૦, રાજ્યમથક ગાંધીનગર ૧૫૫ તેમજ આબુ રોડ ૧૯, માઉન્ટ આબુ ૫૦, હિંમતનગર ૧૦૦, મહેસાણા ૧૦૫, અમદાવાદ ૧૮૦, વડોદરા ૨૯૦, પાવાગઢ ૩૪૦, ભુજ ૩૫૬, પાલીતાણા ૩૮૦, રાજકોટ ૪૦૫, સોમનાથ ૫૮૫ અને દ્વારકા ૬૩૬ કિ.મી. થાય છે.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯ મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

*રૂપિયા કમાવવા એ કોઈ મોટી વાત નથી પરંતુ કમાયેલા એ રૂપિયાથી કોઈનું ભલું થાય તેવું કાર્ય કરવું એ બહુ મોટી વાત છે.*

# ભારતીય મૂળના વિદેશી નાગરિકોની મૂંઝવણ

પ્રવીણ ક. લહેરી

ભૂતકાળમાં અનેક માનવસમુદાયો વિવિધ કારણોસર પોતાના વતનમાંથી હિજરત કરીને અન્ય પ્રદેશોમાં ગયા હતા. સ્થાનિક જગ્યાએ સર્જાયેલી મુશ્કેલીઓ અથવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કે રોજગારી માટે જતા ભારતીય મૂળના લોકો સમયાંતરે જે તે દેશનું નાગરિકત્વ પ્રાપ્ત કરી કાયમી ધોરણે ત્યાં વસવાટ કરે છે. પંદરમી સદીના અંત ભાગે ભારત આવનાર વાસ્કો ડી ગામાને દક્ષિણ આફ્રિકાથી આગળનો રસ્તો દર્શાવનાર કચ્છી કાનજી માલમ હતો. આ હકીકત દર્શાવે છે કે ભારતના લોકો વેપાર અર્થે સેંકડો વર્ષોથી દરિયો ખેડતા આવ્યા છે. કોઈ વ્યક્તિ ટૂંકા સમય માટે વિદેશ જાય અને ત્યાં કાયમી વસવાટ કરે તેની વચ્ચે ખૂબ મોટું અંતર છે. અંગ્રેજ શાસનકાળ દરમિયાન આફ્રિકા, દક્ષિણ અમેરિકા, વેસ્ટ ઈન્ડીઝ, મોરેશિયસ વગેરે દેશોમાં ભારતીય શ્રમિકોને પરાણે લઈ જવાના કિસ્સાઓ બન્યા. અમુક જ્ઞાતિઓ સાગરયાત્રા કરનાર જ્ઞાતિજનને નાતબહાર મૂકવા લાગ્યા. આમ છતાં અનેક લોકોએ સાગર પાર કરી અન્ય દેશોમાં વસવાટ કરવાનું પસંદ કર્યું એ ઇતિહાસમાં નોંધાયેલી હકીકત છે.

આજે ભારતીય મૂળના ત્રણ કરોડથી વધારે લોકો વિદેશની નાગરિકતા મેળવી વિદેશમાં સ્થાયી થયા છે. અંગ્રેજીમાં તેને ઈન્ડિયન ડાયસ્પોરા અથવા નોન રેસિડન્ટ ઈન્ડિયન (એન.આર.આઈ.) તરીકે ઓળખવામાં આવે છે. એક અંદાજ મુજબ ૨૧૦ દેશોમાં વસતા ૩.૨૫ કરોડ ભારતીયો વિવિધ સમયે અલગ અલગ કારણોસર ત્યાં સ્થાયી થયા છે. વિશ્વના જે દસ દેશોમાં ભારતીયોની સૌથી વધારે સંખ્યા છે ત્યાંની રાજકીય અને સામાજિક પરિસ્થિતિમાં આવેલાં પરિવર્તનની ચર્ચા કરવાથી આપણને આ ડાયસ્પોરાની સ્થિતિ વિશે જાણકારી મળશે.

## ૧. યુનાઈટેડ સ્ટેટ ઑફ અમેરિકા (યુ.એસ.એ)

અંદાજિત ૫૪ લાખની સંખ્યા સાથે ભારતીય મૂળના સૌથી વધુ લોકો યુ.એસ.એ.માં રહે છે. એક દેશમાંથી આવેલા લોકોના જૂથ તરીકે ભારતીય મૂળના લોકો અભ્યાસમાં આગળ છે. ડૉક્ટર, વૈજ્ઞાનિક, ઈજનેર જેવી લાયકાત સાથે તેઓ નોકરી-ધંધામાં પણ સારું પ્રભુત્વ ધરાવે છે. આર્થિક રીતે અન્ય તમામ દેશના લોકો કરતાં ભારતીયો ઊંચી આવક ધરાવે છે. રાજકારણ, સાહિત્ય અને સર્જનાત્મક કલાના ક્ષેત્રે ભારતીય મૂળના લોકોએ નામના પ્રાપ્ત કરી છે. બાવન જેટલી બહુરાષ્ટ્રીય કંપનીના મુખ્ય સંચાલકો તરીકે ભારતીય મૂળના તજજ્ઞો છે. ભારતીયો તેની નિષ્ઠા, ધગશ, પરિશ્રમ અને પ્રામાણિકતા માટે માન ધરાવે છે. મોટેલોના વ્યવસાયમાં તો ૪૫ થી ૫૦ ટકા મોટેલોના માલિક ભારતીય છે. અમેરિકાનું આકર્ષણ એટલું પ્રબળ છે કે લોકો વિઝા માટે વર્ષો સુધી પ્રતીક્ષા કરે છે. જીવનું જોખમ લઈને અને લાખો રૂપિયા ખર્ચી તેઓ ગેરકાયદેસર ઘૂસણખોરી પણ કરે છે. અગાઉ અમેરિકા રંગભેદ અને જાતિવાદ અંગે થોડા અપવાદો વિના ઉદાર હતું. ડોનાલ્ડ ટ્રમ્પની પ્રથમ પ્રમુખપદની ટર્મથી એમના ટેકેદારોમાં રંગભેદ અને જાતિવાદ ઠાંસી ઠાંસીને ભર્યા છે. પરિણામે ભારતીયો પર વંશીય હુમલાનું પ્રમાણ વધ્યું છે. અમેરિકામાં મંદી, ખૂબ મોટી વેપાર ખાધ અને બેરોજગારીના લીધે ત્યાં અભ્યાસ કે રોજગારી માટે જવાનું આકર્ષણ ઘટતું જાય છે. આ વર્ષે અમેરિકા અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૮૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે.

## ૨. યુનાઈટેડ આરબ અમીરાત (યુ.એ.ઈ.) :

આ સાત રાજ્યોના સમૂહમાં ૩૬ લાખ ભારતીય લોકો છે. જે ત્યાંની વસ્તીનો ત્રીજો ભાગ છે. બાંધકામના શ્રમિકો, વેપારીઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, પ્રોફેસર, ડૉક્ટર સહિત અનેક વ્યવસાયિક ક્ષેત્રમાં તેઓ કામ કરે છે. યુ.એ.ઈ.માં વિઝા સરળતાથી મળે છે, રોજગારી પણ ઝડપથી મળે છે. વિવિધ વિદેશી યુનિવર્સિટીનાં શૈક્ષણિક સંકુલો અને સ્માર્ટ સિટીના કારણે ડિજિટલ ક્ષેત્રે પણ રોજગારી ઉપલબ્ધ છે. સલામતી, કાયદો વ્યવસ્થા પણ સારી અને ભારતથી પ્રમાણમાં નજીક હોવાથી અનેક ભારતીયો માટે યુ.એ.ઈ. સારી કમાણી કરવા માટે આકર્ષણ ધરાવે છે. યુ.એ.ઈ. જેટલું વિઝામાં ઉદાર છે તેના કરતાં વિપરીત યુ.એ.ઈ.ની નાગરિકતા મેળવવી ખૂબ મુશ્કેલ છે. વિશ્વ માટે રોકાણ, પર્યટન, અભ્યાસ અને રોજગારી માટે ઊભરી આવેલા યુ.એ.ઈ.માં ભારતીયો તેમનાં પુરુષાર્થ અને પ્રામાણિકતા માટે જાણીતા છે.

## ૩. મલેશિયા :

દૂર પૂર્વના આર્થિક રીતે હરણફાળ ભરી 'પાંચ એશિયન ટાઈગર' જૂથમાં મલેશિયાનું આગવું સ્થાન છે. ૨૯ લાખ ભારતીય મૂળના લોકો સાથે ત્રીજા ક્રમાંકે આવેલા મલેશિયાનો ભારત સાથેનો વ્યાપાર ખૂબ નોંધપાત્ર છે. મલેશિયાની સરકાર

ભારત સાથે વ્યાપક વ્યાપારી સંબંધો હોવા છતાં વિદેશનીતિમાં પાકિસ્તાન તરફી છે. ભારતીય મૂળના લોકો પર થોડો અણગમો જરૂર છે, પરંતુ તેના કારણે ત્યાંની શાંતિ ડહોળાતી નથી. ભારતીયો માટે મલેશિયા પ્રવાસન અંગે પણ માનીતું છે. એનું અર્થતંત્ર ગતિશીલ છે. માથાદીઠ આવકનું પ્રમાણ ઊંચું છે. ભારતીય મૂળના લોકોએ જહેમતથી આર્થિક સમૃદ્ધિ પ્રાપ્ત કરી છે. મલેશિયામાં અભ્યાસ માટે ભારતથી વિદ્યાર્થીઓ જતા નથી.

### ૪. કેનેડા

૨૮ લાખની ભારતીય મૂળના લોકોની વસ્તી સાથે ડાયસ્પોરાની યાદીમાં ચોથું સ્થાન ધરાવતું કેનેડા ત્રણેક વર્ષ પહેલાં અભ્યાસ, રોજગારી, કાયમી વસવાટ અને નાગરિકતા માટે યુવાન-યુવતીઓની પ્રથમ પસંદગી હતું. કોરોનાકાળ બાદની મંદી, ખાલિસ્તાનીઓ દ્વારા આચરવામાં આવતી હિંસા અને કેનેડાની સરકારનું ભારત વિરોધી વલણ જોતાં કેનેડાનું આકર્ષણ ઘટી રહ્યું છે. અતિશય ઠંડી, નીરસ વાતાવરણ અને મોંઘવારીના કારણે વડીલો આ દેશમાં જવામાં સંકોચ અનુભવે છે. અગાઉ ભણતાં ભણતાં કમાણી કરવાની તકો હતી, પણ હવે તેમાં નોંધપાત્ર ઘટાડા ઉપરાંત અભ્યાસ બાદ ઉપલબ્ધ રોજગારી ખૂબ સીમિત થતાં કેનેડાનું વાતાવરણ ક્ષુબ્ધ બન્યું છે.

### ૫. સાઉદી અરેબિયા

વર્ષ ૨૦૨૩-૨૪માં બે લાખ ભારતીયો રોજગારી માટે સાઉદી અરેબિયા જતાં હાલ ભારતીય મૂળના ૨૫ લાખ લોકો આ દેશમાં નિવાસ કરે છે. અગાઉનાં ધાર્મિક નિયંત્રણો, મહિલાઓ માટેની પાબંદીઓ વગેરે ઘટતાં આજે સાઉદી અરેબિયાનાં અનેક શહેરો દુબઈની જેમ સર્વાંગી રીતે વિકસી રહ્યાં છે. ભારતના લોકો માટે આ દેશમાં દુશ્મનાવટનો ભાવ નથી, પણ તેની નાગરિકતા મેળવવી અશક્ય છે. સાઉદી અરેબિયા અત્યંત ધનવાન દેશ છે અને હાલમાં ત્યાં વિકાસલક્ષી અનેક પ્રોજેક્ટો શરૂ થયા છે. આગામી પાંચથી દસ વર્ષ સાઉદી અરેબિયા ભારતીયો માટે અત્યંત આકર્ષક તકો પૂરી પાડશે તેમાં શંકા નથી.

### ૬. મ્યાનમાર (બર્મા)

ભારતના આ પાડોશી દેશમાં ૨૦ લાખ ભારતીય મૂળના લોકો વસે છે. અગાઉ બર્માનો વહીવટ ભારતમાંથી થતો હતો ત્યારે અનેક લોકો સાગનું લાકડું, ચોખા જેવી વસ્તુઓના વેપારમાં રોકાયેલા હતા. છેલ્લાં ૪૦ વર્ષથી મ્યાનમારમાં લશ્કરી સરમુખત્યારી ચાલતી હોવાથી ભારતીયો માટે મુશ્કેલીઓ વધી છે. ચીન દ્વારા મ્યાનમારમાં ભારતીય હિતોને નુકસાન કરવા કાર્યવાહી થતી રહે છે. અમુક આતંકીઓએ પણ મ્યાનમારમાં છાવણી નાખી છે. ભારત માટે મ્યાનમાર સાથેના ઐતિહાસિક સંબંધો બાદ પણ ભારતીય મૂળના લોકો માટે અત્યારે કસોટીનો સમય ચાલી રહ્યો છે.

### ૭. યુનાઈટેડ કિંગડમ (યુ.કે.)

ભારતીય મૂળના ૧૯ લાખ લોકો યુ.કે.માં વસે છે. અભ્યાસ, રોજગારી અને નિવૃત્તિ માટે પણ અનેક ભારતીયો ત્યાં રહેવાનું પસંદ કરે છે. લંડનના લેસ્ટર, બર્મિંગહામ જેવાં શહેરોમાં ભારતીય મૂળના લોકોની હાજરી ચોતરફ નજરે પડે છે. એક જમાનામાં યુ.કે.ને ભારતીયો શાંત અને સમૃદ્ધ દેશ તરીકે ઓળખતા હતા. આજે મુસ્લિમ જૂથો દ્વારા યુ.કે.ની શાંતિ હણાય છે. ઈસ્લામિક કટ્ટરવાદનો પ્રભાવ યુ.કે.માં ખૂબ વધતાં ચિંતાનો માહોલ સર્જાયો છે. યુ. કે.ના અર્થતંત્રનાં તમામ ક્ષેત્રે ભારતીય મૂળના લોકોનું પ્રદાન છે. યુ.કે.નો સૌથી ધનિક 'હિંદુજા' પરિવાર ભારતીય મૂળનો છે. ભવિષ્યે ધર્માંધતાના મુદ્દે યુ.કે.માં જે અશાંતિ ફેલાવાનો ભય છે તે વાસ્તવિક છે.

### ૮. દક્ષિણ આફ્રિકા :

દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ શાસન દરમિયાન લઈ જવાયેલા 'ગિરમિટિયા' મજૂરો, વેપાર માટે ગયેલા લોકો, અન્ય ક્ષેત્રમાં કામ કરતા લોકો સાથે ૧૭ લાખ ભારતીય મૂળના લોકોનો દક્ષિણ આફ્રિકામાં લાંબો અને ભાતીગળ ઈતિહાસ છે. મહાત્મા ગાંધીની વકીલાત અને રંગભેદ સામેના સત્યાગ્રહ સાથે બે દેશો વચ્ચે આત્મીયતા રહી છે. જોકે ત્યાંની શાસનપ્રણાલીની ઊણપોના કારણે અર્થતંત્રમાં મંદી છે. શિસ્ત અને જવાબદારીના અભાવના કારણે કાયદો-વ્યવસ્થા જળવાતાં નથી. અસલામતીની લાગણી સામાન્ય છે. આ કારણોસર ત્યાં હવે ભારતીયો જઈને સ્થાયી થવામાં સંકોચ અનુભવે છે. અહીંના ભારતીય મૂળના લોકો આ દેશનાં તમામ ક્ષેત્રોમાં સક્રિય છે. રાજકીય અને ન્યાયતંત્રના અનેક મહત્ત્વના હોદ્દાઓ ભારતીય મૂળના લોકોએ શોભાવ્યા છે. અભ્યાસ કે રોજગારી માટે દક્ષિણ આફ્રિકાનું મહત્ત્વ ઘટ્યું છે.

### ૯. શ્રીલંકા :

શ્રીલંકામાં ૧૬ લાખ ભારતીય મૂળના લોકો વસવાટ કરે છે. આમાં તામિલનાડુ રાજ્યના લોકોની સંખ્યા નોંધપાત્ર છે. સિંહાલી અને તામિલ મૂળની પ્રજા વચ્ચેના સંઘર્ષ બાદ હાલ ત્યાં શાંતિ છે. શ્રીલંકાનું અર્થતંત્ર ડામાડોળ થતાં તેને સ્થિર કરવામાં ભારતે જંગી સહાય કરી છે. આ દેશમાં માનવસૂચકાંક અને માથાદીઠ આવક ભારત કરતાં વધારે છે. શ્રીલંકા અને

ભારત વચ્ચે લોકોનું આદાનપ્રદાન થઈ શકવાની મોટી સંભાવના રહેલી છે. અહીં રહેતા ભારતીય મૂળના લોકો એક દીર્ઘ સંઘર્ષ બાદ સંવાદિતા સાથે રહે છે. શ્રીલંકાનું કુદરતી સૌંદર્ય અને રામાયણના પ્રસંગો સાથે જોડાયેલાં સ્થાનો ભારતીય પ્રવાસીઓ માટે આકર્ષણની બાબતો છે.

**૧૦. કુવૈત :**

મધ્યપૂર્વના ઇરાકને અડીને આવેલું કુવૈત તેના ઑઇલ ભંડારના કારણે અતિ સમૃદ્ધ છે. યુ.એ.ઈ.ની જેમ અહીં વસતા ૧૦ લાખ ભારતીય મૂળના લોકો માટે આદર છે. સલામતીભર્યા વાતાવરણમાં નિષ્ઠા અને કાર્યદક્ષતાથી કામ કરનાર ભારતીય સમુદાય માટે રોજગારી અંગે કુવૈતનું આગવું મહત્ત્વ છે. યુ.એ.ઈ, સાઉદી અરેબિયા અને કુવૈતમાં શ્રમિકોથી શરૂ કરીને સૉફ્ટવૅરના તજજ્ઞોની માંગ છે. અર્થતંત્રના તમામ રોજગારી ક્ષેત્રમાં ભારતીય મૂળના લોકોની હાજરી છે.

આ દસ દેશોમાં વસતા વિદેશી લોકોમાં ભારતના ૮૦ ટકા જેટલા લોકો છે. આપણા દેશના અર્થતંત્રમાં એન.આર.આઈ. દ્વારા મોકલાયેલી વિદેશી મુદ્રાનું પ્રમાણ કુલ વેપાર-ખાધના ૪૭ ટકા બરાબર છે. વર્ષ ૨૦૧૪-૧૫માં તેઓ દ્વારા રૂપિયા ૬ લાખ કરોડની વિદેશી મુદ્રા ભારતમાં મોકલી હતી તે આંક આજે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને રૂપિયા ૧૧.૬ લાખ કરોડ છે. આપણા અર્થતંત્ર માટે આ રકમ ખૂબ મહત્ત્વની છે. ડાયસ્પોરાના લોકો એટલે મૂળસમેત ઊખડી ગયેલા લોકો એવી સરખામણી થાય છે. જોકે આજે સંદેશા અને વાહનવ્યવહારની સવલત અને ઝડપ જોતાં વિશ્વ સાચા અર્થમાં વિશ્વગ્રામ બન્યું છે. ભારત સૌથી વિશાળ વસ્તી (૧૪૬ કરોડ) ધરાવે છે. આપણી ભાવિ પેઢી વિદેશમાં જે તકો ઉપલબ્ધ હોય તે ઝડપીને પોતાનો વિકાસ કરે તે જરૂરી છે. એની સાથે તેઓ ભારતના આર્થિક વિકાસમાં જે પ્રદાન કરે છે તે જળવાઈ રહે તે આવશ્યક છે.

ભાષા, સંસ્કૃતિ અથવા તો જીવનમૂલ્યોને લગતા ડાયસ્પોરાના પ્રશ્નોનો ઉકેલ સરળ નથી. ભારતીય મૂળના લોકો અન્યની સરખામણીમાં પોતાની આગવી ઓળખ રાખવામાં સફળ થયા છે, પરંતુ જેમ જેમ પેઢીઓ વીતતી જશે તેમ તેમ આ કાર્ય મુશ્કેલ બનશે. ભારતીય મૂળના લોકોની આગામી પેઢીઓ માટે બેવડી જવાબદારી છે. જે દેશમાં વસે છે ત્યાંના માહોલમાં ઓતપ્રોત થવું જરૂરી છે. એની સાથે ભારતીય સાંસ્કૃતિક વિરાસતની જાળવણી પણ જરૂરી છે. આ દેખીતો વિરોધાભાસ સમન્વયમાં ફેરવી શકાય તેમ છે. વિદેશીઓ પણ ભારતના ધર્મ, પહેરવેશ, ઉત્સવો અને વ્યંજનો પ્રતિ આકર્ષાય છે. ભિન્ન ભિન્ન પરંપરા વચ્ચે સમન્વય સ્થાપવો અને રંગભેદ કે જાતિભેદ નિયંત્રણમાં રહે તેવું વાતાવરણ સર્જવા માટેનો પડકાર નાનોસૂનો નથી.

દેશની ૧૪૬ કરોડની વસ્તી સામે ભારતીય મૂળના વિદેશ વસતા લોકોની સંખ્યા ૩.૨૧ કરોડ હોય તો તે માત્ર બે ટકાથી સહેજ વિશેષ છે. આ લોકોએ જે આર્થિક પ્રગતિ કરી છે અને ભારતના અર્થતંત્રને મોટો ટેકો આપ્યો છે તે જોતાં આપણે વિશ્વમાં ભારતીયની હકારાત્મક ઓળખ ટકાવી રાખવાની છે. ભારતમાં જે રીતે અલ્પમાં અલ્પ લઘુમતી હોવા છતાં પારસી કોમ દૂધમાં સાકરની જેમ ભળી ગઈ છે તેમાંથી ભારતીય મૂળના લોકોએ પ્રેરણા લેવાની છે. આપણા પૂર્વજોનું 'વસુધૈવ કુટુંબકમ્' સાર્થક કરવામાં ભારતીય મૂળના લોકોની અગ્ર ભૂમિકા રહી છે.

***"વિશ્વ વિહાર"ના સૌજન્યથી***

## નૂપુરનું ગીત

તત્ત્વ પ્રેષિત આ મળી ગયું છે,
સ્નેહ છલકતું ગીત.
હર્ષ લાગણી થઈ ગઈ હૈયે,
રહી પાંગરી પ્રીત.
અલપઝલપ તો જયારે મળતાં,
ધરતાં હળવું સ્મિત.
ને ત્યારે તો થાતું એવું,
મળી પ્રીતની રીત.
સંધ્યા સમયે સરવર પાળે,
મળવા મળ્યું ઇંગિત.
બની અધીર આ ઊર્મિ લહરી,
ગાતી રચતી ગીત.
નેહ સ્પર્શથી સમીર સાંધ્યનો,
થશે સુગંધિત શીત.
જેમ નીરખતાં ઉછળે ઉદધિ,
રશ્મિ-શશી ઉદિત.
આમ્રકુંજમાં તું સંતાશે,
થતો ભલે ભ્રમિત.
ધીમે પદરવે શોધી લઈશ હું,
સૂણી નૂપુરનું ગીત.

***– નવીન ત્રિપાઠી 'અલ્પ'***

# ભારત - અમેરિકા વચ્ચેના અહમના ટકરાવમાં રોજગારીનું સર્જન કરતા ઉદ્યોગો સકંજામાં

## *ટેક્સટાઈલ, જેમ્સ એન્ડ જ્વેલ, લેધર ગુડ્સનું ભવિષ્ય ડામાડોળ*

***રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વિચારધારા અસત્ય, ખોટા આંકડાઓ અને સમજણના અભાવથી ભરેલી છે. વેપાર ખાધને એ લૂંટ સમજે છે અને અમેરિકાની આયાત કરતા નિકાસ ઓછી છે એટલે અમેરિકન ગ્રાહકો ઉપર દુનિયા જુલમ કરી રહી છે એટલી કૂપમંડૂક વાત કોઈ દેશનો વડો કરી શકે નહીં! સમગ્ર રીતે ભારત અને અમેરિકા વચ્ચેના આર્થિક સંબંધો જાણવા જરૂરી છે. આ સકળ સંબંધોમાં ભારતથી અમેરિકા વર્ષે ૮૦ અબજ ડોલરની રકમ ઢસડાઈ રહી છે તે વાસ્તવિકતા, તેના આંકડા અને સમજ ટ્રમ્પને કોણ આપશે? ભારત ઉપર, રશિયા સાથેના સંબંધના કારણે વધારાના ટેરિફ લાદવાનો નિર્ણય ટ્રમ્પના અહંકારથી વિશેષ નથી. બીજા દેશો માની ગયા, ઝુકી ગયા ભારત કેમ નહીં? નવા ટેરિફ લાંબો સમય રહે, કોઈ ઉકેલ આવે નહીં તો ભારતને મોટો આર્થિક ફટકો પડશે. રોજગારીનું સર્જન કરતા ટેક્સટાઈલ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી, લેધર ગુડ્સ અમેરિકામાં વેચવા અસંભવ બની જશે. આ તબક્કે ભારતે જવાબ આપવો જ રહ્યો.***

ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદી કરવાનું બહાનું હાથ ધરી ભારત ઉપર તા. ૨૭ ઓગસ્ટથી અમલમાં આવે એ રીતે વધારાના ૫૦ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. સ્વાર્થી અને એકપક્ષીય નિર્ણયમાં અમેરિકાને ફાયદો થાય એ માટે મોબાઈલ ફોન્સને બાકાત રાખવામાં આવ્યા છે. એવી જ રીતે પોતે સસ્તી દવાનું ઉત્પાદન કરવા અસક્ષમ હોવાથી ફાર્માને પણ બાકાત રાખવામાં આવ્યા છે. ટ્રમ્પના ટેરિફની અસરથી ભારત માટે અમેરિકામાં ટેક્સટાઈલ્સ, ઓટો પાર્ટ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી જેવી ચીજોની નિકાસ કરવી અશક્ય બનશે. દુનિયાના કોઈપણ દેશ કરતા ભારતથી આયાત થતી ચીજો અમેરિકામાં મોંઘી થશે. પ્રાથમિક અંદાજ અનુસાર વાર્ષિક ધોરણે આ ટેરિફના લીધે ભારતને જીડીપીના ૦.૩ ટકા જેટલો ફટકો પડી શકે છે!

રાષ્ટ્રપતિ તરીકે ચૂંટણી લડી રહ્યા હતા ત્યારે ટ્રમ્પ અમેરિકાને મહાન બનાવવા જે દેશો લૂંટે છે તેના ઉપર ટેરિફની વાતો કરતા હતા. એપ્રિલમાં લિબરેશન ડે જેવું નામ આપી ટેરિફની જાહેરાત કરી દીધી. ટ્રમ્પે કેટલાક દેશો સાથે વ્યાપાર સોદા કર્યા અને તેમાં અમેરિકન ચીજોના એ દેશોમાં મુક્ત વ્યાપાર કરવાના હક પણ મેળવી લીધા. યુરોપિયન સંઘ, જાપાન, થાઈલેન્ડ, વિયેતનામ જેવા દેશો તેમની વાત માની ગયા એટલે એમનો અહંકાર ફૂલ્યો અને સૌથી નજીકના મિત્ર ભારત પાસે પણ કૃષિ, ડેરી સહિત મુક્ત વ્યાપારની માંગ કરી અને નવી દિલ્હી - વોશિંગ્ટન વચ્ચે ખટરાગ શરૂ થયો. હવે પોતે સૌથી મહાન, સૌથી મોટા અને સૌથી શક્તિશાળી એવું સાબિત કરવા ટ્રમ્પે ભારત સામે યુદ્ધ જાહેર કર્યું છે!

અમેરિકા જેટલી આયાત કરે છે એટલી નિકાસ કરતું નથી અને તેના કારણે ૧.૧૩ ટ્રીલીયન ડોલરની ખાધ છે. આ ખાધ એટલે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના મતે દુનિયાના દેશોએ મચાવેલી લૂંટ! અને આ બાલીશ વિચારથી જ ટ્રમ્પ દુનિયાભરના દેશો સાથે ટેરિફ યુદ્ધમાં ઉતર્યા છે. કોઈપણ દેશ જ્યારે નિકાસ કરતા (પોતાનું સ્થાનિક ઉત્પાદન વિશ્વને વેચે) આયાત (વિશ્વમાં થયેલા ઉત્પાદનનો પોતે વપરાશ કરે) વધારે હોય ત્યારે ખાધ ઉભી થાય.

આ ખાધ સાબિત કરે છે કે દેશ પોતે સઘળી ચીજો બનાવી શકતો નથી અને બહારથી લાવવી પડે છે. બીજું, દેશની આવક કરતા તેનો ખર્ચ વધારે છે. એટલે પોતે, પોતાના કે ઉધારીના પૈસે વસ્તુ ખરીદે તો તેને લૂંટ કહેવાય નહીં!! આટલી સરળ વસ્તુ અહંકારી ટ્રમ્પ સમજી રહ્યા નથી.

ભારત પાસેથી અમેરિકાએ વર્ષ ૨૦૨૪માં ૮૭.૩ અબજ ડોલરની ચીજોની આયાત કરી હતી. તેની સામે ૪૧.૫ અબજ ડોલરની નિકાસ કરી હતી એટલે કે લગભગ ૪૫.૮ અબજ ડોલરની અમેરિકા માટે ખાધ હતી. અમેરિકાની કુલ ૧.૩ ટ્રીલીયન ડોલર ખાધમાં આ હિસ્સો પાંચ ટકા કરતા ઓછો છે અને ભારત અમેરિકાને લૂંટી રહ્યું છે એવી દલીલ છેલ્લા છ મહિનાથી દરરોજ ટ્રમ્પ અને તેના વહીવટીતંત્રના અધિકારીઓ, મંત્રીઓ કરી રહ્યા છે. દુનિયામાં પોતાને સૌથી વધુ હોંશિયાર અને સર્વગુણસંપન્ન માનતા ટ્રમ્પની નીતિઓનું અંધ અનુકરણ કરી રહેલા અમેરિકન મંત્રીઓ વાસ્તવિકતાઓ

## ભારત કેવી રીતે સ્થાનિક અર્થતંત્રને બચાવશે?

*મુસીબતના સમયમાં ભારત મક્કમ પગલાં લઈ શકે છે એની દુનિયાએ નોંધ લેવી જ રહી. ૧૯૬૪માં દેશમાં અનાજની જંગી અછતના કારણે વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીએ લોકોને એક ટંક ભોજન છોડી દેવા હાકલ કરી હતી. ૧૯૭૧માં બાંગ્લાદેશની આઝાદીની ચળવળમાં પાકિસ્તાનની મદદ કરવા અમેરિકાએ નૌસના મોકલી હતી પણ ભારતે તેની અવગણના કરી પાકિસ્તાનને પરાસ્ત કરેલું. ૧૯૭૭માં કોકાકોલા કંપની ભારતની કંપનીમાં ૬૦ ટકા હિસ્સો સરકારને આપવા તૈયાર નહીં થતા ભારતે તેનો દેશનિકાલ કરેલો. ગલવાનમાં ચીની સેના સાથેના ઘર્ષણ બાદ ચીની કંપનીઓના નવા રોકાણ, ચીનના નાગરીકોને વિઝા સહિત ભારતે અટકાવી દીધેલા છે. ટેરિફ નામની આફત લાંબો સમય રહે તો ભારતના અર્થતંત્ર, લોકોની આવક અને રોજગારીને મોટો ફટકો પડી શકે એમ છે. આ આફતનો સામનો કરવાનો સમય આવી ગયો છે. ૧૪૫ કરોડ ગ્રાહકોની વસતી, વિશ્વમાં સૌથી ઝડપે વિકસી રહેલા અર્થતંત્રને મજબૂત બનાવવા માટે ભારત ઈકોનોમિક રિફોર્મ લાવી શકે છે. અમેરિકાના બદલે યુરોપ કે લેટિન અમેરિકાના બજારમાં વેચાણ માટે વ્યાપાર સંધિ કરી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ સંદેશ આપી દીધો છે, ભલે ભારે કિંમત ચૂકવવી પડે પણ અમેરિકા કે કોઈપણ દેશ માટે કૃષિ, ડેરી ઉદ્યોગના દ્વાર તો ખૂલશે જ નહીં. સ્પષ્ટ છે કે ભારત મક્કમ રીતે વળતો જવાબ આપશે જ.*

નજર અંદાજ કરી રહ્યા છે.

સૌથી પહેલા જાણવું જરૂરી છે કે અમેરિકામાં ખાધ કેમ છે? સૌથી મોટું કારણ અમેરિકાનું ચલણ ડોલર છે. દુનિયાના કોઈપણ દેશને એકબીજા સાથે વ્યાપાર કરવા માટે, ખરીદી કે વેચાણ માટે ચલણ તરીકે ડોલરની જરૂરીયાત ઉભી થાય છે. ડોલર આપવાની શક્તિ માત્ર અમેરિકા પાસે છે. જ્યારે અમેરિકા પોતે વિશ્વમાં બીજા દેશો પાસેથી વધારે રકમની ચીજો આયાત કરે અને ઓછી નિકાસ કરે ત્યારે એને પોતે ડોલરની જરૂરિયાત ઉભી થાય અને એ પોતે ડોલર પ્રિન્ટ કર્યે રાખે છે. એવી જ રીતે બધા દેશો એવું ઈચ્છે કે અમેરિકાને વધારે વેચાણ કરે અને ઓછી ખરીદી એટલે અમેરિકાને આપવાના ડોલરની ઓછી જરૂર પડે. અમેરિકા માટે આ ત્રણે રીતનો માર છે - એક ડોલર પ્રિન્ટ કર્યે રાખવાના, પોતે ખાધમાં છે એટલે પોતાના માટે પણ ડોલર પ્રિન્ટ કરવાના અને દેશની નાણા ખાધ માટે પણ ડોલર પ્રિન્ટ કરવાના. એના કરતા પણ વધારે પડકાર છે કે દુનિયાના દરેક દેશ ઈચ્છે કે ડોલર સામે સ્થાનિક ચલણનું મૂલ્ય નબળું રહે જેથી ડોલર તેમને સસ્તા પડે.

હવે ભારતને કેન્દ્રમાં રાખી ચર્ચા કરીએ. અમેરિકાને ભારત સાથે આયાત અને નિકાસમાં ખાધ છે એ વાત સાચી પણ તે સંકુચિત વિચાર છે. ભારત સાથે વ્યાપક આર્થિક સંબંધોની દૃષ્ટિએ અમેરિકા

### કેટલીક અમેરિકન કંપનીઓની ભારતમાં કમાણી

| *કંપની* | *રૂા. કરોડ* |
|---|---|
| *એપલ* | *૬૭,૧૨૨* |
| *કોકાકોલા* | *૪,૭૧૩* |
| *પેપ્સીકો હોલ્ડિંગ* | *૯,૦૯૬* |
| *ગુગલ* | *૫,૫૧૮* |
| *માઈક્રોસોફ્ટ* | *૨૨,૮૯૨* |
| *મેટા (ફેસબુક)* | *૨૨,૭૩૦* |
| *મેકડોનાલ્ડસ* | *૬૧૬* |
| *બર્ગર કિંગ* | *૨,૫૫૦* |
| *કેએફસી અને પીઝા હટ* | *૪૯૫૧* |
| *એમેઝોન* | *૧૪,૬૪૦* |
| *ફલીપકાર્ટ* | *૭૦,૮૪૪* |

હકીકતમાં ભારત પાસેથી ચૂકવે છે તેના કરતા વધારે નાણા કમાય છે! સીધા વિદેશી મૂડીરોકાણ (એફડીઆઈ) આકર્ષતા દેશોમાં ભારત વિશ્વમાં અગ્રણી હરોળમાં આવે છે. ભારતમાં જેમ સ્થાનિક સેંકડો કંપનીઓ છે તેમ વિદેશી કંપનીઓ પણ છે. મૂળ અમેરિકન માલિકીની ૫૦૦ જેટલી કંપનીઓ ભારતમાં કાર્યરત છે. બીજું, એફડીઆઈની દૃષ્ટિએ અમેરિકા ભારતમાં સૌથી વધુ રોકાણ કરનારો દેશ છે. આ અમેરિકન કંપનીઓ વર્ષે અબજો ડોલરની આવક અને નફો રળી પોતાના દેશમાં લઈ જાય છે. એપલ, માઈક્રોસોફ્ટ, ગૂગલ, મેટા (ફેસબુક અને વોટ્સએપની માલિક), એમેઝોન, વોલમાર્ટ (ફલીપકાર્ટ), કોકાકોલા, પેપ્સી કે મેકડોનાલ્ડસની ગણતરી કરીએ તો વર્ષ ૨૦૨૪માં તેમની ભારતની કમાણી રૂા. ૨.૨૮ લાખ કરોડ કે ૨૫ અબજ ડોલર હતી!

નવી દિલ્હી સ્થિત ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનીશીએટિવ (જીટીઆરઆઈ) નામની સંસ્થા ભારત અમેરિકાને લૂંટે છે એવા કૂપમંડૂક વિચારને હકીકતલક્ષી અહેવાલ સાથે પડકારે છે. જીટીઆરઆઈના અહેવાલ અનુસાર ભારત અને અમેરિકા વચ્ચે વ્યાપાર સહિતના આર્થિક સંબંધોની ચર્ચા કરીએ. અમેરિકા ભારતને પૈસા

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૯ ઉપર)**

# વર્તમાન વૈશ્વિક આર્થિક પરિસ્થિતિ અને ભારત – અમેરિકા આર્થિક ભાગીદારી

રીષી ત્રિવેદી

આજે વિશ્વની અર્થવ્યવસ્થા અનિશ્ચિતતા અને પરિવર્તનના સમયમાં પસાર થઈ રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, દેશોએ અનેક પડકારોનો સામનો કર્યો છે – મહામારી, સપ્લાય ચેઇનના વિક્ષેપો, ભૂરાજકીય તણાવ અને ટેક્નોલોજીના ઝડપી પરિવર્તનો! આ બધાં પરિબળોએ દેશો, કંપનીઓ અને પરિવારો પોતાની નાણાંકીય વ્યવસ્થાનું સંચાલન કેવી રીતે કરે છે તે બદલી નાખ્યું છે.

હાલમાં વૈશ્વિક અર્થવ્યવસ્થાની સૌથી મોટી સમસ્યા મોંઘવારી (ઇન્ફ્લેશન) છે. માલ અને સેવાઓના ભાવ અનેક દેશોમાં નોંધપાત્ર રીતે વધી ગયા છે, જે ખોરાકથી લઈને રહેઠાણ અને ઇંધણ સુધીના તમામ ક્ષેત્રોને અસર કરે છે. ૨૦૨૨ની તુલનામાં કેટલાક પ્રદેશોમાં મોંઘવારી ઓછી થઈ છે, પરંતુ તે હજી પણ ઘણી સેન્ટ્રલ બેંકો માટે ચિંતાજનક સ્તરે છે. પરિણામે, નીતિનિર્ધારકોને સ્થિરતા લાવવા કઠોર પગલાં લેવા પડ્યા છે.

તેના પ્રતિસાદરૂપે અમેરિકા, યુરોપ અને અન્ય ઘણા દેશોમાં વ્યાજ દર વધારવામાં આવ્યા છે. ઊંચા વ્યાજ દરથી વ્યવસાયો અને વ્યક્તિઓ માટે લોન લેવી મોંઘી પડે છે, પરંતુ તેનો હેતુ માંગ ઘટાડીને ભાવને નિયંત્રિત કરવાનો છે. ઉદાહરણ તરીકે, ઘર ખરીદદારોને વધુ મોંઘી ગૃહલોન મળી રહી છે અને કંપનીઓને નાણાં એકત્રિત કરવા વધુ ખર્ચ સહન કરવો પડી રહ્યો છે. આ નીતિ મોંઘવારી નિયંત્રિત કરવામાં મદદરૂપ છે, પરંતુ તે આર્થિક વૃદ્ધિને ધીમી પણ બનાવે છે.

તેના કારણે, ઘણા નિષ્ણાતો વૈશ્વિક આર્થિક મંદીની સંભાવના અંગે ચેતવણી આપી રહ્યા છે. યુરોપમાં વૃદ્ધિ નબળી છે, ચીન ઓછા ઉપભોગ અને પ્રોપર્ટી સેકટરની સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે અને અમેરિકા મજબૂત રોજગાર આંકડા અને ઘટતા ઉપભોક્તા ખર્ચ વચ્ચે સંતુલન સાધી રહ્યું છે. ઊભરતા બજારો પર પણ દબાણ વધી રહ્યું છે, ખાસ કરીને મજબૂત અમેરિકન ડોલરને કારણે આયાત વધુ મોંઘી પડી રહી છે.

સાથે સાથે, ઊર્જા બજારો અસ્થિર છે. તેલના ભાવ વૈશ્વિક સપ્લાયની ચિંતાઓને આધારે સતત બદલાઈ રહ્યા છે, જ્યારે દેશો નવિનીકૃત ઊર્જામાં વધુ રોકાણ કરી રહ્યા છે. આ પરિવર્તનો ઘરગથ્થુ બજેટ અને સરકારની નીતિઓ બંનેને અસર કરે છે.

આ જટીલ પરિસ્થિતિમાં, ભારત અને અમેરિકાના સંબંધો વધુ મહત્ત્વપૂર્ણ બન્યા છે. બંને દેશો વચ્ચેનો વેપાર સતત વધી રહ્યો છે. ભારત અમેરિકા તરફ દવાઓ, આઈટી સેવાઓ અને ટેક્સટાઇલ્સ જેવા ઉત્પાદનો નિકાસ કરે છે, જ્યારે અમેરિકાથી અદ્યતન મશીનરી, રક્ષા સાધનો અને ટેક્નોલોજી આયાત કરે છે. અમેરિકન કંપનીઓ પણ ભારતમાં મેન્યુફેક્ચરિંગ, નવિનીકૃત ઊર્જા અને ડિજિટલ સેવાઓ જેવા ક્ષેત્રોમાં વધુ રોકાણ કરી રહી છે.

આ ભાગીદારી માત્ર વેપાર પૂરતી નથી; તે લાંબા ગાળાના વ્યૂહાત્મક સહકારને પણ દર્શાવે છે. બંને દેશો નવીનતા, સ્વચ્છ ઊર્જા અને વૈશ્વિક સપ્લાય ચેઇનમાં સાથે મળીને કામ કરવા માંગે છે. અમેરિકા ભારતને એશિયામાં વિશ્વસનીય વૃદ્ધિ સાથી તરીકે જુએ છે, જ્યારે ભારતને અમેરિકાની મૂડી, ટેક્નોલોજી અને બજારમાં પ્રવેશથી ફાયદો થાય છે.

આગળ જોઇએ તો, વૈશ્વિક આર્થિક પરિસ્થિતિ હજી કેટલીકવાર અનિશ્ચિત રહી શકે છે, પરંતુ ભારત-અમેરિકાની જેવી મજબૂત ભાગીદારીઓ વૃદ્ધિ માટે આધાર પૂરો પાડે છે. તે બંને દેશોના વ્યાપારો અને કામદારો માટે તકો ઉભી કરે છે અને વૈશ્વિક અસ્થિરતાના જોખમોને સંતુલિત કરવામાં મદદ કરે છે.

સારાંશ રૂપે, વિશ્વ મોંઘવારી, ઊંચા વ્યાજદર અને મંદીની ચિંતાઓનો સામનો કરી રહ્યું છે, પરંતુ ભાગીદારી અને સહકાર સ્થિર નાણાંકીય ભવિષ્ય ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. ભારત-અમેરિકા આર્થિક સંબંધો એનું ઉત્તમ ઉદાહરણ છે કે કેવી રીતે સહકાર પડકારજનક સમયમાં પણ વૃદ્ધિ લાવી શકે છે.

*ન્યુજર્સી, અમેરિકા*

**મુક્તક**

**એક દિન મુલાકાત થઈ,**
**સાંજ ઢળી છૂટા પડ્યા અહીં,**
**તમે વિદાય લઈ ચાલ્યા ગયા,**
**ને 'દિલકશ' પીગળાવી દિલ ગયા.**

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

# 'ભારત છોડો' સૂત્ર કચ્છી સપૂતનું પ્રદાન છતાં ઇતિહાસમાં એની નોંધ નહીં!

જગદીશચંદ્ર છાયા

દેશની ક્રાંતિનાં બીજ કચ્છમાં રોપાયાં હતાં એમ ઓગસ્ટ ક્રાંતિનું વિચાર બીજ પણ કચ્છમાંથી રોપાયું હતું! ઇતિહાસમાં ભલે આ વિગતની નોંધ ન લેવાઈ હોય પણ હકીકત છે કે દેશભરમાં ખળભળાટ મચાવનાર અને બ્રિટીશ સલ્તનતના પાયા હચમચાવી નાખવા સમર્થ સાબિત થયેલ આ ક્રાંતિકારી સૂત્ર ''ભારત છોડો'' કચ્છી સપૂત યુસુફ મહેરઅલીના દિમાગની પેદાશ છે. (ભુજમાં વાણિયાવાડ પાસે હંમેશાં ભરચક રહેતો 'મહેરઅલી ચોક' અને મુંદ્રામાં 'યુસુફઅલી માર્ગ' એમની સ્મૃતિને વાગોળતો રહે છે.)

તેમણે મહાત્મા ગાંધીજીને 'ભારત છોડો' સૂત્ર સૂચવ્યું ને એ સૂત્ર સાંભળતાં જ ગાંધીજીને ગમી ગયું. આમ પણ ગાંધીજી ચળવળનાં અસરકારક સૂત્રની શોધમાં તો હતા જ ત્યાં આ સુંદર પ્રેરક સૂત્ર મળી જતાં તેમણે ચળવળનાં મુખ્ય સૂત્ર તરીકે સહર્ષ સ્વીકારી લીધું. આઝાદીની છેલ્લી લડતનું મુખ્ય સૂત્ર 'ભારત છોડો' 'ક્વિટ ઈન્ડિયા', આંદોલન દરમિયાન ઘરે ઘરે પહોંચી ગયું હતું. અત્રે ઉલ્લેખનીય છે રાજગોપાલાચારીએ આપેલું 'રિટ્રીટ' અથવા 'વિથડ્રો'નું સૂત્ર પણ ગાંધીજીએ નકાર્યું હતું.

આઝાદી માટેની છેલ્લી સફળ રાષ્ટ્રીય ચળવળ માટે એક કચ્છીએ અસરકારક મુખ્ય સૂત્ર આપ્યું હતું એ જાણીને સૌની છાતી ગજગજ ફૂલે એમાં નવાઈ નથી. મુંબઈના કચ્છી મેયર યુસુફ મહેરઅલીએ સૂચવેલ આ સૂત્ર દ્વારા અંગ્રેજ સરકારને પડકાર ફેંકવામાં આવ્યો હતો એ મેદાન પણ કચ્છી દાનવીરનું હતું. હા, યોગાનુયોગ કચ્છના દાનવીર શેઠ ગોકળદાસ તેજપાળ બોર્ડિંગનાં પ્રાંગણમાંથી અંગ્રેજ સરકારને ભારત છોડી જવા આદેશ આપવામાં આવ્યો હતો. આઝાદીની ઉત્કટ ઝંખનાને વિખેરવા ક્રાંતિ દિને મુંબઈમાં પ્રથમ વખત અશ્રુવાયુ છોડવામાં આવ્યો હતો. લાઠી ચાર્જ પણ થયો હતો.

'હિન્દ છોડો' ચળવળે પ્રજામાં એકતા અને અખંડિતતાની ભાવના પ્રબળ બનાવી હતી. દેશના ખૂણે ખૂણે આઝાદી માટેની ફનાગીરીની અજબ ભાવના પ્રગટાવી હતી. દેશભરમાં સ્વાતંત્ર્યનો ટંકાર ગાજી ઉઠ્યો હતો. તેથી બ્રિટીશરોને પોતાની સલ્તનતના પાયા ડગમગી ઉઠ્યા હોવાનો અણસાર આવી ગયો. દેશદાઝની પરાકાષ્ટાએ અનેક બત્રીસ લક્ષણા યુવા શહીદોની કુરબાનીથી રક્તરંજિત બનેલી ભારતની વીરભૂમિ પર શાસન કરવાનું સામર્થ્ય બ્રિટનની સેતાની સલ્તનતમાં ન રહ્યું. સંજોગોની ઘટમાળ એવી તો ઝડપથી સર્જાઈ કે 'ભારત છોડો' ચળવળના માત્ર પાંચ જ વર્ષમાં અંગ્રેજોને દેશમાંથી ઉચાળા ભરી જવા પડ્યા હતા. આવી અસરદાર ક્રાંતિના મુખ્ય સૂત્રદાતાને ઈતિહાસ ભૂલી જાય એ બાબત અસહ્ય છે.

જે સાચું છે એ જ લખવું છે અને ઈતિહાસનો તો અર્થ જ છે 'આમ જ હતું.' આપણા દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સીમાચિહ્નરૂપ 'ભારત છોડો' લોકક્રાંતિને આઠ દાયકા વીત્યા પછી અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ બની હોવા છતાં હજુ પણ ઈતિહાસમાં આ વિગત સામેલ થઇ નથી!

## હાઈકુ

મેઘધનુષ
નભે નિકળી સ્વારી
સાત રંગોની!

મોજાનાં લોઢ
ઊછળે આભ સોતાં
સ્ટીમર ગૂમ!

વ્હાણ લાંગરે
ખાવરણ લૈ આવે
આરતી થાળી!

માલમ ગાતો
બોટ વચાળે ગીત
સૌ વિરહનાં!

કાળી ડિબાંગ
ભાર્યા હાટુ મોતીની
માળા સફેદ!

પીળક, વૈયાં,
દૈયડ, દરજીડો,
પ્રકૃતિ - પંખી

સક્કરખોર,
લેલાનાં કુદકારા
પ્રકૃતિ રાજી!

રંગવૈભવ
પીળકનો નિહાળી
દિલ થ્યું બાગ!

ઢેલ વારી ગૈ
જોઈ પિચ્છ વૈભવ
મોરલા તણો!

વોર્ડ્સવોર્થે
લખ્યો, આલાપ્યો રાગ
પ્રકૃતિ તણો!

*તુષાર દેસાઈ – અમદાવાદ • મો. ૯૪૨૭૪ ૫૪૫૧૮*

# કચ્છની અણમોલ આર્થિક સમૃદ્ધિનું વૈશિષ્ટ્ય

પ્રા. સૂર્યકાંત ભટ્ટ

કચ્છની ધીંગી ધરાનું વૈશિષ્ટ્ય જ અદ્‌ભુત છે. ડુંગરા, રણ, મહેરામણ – એ કચ્છની આગવી ઓળખ છે. કચ્છને આફતોનો પ્રદેશ મનાય છે. વાવાઝોડાં, ભૂકંપ, સૂકા દુષ્કાળ - લીલા દુષ્કાળ ગમે ત્યારે ત્રાટકે છે. છતાં પ્રજાનું મનોબળ ઘણું જ મજબૂત છે.

- **ગ્રીન એનર્જી ક્ષેત્રે પહેલ :**

કંડલા મહાબંદરે ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન માટે ૩૪૦૦ એકર જમીન ફાળવવામાં આવી છે. ૩૦ હજાર જેટલી રોજગારીની વ્યાપક તકો ઊભી થશે. શિપ બિલ્ડિંગ પ્રોજેક્ટને વિકસાવવામાં આવશે.

- **હવાઈ સેવાનું સુદ્રઢ માળખું**

ભુજ હવાઈ મથકની કાયાપલટ થઈ રહી છે. કંડલા ગ્રીન ફિલ્ડ માટે કાર્યરત થઈ રહેલ છે. વર્ષ દરમિયાન ૨૦૦ જેટલા ચાર્ટર પ્લેન આવ-જા કરશે.

- **કચ્છમાં રેલવેની ગતિવિધિ અણમોલ**

કચ્છમાં નલિયા સુધી બ્રોડગેજની પ્રક્રિયા શરૂ થતાં લશ્કરી સેવાઓ અર્થે અતિ ઉપયોગી બની રહી છે. ગાંધીધામમાં ઈલેક્ટ્રીક એન્જિન મેઈન્ટેનન્સ શેડ તૈયાર થઈ રહ્યું છે. કચ્છના રેલવે સ્ટેશનો સંસ્કારના વ્યાપાર કેન્દ્રો બનશે. ભુજનું રેલવે સ્ટેશન આધુનિકતાથી સજ્જ થયેલ છે.

- **પુનઃ પ્રાપ્ય ઉર્જાક્ષેત્ર**

આવતા દાયકામાં ખાવડા મધ્યે વિશ્વનો સૌથી મોટો પ્રોજેક્ટ ૪૨૦૦૦ મેગાવોટનો શરૂ થશે. ટર્બાઈન ટેકનોલોજીને કારણે થશે.

- **પ્રવાસન ક્ષેત્રે કચ્છનો સર્વાંગી વિકાસ**

૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના ભીષણ ભૂકંપ બાદ ભુજના ભુજિયા ડુંગરે 'સ્મૃતિ વન' સ્થાપિત થતાં અત્યાર સુધીમાં ૧૮ લાખ પ્રવાસીઓ દેસ-વિદેશથી અત્રે પધાર્યા હતા. બીજી તરફ હડપ્પન સંસ્કૃતિ કચ્છમાં ધોરડો, ધોળાવીરામાં જળવાયેલી છે. તમામ વાહન વ્યવહારની વ્યવસ્થા છે. હેલીપેડ ઊભું કરાયું છે. તંબુ નગરીઓ શણગારેલી છે. મીઠાનું સફેદ રણ માણવા સહેલાણીઓ ઠેર ઠેરથી આવે છે. કચ્છનો મીઠો માવો પ્રખ્યાત બન્યો છે. તો બીજી તરફ કચ્છની ગૃહ ઉદ્યોગની અનેક ચીજવસ્તુઓ ઉપલબ્ધ છે.

- **કચ્છમાં જળસંચય તથા આરોગ્ય વિકાસ**

પાણીના એક એક ટીપાને સંગ્રહવાની યોજનાઓ તથા કચ્છની હોસ્પિટલોને નૂતન ટેકનોલોજીથી સજ્જ કરવામાં આવી છે. લેસર ઑપરેશનો કામિયાબ બન્યા છે. ૧૦૮ની સેવાઓમાં વૃદ્ધિ થઈ છે.

- **કચ્છમાં આર્ટીફિશિયલ ઇન્ટેલીજન્સ**

કચ્છમાં કૃષિથી આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ, હેન્ડિક્રાફટ – પ્રત્યેકમાં એ.આઈ.ની ભૂમિકા કચ્છમાં વિકસી રહી છે. કલા અને સાહિત્યક્ષેત્રમાં તેની ભૂમિકા છે.

આમ, કચ્છનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે.

*ભુજ, કચ્છ*

*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## ભારત અમેરિકા વચ્ચે અહમનો ટકરાવ

**(અનુસંધાન : પાના નં. – ૫૬ ઉપરથી ચાલુ)**

ચૂકવતું નથી વસૂલે છે! જીટીઆરઆઈના મતે વર્ષે અમેરિકા ભારતની લગભગ ૮૦થી ૮૫ અબજ ડોલરની કમાણી વતન પરત લઈ જાય છે. આ કમાણી શિક્ષણ, ડિજિટલ સેવાઓ, નાણાંકીય કામગીરી, રોયલ્ટી અને ભારતને વેચવામાં આવતી ડિફેન્સની ચીજોમાંથી અમેરિકન કંપનીઓ રળે છે.

બીજું, ૨૦૨૪માં ભારતના ૪,૨૦,૦૦૦ વિદ્યાર્થીઓ અમેરિકામાં ભણી રહ્યા છે. આગળના વર્ષે તે સંખ્યા ૩,૩૧,૦૦૦ હતી. આ વિદ્યાર્થીઓ ફી, રહેવા, ખાણીપીણી માટે થઈ લગભગ ૮ અબજ ડોલરનો ખર્ચ ભારતથી નાણાં લઈ અમેરિકામાં ડોલરમાં કરે છે. ત્રીજું, લાખો ભારતીય દર વર્ષે અમેરિકાની મુલાકાત પ્રવાસી તરીકે લે છે. ૨૦૨૪માં લગભગ ૧૯ લાખ ભારતીયો અમેરિકા પ્રવાસે ગયેલા અને તેમણે લગભગ ૧૩ અબજ ડોલરનો ખર્ચ કરી અમેરિકન અર્થતંત્રને ભેટ આપી હતી. ભારતીય શેરબજારમાં અમેરિકન હિસ્સો ૧૭ ટકા જેટલો છે. આ મૂલ્ય અને કંપનીના રોકાણ સામે મળતા ડિવીડંડની આવક પણ અમેરિકા પરત જાય છે. આ રીતે સઘળી ગણતરી કરીએ તો ભારતથી અબજો ડોલર અમેરિકામાં જાય છે.

*"ગુજરાત સમાચાર"ના સૌજન્યથી*

# આવકવેરા ખાતામાં નવા ફેરફાર થવાના સંકેત આપતું ન્યુ ઇન્કમ ટેક્સ બીલ

ડૉ. મિહિર એમ. વોરા

આવક વેરા બીલ ૨૦૨૫ હાલના કાયદાની કેટલીક અવ્યવસ્થાને દૂર કરનારું છે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે લોકસભામાં રજૂ કર્યું હતું. માત્ર ૪ મિનિટમાં જ લોકસભામાં આ બીલને પાસ કરી દેવાયું હતું. આ સંશોધન બીલ સંસદીય પસંદગી સમિતિની મોટાભાગની ભલામણોનો સ્વીકાર કરે છે અને જૂના ૧૯૬૧ના આવકવેરા કાનૂનને બદલવાનો તે આધાર બનશે. લોકસભામાં આ બીલ પાસ થઇ ગયું છે.

સરકારે ૧૩ ફેબ્રુઆરીએ રજૂ કરેલા નવા ઇન્કમટેક્ષ બીલ ૨૦૨૫ને પાછું ખેંચ્યું હતું અને નવો મુસદ્દો ૧૧ ઓગસ્ટે લોકસભામાં રજૂ કરાયો હતો. જેમાં રજૂ કરાયેલા તમામ સૂચનો એક જ દસ્તાવેજમાં રખાયા છે. રાહતની વાત એ છે કે ૧૨ લાખ સુધી વાર્ષિક આવક પર ટેક્સ પર અપાયેલી છુટછાટને યથાવત રખાઇ છે

નિર્મલા સીતારમણે સંસદમાં કહ્યું કે અમને એવી ભલામણો મળી છે જેને કાનૂની અર્થ આપવા માટે સામેલ કરવી જરૂરી છે અને તેમાં ડ્રાફ્ટીંગની ખામી, શબ્દો, આવશ્યક બદલાવ તથા ક્રોસ રેફરન્સિંગ જેવા સુધારા કરાયા છે. તેમણે કહ્યું કે જૂનું બીલ ભ્રમથી બચાવવા માટે જ પાછું ખેંચાયું હતું. નવો ડ્રાફ્ટ હવે ૧૯૬૧ના કાયદાને બદલવાનો આધાર બનશે.

મુખ્ય ભલામણમાં કલમ ૨૧ મુજબ સંપત્તિના વાર્ષિક મૂલ્યમાં 'ઇન નોર્મલ કોર્સ' શબ્દ હટાવી ખાલી પડેલી સંપત્તિનું વાસ્તવિક ભાડું અને સંભવિત ભાડાની તુલના સ્પષ્ટ કરાઇ છે. તો કલમ ૨૨ હાઉસ પ્રોપર્ટીમાં આવકમાંથી કાપમાં ૩૦ ટકા કાપ નગરપાલિકાનો ટેક્સ બચાવી લાગુ કરવી. કલમ ૧૯ પગાર કાપમાં કમ્યુટેડ પેન્શન કાપની અનુમતિ આપવી. જે કર્મચારી નથી પણ પેન્શન ફંડથી પેન્શન મેળવે છે. ઉપરાંત કલમ ૨૦ વ્યાવસાયીક સંપત્તિમાં એવા શબ્દો બદલવા જેમાં અસ્થાયી ખાલી પડેલી સંપત્તિને હાઉસ પ્રોપર્ટી આવકના રૂપમાં ટેક્સ કરવામાં ના આવે.

આ નવા ઇન્કમ ટેક્સ બીલ ૨૦૨૫ માં આવક વેરા બીલ કરદાતાઓને આવકમાં ૧૨ લાખ સુધી છૂટ આપતું અને છ દાયકા જૂના કાયદામાં વિવિધ સુધારા સાથે આવક વેરા બીલ ૨૦૨૫ તાજેતરમાં લોકસભામાં રજૂ કરાયું હતું.

આ બીલ ઘણી રીતે ખાસ છે. જૂના કર માળખા અને કાયદાઓને વધુ સ્પષ્ટ અને સરળ બનાવવાનો ઇરાદો દેખાય છે.

લોકસભામાં રજૂ કરાયેલ આ બીલ સંસદના બંને ગૃહોમાં પસાર થયા બાદ આ અંગે નવો કાયદો ૧ એપ્રિલ ૨૦૨૬ થી અમલમાં આવે તેવી શક્યતા છે. આવક વેરા બીલ અંગે આવક વેરા વિભાગે જણાવ્યું હતું કે બીલ સીધું, સ્પષ્ટ અને સમજવામાં સરળ છે.

જેમાં આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ માં ૧૮ ની સરખામણીમાં ૫૭ થી વધુ કોષ્ટકો છે. કરદાતાઓની સીધા રસ ધરાવતી વિગતો, જેમાં કપાત, TDS/TCS દર અને મુક્તિનો સમાવેશ થાય છે, તે કોષ્ટક સ્વરૂપમાં પ્રદાન કરવામાં આવી છે.

આવક વેરાના નવા બીલની વાત કરીએ તો એમાં અંદાજે ૧૨૦૦ જેટલી જોગવાઈઓ અને ૯૦૦ જેટલી સમજૂતીઓ દૂર કરવામાં આવી છે.

શબ્દોની સંખ્યા લગભગ ૫.૧૨ લાખથી ઘટીને ૨.૬૦ લાખ થઈ ગઈ છે અને મૂડી લાભ, કપાત અને વિવાદ નિવારણ સહિતની બધી બિનજરૂરી જોગવાઈઓ, જેમાં વર્ષોથી સુધારા કરવામાં આવ્યા છે, તેને બાદ કરવામાં આવી છે.

સીધા કરવેરા માળખામાં કોઈ મોટો ફેરફાર થયો નથી, જે સાતત્ય અને સ્થિરતા સુનિશ્ચિત કરે છે. આ બીલ હાલના કાયદાથી એક નોંધપાત્ર રીતે અલગ છે:

જ્યારે તે ભાડા ચૂકવવા, જીવન અને આરોગ્ય વીમા પ્રીમિયમ, પ્રોવિડન્ટ ફંડમાં યોગદાન અને હોમ લોન માટે કપાતનો ઉલ્લેખ કરે છે, ત્યારે તે જૂના કર શાસન માટે કર દરો માટે કોઈ કોષ્ટક પ્રદાન કરતું નથી. નવી કર વ્યવસ્થામાં કર સ્લેબ કોષ્ટક સ્વરૂપમાં પ્રદાન કરવામાં આવ્યા છે.

આ બીલ ૬૨૨ પાનાનું છે, જે ૮૨૩ પાનાના આવકવેરા કાયદા (૨૦૨૪ સુધી અપડેટ થયેલ) કરતા લગભગ ૨૪% નાનું છે. સરળ ભાષા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

આવકવેરા કાયદામાં ૨૩ પ્રકરણો છે. જે અગાઉના ૪૭ પ્રકરણો કરતાં અડધા કરતાં ઓછા છે. ૧૬ અનુસૂચિઓ છે, જે કાયદા કરતાં બે વધુ છે.

કાયદામાં ૮૧૯ અસરકારક કલમોની સરખામણીમાં બીલમાં ૫૩૬ કલમો છે. જોકે, કાયદામાં ફક્ત ૨૯૮ કલમોનો ઉલ્લેખ છે. વર્ષોથી, હાલની કલમો સાથે ચાલુ રાખીને નવી

કલમોને ક્રમાંકિત કરવામાં આવી હતી.

ઉદાહરણ તરીકે, ખાસ કિસ્સાઓમાં કર સંબંધિત જોગવાઈઓ ૧૧૫ શ્રેણીના ભાગ રૂપે દાખલ કરવામાં આવી હતી. જેમ કે, 115AC, 115AD, 115JB, 115VP વગેરે.

આ બીલ 'કર વર્ષ'ની વિભાવના રજૂ કરે છે, જેને ૧ એપ્રિલથી શરૂ થતા ૧૨ મહિનાના સમયગાળા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે.

કોઈ વ્યવસાય અથવા નવા સ્થાપિત વ્યવસાયના કિસ્સામાં, કર વર્ષ તેની સ્થાપનાની તારીખથી શરૂ થશે અને તે નાણાંકીય વર્ષ સાથે સમાપ્ત થશે. આવકવેરો આર્થિક પ્રવૃત્તિ અને કર વર્ષમાં મેળવેલી આવકના આધારે વસૂલવામાં આવશે.

હાલમાં, આવકવેરામાં 'આકારણી વર્ષ' (AY) ની વિભાવના છે. જે પાછલા (નાણાકીય) વર્ષમાં કમાયેલી આવક પર કરનું મૂલ્યાંકન કરે છે.

ઉદાહરણ તરીકે, નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ (૧ એપ્રિલ, ૨૦૨૪ થી ૩૧ માર્ચ, ૨૦૨૫) માં કમાયેલી આવકનું મૂલ્યાંકન AY ૨૦૨૫-૨૬ (૧ એપ્રિલ, ૨૦૨૫ થી શરૂ) માં કરવામાં આવે છે.

૧૯૮૯ પહેલા, 'પાછલું વર્ષ' અને 'આકારણી વર્ષ' ની વિભાવનાઓ હતી કારણ કે કરદાતાઓ આવકના દરેક સ્ત્રોત માટે ૧૨ મહિનાના પાછલા વર્ષો અલગ અલગ રાખી શકતા હતા.

૧ એપ્રિલ ૧૯૮૯ થી, બધા કિસ્સાઓમાં પાછલા વર્ષને નાણાંકીય વર્ષ સાથે સંરેખિત કરવામાં આવ્યું હતું. જોકે, કાયદા હેઠળ વિવિધ કાર્યવાહી માટેનો ઉપયોગ ચાલુ રહ્યો.

આમ, કરદાતાએ બે અલગ અલગ સમયગાળા, પાછલા વર્ષ અને AYને ટ્રેક કરવા પડતા હતા.

'વર્ચ્યુઅલ ડિજિટલ સ્પેસ'ને આવકવેરા અધિકારીઓ દ્વારા સર્વેક્ષણો, શોધ અને જપ્તી દરમિયાન માહિતી મંગાવવાની સત્તાઓમાં વ્યાખ્યાયિત કરવામાં આવી છે.

જેમાં ઇ-મેઈલ સર્વર્સ, સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ, ઓનલાઈન રોકાણ, ટ્રેડિંગ અને બેન્કિંગ એકાઉન્ટ્સ, રિમોટ અથવા ક્લાઉડ સર્વર્સ અને ડિજિટલ એપ્લીકેશન પ્લેટફોર્મનો સમાવેશ થાય છે.

ક્રિપ્ટો કરન્સી જેવી વર્ચ્યુઅલ ડિજિટલ સંપત્તિઓને કરદાતાની મૂડી સંપત્તિ તરીકે ગણવામાં આવશે. મિલકતની વ્યાખ્યામાં જમીન અને મકાન, શેર અને સિક્યોરિટીઝ, બુલિયન, ઝવેરાત, પુરાતત્ત્વિય સંગ્રહ, રેખાંકનો, ચિત્રો, શિલ્પો અને કલાના કોઈપણ કાર્ય જેવી સ્થાવર મિલકતની હાલની શ્રેણીઓ સાથે સમાવવામાં આવી છે.

આવકવેરા વિભાગે જણાવ્યું હતું કે આવકવેરા બીલ, ૨૦૨૫ હેઠળ 'વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ' ના કાર્યક્ષેત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

બીલ હેઠળની વ્યાખ્યામાં નાણા બીલ, ૨૦૨૫ હેઠળ પહેલાથી જ પ્રસ્તાવિત સુધારાનો સમાવેશ થાય છે.

બીલમાં વિવાદ નિવારણ પેનલ (DRP) પરનો વિભાગ નિર્ધારણના મુદ્દાઓ, નિર્ણય અને તેની પાછળના કારણો પ્રદાન કરે છે, જે અગાઉના વિભાગથી અલગ છે, જેમાં DRP નિર્દેશો જારી કરવાની રીત અંગે સ્પષ્ટતાનો અભાવ હતો.

કાયદાની કલમ-૫૪ઈ, જેમાં એપ્રિલ ૧૯૯૨ પહેલાં મૂડી સંપત્તિના ટ્રાન્સફર પર મૂડી લાભ માટે મુક્તિઓની વિગતો આપવામાં આવી છે. તે બીલમાં દૂર કરવામાં આવી છે. કપાતને સુવ્યવસ્થિત કરવામાં આવી છે અને જૂની મુક્તિઓ દૂર કરવામાં આવી છે.

પગારમાંથી કપાત જેમ કે સ્ટાન્ડર્ડ ડિડક્શન, ગ્રેચ્યુઈટી અને લીવ એન્કેશમેન્ટનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે.

આવક અંગેની વ્યાખ્યા વિસ્તૃત કરવામાં આવી છે જેથી આવકના સ્ત્રોતો વિકસિત થાય. મુક્તિ આવક, મુક્તિનો દાવો કરવા માટેની શરતો, કપાત, TDS અને TCS વધુ સારી સમજણ માટે અલગ સમય પત્રકમાં પ્રદાન કરવામાં આવ્યા છે.

કોઈપણ વર્ષના બજેટમાં જાહેર કરાયેલા આવકવેરા સ્લેબનો સમાવેશ તે વર્ષના નાણાં કાયદામાં કરવામાં આવશે.

હાલમાં, બજેટ ૨૦૨૫-૨૬માં જાહેર કરાયેલા આવકવેરા દરોને આવકવેરા બીલમાં સમાવવામાં આવ્યા છે.

કર નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સરળ ભાષા અને સંક્ષિપ્ત સ્વરૂપ કરદાતાઓને આવકવેરાની જોગવાઈઓને વધુ સારી રીતે સમજવામાં મદદ કરશે.

હાલમાં વિભાગો અને નિયમો વચ્ચે બહુવિધ ક્રોસ-રેફરન્સિંગ ઘણીવાર ગૂંચવણો અને વિવાદોને જન્મ આપે છે.

'નવા બીલમાં સ્પષ્ટતા વધારવા માટે 'જોગવાઈઓ', 'સમજૂતી' અને બિનજરૂરી જોગવાઈઓ દૂર કરવા ઉપરાંત, સૂત્રો, કોષ્ટકો અને માળખાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. શક્ય હોય ત્યાં સુધી, વર્તમાન કાયદામાં વિવિધ પ્રકરણોમાં હાજર રહેલા સમાન મુદ્દાઓને લગતી જોગવાઈઓને હવે એકીકૃત કરવામાં આવી છે. રિડન્ડન્સી દૂર કરવામાં આવી છે અને અનેક સ્થળોએ વ્યાખ્યાઓને એકીકૃત કરવામાં આવી છે.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૮ ઉપર)**

# પ્લાસ્ટિકની શોધ થઈ ના હોત તો જંગલો સાફ થઈ ગયા હોત

મનીષ જોશી 'મૌન'

***ટપક સિંચાઈ પદ્ધતિનો ભારતમાં જ સૌથી વધારે ઉપયોગ થતો***

***પ્લાસ્ટિકના ઉપયોગ વડે ખેતીને સરળ બનાવી ટપક સિંચાઈ અપનાવવા સતત પ્રયત્નશીલ રહેનાર શંભુભાઈ પટેલ વિશે જાણીએ....***

ધીંગી ધરા ભાવનગરના શિહોર તાલુકાના ધરતીપુત્ર ધરમશીભાઈ પટેલ અને શાંતાબેનના ઘરે દીકરો જન્મ્યો. શિવભક્ત માતા પિતાએ નામ પાડ્યું શંભુભાઈ. ગામની શાળામાં મોટા થતા થતા શંભુભાઈને મહર્ષિ અરવિંદ અને પૂજ્ય માતાજી પ્રત્યે આસ્થા જાગી. આમલા ગામના નાનાભાઈ ભટ્ટની સણોસરા લોકભારતી સંસ્થામાંથી શંભુભાઈ ઉચ્ચ શિક્ષણ મેળવી ધરતીને હરિયાળી કરવા પ્રત્યે સભાન થતા રહ્યા. એમાં વળી વડોદરાની આઈપીસીએલ કંપની શાળાની જાહેરાત જોઈ. અને મહર્ષિ અરવિંદ પણ જે તે સમયે વડોદરામાં કાર્યરત હતા અને તેમનો આશ્રમ છે તે જાણતા શંભુભાઈએ શાળામાં અરજી કરી. ઈન્ટરવ્યૂ આવ્યું. મધુભાઈ બુચ ફેકલ્ટી ડીન હતા. તેઓએ પસંદગીની મહોર મારી. અને પત્ની મધુબેન સાથે વડોદરા આવ્યા ત્યારે પુત્ર શ્રીધરનો જન્મ થયો હતો.

એ સમયે મોરારજી દેસાઈની સરકાર કાર્યરત હતી. અને પોલીમર પ્લાસ્ટિક બનાવતા આઈપીસીએલના ડિરેક્ટર હતા હસમુખભાઈ શાહ. મોરારજી દેસાઈને સોશિયલ યુઝફુલ પ્રોડક્ટિવ વર્કમાં રસ હતો. હસમુખભાઈએ ખેતી પ્રત્યે લગાવ ધરાવતા શંભુભાઈ પર પસંદગીનો કળશ ઢોળી તેમને શાળાની બદલે કંપનીમાં લાવ્યા. ખેતીમાં મહદ અંશે ખેડૂત પ્લાસ્ટિકનો ઉપયોગ કરે તેનો ટાસ્ક અપાયો. અને કંપનીમાં શરૂ થયું પ્લાસ્ટિક કલ્ચર ડેવલોપમેન્ટ સેન્ટર (પીડીસીએલ). શંભુભાઈને ઢાળ મળ્યો. ડ્રીપ એટલે કે ટપક પદ્ધતિ માટે પ્રયોગો શરૂ થયા. શેડ હાઉસ બન્યા. ભારતભરના ખેડૂતોને પરિભ્રમણ કરી મળવાનું શરૂ થયું. સેમિનાર યોજાતા રહ્યા. મલચિંગ માટે દાણા બનાવતી કંપનીની મદદથી ખેડૂતો સિન્ટેક્સની ટાંકી, પીવીસી પાઈપ, ફૂડ પેકેજિંગ, પ્લાસ્ટિકની બોટલ ઉપયોગ કરવા સાથે ટપક સિંચાઈ અપનાવતા થયા. ખર્ચ ઘટ્યો, આવક વધી. શંભુભાઈ પટેલની કાર્યદક્ષતા જોઈને કંપનીએ તેમને ઉચ્ચ કેટેગરીમાં ન હોવા છતાં ઇઝરાયલ દેશમાં ટપક સિંચાઈ પદ્ધતિનો અભ્યાસ કરવા એકવાર નહીં પરંતુ બે વાર મોકલ્યા. જેને સરળ સ્વભાવના શંભુભાઈ મોટો પુરસ્કાર ગણે છે.

હવે ટપક સિંચાઈ વિષે નહીં જાણતા વાચકો માટે વિગત આપીએ તો... ટપક સિંચાઈ પદ્ધતિ એટલે છોડના મૂળ વિસ્તારની આસપાસ જરૂર મુજબ ટીપે ટીપે પાણી આપવું. આ પદ્ધતિથી જમીન ભીની રહે છે પણ પાણીથી તરબોળ નહીં હોવાથી મૂળને જરૂરી હવા મળી રહે છે. આથી પૂરતા પાણી અને પોષક તત્ત્વો નિયમિતપણે છોડને મળે છે. છોડને એક સરખુ, એકધારું અને જરૂર જેટલું જ પાણી મળે છે. નીક, પાળા કે સપાટી ક્યારા પદ્ધતિમાં પાણી આપ્યાના શરૂઆતના ચાર દિવસો મૂળને હવા મળતી નથી. પછીના સાત દિવસ જ મૂળને પાણી અને હવા બન્ને મળી શકે છે. પછીના ચાર દિવસ બાષ્પીભવનથી અને જમીનમાં ઉતરી જતા મૂળને પૂરતો ભેજ મળતો નથી. આમ પંદર દિવસે પાણી આપવામાં સાત દિવસ જ છોડને તેના તંદુરસ્ત વિકાસ માટે તક સાંપડે છે. આ પદ્ધતિથી ૬૦ થી ૮૦ ટકા પાણીનો બચાવ થાય છે. સાથે સારી ગુણવત્તાવાળું વધુ ઉત્પાદન મળે છે. રસ પડે તેવી બાબત છે ને? શંભુભાઈએ સરસ વાત કરી....

**પ્લાસ્ટિક માનવી માટે દૂષણ પણ છે અને ઉપયોગી પણ છે. ઉપયોગ કેવો કરીએ છીએ તેના પર આધાર છે.**

એમના માટે ઇઝરાયેલની ટપક સિંચાઈ પદ્ધતિ ખરેખર તો ભારતની દેન છે. **અગાઉ કર્ણાટક અને તામિલનાડુના જંગલોમાં ખેડૂતો વાંસના બામ્બુને જોડી તેમાં કાણા પાડી તેમાંથી પાણી પસાર કરી ટીપે ટીપે છોડને પાણી પૂરું પાડતા હતા.** પરંતુ આપણે આપણી પદ્ધતિને શિરમોર ગણવામાં મોડા પડતા હોઈએ છીએ. ઇઝરાયેલ આગળ વધ્યો છે તેનું કારણ ત્રણ વર્ષ સુધી ખેતીનું અને મીલેટરીનો અભ્યાસ કરનારને જ ડિગ્રી આપવામાં આવે છે. શંભુભાઈ કહે છે ભગવાન શંકરની જલાધારીમાંથી પણ ટીપે ટીપે પાણીનો અભિષેક કરવામાં આવે છે. આ આપણા દેશની ટપક પદ્ધતિનું સચોટ ઉદાહરણ છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૪ ઉપર)

# સંવાદી સમાજ માટે સર્જન

પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર

- **ભૂમિકા : ઉઘડતા દ્વાર અંતરના :**

*"ન માગું ખજાના, નહીં પંડિતાઈ*
*ન સત્તા, સિંહાસન, ન કિલ્લા હવાઈ*
*હું માગું અખૂટ જ્ઞાનની વારસાઈ*
*એ પુસ્તક છે, પુસ્તક છે, પુસ્તક છે ભાઈ."*

*– તસ્લીમા નસરીન*

સાહિત્યના અનેક સ્વરૂપ છે : નવલકથા, નવલિકા, વાર્તા, લઘુકથા, આત્મકથા, જીવનકથા, વિવેચન, ચરિત્રલેખન, નિબંધ, કવિતા વગેરે. દરેક પ્રકારનું આગવું સ્થાન અને મૂલ્ય છે પણ સામાજિક નિસ્બત સાથે માનવ અંતઃકરણના ચારેય ઘટક : મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને જાગૃત, સભાન કરીને તેને વિધાયક, સર્જનાત્મક દિશા તરફ દોરી જનાર સર્જનને સત્ સાહિત્ય કહેવાય છે. સ્કોટલેન્ડની સંન્નારી એઈલીન કેડીએ ૧૯૫૩માં પરમાત્માના પ્રેમ, આનંદ અને કૃતજ્ઞતાના સૂર રેલાવતાં શાંત સંદેશની અનુભૂતિ કરી. તેણે તેને આત્મસાત્ કર્યા. તેમાંથી આધ્યાત્મિક દર્શન અને સત્ત્વનો ઉઘાડ કરતું તેમનું પુસ્તક પ્રાપ્ત થયું : 'ઓપનિંગ ડોર્સ વિધિન.' ઈશા કુંદનિકાએ તેનો ભાવાનુવાદ કર્યો છે 'ઉઘડતા દ્વાર અંતરના.' કદમાં નાનું પણ વૈચારિક દૃષ્ટિએ વિરાટ આ પુસ્તકે લાખો જિજ્ઞાસુઓને આત્માના અવાજ અનુસાર જીવન જીવવાની જડીબુટ્ટી આપી છે. ભાવનગર યુનિવર્સિટીના એક પૂર્વ રજિસ્ટ્રાર પાસે જ્યારે તેના ટેબલ ઉપર રાખેલા હાજરી રજિસ્ટરમાં હાજરી પૂરાવવા કર્મચારીઓ જાય ત્યારે તેઓ તે પુસ્તકમાંથી એક પ્રસંગ વાંચી સંભળાવતા.

- **પુસ્તકો વિચારો અને સંવેદનાનું શુદ્ધિકરણ :**

પુસ્તકો માહિતીમાંથી જ્ઞાન, જ્ઞાનમાંથી ડહાપણનું રૂપાંતરણ કરવાની માસ્ટર કી છે. તે વિચારો, સંવેદનાઓનું શુદ્ધિકરણ કરે છે. વ્યકિતત્વના ઘડતરમાં સહાયક સિધ્ધ થાય છે. મૂંઝવણમાં માર્ગદર્શન આપે છે. સર્વાંગી દૃષ્ટિકોણ વિકસાવે છે. ભ્રામક માન્યતાઓનું નિરસન કરે છે. છેક દસમી સદીના પર્શિયા (અત્યારે ઈરાન)ના વજીર અબ્દુલ કાસિમ ઈસ્માઈલના ગ્રંથાલયમાં ૧.૧૭ લાખ પુસ્તકો હતા. પોતે જયારે પ્રવાસમાં જાય ત્યારે પણ વાચન માટે ઊંટ ઉપર ૪૦૦થી વધુ પુસ્તકો લઈ જતા.

**પુસ્તકોના પ્રભાવના બે ઉદાહરણ તપાસીએ :** અમેરિકામાં ૧૯મી સદીમાં ગુલામી પ્રથા ચરમસીમાએ હતી. માત્ર રંગભેદને કારણે હબસીઓને ગુલામ બનાવી તેમને પારાવાર સિતમ અત્યાચારનો ભોગ બનાવવામાં આવતા હતા. આ દયનીય પરિસ્થિતિને કેન્દ્રમાં રાખી ૧૮૫૨માં નવલકથાકાર હેરિએટ સ્ટોએ 'અંકલ ટોમ્સ કેબિન' પ્રકાશિત કરી. ટોમ નામના ગુલામનું અનેક વખત ખરીદ-વેચાણ કરવામાં આવે છે. તેના માલિક તેને અસહ્ય શારીરિક, માનસિક યાતના આપે છે. અને છતાં ટોમ, ઈશુ ખ્રિસ્ત તરફની ભક્તિમાં અવિચળ રહે છે. લેખકના પાશવી પીડાના કરુણામય આલેખનથી ઘેરાઈને નિગ્રો પ્રજા માટે સહાનુભૂતિ, સમાનુભૂતિના પ્રચંડ મોજાનું નિર્માણ થયું અને અંતે સરકારને ૧૮૬૫માં રંગભેદ વિરોધી કાયદો પસાર કરવાની ફરજ પડી.

મહાત્મા ગાંધીજીનું 'મારાં સ્વપ્નનું ભારત' મનનીય પુસ્તક છે. ૨૦ વર્ષ પૂર્વે એમ.એસ. યુનિ. વડોદરામાં તબીબી વિદ્યાનો અભ્યાસ કરતા રોહન ચરિવાલાએ તે વાંચ્યું. ગાંધીજીની ગ્રામ સ્વરાજની સંકલ્પનાથી તેઓ અભિભૂત થયા. તેમનામાં ઊંડી સંવેદના જાગી. નવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ. તેઓ લંડન જઈને કમ્યુનિટી આઈ હેલ્થની તાલીમ મેળવી આવ્યા અને પછી ડાંગ જિલ્લાના છેક અંતરિયાળ આદિવાસી વિસ્તાર સીતાપુર તા. વાંસદામાં 'શુભમ્ નેત્રસેવા ટ્રસ્ટ' સંચાલિત તાપીબા આંખની હોસ્પિટલ અને સંશોધન સંસ્થાનો પ્રારંભ કર્યો. આ આરોગ્યધામમાં છેલ્લાં ૭ વર્ષમાં ગુજરાત અને મહારાષ્ટ્રના ૬ જિલ્લાના ગરીબ અને ઉપેક્ષિત ૩૦,૦૫૪ દર્દીઓએ આંખની તપાસ કરાવી છે; ૩,૪૨૩ નિઃશુલ્ક ઓપરેશન થયા છે.

અહીં મારાં ૩૪ પુસ્તકો પૈકી બે પુસ્તકોની તટસ્થભાવે ચર્ચા કરવી છે.

**૧. વિદ્યાર્થીઓ – યુવાપેઢી માટે દિશાદર્શક : 'સફળતા-સાર્થકતાના સોનેરી ઉપાયો'**

દરેક વ્યકિતને જીવનમાં કોઈને કોઈ ક્ષેત્રમાં સફળતા મેળવવી છે પણ જેમની પાસે નિષ્ઠા અને દૃષ્ટિ હોય છે તેઓ અવશ્ય સફળ થાય છે. અને માત્ર સફળતા એટલે સંપત્તિ, સમૃદ્ધિ અને સત્તા. આપણે તેનાથી આગળ વધીને સંતોષ અને શાંતિ પ્રાપ્ત કરવાના છે. જેને કહેવાય સાર્થકતા. આ સુખ અને આનંદ બંનેનો સમન્વય કઈ રીતે કરી શકાય તે અંગે મેં ત્રેવીસેક પુસ્તકો વાંચ્યા. હેલન કેલરની જીવનકથા, શિવ ખેરાનું જીત

તમારી, રામુ પંડિતનું ઉત્તમતાની ખોજ વગેરે. આ સાહિત્યના ચિંતન પછી માર્ચ ૨૦૦૬માં મેં ૩૨ પેઈજની પુસ્તિકા તૈયાર કરી. વંચિત બાળકો, મહિલાઓ અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના સંગઠન વિશ્વવાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ બગસરાએ તે પ્રકાશિત કરી છે. જેની અત્યાર સુધી ૩૦ આવૃત્તિની ૧.૫૨ લાખ નકલો જિજ્ઞાસુઓએ વાંચી છે.

આ પુસ્તિકામાં ૨૦ મુદ્દાઓ છે. દરેક મુદ્દામાં વાચકના ચિત્તને સ્પર્શી જાય તેવા કુલ ૪૨ ઉદાહરણો પ્રસ્તુત છે. 'કચ્છશ્રુતિ'માં આ પુસ્તકના ૧૮ મણકાઓ માર્ચ-૨૦૨૨થી ઓગસ્ટ-૨૦૨૩ સુધી પ્રકાશિત થયા છે તેથી વિશેષ વિગતો આવશ્યક નથી. આ પુસ્તિકાનો અંગ્રેજી ભાવાનુવાદ 'હેન્ડબુક ઓફ હેપ્પીનેસ' પણ ઉપલબ્ધ છે.

**૨. સમય આયોજન એટલે સ્વઆયોજન :**

આપણા ધ્યેયને પરિપૂર્ણ કરવા માટેનું સર્વોત્તમ સાધન છે સમય. સમગ્ર સૃષ્ટિ શ્રેષ્ઠ રીતે જીવન જીવી શકે તે માટે પરમાત્માએ પંચમહાભૂત : આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીની અપ્રતિમ ભેટ આપી છે. તેમ મનુષ્યને પોતાના ભાગ્યને બદલવા માટે સમય નામની સર્વોચ્ચ શકિત ગર્ભાધાનથી જ પ્રાપ્ત થયેલી છે. આવશ્યકતા છે સમયની દરેક મૂલ્યવાન ક્ષણનો શ્રેષ્ઠત્તમ, સાર્થક ઉપયોગ કરવાની. ગુમાવેલ ધન, વિદ્યા, સ્વાસ્થ્ય કે સત્તાને ફરીથી મેળવી શકાય છે પણ વીતી ગયેલો સમય ખર્ચાઈ ગયેલા ધન જેવો છે. તે ઈતિહાસ બની જાય છે. આ પુસ્તિકામાં ચાર મુદ્દાઓ છે : (૧) સમયની લાક્ષણિકતા, (૨) સમય આયોજન, (૩) આયોજનની ચરિતાર્થતા, (૪) સમય અને શિસ્ત.

સમય આયોજનને અસર કરતા પરિબળોમાં કેન્દ્રીય છે અનુશાસન. તે સમય વ્યવસ્થાપનનો આત્મા છે. જે રીતે આત્મા, શરીર અને અંતઃકરણની તમામ હિલચાલને નિયંત્રિત રાખી શકે છે તે રીતે સર્વાંગી વિકાસ માટે શિસ્ત ઉદ્દીપક સિદ્ધ થાય છે. જેમ લોહી સમગ્ર શરીરમાં પરિભ્રમણ કરીને શરીર તેમજ મન બંનેને નિત્ય સ્વસ્થ રાખે છે તેમ શિસ્ત આપણા લક્ષ્ય માટેની આકાંક્ષાઓને તીવ્ર-વ્યાપક બનાવે છે. જે રીતે કુદરત હજારો વર્ષથી સમયના નિયમો અચૂકપણે પાળે છે. જેથી જીવસૃષ્ટિનું જીવન સરળતાથી પસાર થાય છે. ચેસ્ટર ફિલ્ડનું વિધાન યાદ રાખીએ : "દરેક ક્ષણ, મિનિટનું ધ્યાન રાખશો તો કલાકો આપોઆપ તમારા જીવનનું કિંમતી સર્જન કર્યા કરશે." વિખ્યાત નાટ્યલેખક જ્યોર્જ બર્નાડ શોએ વિચારેલું કે મારે જો નાટક લેખન માટે મહત્તમ સમય આપવો હોય તો શેવિંગ કરવા માટે સમય ફાળવવાની જરૂર નથી. તેમણે ૭૧ વર્ષ સુધી શેવિંગ ન કરીને બચાવેલા ૨૫,૯૧૫ કલાકો સર્જન માટે ઉપયોગમાં લીધા. પરિણામે તેઓ વિશ્વના નોબેલ પુરસ્કાર વિજેતા તરીકે વિખ્યાત થયા. પંડિત નહેરૂજી જે કવિતાને પોતાના ટેબલ ઉપર સ્થાન આપતા તે રોબર્ટ ફ્રોસ્ટની રચનાની હરિવંશરાય બચ્ચન અનુવાદિત કેટલીક પંક્તિઓ...

*ગહન સઘન મનમોહક તરુ*
*મુઝકો આજ બુલાતે હૈં*
*કિન્તુ કિયે જો વાદે મૈંને*
*યાદ મુઝે આ જાતે હૈં*
*અરે, અભી તો મિલો મુજસે*
*મિલો મુજસે ચલના હૈં.*

- **સમાપન :**

વ્યક્તિગત, સામાજિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક જીવનને સત્યમ્, શિવમ્, સુંદરમ્થી સભર બનાવવું હશે; તમસ ગુણથી રજસ અને રજસથી સત્ત્વગુણ તરફની યાત્રા કરવી હશે તો આહાર અને નિદ્રાની જેમ પસંદગીયુક્ત શ્રેષ્ઠ સાહિત્યના વાંચન માટે દરરોજ ક્રીમ સમયની ફાળવણી કરવી જોઈશે.

*ડી-૨૦૪, અભિષેક એન્ટિલિયા, સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સામે,*
*પુનિત નગર, ન્યુ સમા રોડ, વડોદરા-૩૯૦ ૦૨૪.*
*મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦*

## પ્લાસ્ટિકની શોધ ના થઈ હોત તો...

**(અનુસંધાન : પાના નં. – ૬૨ ઉપરથી ચાલુ)**

શંભુભાઈ કહે છે, જુઓ પ્લાસ્ટિકની શોધ થઈ ન હોત તો મોટાભાગના જંગલો સાફ થઈ ગયા હોત.

શંભુભાઈ પોતાના ઘરે કિચન વેસ્ટમાંથી ખાતર બનાવે છે અને ઘરમાં પણ કિચન ગાર્ડન દ્વારા ખપ પૂરતું શાકભાજી ઉત્પાદન કરતા રહે છે. આ કન્સેપ્ટને લોકો સુધી પહોંચાડવા હવે દશરથના નિલેશભાઈ પટેલ અને શંભુભાઈ પટેલ ભેગા થઈ નાવિન્યસભર આયોજન કરી રહ્યા છે. જો પાણી બચશે તો જ માનવ જીવન બચશે એટલે દરેક વ્યક્તિએ પોતાની રીતે પાણીનો બચાવ કરવો જ રહ્યો. એમ નથી લાગતું?

- **સંવેદનાઃ**

***પાણી અમૂલ્ય છે,***
***બસ ઈચ્છાઓ ઉપર ના ફરવું જોઈએ...!!!***

*'મેઘવર્ષા', ૧૪, સપ્તગિરિ સોસાયટી વિભાગ-૩,*
*સાંઇ મંદિર અને બગીચાની પાછળ,*
*વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૦૧.*
*મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮*
*ઈ-મેઈલ : maunjoshi@gmail.com, maun_66@yahoo.co.in*

## કચ્છના દરિયાઇ ઇતિહાસમાં
# વીજળી પછીની બીજી કરુણાંતિકા : 'વીટા અકસ્માત'

નરેશ અંતાણી

કચ્છના ઈતિહાસના પાને અને દરિયાઈ કથાઓમાં કેટલીય શૌર્યકથાઓ આલેખાયેલી છે. આવી જ એક દરિયાઇ કથા-ઘટના લોકકથા કચ્છના દરિયાઈ ઈતિહાસના પાને મળે છે પરંતુ કચ્છમાં તે ઓછી જાણીતી છે. અહીં એવી જ દરિયાઈ કરુણાંતિકાની વાત કરતી ઘટના આલેખવાનો ઉપક્રમ છે.

માંડવી બંદરના ઈતિહાસમાં વીજળીની જળ સમાધિની ઘટના બહુ જાણીતી છે. વીજળીની જળસમાધિ પછીના ચાર દાયકામાં જ કચ્છના અને માંડવીના દરિયાઈ ઈતિહાસમાં ઈ.સ. ૧૯૨૬માં એક આકસ્મિક ઘટના સર્જાઈ જે 'વીટા અકસ્માત' તરીકે ઓળખાયો; જો કે કચ્છના ઈતિહાસમાં વીજળીની કરુણાંતિકા જેટલી તેની નોંધ લેવાઈ નથી.

કચ્છના બંદરો પર સ્ટીમરનું આવાગમન ઈ.સ. ૧૮૬૦ પછી શરૂ થયું હોવાનું નોંધાયું છે. સને ૧૮૭૫ પછી બ્રિટીશ ઈન્ડિયા સ્ટીમ નેવિગેશન કંપનીની મુંબઈથી માંડવી અને માંડવીથી કરાંચીની ફેરી સેવા સ્ટીમર મારફત શરૂ કરાઈ હતી. જે એજ રૂટ પર પરત ફરતી. તેના રૂટમાં વેરાવળ, માંગરોળ, પોરબંદર, ઓખા અને દ્વારકા વગેરે બંદરો આવેલા હતા. પ્રવાસીઓની સાથે માલ-સામાનનું પણ પરિવહન કરતી. આવી જ અન્ય સેવા બોમ્બે સ્ટીમ નેવિગેશન કંપની અને લંડનની શેફર્ડ કંપની ચલાવતી. આ સેવાઓ અંગ્રેજોના વહીવટ હેઠળ ચાલતી પરંતુ તેમાં અનેક ભારતીયોના શેર પણ હતા.

શેફર્ડ કંપનીની શાખા મુંબઈમાં પણ હતી. તેની બારથી વધારે સ્ટીમરો નીરા, ભીમા, ગોદાવરી, કાલિંદી, કૃષ્ણા અને સાવીત્રી વગેરે નામથી ચાલતી. ઉપરાંત આ જ કંપનીની એસ.એસ. વૈતરણા ૧૯૮૫થી ચાલતી જે વીજળીના નામથી જાણીતી છે. ૧૮૯૪માં તાતાએ પણ 'તાતા એન્ડ સન્સ' નામથી સટીમર કંપનીનો આરંભ કર્યો હતો. જો કે તે એ સમયે ચાલતી ગળાંકાપ હરિફાઈ સામે ટકી ન શકી અને તેને બંધ કરવાનો વારો આવ્યો હતો.

એ સમયે લોકો મુંબઈથી કચ્છ, સૌરાષ્ટ્ર અને કરાંચી જવા આવવા માટે સ્ટીમરની મુસાફરી વધારે સલામત જણાતા અને રેલવેની સફરમાં વારંવાર રેલવે બદલવાની સમસ્યાને કારણે સ્ટીમરની મુસાફરી વધુ પસંદ કરતા હતા. આરંભમાં લોકો શેફર્ડ કંપનીની સ્ટીમરનો પ્રવાસ વધારે પસંદ કરતા પરંતુ ઈ.સ. ૧૮૮૮માં આ કંપનીની વીજળી સ્ટીમરની જળ સમાધિના બનાવ પછી બ્રિટીશ ઈન્ડિયા સ્ટીમ નેવિગેશન કંપનીની સ્ટીમરનો પ્રવાસ પસંદ કરવા લાગ્યા. આ કંપનીની ચકલા, લ્હાસા, વીટા વગરે નામની સ્ટીમર ચાલતી તેમાં વીટા લોકોની પહેલી પસંદગી રહેતી. આ સ્ટીમર દર અઠવાડિયે મુંબઈથી માંડવી અને માંડવીથી કરાંચી એ રૂટ પર ચાલતી હતી. વીટા સ્ટીમરમાં માલ સામાન વધારે લઈ જઈ શકાતો. મુંબઈથી ઉપડી કચ્છ આવતાં સુધી ક્યાંય બદલવી ન પડતી કે વચ્ચેથી પ્રવાસીઓને ચડવા કે ઉતરવા ન આપતા. જેથી આ સફર વધારે આરામદાયક અને ખલેલ વગરની રહેતી. માત્ર ચોમાસા દરમિયાન જ બંધ રહેતી. આ સુવિધાને કારણ વીટા લોકોની પહેલી પસંદગી રહેતી.

વીટા સ્ટીમરની ખેપ શાંતિથી ચાલતી હતી. એવામાં તા. ૪થી મે ૧૯૨૬ના વીજળી જેવી જ એક કરુણાંતિકા સર્જાઈ. વીટા મે મહિનાની ત્રીજી તારીખે મુંબઈથી વાયા માંડવી થઈ કરાંચી જવા નીકળી હતી. ચોથી તારીખે બપોરના માંડવી પહોંચી. એ સમયે લોકોને ઉતરવા તથા ચડાવવા માટે આવેલા મછવાઓમાં લોકો ઉતરવા તથા ચડવા ઉતાવળા બન્યા. એ સમયે દરિયો તોફાની હોઈ 'નાની ખીચડી' નાના મછવામાં ૩૮ મુસાફરો પોતાના માલ સામાન સાથે ગોઠવાયા. મછવાએ સ્ટીમર સાથે બાંધેલું દોરડું છોડી કિનારે જવા પોતાની સફર શરૂ કરી. એ સમયે જ એ મછવો સ્ટીમરના પંખા સાથે બેથી વધુ વાર અથડાઈ ગયો અને થોડોક આગળ વધ્યો ત્યાં જ તેના પાટીયાં તૂટી ગયા અને દરિયાઈનું પાણી મછવામાં ભરાવા લાગ્યું અને મછવો ડૂબવા લાગ્યો અને ૩૮ પ્રવાસીઓનું જીવન જોખમમાં આવી ગયું. એ સમયે સ્ટીમરમાં રહેલા પ્રવાસીઓ તથા સ્ટીમરમાં સફર કરતા એ સમયના કચ્છી અગ્રણી શેઠ વીરજી પેરાજ, કેશવજી દામજી તથા ભીમજી પ્રેમજીએ સ્ટીમરના કેપ્ટન ગ્રાન્ડ ડબલ્યુ ઈ પાસે ગયા અને મુસાફરોને બચાવવા આગ્રહ કર્યો પણ તે નિષ્ક્રીય રહ્યો અને કોઈ પણ પ્રકારની મદદ કરવા ઈન્કાર કર્યો ત્યારે વીરજી શેઠે એક મુસાફર દીઠ એક હજાર પુરસ્કાર આપવાની દરખાસ્ત કરી. આમ છતાં કેપ્ટન નિષ્ક્રિય રહ્યો. પરંતુ અન્ય મછવાઓ પૈકી ઈબ્રાહીમ ટંડેલ નામના મછવાવાળાથી આ કરુણ દૃશ્ય સહન ન થતાં તેણે તુરત પોતાના મછવાનું દોરડું છોડાવી ડૂબી રહેલા મછવા તરફ હંકારી ગયો અને પોતાના જીવના જોખમે ૩૮ પૈકી ૩૨ મુસાફરોના જાન બચાવી લીધા પણ બાકીના છ

પ્રવાસીઓએ સૌની નજર સામે જ જળસમાધિ લીધી!

આ ઘટના પછી તુરત સ્ટીમરમાં રહેલા કચ્છી અગ્રણીઓ જે માંડવી ઉતરવાના હતા તેને બદલે એ જ સ્ટીમરમાં કરાંચી ગયા અને ત્યાં શીપર્સ એન્ડ બાયર્સ એસોસિએશનના મંત્રી હરીદાસ ખીમજીને મળ્યા અને આખીય ઘટના વર્ણવી અને સ્ટીમરના કેપ્ટનના તુમાખીભર્યા અને નિર્દયી વર્તનની રજૂઆત કરી. આ બયાન સાંભળી હરિદાસે આખીય ઘટનાનું કરાંચીના ઑનરરી મેજિસ્ટ્રેટ પાસે સ્ટેટમેન્ટ કરાવ્યું અને એ સમયના વર્તમાનપત્રોમાં પણ આ ઘટનાના સમાચારો છપાવ્યા અને મુંબઈ-કરાંચીમાં હાહાકાર મચી ગયો . આ ઘટનામાં જાન ગુમાવનાર બે જણા શાહ ખેરાજ દેવશીની ભત્રીજી તથા તેમનો પતિ પણ હતા. આથી દેવશીભાઈએ મુંબઈ આવી ધ પેસેન્જર્સ એન્ડ રીલીફ એસોસિએશનની સહાયથી પોતાના બેરીસ્ટર જહાંગીર પટેલ મારફત મુંબઈની પોલીસ કોર્ટમાં મેજિસ્ટ્રેટ રાંગણેકરની કોર્ટમાં શીપીંગ એક્ટ હેઠળ બીટાના કેપ્ટન ગ્રાન્ડ ડબલ્યુ ઈ સામે તા. ૨૦મી મે ૧૯૨૬ના ફરિયાદ નોંધાવી. રાંગણેકરે આ કેસ મેજિસ્ટ્રેટ દસ્તુરની કોર્ટમાં ચલાવવા આદેશ કર્યો પરંતુ મેજિસ્ટ્રેટે છ જણાના જાન બચાવનાર ઈબ્રાહીમ ટંડેલના બયાનને ધ્યાને ન લઈ અને ગોરા અમલદારો કે જેમણે માંડવી જોયું પણ ન હતું તેમના બયાનને આધારે કેસ ચલાવતાં કેપ્ટન નિર્દોષ છૂટી ગયો. એ સમયના ગુજરાતી અને અંગ્રેજી વર્તમાનપત્રોએ આ ઘટના અને કેસ અંગે અહેવાલો પ્રસિદ્ધ કરી ચુકાદાની ટીકા કરી હતી. આ કેસ અપીલ કેમ ન કરાઈ હોય એવો સવાલ કચ્છના ઈતિહાસકાર ઉમિયાશંકરભાઈ અજાણીએ પોતાના પુસ્તક 'કચ્છના બંદરોઃ ભાતીગળ ભૂતકાળની આવતીકાલ' માં આ આખીયે ઘટનાનું વર્ણન આધાર પુરાવાઓ સાથે કરી આશ્ચર્ય વ્યક્ત કર્યું છે.

આ અકસ્માતમાં ૩૨ પ્રવાસીઓના જાન બચાવનાર ઈબ્રાહીમ ટંડેલનું મુંબઈ તથા માંડવીમાં વિશાળ માનવ મેદની વચ્ચે તેને રોકડ પુરસ્કાર, સુવર્ણ ચંદ્રક તથા કચ્છી પાઘડી પહેરાવી જાહેર સન્માન કરાયું હતું.

આ ઘટના પછી આવી કરુણાંતિકા ફરી ન સર્જાય અને સ્ટીમર કંપનીના અફસરો અને માલીકોની શાન ઠેકાણે લાવવા કચ્છીઓએ ખીમજી માંડણ ભુજપુરીયાની આગેવાની હેઠળ લાંબો સંઘર્ષ કર્યો. એ કંપનીની સ્ટીમરમાં પ્રવાસ કરવાનો બહિષ્કાર કર્યો. પરિણામે કંપની ખોટ કરવા લાગી. આથી કંપનીએ કચ્છીઓ સાથે સમાધાન કરી તેમની તકલીફો નિવારવા ખાતરી આપી અને ભવિષ્યમાં આવી ઘટના ન સર્જાય એ માટે પગલાં ભરવાની હૈયાધારણ આપતાં છેક ઈ.સ. ૧૯૩૬માં સંઘર્ષનો અંત આવ્યો. ■

## માનવ સર્જિત પરિવર્તનની જાળમાં માનવ ફસાઈ જશે!

(અનુસંધાન : પાના નં.– ૬૭ ઉપરથી ચાલુ)

ગૃહો સુધી વિસ્તર્યા છે. પરંતુ હવે માનવસર્જિત પરિવર્તનોથી માનવજાત વિનાશના પંથે ચડી છે.

ત્યારે પ્રજા કલ્યાણની ભાવનાથી રાજ્ય સંચાલન કરતાં રાજકીય પક્ષોએ માનવ મૂલ્યની જાળવણી માટે નવા દૃષ્ટિકોણથી મેનિફેસ્ટો લખવા પડશે. માનવજાત તાર્કિક રીતે વધુ જવાબદાર બને, મહેનતુ બને તે માટે દિશા નિર્દેશ તૈયાર કરવા અનિવાર્ય બન્યા છે. લોકશાહીના નામે પણ કોઈ પણ રાષ્ટ્રના રાજકીય પક્ષોએ માનવ-મૂલ્યોના ભોગે ચૂંટણી ન લડવી જોઈએ. રાષ્ટ્રનાં ભૂ-ભાગોનાં વિસ્તારનું અતિક્રમણ ન કરવું જોઈએ. થોડા આર્થિક લાભ કે પછી રાજકીય પક્ષ તરીકે સત્તામાં બની રહેવા માટે યુદ્ધ માટેની પૂર્વ ભૂમિકા તૈયાર કરવી જોઈએ નહીં. મતદારો પ્રામાણિક્તાના રસ્તે મહેનતું બને, શિક્ષિત રહેવા પ્રોત્સાહિત રહે, પોતાના આરોગ્ય માટે સજાગ રહી, કાયદો અને ન્યાયની પ્રક્રિયા પ્રત્યે શ્રદ્ધાવાન રહે તેવું વાતાવરણ સર્જવું એ રાજકીય પક્ષોની ફરજ છે. અને આમ નહીં થાય તો વર્ષ ૨૦૪૦-૫૦ના દાયકામાં નવી પેઢી ચરમ સીમાએ નિરાશાવાદનો ભોગ બનવા તરફ ઢસડાઈ જશે તે લગભગ નિર્વિવાદ છે.

*મો. ૯૮૯૮૪ ૬૩૪૮૯*

## ખેલાડીઓની સફળતા માટે 'દર્દ કા રીશ્તા'

(અનુસંધાન : પાના નં.– ૬૯ ઉપરથી ચાલુ)

આકાશ દીપ આઈ.પી.એલ.ની ૨૦૨૫ની સીઝન લખનઉ સુપર જાયન્ટ તરફથી રમતો હતો તે દરમિયાન તેની બહેન આશાનું કેન્સરનું નિદાન થયું હતું. તક મળતા જ તે આઈ.પી.એલ ની મેચ વચ્ચે ટૂંકી મુલાકાતે ઘેર જતો. રોજ બે વખત મેચ પહેલા અને પછી બેન જોડે વીડિયોમાં વાત કરીને સાંત્વના આપતો. ઈંગ્લેન્ડના પ્રવાસે જતી વખતે એરપોર્ટ પર આશા તેને મૂકવા આવી ત્યારે તેને ત્રીજા સ્ટેજના કેન્સરનું નિદાન થયું હતું છતાં આકાશ દીપને મળેલી તક પર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રેરિત કર્યો હતો. અને હા, પાંચમી ટેસ્ટમાં નાઈટ વોચમેન તરીકે આવેલ આકાશ દીપે ત્રીજા દિવસે ૬૬ રનની ઈનિંગ રમીને ઈંગ્લેન્ડની વ્યૂહરચના વેરણ છેરણ કરી મૂકી હતી. તેની ઈનિંગનું પણ વિજયમાં યોગદાન ભૂલાશે નહીં. આકાશ દીપ હવે ભારતીય ક્રિકેટ ટીમનો પણ 'દીપ' છે.

ભારતીય ક્રિકેટ હવે નવી પેઢીના હાથમાં આવી ગયું છે તેમ કહી શકાય.

*"ગુજરાત સમાચાર"ના સૌજન્યથી*

# માનવ સર્જિત પરિવર્તનની જાળમાં માનવ ફસાઈ જશે!!

ડૉ. નાનકભાઈ ભટ્ટ

કહેવાય છે તો પ્રજાનો પ્રેમ પરંતુ ચૂંટણીના મેદાનમાં ઉતરનાર પ્રત્યેક ઉમેઠવાર વેઠી જાણે છે કે મત મેળવવા રૂપિયાનું રોકાણ તો કરવું પડે છે. વિશ્વના લોકશાહી દેશોના ૭૨૩થી વધુ રાષ્ટ્રીય પક્ષો દેશના બંધારણ અનુસાર ૩-૫ વરસે આવતી ચૂંટણીમાં મતદાર દીઠ સરેરાશ ૧.૩ ડોલરનો ખર્ચ કરે છે. સમાજવાદી સમાજ રચનાનાં નામે પ્રજા પાસેથી ટેક્સ વસૂલ કરી વિકાસ કાર્યો કરનાર પક્ષો અને તેના જન-પ્રતિનિધિમાં સેવાભાવ હોય ન હોય પરંતુ નાગરિક સુવિધાઓ વધારવાની પરંપરાથી વિજેતા ઉમેદવારોની નિજી સંપત્તિમાં ક્રમશઃ વધારો થતો જ રહે છે. જે ભારતનાં લોકતંત્રમાં બીજી ટર્મ માટે ચૂંટણી લડતા પ્રત્યેક ઉમેદવારોના ડિક્લેરેશન ફોર્મથી પણ જોઈ શકાય છે.

લોકશાહીની આડમાં પ્રજાનાં પ્રતિનિધિ આપી શક્તાં રાજકીય પક્ષો માટે સત્તા એ આખરી માપદંડ હોઈ, ચૂંટણીનાં મેનીફેસ્ટો અને સભાઓમાં ભરપેટ રેવડીની લહાણી થતી રહે છે. દેશની આર્થિક સ્થિતિ, દેશનાં સંસાધનો, ઉત્પાદન પ્રક્રિયા સાથે જોડાયેલ સર્જકોની ક્ષમતા પ્રકારે જમીની હકીક્તો એક તરફ રાખી રાજકીય પક્ષો મતદારો માટે આરામપ્રિય લાભો ખોલી આપે છે. જે ભારત, અમેરિકા અને બ્રિટન સહિત અન્ય લોકશાહી રાષ્ટ્રોની ચૂંટણીમાં પણ જોઈ શકાય છે. સરવાળે બંધારણની જોગવાઈ અનુસાર પુખ્તવયનાં નાગરિકોનો મત ખરીદી શકતા ઉમેદવારો જીતે છે, હારે પણ છે, પરંતુ ચૂંટણીની સામાજિક અસર કાયમી રીતે રહી જાય છે.

ચૂંટણીમાં જાહેર કરાયેલ લાભો અને તેની સમાજ જીવન ઉપરની અસરનું મૂલ્યાંકન કરતા જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીનાં પોલિટીકલ સાયન્સની એક અભ્યાસ નોંધમાં જણાય છે કે, છેલ્લાં ૧૦ વર્ષમાં ભારતમાં ઉચ્ચતર શિક્ષણ લેનાર યુવકોની સંખ્યામાં ઘટાડો થયો છે. છેલ્લાં વર્ષમાં બેરોજગાર યુવકોની સંખ્યામાં ૧૬% વધારો થયો છે. લગ્ન કરી સહજીવન નિભાવનાં સ્થાને લીવ-ઈન રીલેશન તરફ ઢળતી નવી પેઢીની સંખ્યામાં ૩% વધારો નોંધાયો છે. લાઈફ ઈઝ ફન તેવા મૉર્ડન અભિપ્રાય સાથે ડ્રગ્ઝનું વ્યસન વિકસતાં પશ્ચિમ દક્ષિણ ભારતનો દરિયાકાંઠો ધમધમી રહ્યો છે. અહેવાલ નોંધે છે કે પોપ્યુલર પોલિટીક્સની દોડમાં ચૂંટણી સમયે મતની ખેંચાતાણીમાં રાજકીય પક્ષો જે બીજ વેરે છે, તેની આડ-અસરમાં યુવાનો ભટકી રહ્યાં છે. યુરોપ અમેરિકા પછી લોકશાહી દેશ તરીકે ભારતમાં પણ હવે સામાજિક સ્વાસ્થ્ય માટે સાઈકાટ્રિસ્ટની વધુ ને વધુ જરૂરિયાત ઉભી થઈ રહી છે.

મોબાઈલ, ઇન્ટરનેટ, ટેલિવિઝનની દુનિયા નવી પેઢીમાં ઠાંસી ઠાંસીને પ્રમાદ ધરબી રહી છે. ત્યારે ફયુચર વર્ડ વિષયે ટાઈમ સ્કેવરના ૨૦૨૨ના સંશોધનમાં જણાવાયું છે કે, વર્ચ્યુઅલ વર્ડનાં વિસ્તારથી મનુષ્યો દ્વારા થતાં સર્જનશીલ ઉત્પાદનોમાં ૨૦% ઘટ આવશે અને વધતી જરૂરિયાતોને પહોંચી રહેવા આર્ટિફિશિયલ ઈંટલીજન્સનાં ટેકે મશીન રોબર્ટ આધારભૂત બનશે. ગૂગલની મદદથી જાપાન અને કોરીયાએતો કોમર્શિયલ વ્હીકલમાં અને ચાઈનાએ કૃષિ અને ડેરીમાં રોબોટનો ઉપયોગ શરૂ કરી દીધો છે.

વિશ્વમાં લોકશાહી દેશોમાં વધતી સબસીડી, દેવા માફી, સસ્તી લોન, બેકારી ભથ્થુ, મફત અનાજ અને સસ્તા આરોગ્યની વધતી સુવિધાથી આજે જેમની ઉંમર ૧૮થી ૩૦ છે તે વય જૂથમાં વધુ ને વધુ ફ્રસ્ટ્રેશન, એન્ઝાયટી અને ડિપ્રેશન જોવા મળી રહ્યું છે. જરનલ ઓફ મેડિકલ સાયન્સનાં તાજેતરનાં અહેવાલથી બહાર આવ્યું છે કે કોવિડ પછીની હતાશામાં ૭૦,૦૦૦થી વધુ યુવકોએ આત્મહત્યા કરી છે. મહાત્મા ગાંધીએ ૧૯૦૮માં હિંદ સ્વરાજમાં લખ્યું છે, “દેશના યુવાનો જવાબદાર અને કામઢા બને તેવા સમયની જરૂર છે.” પરંતુ બ્રિટીશરોએ દુનિયામાં જયાં રાજય કર્યું છે ત્યાં ગુલામીની મનોદશા વિસ્તારતા રાજય તરફથી જ જાતિ, પ્રદેશ અને પછાતપણાને આગળ કરી સસ્તામાં લાભ વહેંચવાનો શિરસ્તો વિકસાવવામાં આવ્યો. જે આજે પણ શાહી દેશોમાં સશક્ત નાગરિકત્વની વિભાવનામાં સડો બની વિકસી રહ્યું છે.

જમીનનાં પેટાળમાંથી મળતા ફોસિલ્સ અને ડી.એન.એ. આધારે ઈતિહાસકાર યુવલનોઆહરારી નોંધે છે કે, “સીધી કરોડરજ્જુ ધરાવતા અને વોકલ કોર્ડથી ભાષાનાં બહુ આયામી ઉપયોગથી છેલ્લાં ૨૮૦૦૦ વર્ષથી બૌદ્ધિક માનવનો આર્વિભાવ થયો છે.” પરંતુ વૈશ્વિક સ્તરે બદલાયેલ સમાજ વ્યવસ્થાનાં લીધે મનુષ્યનું અસ્તિત્વ જોખમમાં મૂકાયું છે. ૬ લાખ વર્ષથી પૃથ્વી ઉપર વિચરતા વાનર અને માનવનાં ડી.એન.એ.નાં રંગસૂત્રોમાં તો ૯૬% સામ્ય છે. તો પણ ૧૦ વાનર ભેગા મળી સર્જનશીલ ઉત્પાદકીય કામ યોજી શક્તા નથી. જ્યારે માનવ દ્વારા નિર્મિત પરિવર્તનો બ્રહ્માંડનાં બીજા

(અનુસંધાન : જુઓ પાના નં.– ૬૬ ઉપર)

# ખેલાડીઓની સફળતા માટે 'દર્દ કા રિશ્તા'

ભવેન કચ્છી

***મોહમ્મદ સિરાજ ૨૦૨૦ના કોરોના કાળ વખતે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે હતો ત્યારે અચાનક મૃત્યુ પામેલા તેના પિતાની અંતિમ ક્રિયા માટે નહોતો જઈ શક્યો.***

ભારતીય ક્રિકેટ ટીમે ઈંગ્લેન્ડ સામે જે મિજાજ સાથે આખરી ટેસ્ટ છ રનથી જીતીને શ્રેણી ૨–૨થી ડ્રો કરી તેની મહત્તા એ રીતે વધી છે કે વર્ષો પછી પહેલી વખત ભારતની ટીમના કેપ્ટન રોહિત શર્મા, કોહલી, અશ્વિન, પૂજારા જેવા ક્રિકેટરો વિદેશ પ્રવાસમાં નહોતા. અગાઉ લેખમાં જણાવી ચૂક્યા છીએ કે જયસ્વાલ મુંબઈના આઝાદ મેદાનના ટેન્ટમાં રહીને અને પાણી પૂરી વેચીને સંઘર્ષ કરતો આગળ આવ્યો છે. ગીલને તો ભૂતપૂર્વ ઓલરાઉન્ડર કરશન ઘાવરીએ તે ૧૨ વર્ષનો હતો ત્યારે આકસ્મિક રીતે શોધી કાઢ્યો હતો. ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાં ચમકેલા સિરાજ, વોશિંગ્ટન સુંદર અને આકાશ દીપની હચમચાવી નાંખતી છતાં પ્રેરણા આપતી વાત જરૂર ચાહકોને ગમશે અને આ ક્રિકેટરો માટે માન પણ વધી જશે.

## સિરાજ પર વજ્રઘાત

સિરાજ ખુદાએ કરેલી કસોટીમાંથી બહાર આવીને આ મુકામ પર પહોંચ્યો છે. તેઓ હૈદરાબાદમાં બે રૂમના ઘરમાં રહેતા. તેના પિતા મોહમ્મદ ઘાઉસ રીક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા. ક્રિકેટર બનવાના તેમના સપના તો ગરીબીને કારણે ચકનાચૂર થઈ ગયા હતા. ન વધુ અભ્યાસ કરી શક્યા ન ક્રિકેટર બની શક્યા. તેમની ઈચ્છા હતી કે તેના બે પુત્રોમાંથી એક પુત્ર ક્રિકેટર બને. રીક્ષાની કમાણીમાંથી પુત્રો મોટા થતા ગયા તેમ ઘરનું ગુજરાન ચલાવવું અઘરું પડતું જતું હતું. મોટાભાઈએ તો નોકરી લઈ લીધી. હવે સિરાજ પર પણ માતા શબાના બેગમ અને કાકા, મામાના પરિવાર તરફથી અભ્યાસમાં ધ્યાન આપવાનું અને આગળ જતા નોકરી લઈ લેવાનું દબાણ વધતું ગયું. એકમાત્ર તેના પિતા એવા હતા જે સિરાજની તરફેણ કરીને કહેતા કે ભલે પુત્ર સિરાજ ક્રિકેટર બનવા પ્રયત્ન કરે. તેનામાં પ્રતિભા છુપાયેલી છે. જો કે એક મેદાનથી બીજા મેદાનમાં રમવા તેને ટુ વ્હીલરની જરૂર હતી જે પિતાએ ગાંઠની બચત અને થોડી લોન સાથે લઈ આપ્યું. પિતા તેને રોજ રૂ. ૧૦૦ આપતા જેથી સિરાજ ટુર્નામેન્ટ રમવા જઈ શકે. શરૂમાં ટેનિસ અને તે પછી લેધર બોલથી ક્રિકેટ રમી સિરાજ બોલિંગમાં તરખાટ મચાવતો. તેના એક કાકાએ ટુર્નામેન્ટમાં ભાગ લેવા ટીમ બનાવી હતી જેમાંથી પણ સિરાજ રમતો. ટુર્નામેન્ટ અમુક ઈનામી રકમની રહેતી જેમાં મેન ઓફ ધ મેચ બનીને તે રૂા. ૫૦૦/-નું ઈનામ મેળવતો રહેતો. તેની પ્રતિભા જોઈને હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશને તેને કોચિંગ કેમ્પમાં સામેલ કર્યો અને બી.સી.સી.આઈ.ની ટુર્નામેન્ટમાં તેને સ્થાન મળ્યું. આઈ.પી.એલ.ની ફ્રેન્ચાઈઝીની ટેલેન્ટ હન્ટમાં પણ સૌ પ્રથમ સનરાઈઝર્સ ટીમના વી.વી.એસ. લક્ષ્મણની નજરે ચઢ્યો. રૂ. ૨.૬ કરોડમાં તેની ખરીદી થઈ ત્યારે તો સિરાજ અને તેના પરિવાર માટે આ રકમ જાણે જેકપોટ જેવી હતી.

વર્ષ ૨૦૨૦માં ઓસ્ટ્રેલિયાના પ્રવાસે ભારતની ટીમ ગઈ ત્યારે કોરોનાનો કપરો કાળ હતો. ખેલાડીઓ તેમના રૂમમાં ક્વોરન્ટાઈનનો કડક અમલ કરીને રહેતા હતા. પ્રથમ ટેસ્ટની શરૂઆત થાય તે પહેલાં જ નેટ પ્રેક્ટિસ દરમિયાન ભારતના ટીમ મેનેજમેન્ટને સમાચાર મળ્યા કે મોહમ્મદ સિરાજના પિતાનું કેફસાની બીમારીમાં ૫૪ વર્ષની વયે જ નિધન થયું છે. તત્કાલીન હેડ કોચ રવિ શાસ્ત્રી અને કેપ્ટન કોહલીએ દિલ પર પથ્થર રાખીને મોહમ્મદ સિરાજને પિતાના મૃત્યુના સમાચાર આપ્યા. સિરાજે ભારે આઘાત અનુભવ્યો. ટીમ મેનેજમેન્ટે તેને ભારત પરત જવું હોય તો પરવાનગી આપી પણ સિરાજે વિચાર્યું કે ક્વોરન્ટાઈનની સાંકળ તોડીને તે ભારત જશે અને ફરી પાછો ટીમ જોડે જોડાય તે કોઈના હિતમાં નથી. સિરાજને થયું કે જે પિતાએ સ્વપ્ન સેવેલ તે સાકાર થવા જઈ રહ્યું છે અને પિતાએ તેમની જિંદગી અને કમાણી પણ આ માટે રેડી દીધી હતી ત્યારે તેમના આત્માની ખુશી માટે આ તક જવા ન દેવી જોઈએ. હેડ કોચ રવિ શાસ્ત્રીએ સિરાજને આશ્વાસન આપતા કહ્યું હતું કે, 'ટેસ્ટમાં પાંચ વિકેટ લઈને તું અંજિલ આપ.' અને સિરાજે સાચે જ બ્રિસ્બેન ટેસ્ટમાં પાંચ વિકેટ ઝડપી બતાવી.

સિરાજે ઓસ્ટ્રેલિયા સામેની તે શ્રેણીમાં ૧૩ વિકેટ ઝડપી હતી. ભારત ૨ – ૧થી શ્રેણી જીત્યું હતું. ઈંગ્લેન્ડની જેમ ઓસ્ટ્રેલિયામાં પણ બુમરાહની ખોટ તેણે વર્તાવા નહોતી દીધી.

ઓસ્ટ્રેલિયાનો તે સફળ પ્રવાસ પૂરો કરીને સિરાજ હૈદરાબાદના એરપોર્ટથી સીધો જ તેના પિતાની કબર પર ફુલ મૂકીને હળવો થવા ગયો. તેના ભાઈએ પણ તેને ત્યાં સાથ આપ્યો હતો. સિરાજ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. વિધિની કેવી વિચિત્રતા જે પિતાએ સિરાજને ક્રિકેટર બનાવ્યો તે પુત્ર ભારત તરફથી રમીને પરત આવ્યો ત્યારે હર્ષના આંસુ સાથે ભેટવા માટે તેઓ નહોતા. ઓસ્ટ્રેલિયામાં સિરાજ માટે સ્વસ્થતા જાળવવી કેટલી અઘરી હશે. ઈંગ્લેન્ડ સામેની આખરી ટેસ્ટ કે જેમાં સિરાજ હીરો બન્યો તેમાં પણ તેનો જુસ્સો બોલિંગ દરમિયાન જળવાઈ રહે તેથી જાડેજા તેને નજીક આવીને પ્રેરણા આપતો કે તારા સ્વર્ગસ્થ પિતાજી તને રમતા જુએ છે તેમ માનીને બોલિંગ નાંખ અને આખરી વિકેટો ઝડપી બતાવ. સિરાજે તેમ કરી બતાવ્યું. સિરાજ દેશ માટે થાક્યા વગર બોલિંગ નાંખવા તૈયાર છે. હવે તો તે ભારતનો સ્ટ્રાઈક બોલર બની ગયો છે. સિરાજ આઈ.પી.એલ.નો કરોડોપતિ ક્રિકેટર પણ છે. ઈંગ્લેન્ડ સામેની આ શ્રેણી પછી તો તેનો સિતારો વધુ બુલંદ બનશે.

## સુંદરનું નામ વોશિંગ્ટન કેમ

વોશિંગ્ટન સુંદર આમ તો તમિલ છે ત્યારે ક્રિકેટ ચાહકોને એવું કુતૂહલ થતું હશે કે તેનું નામ વોશિંગ્ટન કેમ છે. તેની પાછળ પણ રસપ્રદ કહાની છે.

બન્યું એવું કે વોશિંગ્ટન સુંદરના પિતા એમ. સુંદરને ક્રિકેટર બનવાની બહુ ઈચ્છા હતી પણ તેમની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી હતી. કોચિંગ કે પ્રેક્ટિસ માટે કપડા, બુટ બેટ અને કીટ તેઓ ખરીદી શકે તેમ નહોતા. તેમના ઘરની નજીક જ નિવૃત્ત આર્મી ઓફિસર પી.ડી. વોશિંગ્ટન રહેતા હતા. તેઓ એમ. સુંદરની ક્રિકેટ માટેની લગન જોઈ તેમને ક્રિકેટ કોચિંગ અને સાધનો લઈ શકે તે માટે આર્થિક સહાય કરતા. અભ્યાસ માટે ફી કે પુસ્તકો માટે પણ તેઓ ખૂટતી રકમ આપતા હતા. પી.ડી. વોશિંગ્ટન તેમની સાયકલ પર બેસાડીને ઘણી વખત કોચિંગના મેદાન પર મૂકવા પણ જતા હતા.

એમ. સુંદર નિવૃત્ત ભારતીય સેનાની પી.ડી.વોશિંગ્ટનનું ઋણ ક્યારેય ભૂલી ન શક્યા. ૧૯૯૯માં એમ. સુંદરને ત્યાં પુત્ર થયો તેના કેટલાક વર્ષો પહેલા પી. ડી. વોશિંગ્ટનનું મૃત્યુ થયું હતું. પિતા એમ. સુંદરે તમિલ પરંપરા પ્રમાણે જન્મેલ પુત્રનું નામ કાનમાં હળવેકથી બોલીને શ્રીનિવાસન રાખ્યું પણ જાહેર જીવન માટે જેમણે એક જમાનામાં આર્થિક મદદ કરીને પુત્ર જેવો પ્રેમ આપ્યો હતો તેવા પી.ડી. વોશિંગ્ટનનને યાદ કરીને પિતા એમ. સુંદરે પુત્રનું નામ વોશિંગ્ટન પાડ્યું. તે વખતે જ પિતાએ સંકલ્પ કર્યો હતો કે ‘હું તો ભારતની ટીમ તરફથી ક્રિકેટ નહોતો રમી શક્યો પણ વોશિંગ્ટનને ક્રિકેટર બનાવીશ. એટલું જ નહીં સ્વર્ગસ્થ પી.ડી. વોશિંગ્ટનનો આત્મા પણ ખુશી અને સંતોષ અનુભવશે કે તેમનું નામ રોશન કર્યું.

વોશિંગ્ટન સુંદરના પિતાને પણ સલામ કે જેમણે ઉદાહરણીય રીતે તેમને સહાય કરનારનું નામ તેમના આંખના તારા સમાન પુત્રની સાથે જોડી દીધું.

## પરિવાર માટે આકાશ ‘દીપ’

ફાસ્ટ બોલર આકાશ દીપને નામ પણ ઈંગ્લેન્ડના પ્રવાસમાં વિજયનું યોગદાન છે. ૧૯૯૬માં બિહારના સાસારામમાં જન્મેલ આકાશ દીપનો સંઘર્ષ તો ખૂબ જ પ્રેરક છે. આકાશ દીપનું કુટુંબ ખૂબ જ સામાન્ય. આકાશ દીપ અભ્યાસમાં તો સાવ જ નબળો હતો. તેથી તેના પિતા તેને કોન્સ્ટેબલ કે પટાવાળાની નોકરી લેવાનું દબાણ કરતા હતા. એક તો કંગાળ આર્થિક સ્થિતિ તેમાં પણ પિતાને માંદગી રહેતી. બિહાર ક્રિકેટ એસોસિએશન અવારનવાર સસ્પેન્ડ થતું રહેતું. તેથી આકાશ દીપ પરિવારની ઈચ્છા નહીં હોવા છતાં ૨૦૧૫માં નોકરી શોધવાના બહાને પશ્ચિમ બંગાળના દુર્ગાપૂર પહોંચી ગયો જેથી બંગાળની ટીમ તરફથી રમવાનું સ્વપ્ન સેવી શકે. શરૂમાં સેકન્ડ ડિવિઝનની મેચ યુનાઈટેડ ક્લબ તરફથી રમતો હતો. હજુ છ મહિના જ થયા હશે તે ગાળામાં જ પિતાનું સ્ટ્રોકને લીધે અને તેના મોટાભાઈનું હોસ્પિટલની બેદરકારીને લીધે ટૂંકી માંદગી બાદ નિધન થયું. માતા તથા બે બહેનોની સારસંભાળ લેવાની જવાબદારી સાથે અને ક્રિકેટર બનવાનું સ્વપ્ન સંકેલીને આકાશ દીપ ફરી તેના ઘેર બિહાર આવ્યો.ત્રણ વર્ષ તે તેના પરિવાર સાથે જ રહીને મહેનત મજૂરી કરીને જે કમાણી થાય તેમાંથી ગુજરાન ચલાવતો. આ સમય દરમિયાન સ્પર્ધાત્મક ક્રિકેટ તો રમ્યો જ નહીં. પરિવાર થોડું સ્થિર થયું ત્યારે બહેનોએ જ તેને ક્રિકેટર બનવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું કહ્યું.

કોલકાતામાં મોહમ્મદ શમીના માર્ગદર્શન હેઠળ તેણે ફાસ્ટ બોલર તરીકેની તાલીમ લીધી. ૨૦૧૯માં બંગાળની અંડર - ૨૩ની ટીમમાંથી અને તે પછી તરત રણજી ટ્રોફીની ટીમમાં સ્થાન મળ્યુ. પ્રથમ સીઝનમાં વિકેટ ઝડપીને બંગાળને ફાઈનલમાં પ્રવેશ અપાવ્યો અને ભારતીય ક્રિકેટ બોર્ડની પસંદગી સમિતિનું ધ્યાન ખેંચ્યું.

ઈંગ્લેન્ડ સામેની શ્રેણી માટે તેનું નામ પસંદ થયું તેના બે મહિના પહેલા જ તેની મોટી બહેનને કેન્સરનું નિદાન થયું હતું. તેણે આ વાત કોઈને બતાવી નહોતી.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૬ ઉપર)

# અહમ, ચેતના અને આત્મા

તુષાર દેસાઈ

*'હું શરીર છું' એવા અહંકાર ભર્યા વિચારનું બીજું નામ પાપ છે.*

*'હું આત્મા છું' એ સત્યમાં મન દૃઢ બને ત્યારે પાપ અને પુણ્ય, સદ્‌ગુણ અને દુર્ગુણથી પર થવાય છે જ્યારે અહમ મરી જાય છે ત્યારે સર્વ દુઃખોનો અંત આવે છે.'*

*– શ્રી રામકૃષ્ણ પરમહંસ*

શ્રી રામકૃષ્ણ દેવના ઉપલા વિધાન મુજબ, જે મનુષ્ય એમ વિચારે છે કે 'હું શરીર છું' એ વિચાર જ અતાર્કિક અને ખોટો છે. એના બદલે હું આત્મા છું, એ વિચાર મનમાં દ્રઢીભૂત થાય અને એ પ્રમાણે મનુષ્ય જીવન જીવે તો એ સાચું જીવન જીવી જશે. પછી એ સદ્‌ગુણ-દુર્ગુણ, સત-અસત અને પાપ-પુણ્યથી પર થઈ જશે અને મેં આ શરીરથી આ કર્મ કર્યું તે વિચાર તેના મનમાંથી નીકળી જશે. બાદમાં 'હું આત્મા છું' એ વિચારીને તે જીવનની દરેક પ્રવૃત્તિ કરશે. લોકોપયોગી કાર્યો કરતી વેળા પણ તેનામાં અહમની લાગણી જન્મશે નહીં કેમ કે તે કાર્ય તો તેનામાં રહેલા આત્માએ કર્યું છે એમ તે માનશે. અહમથી પર થવું એજ છે સાચી ઈશ્વર ભક્તિ.

તદુપરાંત, કાર્ય પૂરી નિષ્ઠા સાથે કરવું તે પણ એક પ્રકારની ઈશ્વર ભક્તિ છે. કેટલાક લોકો ઈશ્વર ભક્તિનો દંભ કરી કામમાં વેઠ ઉતારે છે. આવા કાર્યથી ઈશ્વર કદાપિ રાજી થતાં નથી. ઈશ્વર તો રાજી રહે છે, નિષ્ઠા અને સચ્ચાઈપૂર્વક કરેલ કર્મથી. નિષ્ઠાનો સંબંધ પણ આત્મા સાથે છે, જેથી જેની નિષ્ઠા સાચી અને શુદ્ધ, તેનો આત્મા પણ શુદ્ધ. એવા પ્રામાણિક શુદ્ધ કાર્યથી ઈશ્વર પ્રસન્ન થાય છે. તે મનુષ્યના જીવનમાં પછી દુઃખનો ઓછાયો પડતો નથી.

*'યુગો પૂર્વે મનુષ્યે શોધી કાઢ્યું કે આત્મા ઈન્દ્રિયોથી બંધાયેલો નથી. એ ચેતનાથી પણ બંધાયેલો નથી. ચેતના તો અનંતની સાંકળની એક કડીનું નામ માત્ર છે અને સતનો એક અંશ છે.'* *– શ્રી રામકૃષ્ણ પરમહંસ*

અર્થાતઃ આત્મા ઈન્દ્રિયોથી કે કોઈપણ ચેતન પદાર્થથી બંધાયો નથી. આત્મા ખુલ્લો છે, નિર્બંધ છે. તેને કોઈ રોકી શકતું નથી. તે પાપ-પુણ્ય કે ગુણ-અવગુણ બધાથી પર છે. આત્મા બધી દુન્યવી પ્રક્રિયાઓ અને માયાવાદી તત્ત્વોથી પર છે.

આત્મા ફક્ત સત્ય સાથે જોડાયેલો છે અને એ સત્ય જ આત્માની રખેવાળી કરે છે. આત્મા અને સત્ય એકબીજા સાથે ગૂંથાયેલા છે. સત્યની સાથે થયેલું કાર્ય પુણ્ય બની જાય છે અને અસત્ય સાથે થયેલ કાર્ય પાપ. જો મનુષ્ય આ નિયમ આત્મસાત કરી લે તો એ અસત્ય આચરણથી કોઈ કાર્ય કરશે નહીં.

ચેતના, એ આત્માનો એક ભાગ છે અને જયારે ચેતના તેની પૂરેપૂરી કાર્યશક્તિથી જાગ્રત થાય છે તે પછી કાર્યમાં કોઈ રૂકાવટ આવતી નથી. ચેતના સત્યનો પણ એક અંશ છે. ચેતનાની પાછળ સત્ય જોડાયેલું હોય ત્યારે ચેતના નિર્ભિક રીતે કાર્ય કરી શકે છે. આથી જ સત્યતાથી જોડાયેલ ચેતના તેની સર્વોપરી શક્તિથી કાર્ય કરી વિજય મેળવે છે.

*ચિંતનપાર્ક, વાસણા, અમદાવાદ*
*મો. ૯૪૨૭૪ ૫૪૫૧૮*

---

## લગ્ન પહેલાના જન્માક્ષર (થેલેસીમિયા)

(અનુસંધાન : પાના નં. – ૭૨ ઉપરથી ચાલુ)

*(૧૪) થેલેસીમિયા મેજર સમાજમાં કેવી રીતે અટકાવી શકાય? (લગ્ન પહેલાંના જન્માક્ષર)*

૧. મોટા પાયા પર કોલેજમાં ભણતા છોકરા-છોકરીઓના સ્ક્રીનીંગ ટેસ્ટ માટે રેડક્રોસ સંસ્થા દ્વારા શિબિરો યોજી શકાય. આવી શિબિરો દ્વારા દર વર્ષે સરળ સ્ક્રીનીંગ ટેસ્ટ જેમાં હિમોગ્લોબીન એ-૨ ની માત્રા જાણી શકાય છે. તેના દ્વારા થેલેસીમિયા માઈનરની ખબર પડી જાય છે.

૨. આ બાબત લગ્ન અગાઉ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. કારણ કે હવે તો આ મેરેજ કાઉન્સેલિંગનો ભાગ કહી શકાય અને તે દ્વારા બે થેલેસીમિયા માઈનર વ્યક્તિઓ લગ્ન ના કરે તે જ શ્રેષ્ઠ બાબત છે.

૩. દુનિયામાં જ્યાં થેલેસીમિયાનું પ્રમાણ ઊંચુ છે, ત્યાં મેરેજ રજિસ્ટ્રેશન કરાવતા પહેલાં દસ્તાવેજી પુરાવા તરીકે થેલેસીમિયા માઈનર નથી તેનું સર્ટીફિકેટ આપવું પડે છે.

૪. ભારતમાં કેટલીક ખાસ કોમમાં અંદર લગ્ન પણ થાય છે ત્યારે આ પ્રકારની ચોકસાઈ હિતાવહ છે. આમ છતાં આ રોગવાળા મા-બાપને તંદુરસ્ત બાળકની શક્યતા છે ખરી પરંતુ ગર્ભપરીક્ષણ થયા પછી જ પ્રસુતિ ચાલુ રાખવી હિતાવહ છે.

# લગ્ન પહેલાંના જન્માક્ષર (થેલેસીમિયા)

ડૉ. કમલેશ એન. શાહ
M.D.

લગ્ન પહેલાના જન્માક્ષર એટલે કુંડળી મેળવવાની, ગ્રહો જોવાના. ના, એ બધા ગ્રહો ખરેખર નડતા નથી, નડે છે આપણને આપણા પૂર્વગ્રહો અને હઠાગ્રહો. ખરેખર તો સાસુ-વહુની કુંડળી મેળવવી જોઈએ. એ સિવાય બંને વ્યક્તિઓના આ લેખમાં જણાવ્યા પ્રમાણેના રોગો થેલેસીમિયા તથા એચ.આઈ.વી.ની તપાસ થવી જોઈએ. જેથી ભવિષ્યમાં મોટી બીમારીઓથી બચી શકાય. હવે જાણીએ...

૧. *લોહી વિશેની માહિતી આપો.*
માનવ શરીરમાં ૫ લીટર જેટલો લોહીનો જથ્થો ફરે છે તેમાં ૫૫ ટકા પ્રવાહી અને બાકીના ઘન કણો છે. રક્તકણો, શ્વેતકણો, ત્રાકકણો. રક્તકણો પ્રાણવાયુનું વહન કરે છે અને તેમાંનો હિમોગ્લોબીન તરીકે ઓળખાતો પદાર્થ લોહીને રતાશ આપે છે.

૨. *થેલેસીમિયા એટલે શું?*
**ઉપર જણાવ્યા પ્રમાણે હિમોગ્લોબીનની (એટલે લોહીનો રોગ) રાસાયણિક સાંકળમાં આનુવંશિક ખામીના કારણે થેલેસીમિયાનો રોગ થાય છે.**

૩. *આ રોગનું નામ આમ કેમ પડ્યું? આ રોગ દુનિયામાં કયા દેશોમાં છે? તેનું પ્રમાણ કેટલું?*
થેલેસ એટલે ભૂમધ્ય, એનીમિયા એટલે લોહીનો રોગ. આ બે શબ્દો મળીને થેલેસીમિયા શબ્દ વ્યવહારમાં આવ્યો છે. આ રોગના દર્દીઓનો અભ્યાસ ડૉ. કુલી નામના વૈજ્ઞાનિક તથા ડૉક્ટરે કરી એટલે તેને કુલીના એનીમિયા તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ રોગ મુખ્યત્વે ભૂમધ્ય સમુદ્ર કાંઠાના પ્રદેશોમાં સામાન્ય રીતે જણાયો હતો. આથી તેને દરિયાઈ લોહીના રોગ તરીકે ઓળખાય છે. આ રોગ દુનિયામાં, ઈટલી, તુર્કી, સાયપ્રસ તથા એશિયામાં ભારત, પાકિસ્તાન, હોંગકોંગ, વિયેતનામનો સમાવેશ થાય છે. **ઈટાલીમાં દર ૧૦૦ માંથી નવ વ્યક્તિ અને ભારતમાં દર ૧૦૦ માંથી ૪ વ્યક્તિને હોય છે.**

૪. *થેલેસીમિયાના પ્રકાર જણાવો.*
બે પ્રકાર છે : થેલેસીમિયા મેજર, થેલેસીમિયા માઈનર.

થેલેસીમિયા માઈનરવાળી વ્યક્તિઓ બધી રીતે તંદુરસ્ત હોય છે. આથી તેને તંદુરસ્ત વાહકો તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ પોતાના બાળકોને તે થેલેસીમિયા મેજર વારસામાં આપી શકે છે. ક્યારે? જો તે થેલેસીમિયા માઈનરવાળી વ્યક્તિ સાથે લગ્ન કરે તો.

૪. *થેલેસીમિયા માઈનર શું છે?*
થેલેસીમિયા માઈનર બીમારી નથી. દરેક રીતે તંદુરસ્ત હોય છે. કેટલાકને થોડી એનીમિયાની અસર થાય છે. મોટાભાગની વ્યક્તિઓને આની ખબર હોતી નથી. થેલેસીમિયા માઈનરના લાલ રક્તકણો સામાન્ય તંદુરસ્ત વ્યક્તિના રક્તકણો કરતાં કદમાં થોડા નાના હોય છે.

૬. *થેલેસીમિયા માઈનર જીનેટીક્સની રીતે સમજાવો.*
આ સમજવા માટે લોહીમાં રહેલા હિમોગ્લોબીનને સમજીએ. હિમોગ્લોબીન = હિમ + ગ્લોબીન. હિમ એટલે લોહતત્ત્વ અને ગ્લોબીન એક પ્રકારનું પ્રોટીન. ગ્લોબીન ચાર સાંકળોરૂપે જોવા મળે છે : ૨ આલ્ફા સાંકળો, ૨ બીટા સાંકળો, ૨ ગેમા સાંકળો, ૨ ડેલ્ટા સાંકળો. આ સાંકળો ઓછા પ્રમાણમાં બને તો જે તે પ્રકારનો થેલેસીમિયા થાય - બીટા થેલેસીમિયા વધુ જોવા મળે છે.

આ રંગસૂત્રો ઉપર આધારિત છે. જેમ રંગસૂત્રોની જોડ વચ્ચે હોય છે તેમ તેમની ઉપરના જીન પર જોડ હોય છે જો એક જીનની ખામી હોય તો થેલેસીમિયા માઈનર ઉદ્ભવે. જો બંને જીનમાં ઉપર મુજબની ખામી હોય તો થેલેસીમિયા મેજર થાય.

૭. *થેલેસીમિયા માઈનર (ટ્રેટ) જાણવા શું કરવું જોઈએ?*
સામાન્ય રીતે આપણા દેશમાં બિટા થેલેસીમિયા માઈનર હોય છે. આ જાણવા માટે લોહીમાં હિમોગ્લોબીન એ-૨ ની માત્રાની તપાસ કરવી જરૂરી છે. તે હિમોગ્લોબીન ઈલેક્ટ્રોફોરેસીસ દ્વારા થાય છે.

૮. *થેલેસીમિયા માઈનર માતા-પિતા દ્વારા બાળકો સુધી કેવી રીતે પહોંચે છે?*
ત્રણ વિકલ્પો છે. તેના માટે ત્રણ A, B, C માતા-પિતા લઈએ.

૧. A માતા-પિતા બંને સામાન્ય હોય તો તેમનાં બાળકો થેલેસીમિયા માઈનર કે મેજર નહીં થાય. બાળકો એકદમ તંદુરસ્ત હશે.
૨. B માતા-પિતા બંનેમાંથી કોઈ એક થેલેસીમિયા

માઈનર હોય. તો તેમને ત્યાં ૫૦% બાળકો સામાન્ય અને ૫૦% બાળકો થેલેસીમિયા માઈનર જન્મી શકે છે.

૩. C જો માતા-પિતા બંને થેલેસીમિયા માઈનર હોય તો તેમને ત્યાં બાળકો - ૨૫% સામાન્ય ૫૦% થેલેસીમિયા માઈનર ૨૫% થેલેસીમિયા મેજર થવાની શક્યતા છે.

### ૯. *યાદ રાખો :-*

★ થેલેસીમિયા માઈનરની અસર કામકાજ ઉપર પડતી નથી. થેલેસીમિયા માઈનરવાળી વ્યક્તિ બીમાર નથી.

★ કોઈપણ પ્રકારના ઉપચારથી થેલેસીમિયા માઈનર બદલી શકાતો નથી.

★ થેલેસીમિયા માઈનર થેલેસીમિયા મેજરમાં ફેરવાતો નથી.

★ થેલેસીમિયા ધરાવતા લોકોને મોટેભાગે લોહતત્ત્વની જરૂર પડતી નથી.

### *(૧૦)થેલેસીમિયા મેજર એટલે શું?*

માતા-પિતા દ્વારા બાળકને વારસામાં મળેલો ઘણો ગંભીર પ્રકારનો એનીમિયા છે, જન્મજાત છે.

થેલેસીમિયા મેજરવાળા બાળકોમાં પૂરતા પ્રમાણમાં હિમોગ્લોબીન બનતું નથી. તેના કારણે તેના બોનમેરો દ્વારા લાલ રક્તકણો બની શકતા નથી. જે લાલ રકતકણો બને છે તે લગભગ ખાલી હોય છે.

★ આ બીમારીના લક્ષણો નાની ઉંમરે ૬ મહિનાથી - ૨ વર્ષની વચ્ચે શરૂ થાય છે.

★ બાળકો કાયમ માટે લોહીની ઉણપ - એનીમિયાથી પીડાય છે.

★ ચામડીનો રંગ ફીક્કો/પીળો પડી જાય છે.

★ સરખી ઊંઘ લઈ શકતા નથી.

★ રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય છે. વારંવાર માંદા પડે છે.

★ ખાવાની ઈચ્છા થતી નથી, ઉલટી થાય છે.

★ વજન વધતું નથી. છોડ ઉપર ફૂલ કરમાઈ જાય તેમ કરમાઈ જાય છે.

### *(૧૧) થેલેસીમિયા મેજરની સારવાર :-*

★ આ બાળકોની સારવાર માટે નિયમિત રક્ત ચઢાવવું પડે છે. દર મહિને એક વખત-ઘણી વખત ૨-૩ વખત થઈ જાય છે.

★ વારંવાર લોહી ચઢાવવાને લીધે તેમના શરીરમાં ભાંગેલા રક્તકણોનું લોહીતત્ત્વ જમા થાય છે.

★ આ લોહતત્ત્વ - ફેરેટીન શરીરના વિવિધ અવયવો બરોડ, યકૃત, હાડકાના માવામાં કે ચામડીમાં જમા થાય છે. આની સાફસુફી કરવી જરૂરી છે. જેને ખાસ પ્રકારના પંપ દ્વારા ડેસ્ફેરોલ નામની દવા ચામડી નીચે અઠવાડિયામાં પાંચ દિવસ આપવી પડે છે. આમ કરીએ તો તંદુરસ્ત જીવન વિતાવી શકાય છે.

★ આ સિવાય ઑરલ/મોઢેથી પણ આર્યન ચીલેટર નામની ગોળી અપાય છે.

★ આ ઈલાજ અગવડભર્યો અને ખર્ચાળ છે. (કેલ્ફર) પંપની કિંમત ૧૫૦૦૦ છે. દવાઓ ૩૦૦૦ દર મહિને.

★ મોટા ભાગના થેલેસીમિયાવાળા દર્દીઓની જીવનરેખા ૨૦-૨૫ વર્ષના ગાળામાં સંકેલાઈ જાય છે. વારંવાર લોહી ચઢાવવાથી Hbs Ag, Hbc Ag, Hiv રોગોના ભોગ પણ બની શકે છે.

### *(૧૨) થેલેસીમિયા મેજરનો કાયમી ઈલાજ.*

૧. બોનમૅરો ટ્રાન્સપ્લાન્ટેશન છે. આ માટે ઘરના દાતા મા, બાપ, ભાઈ, બહેન હોવા જરૂરી છે.

૨. એચ.એલ.એ. દાતા મળી જાય તો કામ થઈ શકે પણ મુશ્કેલ છે.

૩. આપણાં દેશમાં મુંબઈ, દિલ્હી, અમદાવાદ, વેલોરમાં થાય છે. જેની કિંમત ૧૫ લાખ ઉપરાંત છે.

૪. સફળતા ૭૦%ની આસપાસ છે.

### *(૧૩) થેલેસીમિયા મેજર કેવી રીતે અટકાવી શકાય?*

૧. થેલેસીમિયા મેજરવાળું બાળક જન્મતું અટકાવવું જોઈએ.

૨. થેલેસીમિયા માઈનરવાળી એક વ્યક્તિએ બીજી થેલેસીમિયા માઈનરવાળી વ્યક્તિ સાથે લગ્ન ન કરવા.

૩. સંજોગોવસાત થેલેસીમિયા માઈનરવાળા પતિ-પત્ની ભેગા થઈ જાય તો ગર્ભાવસ્થા દરમિયાન પરીક્ષણ શક્ય છે.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૭૦ ઉપર)**

## નવલિકા : લક્ષ્મી

ધીરજલાલ ડી. તન્ના

*રખે માનતા નહીં નારી દ્વાર સુધીની દાદુર,*
*અંતઃચક્ષુ નિહાળે બાજદષ્ટિ એની દૂર સુદૂર.*
*લિમિટ આવી જાય નરની*
*આ શકય નથી IMPOSSIBLE ઈમ્પોસિબલ*
*પ્રારંભ કરે આજની નારી*
*આ તો I M POSSIBLE આઈ. એમ. પોસીબલ...*

રમેશે શેઠની ડોઢીએ પગ મૂક્યો. શેઠની નજર પડતા આવકારતાં શેઠ બોલ્યા, આવ રમેશ આવ, તારા બાપા ગુજરી ગયા બાદ આજ પહેલી વખત આવ્યોને કંઈ?

શેઠ, હું તમારા પાસે કામ હારુ આઈવો છું. મારા બાપા ગુજરી ગયા પછી અમારી હાલત ખરાબ થઈ ગઈ. મારે નોકરીની જરૂર છે ગમે તે જઈગા ઉપર શેઠ મને નોકરીએ રાખી લીઓ. શેઠ રમેશની અર્ધતળપદી ભાષાથી પારખી ગયા કે, રમેશમાં નોકરી કરવાની લાયકાત નથી. વિચારી શેઠ બોલ્યા, રમેશ, તારા લાયક કોઈ જગ્યા હાલમાં ખાલી નથી. ખાલી પડશે તો જરૂરથી જણાવીશ. આ જવાબ સાંભળી રમેશ બોલ્યો, શેઠ, છેવટ પટાવાળાની હોય તો ઈ ને ચોકીદારની હોય તો ઈ નોકરી આપશો તો તમારી મોટી મેરબાની થાહે. આમ બોલી રીતસર શેઠના પગમાં પડી ગયો. શેઠે 'હાલ જગ્યા ખાલી નથી' – આમ વિનયપૂર્વક જવાબ આપી વિદાય આપી.

રમેશ પગથિયા ઉતરતો હતો ત્યાં શેઠાણીનાં શબ્દો રમેશનાં કાને પડ્યા. શેઠ, રમેશ આપણાં જૂના ઘરાક બાબુભાઈનો દીકરો છે. આપણાં આટલા બધા ધંધામાં ઘણી નોકરીઓ હશે. બિચારાને નોકરીએ રાખી લેવો હતો ને?

આ શબ્દો સાંભળી રમેશ પગથિયે ઊભી ગયો. શેઠ બોલ્યા, એનો બાપ આપણાં પૈસે તાગડધિન્ના કરતો હતો. શરાફી ૨% વ્યાજે પૈસા લઈ એ શું કરતો હતો એ હું જાણું છું. એનો આ દીકરો છે. આવા નકારા દીકરાને હું નોકરીએ રાખી મારી પેઢીને ડુબાડવા નથી માંગતો. નકારો શબ્દ સાંભળતા રમેશને કોઈએ એની પીઠ પાછળ પથરાનો છૂટો ઘા કર્યો હોય એવું લાગ્યું. જેવા નસીબ... આમ વિચારી ચાલતી પકડી.

બસમાંથી ઉતરી રમેશ ઘર તરફ આવતો હતો ત્યાં રસ્તામાં એક મકાનમાં થતી વાતોમાં પોતાનાં પિતાનું નામ આવતા ચમક્યો. પેલા બાબુશેઠ, એણે હરામનો પૈસો ભેળો કરેલ છે. ગરીબ માણસોને ૫% વ્યાજે પૈસા આપી એમને પાયમાલ કરી દીધા, જમીનો પચાવી પાડી એનો અંજામ આવો જ હોયને? વધારે શબ્દો ના સાંભળી શકતા રમેશ ત્યાંથી તરત ચાલતો થયો. પોતાનું ઘર ૨૦૦ મીટર દૂર હોવા છતાં જાણે ઉતરધ્રુવથી દક્ષિણધ્રુવ જવા જેટલો રસ્તો લાંબો લાગ્યો.

ઘરે ઓસરીમાં પગ મૂકતાં જ ફસડાઈ પડ્યો. રમીલા ઘરમાંથી બહાર આવી રમેશને બેઠો કરી ઘરમાં પલંગ પર સુવડાવી 'નોકરી બાબત શું થયું?' પૂછતાં જ રમેશ રમીલાનાં ખોળામાં માથું નાખી મોકળે સાદે રડી પડ્યો. રમીલાએ પાણી આપી સાંત્વના આપતા બોલી, તમારા રડવાથી હું સમજી ગઈ છું કે નોકરીનો મેળ નથી ખાધો. કશો વાંધો નહીં, બીજે તપાસ કરશું. આમ કહી રમેશ માટે ચા બનાવી આપતા રમેશે ફરી રડવાનું ચાલુ કરતા રમીલા બોલી, આમ તમે કેમ રડ્ય કરો છો? તમારા મનમાં જે હોય એ કહો તો ખબર પડેને? રડ્યા કરવાથી કાંઈ ઉકેલ નહીં આવે!

રમીલા હું તારો અને બાપુજીનો ગુનેગાર છું. મને ખબર નોતી કે, બાપુજી આમ જાતા રેહે ને આવા દિવસો આવશે!!

બાપુજીને ઍટેક આવી ગયો ને ગુજરી ગયા એમાં તમારો શું વાંક? એ બધું મૂકો. પણ રમેશ એક જ વાત પકડી ગુનાની વાત કરે છે તો આમાં કાંઈક રહસ્ય હોવું જોઈએ આમ વિચારી રમીલા બોલી, જુઓ તમે કોઈપણ સંકોચ રાખ્યા વિના જે હોય તે સાચેસાચું કહી દો. આપણાં લગ્ન થઈ ગયા પછી તમારું દુઃખ એ મારું જ દુઃખ કહેવાયને? શું દુઃખ છે તે જણાવો તો એનો આપણે બેસીને રસ્તો કરીએ. પણ તમારું રડવું મારાથી નથી જોવાતું.

રમીલાનાં શબ્દો બરનોલનું કામ કરી ગયા. રમેશ શાંત થયો. રમીલાને પાસે બેસાડી બોલ્યો, રમીલા પહેલાં હું તારી માફી માંગી લઉં. આપણા લગન વખતે મેં મારા ભણતરની વાત છુપાવી'તી. હું સાત ધોરણ ભણેલ. તું મેટ્રીક પાસ હતી. એટલે મેં પણ હું મેટ્રીક પાસ છું એવું જણાવી તારી હારે લગન કરેલ.

આટલી જ વાત નથી બીજું પણ કાંઈક છે જે મારાથી છુપાવો છો. હવે આપણે આમાંથી ઉકેલ તો લઈ આવવો જોઈશેને?

રમીલા, તારી વાત હાચી છે હું તને માંડીને વાત કરું છું. બાપુજી પાંહે નોખા થ્યા તૈંયે ૧૦ વીઘા જમીન ને રોકડા રૂ.૨૫૦૦૦/- હતા. બાપુજીએ વધારે કમાવા માટે રોકડ રકમ વ્યાજે દેવાની ચાલુ કરી. વ્યાજની આવક વગર મેનતની અને વધારે હતી. એટલે બાપુજીને થીયું કે મારી પાંહે વધારે રૂપિયા હોત તો હું વધારે કમાઈ હકત. એટલે ઈના સારૂ તેમણે હું જે શેઠને ન્યાં ગ્યો તો તેની પાંહેથી વ્યાજે પૈસા લઈને ગામમાં અને આજુબાજુનાં ગામમાં વ્યાજે આપવાનું ચાલુ કઈરું. તૈંયે મને ખબર નો'તી કે બાપુજી અનીતિનો ધંધો કરે છે. હું મોટો થતો ગ્યો. મને બાપા પાહેથી પૈસા ખૂબ મળતા તા. પણ પૈસા કમાવા સિવાય એને ફુરસત નો'તી. મારા સારું ટેમ નો'તો. મારી ચડ્ડી કોઈ દી બાપાએ મને લઈ નો'તી દીધી. એ નોકર લઈ દેતો. મને થયું હું એક પૈસાદાર બાપનો દીકરો છું. એટલે મારામાં પણ અપલખણ આવતા ગ્યા. મારા ખરાબ દોસ્તારોની સોબતમાં હું બગડતો ગ્યો. મોટો થતા મારા બાપાએ 'હું મેટ્રીક સુધી ભણેલ છું' આમ કહી તારી હારે ખોટું બોલી લગન કરાવી આઈપા.

આટલી વાત કરતાં રમેશ હાંફવા લાગ્યો. એટલે રમીલાએ પાણી આપી ફરીથી ચા બનાવી પોતે પણ ચા પીવામાં સાથ આપવા લાગી. બંનેએ સાથે ચા પીતા પીતા ફરીથી વાતોનો તાર સાધી આગળ વાત ચલાવી. મને ખબર નો'તી કે બાપુજી કેમ કમાય છે! હું નોકરી હારુ જે શેઠને ઘરે ગ્યો ત્યાંથી ને રસ્તામાં ધણી-ધણિયાણીની વાતું હાંભળી ખબર પડી કે, બાપુજી ૨% વ્યાજે પૈસા લઈ ૫% વ્યાજે આપવાની લાઈમાં અને પૈસાની સલામતી હારુ દાગીનો ગીરો મૂકાવી એણે કાંઈક બાયુનાં મંગળસૂત્રો વેંચાવી નાઈખા, કંઈકને જમીન વગરના કરી નાઈખા અને ઈ નાણાંથી મારો ઉછેર કઈરો. ઈ બાઈયુની અને ઈ ખેડૂની હાય લાગી. હું અવળે ધંધે ચડી ગ્યો. ભણતરમાં ધ્યાન ના આઈપ્યું. માવા-દારૂની લત લાગી ગઈ. રમીલા એક ધ્યાનથી વાત સાંભળી રહી હતી. વચ્ચે રમેશ થોભતા બોલી, તમે કહો છો કે મારા તથા બાપુજીનાં ગુનેગાર તમે છો. બાપુજીને તો ઍટેક આવેલ અને ગુજરી ગયા. આમાં તમે શાના પોતાની જાતને દોષી ઠેરવો છો?

બાપુજી વ્યાજવટાવનાં ધંધામાં આધાર હારું જમીનનો દસ્તાવેજ કરાવી લેતા. આમ કરતાં ૧૫૦ વીઘા જમીનનાં દસ્તાવેજ કરાવી લીધા. હું હમજણો થ્યો. એક વખત બાપુજી બાને કેતા તા કે, આપણી પાસે શાવકારી ધારાનું લાયસન નથી. એટલે વિશ્વાસુ માણસોનાં નામે દસ્તાવેજ કરી નાખેલ. આપણાં નામે તો ફક્ત બાપદાદાની જમીન બોલતી'તી ઈ રાખી બાકી બધી બીજાનાં નામે છે. આ વાત મેં હાંભળેલ. આ વાતને ઘણો ટેમ ગ્યો. બાપુજી ધંધામાં ગળાડૂબ હતા. ખેતી પોતે ના કરતા પણ પેલા વિશ્વાસુ માણસો કરતા હતા. એમાં એક દિવસ એક ખેડૂ ૧૦ વીઘા જમીન છોડાવવા આવતા જેનાં નામે જમીન કરી તી એને બાપુજીએ દસ્તાવેજ કરી આપવાનું કીધુ. ત્યેં એણે ચોખ્ખી ના પાડી દીધી ને કઈ દીધું કે, આ જમીન મારા નામે છે. વધારે હેરાન કરશો તો હું પોલીસ કેસ કરી જેલમાં નખાવી દઈશ.

પછી શું થયું? રમીલાએ ઈન્તેજારીથી સવાલ કર્યો.

આ બનાવથી આખા ગામમાં વાત ફેલાઈ ગઈ ને બીજા ત્રણ જણાંવે પણ કઈ દીધું કે આ જમીનને ભૂલી જાજો. એટલે બાપુજી સાવ પડી ભાઈંગા. પણ તને આ વાત કરેલ નઈ. આખી જિંદગીની મે'નત ઉપર પાણી ફરી વઈળુ. આઘાતમાં હતા ને મારા અપલખણની વાત કોઈએ કરી એટલે વધારે આઘાત લાઈગો. દીકરો ઓટીવાળ પાઈકો. આ દુઃખ એમનાથી ખમાણું નંઈ અને ઍટેક આવી ગ્યો. એ મારી ઉપાધિમાં લાંબી જાત્રાએ નીકળી ગ્યા, એટલે હું બાપુજીના મોતનો ગુનેગાર છું.

હું સાહ્યબીમાં રીયો છું. મને હવે બીજું કાંઈ હૂજતું નથી. મારી જિંદગી કેમ જાહે ઈ વિચાર આવે છે ને મરવાનું મન થઈ જાય છે. રમીલા બોલી, જે બનવાનું હતું એ બની ગયું. હવે તમને ઉપાધિમાં કાંઈ થઈ જાય તો મારું કોણ? આવા વિચારોને કોરાણે મેલી દીઓ. ભગવાન પર ભરોસો રાખો. સૌવ સારા વાના થઈ જાશે. હવેથી તમે મરવાની જો વાત કરો તો તમને મારા સમ છે! આમ કહી રમેશને ઢાઢસ બંધાવી, બોલી, હું મેટ્રીક પાસ છું. ભણતરનો ઉપયોગ કરી ઘરે ટ્યુશન કલાસ ચલાવીશ જેનાથી ઘરમાં ટેકો થાય. ઘર આપણે ગણતરી કરીને ચલાવશું. કરકસર કરી બે પૈસા બચાવશું. આપણી સગાઈ બાદ મને ખબર પડી ગઈ હતી કે, તમે સાત ધોરણ જ ભણેલ છો. ત્યારે મને આઘાત લાગેલ. એ સમયે દાદીમાએ મને કહેલ કે, તારું ઘડતર અમે કરેલ છે તેનો અમલ કરવાનો ટાઈમ આવી ગયેલ છે. ઘડતર એમ કહેતું હતું કે, એક વખત નિર્ણય લેવાઈ ગયો પછી એનો અમલ કરવાનો, પીછેહઠ નહીં. એમાં આવતી મુશ્કેલીઓને આપણી વિવેકબુદ્ધિ, આત્મબળથી ઉકેલવાની અને મેં સગાઈ ફોક કરવાનાં બદલે તમારી સાથે લગ્ન કર્યા. આજે એની કસોટીનો સમય છે. મને આશા છે એમાં હું પાર ઉતરીશ. પણ એમાં તમારા સહકારની જરૂર છે. આપણે બંને થઈ આ સમય પાર કરી જઈશું.

બંનેએ બેસીને આયોજન કર્યુ. બેન્કમાંથી લોન લઈ ચાર ભેંસ અને બે ગાય લીધી. ખેતર પડતર હતું તેમાં ભાગીયુ આપી અનાજ અને ચારાનો પ્રશ્ન ઉકેલી દીધો. દૂધ થાય તે રમેશ

લગવા બાંધેલ એને ઘરે ઘરે દઈ આવે. અડધો દિવસ રમીલા ટ્યુશન કરાવી છોકરા ભણાવી ઘરખર્ચમાં મદદ કરે. એક વર્ષ ગયું. લીધેલ લોન ભરપાઈ કરી આપતા સરકારશ્રીની યોજનાનો લાભ લઈ ખેતરે તબેલો લોન સબસીડીથી બનાવી વધારે ભેંસો વસાવી. એક વર્ષ ગયું. તબેલાની લોન ભરપાઈ થઈ ગઈ. રમેશે ગામમાં ડેરી ખોલી. અડધા ગામનું દૂધ ડેરીમાં આવવા લાગ્યું. પરસેવાની કમાણીમાંથી રકમ બચત થતાં બાજુની ૧૦ વીઘા જમીન વેચાતી લઈ લીધી. આ દિવસે રમેશ અને રમીલાને જે આનંદ આવેલ તે ૧૫૦ વીઘાનાં દસ્તાવેજ કરેલ તેમાં પણ નહોતો આવ્યો. પહેલા ટ્યુશનનાં પૈસા જરૂરિયાત હતી એટલે રમીલા લેતી પરંતુ હવે એ પણ બંધ કરી દરરોજ ગામનાં બાળકોને મફત શિક્ષણ આપવાનું ચાલુ કર્યું. આથી ગામમાં સજ્જન કુટુંબની છાપ ઉભી થઈ.

રમીલાનો અથાગ પરિશ્રમ અને સૂઝથી રમીલાને ગામનાં માણસો સાક્ષાત લક્ષ્મી સ્વરૂપે જોવા લાગ્યા અને એ નામથી જ લોકો ઓળખતા થયા.

એક દિવસ સરમણભાઈએ તેમને ઘરે આવી વાત કરી કે, તમારા બાપાનાં પૈસાથી અમારા નામે જમીન લેવાયેલ જે અમો ખેડીએ છીએ. પરંતુ અમારો આત્મા ડંખે છે. અમે અણહક્કની મિલ્કત પચાવી પાડેલ. બાબુભાઈવાળી જમીનનો હિસ્સો એક પણ રૂપિયો આપ્યા સિવાય હોઈ ભોગવટો કરીએ છીએ. એ જયાં સુધી અમારા પાસે રહેશે ત્યાં સુધી અમારા ઘરમાં અશાંતિ રહેશે, આજ અમે ભોગવીએ છીએ. હવે આ જમીન અમારે તમને દસ્તાવેજ કરી પાછી આપી દેવી છે.

સરમણભાઈ, જેમ એ જમીન તમારે અણહક્કની છે એમ અમે પણ કયાં મહેનતનાં પૈસાથી લીધી હતી! જો એ જમીન તમને ના ફળી તો અમને પણ ક્યાં ફળવાની હતી? ત્યાગ માટેની રેસમાં છેવટે રમીલાનો જીવ શિક્ષણનો એટલે આ જમીન સ્વીકારી ટ્રસ્ટ બનાવી એમાં હાયર એજ્યુકેશનની સ્કૂલ બનાવવી. બાંધકામનાં પૈસા રમેશ અને લક્ષ્મી આપે. પરંતુ લક્ષ્મીએ શરત રાખી કે એ સ્કૂલનું નામ 'સરમણભાઈ વિદ્યાલય' રાખશું. ત્યારે સરમણભાઈએ જોઈશું આમ કહી વિદાય લીધી.

એજ્યુકેશન ટ્રસ્ટ બની ગયું. સરમણભાઈએ જમીન ટ્રસ્ટમાં દાન કરી દીધી. પ્લાન બની ગયા. મોટા સંતનાં હસ્તે ભૂમિપૂજન થયું. સરમણભાઈ, રમેશભાઈ અને લક્ષ્મીબેનનું સન્માન થયું. એક પછી એક વક્તાઓએ ભાષણ આપ્યા બાદ લક્ષ્મીબેન પ્રવચન આપવા ઊભા થઈ બોલ્યા, "અમારા ફેમિલી તરફથી ગામને ઘણો અન્યાય અને આર્થિક નુકસાન થયેલ છે તે બદલ હું ગામસમસ્તની માફી માગું છું. અમારાથી થયેલ ભૂલનું પ્રાયશ્ચિત કરવાથી માફી મળશે કે નહીં એ મને ખબર નથી. આવું બનવાનું કારણ અમને જાણવા મળ્યું કે, ગામમાં શિક્ષણનો અભાવ હતો જેથી બેન્કની લોનનાં વ્યાજ કરતા ખાનગી કરજ કરી બેન્કથી દસ ગણું વધારે વ્યાજ ભરેલ. અને આમાં કેટલાય કુટુંબ બરબાદ થઈ થયા. જે થવાનું હતું એ થઈ ગયું. એમાં આપણે કશો ફેરફાર કરી શકીએ એમ નથી. પરંતુ હવે પછી કોઈ બહેનનું મંગળસુત્ર ના વેચાય કે કોઈ ખેડૂત ઊભડ ના બની જાય એ માટે લોકોમાં જાગૃતિ શિક્ષણથી જ આવી શકે. ભવિષ્યમાં ભૂલ થતી અટકાવવી એજ અમારું પ્રાયશ્ચિત છે. એ પણ નીતિનાં પૈસાથી શિક્ષણ સંકુલ બનાવવું એ મારો સંકલ્પ હતો. એમાં સરમણભાઈનો ભૂમિદાનનો સાથ મળતા મારું સ્વપ્ન સાકાર થશે, જેનો મને આનંદ છે. આપ સહુ આમાં સહકાર આપશો. ખાસ કરીને બહેનો આગળ આવે એવી મારી લાગણી ઝીલી લેશો. એજ અભ્યર્થના સહ મારી વાણીને વિરામ આપુ છું."

સરમણભાઈએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, અનીતિથી મળેલ કોઈપણ વસ્તુ આપણને સુખ આપી નથી શકતી. મને સતત અજંપો રહેતો હતો. આ જગ્યા વગર મહેનતની અણહક્કની અમારે ખાતે આવેલ. જે અમારી હતી જ નહીં. લક્ષ્મીબેન કહે છે કે ભૂમિદાનનો સાથ મેં આપેલ, પરંતુ આ જમીન લક્ષ્મીબેનનાં પરિવારની જ હતી. અમે તો ફકત દસ્તાવેજમાં સહી કરી આપેલ છે. એટલે આ વિદ્યાસંકુલ ઊભુ થશે તેમાં તમામ ભોગ લક્ષ્મીબેનનાં પરિવારનો જ છે. હું તો ખાલી નિમિત્ત બનેલ છું. આ કાર્ય નિર્માણનાં સ્વપ્નદષ્ટા અને હક્કદાર લક્ષ્મીબેન છે જેઓ 'નારી સ્વરૂપે નારાયણી' છે. મારી ઈચ્છા એવી છે કે, આ વિદ્યાલયનું નામ આપણે "લક્ષ્મી વિદ્યાલય" રાખીએ. આ શબ્દો સરમણભાઈનાં મુખેથી નીકળતા એકી સાથે શ્રોતાગણમાં કરતાલનાં નાદે અને લોકોના મુખેથી મંજૂર છે... મંજૂર છે... આમ કહી મંજૂરી આપવામાં આવી. લક્ષ્મીબેનને લાખ લાખ વંદન કરું છું. મારા હૃદયના બે શબ્દો કહેવાની પરવાનગી આપવા બદલ હું આયોજકોનો આભાર માનું છું. ભારત માતાકી જય... વંદેમારતમ... અને લક્ષ્મીબેનનાં જયઘોષ સાથે સભા પૂર્ણ થઈ.

વિદ્યાલય ચાલુ થઈ ગયું. બીજા વર્ષે શ્રેષ્ઠ શાળા સ્પર્ધામાં પ્રથમ ઈનામ પણ લક્ષ્મી વિદ્યાલયને મળતા ગામ હર્ષઘેલું થઈ ગયું. ગામે અતિ ઉલ્લાસથી ઉજવણી કરી લક્ષ્મીબેનનું યથોચિત સન્માન કર્યું. આજનાં દિવસને યથાર્થ ઠેરવ્યો. કારણ? કારણ આજ ૮ મી માર્ચ – "વિશ્વ મહિલા દિવસ" હતો ને?

***કેશોદ***

***મો. ૯૭૩૭૭ ૧૨૯૯૯***

# લઘુ વાર્તા : કંકોત્રી

શરદ શાહ

બીજી ઓક્ટોબર ગાંધી જયંતિ, પણ પ્રાઈવેટ નોકરીમાં રજા થોડી હોય? નોકરી પરથી છૂટી પંકજ સીધો ઘેર આવ્યો. પત્નીએ દરવાજો ખોલ્યો કે ખોલતાની સાથે પ્રશ્નોની ઝડી વરસી.

સુલુ (સુલોચના) એક કંકોતરી ટીપાઇ પર રહી ગઇ હતી, એ ક્યાં છે? તારા હાથમાં આવી? મને યાદ છે ત્યાં સુધી મેં ત્યાં જ મૂકી હતી. તે લઇને કબાટમાં તો નથી મૂકીને?

સુલોચના : 'કોની હતી? તે આમ હાંફળા ફાંફળા થાઓ છો?''

'અરે મારા શેઠના છોકરાના પાંચમીએ લગન છે તેની કંકોતરી હતી.'

'તે એમાં આમ રઘવાયા શું કામ થાઓ છો. મળી જશે. અને ન મળે તો કાલે ઓફિસમાંથી બીજાને આપેલ હોય તેનો મોબાઈલમાં ફોટો પાડી લેજો.'

'સુલુ, એ વાત નથી. ગઇકાલે શેઠે પગારના વીસ હજાર આપેલા તે પણ મેં એમાં મૂકેલા.'

'પીળા રંગનું કવર હતું?'

'હા... હા... એ જ.' પંકજ બોલ્યો.

'હાય રામ! આજે જ મેં પસ્તીવાળાને પસ્તી આપી તેમાં પૂંઠા, નકામી નોટો, છૂટ્ટા કાગળો, જાહેરાતના ચોપાનિયા બધું છાપાઓની વચ્ચે ઘુસાડી આપી દીધું. મુઓ, છાપાની પસ્તીના બાર રૂપિયા અને આવા કાગળોના બે રૂપિયા જ આપે છે. એટલે હું તો દર વખતે પસ્તી આપું ત્યારે આવું બધું છાપામાં ઘુસાડી દઉં. જરૂર એ પીળું કવર પસ્તીવાળાને અપાઇ ગયું છે.''

સુલોચનાએ ડર સાથે કથની કહી. પંકજના પગ નીચેથી ધરતી સરકી ગઇ.

અરે, હવે આ મહિને રોહિતની સ્કૂલની ફી, કિરાણાનું બીલ, લાઇટ, દૂધ, છાપાના પૈસા કેમ ચૂકવશું?

ઘરનું વાતાવરણ ગમગીન થઇ ગયું. સાંજનું ન વાળુ કરી શક્યા કે ન રાત્રે સૂઇ શક્યા. બીજે દિવસે ઓફિસના બીજા કર્મચારીઓ પાસે ઉધાર માંગી કરીને દસેક હજાર ભેગા કર્યા. થોડા ઘણા સુલોચનાએ બચાવેલ અને બીજા બેંકમાં બચતમાંથી ઉપાડી વીસ હજારનો મેળ કર્યો.

આજે પાંચમીએ શેઠના છોકરાના લગનમાં જવા બસમાં જ ગયા. હોલના પગથિયા ચઢતા'તા ત્યાં એક આધેડ વયનો માણસ સામે આવ્યો અને બોલ્યો, 'બેન, તમે શારદા સોસાયટીમાં રહો છો?'

એક અજાણ્યા માણસનો સવાલ સાંભળી સુલોચનાબેન ઘડી ખચકાઈને બોલ્યા, 'હા.'

ત્યાં તો બીજો સવાલ આવ્યો, 'તમે બે ત્રણ દિવસ પહેલા પસ્તી આપી હતી?'

સુલોચના અને પંકજના કાન ઉંચા થઇ ગયા. અને સુલોચનાબેને કહ્યું, 'હા.'

'બેન, એ પસ્તીવાળો હું જ છું. અહીં લગનમાં આવીને તમને શોધવાના હતા એટલે દાઢી કરાવી, મારા ભાણેજ જમાઇને ત્યાંથી લગનમા શોભે તેવા કપડા પહેરીને આવ્યો ને, એટલે તમે મને ઓળખી નહીં શક્યા. પણ રાત્રે છાપાની પસ્તીમાંથી પૂંઠા ને કાગળો છૂટા પાડતો હતો ત્યારે આ એક કંકોતરી નીકળી. બેન, લોકો છાપા ભેગા આવા કાગળો નાખી દેતા હોય છે જે અમારે રોજ છૂટા કરીને ફક્ત છાપા જ વહેપારીને આપીએ તો પૂરતા પૈસા આપે. નહીં તો ૨૦% ઓછા આપે. કંકોતરી વજનદાર લાગી એટલે મેં ખોલી તો અંદરથી વીસ હજાર રૂપિયા નીકળ્યા. કંકોતરીની તારીખ જોઇ તો પાંચમી હતી. એટલે થયું કે જેમની પસ્તીમાંથી આ કંકોતરી નીકળી છે તે લગનમા આવશે. એટલે તેમને લગ્નના હોલ પર શોધી કઢાશે. એટલે હું અહીં તમને શોધવા જ આવ્યો."

એમ કહેતા એ પસ્તીવાળાએ પોતાના પાકિટમાંથી પેલી કંકોતરી કાઢી ને સુલોચનાબેનના હાથમાં મૂકી. ઝટ પંકજે કંકોતરીનું કવર ખોલી વીસ હજાર જોતાની સાથે ખુશ ખુશ થઇ ગયો. વીસ હજારમાંથી એક હજાર પસ્તીવાળાને આપવા હાથ લંબાવ્યો.

પણ પસ્તીવાળાએ હક્ક વગરના પૈસા ન લીધા તે ન જ લીધા.

*એમ-૪, ૭૯/૫૯૫, શાસ્ત્રીનગર શોપિંગ,*
*નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૬૩.*
*મો. ૯૮૨૫૮ ૪૭૭૩૩*

*જીવન ત્યારે સારું લાગે જ્યારે જીવનમાં આપણે ખુશ હોઈએ. પરંતુ શ્રેષ્ઠ જીવન તો એને જ કહેવાય જ્યારે લોકો આપણાથી ખુશ હોય.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સ્વાતંત્ર્ય દિન સમારોહ

## શુક્રવાર, તા. ૧૫-૦૮-૨૦૨૫



ધ્વજવંદન માટે પધારતા
માનનીય મહેમાન શ્રી રાજુભાઈ ગાલા



ધ્વજવંદન કરતા
મુખ્ય મહેમાન શ્રી રાજુભાઈ ગાલા



રાષ્ટ્રધ્વજને સલામી આપતા
મુખ્ય મહેમાન શ્રી રાજુભાઈ ગાલા



રાષ્ટ્રધ્વજને સલામી આપતા સમાજના સભ્યો



ધ્વજવંદન – રાષ્ટ્રધ્વજને સલામી આપતા
મહિલા સભ્યશ્રીઓ



મહેમાનનો પરિચય આપતા
પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ



કાર્યક્રમ સમયે ઉદ્‌બોધન કરતા શ્રી રાજુભાઈ ગાલા



આભારવિધિ કરતા માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ



કાર્યક્રમ સમયે ઉપસ્થિત રહેલ સોનગઢ શ્રી મહાવીર જૈન ચારિત્ર્ય કલ્યાણ રત્નાશ્રમ - અમદાવાદના વિદ્યાર્થીઓ



ડૉ. ચંદ્રકાંત દેઢિયા સાથે માનનિય મહેમાનશ્રીઓ



માનનિય મહેમાનશ્રીઓ અને સભ્યશ્રીઓ



(ડાબેથી) શ્રીમતી સંગીતાબેન ગાલા, શ્રી રાજુભાઈ ગાલા, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ



ગુફ્તેગોમાં ગૂંથાયેલ મહેમાનશ્રી અને ટ્રસ્ટીઓ



માનનિય મહેમાનશ્રી અને ટ્રસ્ટી ગણ

Since 1985
INDOTEX PAINTS
• Durable • Decorative • Protective • Anti-fungus
• Heat, Scrub and UV resistant • All weather proof
PRODUCTS • Exterior & Interior Emulsion • Textures • Putty • Distemper • Primers • Enamel • Damp Proof • Satin Enamel • Zinc Yellow • Red Oxide • Wood Primers • Road Marking • Aluminium Paint • Black Board Paint • Touch wood • Epoxy enamels • Thinners
Contact No.: 9825033596 • 9712133596 • 9909444598
Web : www.indotexpaints.com • E-mail : indotexpaints@yahoo.co.in



સ્ટેપલરની એક પીન
કરોડોના દસ્તાવેજ સાચવી રાખે છે.
દુનિયામાં કોઈ પણ વ્યક્તિને એના કદથી નહીં,
એના ગુણથી પારખજો.



જે માણસ સારા વિચારો પકડી શકે છે,.
એ માણસે હાથમાં માળા પકડવાની
જરૂરત રહેતી નથી.

Bharat B. Gala
M. : 93270 05460
SHREE Raju ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI
323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

With Best Compliments From
Sathwara Construction
C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com



સારું કામ અને સારી ભાષા
ફિક્સ ડિપોઝીટ સમાન છે;
સમય જતાં મૂડીની સાથે વ્યાજ પણ આપી જાય છે.



હંમેશાં એટલા નાના બનો કે
કોઈ પણ વ્યક્તિ તમારી સાથે બેસી શકે અને
પોતાના કામો થકી એવા મોટા બનો કે
તમે ઉભા થાવ ત્યારે કોઈ બેસી ન શકે.

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦
શાંતિનાથ ડેકોરેટર્સ
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

● શુભેચ્છા સહ ●



પ્રભુલાલ એમ. સંઘવી

ઘાટકોપર, મુંબઈ.

મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

Stainless Steel Re-Rollers

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com



SKYBLUE
STATIONERY MART
EVERY THING THAT YOU THINK

South Bopal : 35, Gala Magnus,
Opp. Safal Parisar-1, Ahmedabad
Krutika Haria : 9099047163

Surdhara : GF Shop No. 26,
Maple Trade Centre, SAL Hospital
Road, Thaltej, Ahmedabad.
Piyush Salva : 9879568027



ફ્યુઝન કિડની કેર પ્રા. લી. FUSION KIDNEY INSTITUTE Full UroNephro Solutions



ડો.હિમાંશુ શાહ [M.S. Mch.(યુરોલોજી)] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

BMCB BANK ESTD 1995 Multi-State Bank

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ–૬.
Tel. : 26400969 ● www.bhujbank.com

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : ● વર્ષ ૨૦૨૨ : ૧૦% ● વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply



ભાઈ, ભાઈબંધ, ભાગીદાર અને ભગવાન –
આ ચારની સાથે ચાલાકી નહીં કરનાર
હંમેશાં ફાયદામાં રહે છે.

*પાણી તો દરેકને એક જેવું જ અપાય છે. છતાં શેરડી મીઠી, દ્રાક્ષ ખાટી, કારેલું કડવું અને મરચું તીખું ઉગે છે; એનું કારણ પાણી નહીં પણ બીજ છે. આપણે આપણા મનમાં જેવા વિચારોનું વાવેતર કરીશું એવું જ ઉગી નીકળશે.*

*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

*To,*